

નમો અરિહંતાણં

નમો સિધ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજઝાયાણં

નમો લેએ સવ્વ સાહુણં

એસો પંચ નમુકકારો

સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**
(Gujarati Edition)

**:: યોજનાના આયોજક ::**

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# SHRI KALP SUTRA



**PART : 01**

## શ્રી કલ્પ સૂત્ર : ભાગ- ૦૧

संस्कृतप्राकृतज्ञ-प्रियव्याख्यानि-जैनागमनिष्णात-पण्डित-मुनिश्री-कन्हैयालालजी-
महाराजविरचितया कल्पमञ्जरी-व्याख्यया समलङ्कृतं

हिन्दीगुर्जरभाषानुवादसहितं

पूज्यश्रीघासीलालजीमहाराजविरचितं

# ॥ कल्पसूत्रम् ॥


प्रकाशकः

घाटकोपर-बम्बईनिवासि-श्रेष्ठि श्री माणेकलाल अमूलखराय मेहता-
प्रदत्तद्रव्यसाहाय्येन अ. भा. श्वे. स्था. जैनशास्त्रोद्धारसमिति-
प्रमुखः श्रेष्ठिश्रीशान्तिलाल मङ्गलदासभाई-महोदयः
मु० राजकोट

| प्रथम आवृत्ति | वीर संवत् | विक्रम संवत् | ईस्वी सन् |
|---|---|---|---|
| प्रति १००० | २४८४ | २०१४ | १९५८ |

मूल्यम्-रू० २५)

: પ્રાપ્તિસ્થાન :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ
ગ્રીન લૉજ પાસે રાજકોટ

પહેલી આવૃત્તિઃ પ્રત ૧૦૦૦
વીર સંવત : ૨૪૮૪
વિક્રમ સંવત : ૨૦૧૪
ઈસ્વીસન્ : ૧૯૫૮

મુદ્રકઃ અને મુદ્રણ સ્થાનઃ
જાદવજી મોહનલાલ શાહ
નીલકમલ પ્રીન્ટરી
ઘીકાંટા નગરશેઠ વંડા રોડ
અમદાવાદ.

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઇન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है । इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्‌घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्‌घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्‌गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

# ॥ श्री कल्पसूत्रे स्थविरकल्प विषयानुक्रमणिका ॥


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | ટીકાકારસ્ય મંગલાચરણં, મંગલાચરણ પ્રયોજન નિરૂપણં ચ । | ૧ |
| ૨ | શાસ્ત્રકારસ્ય મંગલાચરણમ્ । | ૧ |
| ૩ | કલ્પભેદાઃ । | ૪ |
| ૪ | સાધુ-સાધ્વીનાં વસ્ત્રપાત્રાદિ ગ્રહણનિયમઃ । | ૧૨ |
| ૫ | ઔદેશિકાશનપાનખાદ્યસ્વાદ્ય-વસ્ત્રપાત્રગ્રહણ નિષેધઃ । | ૧૩ |
| ૬ | શય્યાતરપિણ્ડ નિષેધઃ । | ૧૪ |
| ૭ | રાજપિણ્ડ ગ્રહણ નિષેધઃ । | ૧૫ |
| ૮ | કૃતિકર્મવિચારઃ । | ૧૬ |
| ૯ | મહાવ્રત કલ્પઃ । | ૨૧ |
| ૧૦ | પર્યાયજ્યેષ્ઠકલ્પઃ । | ૨૩ |
| ૧૧ | પ્રતિક્રમણકલ્પઃ । | ૨૩ |
| ૧૨ | સાધૂનાં માસકલ્પવિધિઃ । | ૨૩ |
| ૧૩ | સાધ્વીનાં માસકલ્પવિધિઃ । | ૨૪ |
| ૧૪ | એકપ્રાકારાદિ કે ગ્રામાદૌ સાધુ-સાધ્વીનાં સમકાલનિવાસ નિષેધઃ । | ૨૫ |
| ૧૫ | સાધુ-સાધ્વીનાં રાત્રૌ સંધ્યાયાં ચ માર્ગગમન નિષેધઃ । | ૨૫ |
| ૧૬ | સાધુ-સાધ્વીનાં સાપવાદમ્ અગ્રાહ્યવસ્તુ ગ્રહણનિષેધઃ । | ૨૬ |
| ૧૭ | સાધુ-સાધ્વીનાં રાત્રાવશનપાનાદિ નિષેધઃ । | ૨૬ |
| ૧૮ | સાધુ-સાધ્વીનાં સાપવાદં સંખડિભોજન નિષેધઃ । | ૨૬ |
| ૧૯ | સાધુ-સાધ્વીનાં પર્યુષણાકલ્પઃ । | ૨૭ |
| ૨૦ | સાધુ-સાધ્વીના વર્ષાવાસવિહાર નિષેધઃ । | ૨૯ |
| ૨૧ | પર્યુષણા-દિવસ નિરૂપણમ્ । | ૩૦ |
| ૨૨ | પ્રોત્કપર્યુષણાદિવસસ્યાનન્તતીર્થકરપરમ્પરા સિદ્ધત્વપ્રતિપાદનમ્ । | ૩૨ |
| ૨૩ | અપર્યુષણાદિવસે પર્યુષણાનિષેધઃ । | ૩૨ |
| ૨૪ | પર્યુષણાયાં કેશલુંચનસ્યાવશ્યકકર્ત્તવ્યતા નિરૂપણમ્ । | ૩૩ |
| ૨૫ | પર્યુષણાતઃ પૂર્વ કેશલુંચનકાલ પ્રતિપાદનમ્ । | ૩૩ |
| ૨૬ | સાધુ-સાધ્વીનાં તપસોઽવશ્યકર્ત્તવ્યતા । | ૩૩ |
| ૨૭ | પર્યુષણાયાં સર્વથાઽઽહારાદિનિષેધઃ । | ૩૪ |

| | | |
|---|---|---|
| ૨૮ | વર્ષાવાસે ક્ષેત્રાવગ્રહપ્રમાણ કથનમ્ । | ૩૪ |
| ૨૯ | સાધુ-સાધ્વીનાં ભિક્ષાઽવગ્રહણ નિરૂપણમ્ । | ૩૪ |
| ૩૦ | નિષદ્ધ ભિક્ષાઽવગ્રહ કથનમ્ । | ૩૫ |
| ૩૧ | ભિક્ષાવિષયેઽન્યનિષેધકથનમ્ । | ૩૫ |
| ૩૨ | ચત્તુર્થભક્તિકાદિ ભિર્ગ્રાહ્યપાન પ્રરૂપણમ્ । | ૩૬ |
| ૩૩ | ગૃહીતાશનાદીનાં વિવક્ષિતકાલાનન્તરમ્ અણકલ્પનીયતા નિરૂપણમ્ । | ૩૭ |
| ૩૪ | સચિત્ત-કૃષ્ણલવણાદીનામકલ્પ નીયત્વમ્ । | ૩૭ |
| ૩૫ | અલાબૂપાત્રાદિષુ અશનાદિનિષેધઃ । | ૩૮ |
| ૩૬ | પ્રતિલેખનાયાઃ સવિધિ કાલદ્વયે કર્ત્તવ્યતા । | ૩૯ |
| ૩૭ | કલ્પનીયાકલ્પનીયવસતિ નિરૂપણમ્ । | ૩૯ |
| ૩૮ | ગુર્વાજ્ઞયૈવ તપઃપ્રભૃતીનાં કર્ત્તવ્યતા । | ૪૦ |
| ૩૯ | પત્રલેખાનાદિનિષેધઃ । | ૪૧ |
| ૪૦ | પ્રશાન્તકલહાદીનાં પુનરૂત્પાદનાનિષેધઃ । | ૪૧ |
| ૪૧ | યથારાત્રિકં ક્ષમાપણાદીનાં કર્ત્તવ્યતા કથનમ્ । | ૪૨ |
| ૪૨ | કલહોપશમકાદીનાં સાધૂનામારાધકત્વ નિરૂપણમ્ । | ૪૨ |
| ૪૩ | કલ્પોપસંહારઃ । | ૪૩ |

**॥ ઈતિ સ્થવિરકલ્પ વિષયાનુક્રમણિકા ॥**

★

## ॥ શ્રી કલ્પસૂત્રે નયસારાદિષડ્વિંશતિભવકથાયા વિષયાનુક્રમણિકા ॥

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | મંગલાચરણમ્ । | ૪૪ |
| ૨ | ઉપોદ્ઘાતઃ । | ૪૫ |
| ૩ | નયસારકથા । | ૪૮ |
| ૪ | નયસારનામકઃ પ્રથમો ભવઃ | ૫૨ |
| ૫ | સૌધર્મ કલ્પિક દેવભવઃ । | ૫૫ |

| | | |
|---|---|---|
| ૬ | મરીચિનામકસ્તૃતીયો ભવઃ । | ૫૫ |
| ૭ | બ્રહ્મલોકવાસિ દેવનામક ચતુર્થો ભવઃ । | ૬૨ |
| ૮ | કૌશિકનામકઃ પશ્ચમો ભવઃ । | ૬૨ |
| ૯ | પુષ્પમિત્રનામકઃ ષષ્ઠો ભવઃ । | ૬૩ |
| ૧૦ | સૌધર્મદેવનામકઃ સપ્તમો ભવઃ । | ૬૪ |
| ૧૧ | અગ્નિજ્યોતિર્નામકઃ અષ્ટમો ભવઃ । | ૬૪ |
| ૧૨ | ઈશાનદેવલોકસમ્બન્ધી નવમો ભવઃ । | ૬૫ |
| ૧૩ | સનત્કુમાર દેવલોક સમ્બન્ધી દશમો ભવઃ । | ૬૫ |
| ૧૪ | ભારદ્વાજ-માહેન્દ્રકલ્પિક દેવનામકૌ એકાદશદ્વાદશભવૌ । | ૬૫ |
| ૧૫ | સ્થાવરવિપ્રબ્રહ્મલોક સમ્બન્ધિદેવનામકૌ ત્રયોદશચતુર્દશૌ ભવૌ । | ૬૬ |
| ૧૬ | વિશ્વભૂતિમહાશુક્રકલ્પદેવનામકૌ પંચદશષોડશૌ ભવૌ । | ૬૬ |
| ૧૭ | ત્રિપૂષ્ઠનામકઃ સપ્તદશો ભવઃ । | ૭૨ |
| ૧૮ | અપ્રતિષ્ઠાનનારક નામકોઽષ્ટાદશો ભવઃ । | ૭૫ |
| ૧૯ | સિંહનામકઃ એકોનવિંશતિતમો ભવઃ । | ૭૬ |
| ૨૦ | ચતુર્થનારક રૂપો વિંશતિતમો ભવઃ । | ૭૬ |
| ૨૧ | પ્રિયમિત્રચક્રવર્તિનામક એકવિંશતિતમો ભવઃ । | ૭૭ |
| ૨૨ | પોટ્ટિલનામકો દ્વાવિંશતિતમો ભવઃ । | ૭૮ |
| ૨૩ | સર્વાર્થસિદ્ધવિમાનવાસિદેવનામકસ્ત્રોયવિંશતિતમો ભવઃ । | ૮૦ |
| ૨૪ | વિમલનામકશ્ચતુર્વિંશતિતમો ભવઃ । | ૮૦ |
| ૨૫ | નન્દનામકઃ પશ્ચવિંશતિતમો ભવઃ । | ૮૨ |
| ૨૬ | પ્રાણતકલ્પિકદેવનામકઃ ષડ્વિંશતિતમો ભવઃ । | ૯૯ |


**॥ ઈતિ નયસારદિષડ્વિંશતિભવકથાયાઃ વિષયાનુક્રમણિકા ॥**

★

## ॥ શ્રી કલ્પસૂત્રે મહાવીરભવકથાયા વિષયાનુક્રમણિકા ॥


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | ચુલ્લહિમવતઃ પૂર્વદેસ્ય ચ વર્ણનમ્ । | ૧૦૧ |
| ૨ | ક્ષત્રિયકુણ્ડગ્રામવર્ણનમ્ । | ૧૦૨ |

| | | |
|---|---|---|
| ૩ | સિદ્ધાર્થરાજવર્ણનમ્ । | ૧૦૪ |
| ૪ | ત્રિશલારાજ્ઞીવર્ણનમ્ । | ૧૦૫ |
| ૫ | આશ્વિનમાસાગમનમ્ । | ૧૦૭ |
| ૬ | આશ્વિનામસે સસ્યસંપત્ત્યા રાજ્ઞઃ પ્રજાનાં ચાનન્દઃ । | ૧૦૭ |
| ૭ | ઋષભદત્તસ્ય દેવાનન્દાયાશ્ચ વર્ણનમ્ । | ૧૦૭ |
| ૮ | ભગવતો મહાવીરસ્ય દેવાનન્દગર્ભેઽવક્રમણામ્ । | ૧૦૮ |
| ૯ | દેવાનન્દાયાશ્ચતુર્દશમહાસ્વપ્નદર્શનમ્ । | ૧૦૯ |
| ૧૦ | ઋષભદત્તકૃતચતુર્દશમહાસ્વપ્નફલવર્ણનમ્ । | ૧૧૦ |
| ૧૧ | શક્રેન્દ્રકૃતભગવત્સ્તુતિઃ । | ૧૧૧ |
| ૧૨ | શક્રેન્દ્રકૃતગર્ભસંહરણવિચારઃ । | ૧૧૭ |
| ૧૩ | હરિણૈગમેષિણં પ્રતિ ગર્ભસંહરણાય શક્રસ્યાદેશઃ । | ૧૧૯ |
| ૧૪ | હરિણૈગમેષિકૃતગર્ભસંહરણામ્ । | ૧૧૯ |
| ૧૫ | રાજભવનવર્ણનમ્ । | ૧૨૧ |
| ૧૬ | ગજસ્વપ્નવર્ણનમ્ । | ૧૨૫ |
| ૧૭ | વૃષભસ્વપ્નવર્ણનમ્ । | ૧૨૬ |
| ૧૮ | સિંહસ્વપ્ન વર્ણનમ્ । | ૧૨૭ |
| ૧૯ | લક્ષ્મી સ્વપ્ન વર્ણનમ્ । | ૧૨૮ |
| ૨૦ | પુષ્પમાલાયુગલ સ્વપ્ન વર્ણનમ્ । | ૧૩૦ |
| ૨૧ | ચન્દ્ર સ્વપ્ન વર્ણનમ્ । | ૧૩૧ |
| ૨૨ | સૂર્ય સ્વપ્ન વર્ણનમ્ । | ૧૩૨ |
| ૨૩ | ધ્વજ સ્વપ્ન વર્ણનમ્ । | ૧૩૪ |
| ૨૪ | પૂર્ણરજતકલશ સ્વપ્ન વર્ણનમ્ । | ૧૩૫ |
| ૨૫ | પદ્મ સરોવર સ્વપ્ન વર્ણનમ્ । | ૧૩૬ |
| ૨૬ | ક્ષીરસાગર સ્વપ્ન વર્ણનમ્ । | ૧૩૭ |
| ૨૭ | દેવ વિમાન સ્વપ્ન વર્ણનમ્ । | ૧૩૮ |
| ૨૮ | રત્ન રાશિ સ્વપ્ન વર્ણનમ્ । | ૧૪૦ |
| ૨૯ | શિખિ સ્વપ્ન વર્ણનમ્ । | ૧૪૧ |
| ૩૦ | ત્રિશલયા સ્વપ્ન નિવેદનં સિદ્ધાર્થેન તત્ફલકથનં ચ । | ૧૪૧ |
| ૩૧ | ગજ સ્વપ્નફલમ્ । | ૧૪૪ |
| ૩૨ | વૃષભ સ્વપ્નફલમ્ । | ૧૪૫ |
| ૩૩ | સિંહ સ્વપ્નફલમ્ । | ૧૪૫ |
| ૩૪ | લક્ષ્મી સ્વપ્નફલમ્ । | ૧૪૬ |

| | | |
|---|---|---|
| ૩૫ | દામદ્વિક સ્વપ્નફલમ્ । | ૧૪૬ |
| ૩૬ | ચન્દ્ર સ્વપ્નફલમ્ । | ૧૪૭ |
| ૩૭ | સૂર્ય સ્વપ્નફલમ્ । | ૧૪૭ |
| ૩૮ | ધ્વજ સ્વપ્નફલમ્ । | ૧૪૮ |
| ૩૯ | પુર્ણ કલશ સ્વપ્નફલમ્ । | ૧૪૯ |
| ૪૦ | પદ્મસરોવર સ્વપ્નફલમ્ । | ૧૫૧ |
| ૪૧ | ક્ષીર સાગર સ્વપ્નફલમ્ । | ૧૫૨ |
| ૪૨ | દેવ વિમાન સ્વપ્નફલમ્ । | ૧૫૨ |
| ૪૩ | રત્ન રાશિ સ્વપ્નફલમ્ । | ૧૫૩ |
| ૪૪ | નિર્ધૂમાગ્નિ સ્વપ્નફલમ્ । | ૧૫૪ |
| ૪૫ | ત્રિશલાયાઃ સ્વપ્નફલવિષયે વિશ્વાસ પ્રકટનમ્ । | ૧૫૫ |
| ૪૬ | ત્રિશલાયાઃ સ્વપ્નાઽપ્રતિઘાતાર્થ જાગરણમ્ । | ૧૫૬ |
| ૪૭ | દેવકથા । | ૧૫૭ |
| ૪૮ | ગુરૂકથા । | ૧૫૭ |
| ૪૯ | ધર્મકથા । | ૧૫૭ |
| ૫૦ | સિદ્ધાર્થસ્ય કૌટુમ્બિકેભ્ય આજ્ઞાપ્રદાનમ્ । | ૧૫૭ |
| ૫૧ | પ્રભાતવર્ણનમ્ । | ૧૫૮ |
| ૫૨ | સિદ્ધાર્થસ્ય આસ્થાનમણ્ડપે સમાગમનમ્ । | ૧૫૯ |
| ૫૩ | સ્વપ્નપાઠકાનાં ત્રિશલાયાશ્ચ કૃતે ભદ્રાસનસ્થાપનં, જવનિકાવર્ણન, સ્વપ્નપાઠકાહ્વા-નાર્થ કૌટુમ્બિકાન્ પ્રતિ સિદ્ધાર્થસ્ય નિદેશઃ, સ્વપ્નપાઠકાહ્વાનં ચ । | ૧૬૦ |
| ૫૪ | સ્વપ્નપાઠકાનાં રાજદર્શનાય સઞ્ચનમ્ । | ૧૬૧ |
| ૫૫ | સિદ્ધાર્થકૃતઃ સ્વપ્નપાઠકાનાં સત્કારઃ । સ્વપ્નપાઠક કૃતસ્વપ્નફલનિવેદનં, વસ્ત્રાદિપ્રદાનેન રાજકૃતઃ સ્વપ્ન પાઠક સત્કારઃ । | ૧૬૨ |
| ૫૬ | સિદ્ધાર્થકૃતા ત્રિશલાદોહદ પૂર્તિઃ । | ૧૬૫ |
| ૫૭ | ત્રિશલાયા ગર્ભરક્ષણપ્રયાસઃ । | ૧૬૭ |
| ૫૮ | કુલવૃદ્ધસ્ત્રીણાં ત્રિશલાં પ્રત્યુપદેશઃ । | ૧૬૭ |
| ૫૯ | સિદ્ધાર્થરાજભવને ત્રિજૃમ્ભકદેવકૃતનિધાનસમાહરણમ્ । | ૧૬૯ |
| ૬૦ | ભગવતો વર્ધમાન ઈતિઃ નામકરણાર્થે તન્માતાપિત્રોઃ સંકલ્પઃ । | ૧૭૦ |
| ૬૧ | ભગવતો જન્મ । | ૧૭૨ |


**॥ સમાપ્ત ॥**

## ટીકાકારસ્ય મંગલાચરણં, મંગલાચરણ પ્રયોજન નિરૂપણં ચ ।

જો કે શાસ્ત્ર સ્વયં મંગલસ્વરૂપ છે તો પછી મંગલાચરણ કરવાનું શું પ્રયોજન છે? એનો સમાધાન એ છે કે—શાસ્ત્રનું બહુમાન અને ભક્તિ વધારવા માટેજ 'મંગલાચરણ' બોલવાની પ્રથા છે, ત્યારે આધ્યાત્મિક શાસ્ત્રો પરમ શાંતિ અને પરમ આનન્દ ઉપજાવનારા છે તો તેની મંગલપ્રથા કેમ ન હોય? અલબત હોયજ. વળી આમાંથી બીજો ભાવ પણ તારવાનો હોય છે કે મંગલાચરણથી શિષ્યોના મનમાં શાસ્ત્ર પ્રત્યે•રુચિ ઉત્પન્ન કરવાનો નિયમ પણ છે. 'મંગલાચરણ' બોલવાની રીત ત્રણ વખત પાડવામાં આવી છે, આદિ (આરંભ), મધ્ય અને અન્ત્ય (છેડો). આરંભનું મંગલાચરણ કોઇપણ જાતના વિઘ્ન વિના કાર્ય પૂરું કરવા માટે હોય છે. મધ્ય મંગલાચરણ શાસ્ત્રોના ભાવો શિષ્યોમાં સ્થિર કરવા માટે છે. અંતનું મંગલાચરણ શિષ્યો પ્રશિષ્યોની પરંપરા ચાલૂ રહે અને શાસ્ત્રનો વિચ્છેદ ન થાય તેના માટે છે. સાથે સાથે એ પણ ભાવના આ મંગલાચરણથી પ્રગટ કરવાની હોય છે કે ભગવાન મહાવીરનો આ પ્રેરક સંદેશ કાલના અંત સુધી જીવતો જાગતો ગર્જતો રહે, અને ભવભવોથી થાકેલા આત્માઓને, વિસામારૂપ બની મુક્તિ પથનો સાંગુ (સથવારો) બને. કહ્યું પણ છે—

**"तं मंगलमाईए, मज्झे पज्जंतए य सत्थस्स। पढमं तहि निद्दिट्ठं, निव्विग्घपारगमणाय ॥१॥**

## શાસ્ત્રકારસ્ય મંગલાચરણમ્ ।

**तस्सेव य थेज्जत्थं, मज्झिमयं अंतिमंपि तस्सेव। अव्वोच्छिन्ननिमित्तं, सिस्सपसिस्साइवंसस्स ॥२॥" इति।**

આ પ્રમાણે શિષ્ટ પુરુષોની પરંપરાનું સ્મરણ કરી, શાસ્ત્રનું 'મંગલાચરણ' કરી, સમસ્ત વિશિષ્ટ ભાવોના આધાર–રૂપ ભગવાન મહાવીર, તેમજ જીનેશ્વરોની વાણીના પ્રવાહ ને જેણે ઝીલી શાસ્ત્રરૂપે ગુંથી છે એવા ગણધર દેવોને અને આઠ પ્રવચન–માતા–રૂપ અનંત તીર્થંકરોની વાણીને તાદાત્મ્યભાવથી વંદન કરી, શાસ્ત્રકાર હવે શાસ્ત્રનો આરંભ કરે છે. **'नमिऊण इत्यादि'**

શાસનપતિ ભગવાન મહાવીર, ગૌતમાદિ ગણધર દેવો અને અનન્ય ભાવ પ્રગટ કરનારી એવી અનંત જીનેશ્વરોની વાણીને દ્રવ્યે અને ભાવે નમન કરી, જેમાં પ્રભુ વીરની આત્મકથા વર્ણવામાં આવી છે તેમજ મુનિઓના આચાર વિચાર વર્ણવામાં આવ્યા છે એવા "કલ્પસૂત્ર" ની હું ઘાસીલાલ મુનિ ભવ્ય જીવોને હિત માટે લઘુભાવે રચના કરું છું

મહાવીર – 'वि' ઉપસર્ગ છે અને 'ईर' ધાતુ છે, આ પ્રમાણે 'वि' ઉપસર્ગ વાલા ईर ધાતુથી 'वीर' શબ્દ બન્યો છે. 'ईर' ધાતુનો અર્થ ગતિ કરવી તેવો થાય છે. જે આત્મા વિશેષરૂપે મોક્ષ તરફ ગમન કરે છે અને અન્ય જીવોને 'મુક્તિ' તરફ પ્રયાણ કરાવે છે તેમને 'વીર' શબ્દથી સંબોધવામાં આવે છે.

'वीर' શબ્દની બીજી વ્યુત્પત્તિ પણ છે, જેમ 'वीरयति इति वीरः' અર્થાત્ જે પોતાના વીર્ય–બલ–પરાક્રમ ને ફેલાવી, આત્માને જેણે નિઃસત્ત્વ જેવો કરી નાખ્યો છે તેવા કર્મોને દૂર કરે છે, તેને 'वीर' કહેવામાં આવે છે. અથવા મોહ, મમતા, રાગ, દ્વેષ, વિકાર, અજ્ઞાન આદિ ભાવોને જેણે પોતામાંથી હમેશને માટે દૂર કર્યાં છે તેને 'वीर' કહેવામાં આવે છે. 'वीर' શબ્દનો વધારે પરિસ્ફોટ કરવા કહે છેઃ—

**"विदारयति यत्कर्म, तपसा च विराजते। तपोवीर्येण युक्तश्च, तस्माद् वीर इति स्मृतः" ॥१॥**

જેણે કર્મોનું વિદારણ કર્યું છે અને તપ આદરી પોતાનું 'નિરાહાર' પણું પ્રગટ કર્યું છે, જેણે પોતાની ગુપ્ત રહેલ અનંત શક્તિઓને જાણ્યા પછી પ્રબલ પુરૂષાર્થ કરી અનંતવીર્યતા પ્રગટ કરી છે તેને 'वीर' કહેવાય છે.

આવી 'વીરતા' વાલા સામાન્ય જીન પણ હોય છે, પરંતુ ભગવાન શાસનપ્રવર્તક હોવાથી મહાન છે, માટે મહાવીર કહેવાય છે. અથવા તેઓએ પોતાના પગના અંગુઠાના સ્પર્શમાત્રથી મેરુને હલાવી દીધો અને પરીષહોપસર્ગોને સહન કર્યા, માટે આ મહાવીર કહેવાય છે.

શાસ્ત્ર કથન મુજબ એમ જાણવા મળ્યું છે કે આ યુગમાં ભગવાન મહાવીર જેવાં નિબિડ કર્મો ભાગ્યેજ કોઈ મોક્ષગામી જીવને હતાં, ભગવાન મહાવીરે ઉપાર્જન કરેલ અશુભ કર્મોનો જોટો જગતમાં શોધ્યો જડતો નથી તેમજ આવા અઘોર કર્મોનો નાશ કરવામાં પ્રબલ પુરૂષાર્થ ફોડવનાર ભગવાન મહાવીર જેવો ભાગ્યેજ કોઇ જીવાત્મા હશે, તેથીજ આ, યુગપ્રધાન આત્મા બલ વીર્યની બાબતમાં આ લોકમાં મનાય છે, તેમના જેવા ઉપસર્ગોને સહન કરવાવાળા ભાગ્યેજ હશે !

પોતાના શાસનની અપેક્ષા ધર્મની આદિ કરવાવાળા એવા વર્ધમાન નામના ચરમ તીર્થંકરને પાંચે અંગો નમાડી નમસ્કાર કરું છું. અને ગૌતમાદિ ગણધરોને નમસ્કાર કરું છું. તથા નિર્દોષ પ્રરૂપણાથી યુક્ત હોવાને લીધે શુદ્ધ એવી જીનવાણી, તેને પણ નમસ્કાર કરૂં છું. આ બધાને નમસ્કાર કરીને હું ઘાસીલાલ મુનિ જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર તપઆચાર-વીર્યાચાર, એવા પાંચ આચારથી અને જ્ઞાનાદિ લક્ષ્મીથી અલંકૃત-સુશોભિત થયેલ એવા ભગવાન મહાવીરના સત્તાવીશ ભવોની કથાવાળું, મનોરમ કલ્પસૂત્ર ભવ્યોના મોક્ષરૂપ હિતને માટે બનાવું છું. ભગવાન મહાવીરના ગત ભવો અનંતા થઇ ગયા પણ જ્ઞાનીઓના ભવોની ગણતરી ‘સમ્યક્ દર્શન’ ની પ્રાપ્તિ પછીજ ગણાય છે, તેમ ભગવાન મહાવીરનો આત્મા ‘નયસાર’ના ભવમાં સાચુ ‘આત્મભાન’ પામ્યો તેથીજ તેમનું જીવનવૃત્તાંત નયસારના ભવથીજ આલેખવામાં આવ્યું છે. ‘આત્મભાન’ એટલે ‘હું’ શુદ્ધ, નિરંજન અજર, અમર, અવિનાશી, દેહાતીત અને ઇન્દ્રિયાતીત સ્વયં ચૈતન્યસ્વરૂપ છું, જ્ઞાન મારૂં લક્ષણ, છે, જડ દ્રવ્યો અને જડ ભાવો, એ મારા શુદ્ધ સ્વરૂપમાં નથી, જડતરફની રૂચિના લીધેજ મારા ભાવો અશુદ્ધ ગણાયાં, આવા અશુદ્ધ ભાવોનો પ્રવાહ અનંત કાલથી ચાલ્યો આવે છે. પણ મારા અજ્ઞાનના લીધે તેમજ સદ્ગુરૂના નિમિત્ત વિના મારા સ્વરૂપને ઓળખી શક્યો નહિ. આ આત્મ સ્વરૂપ, જ્ઞાન અને ક્રિયાથીજ પ્રગટ થાય છે. એમ સમજવાનો મોકો તે મનુષ્ય ભવમાં જ છે. આ જાતનું ‘આત્મભાન’ નયસારે કર્યું અને તે ભવથીજ તેની ઉત્તરોત્તર શ્રેણી મંડાઇ.

જેનાથી સંયમ માર્ગમાં દ્રઢીભૂત થવાય છે તેવા ‘ભાવો’ ને ‘કલ્પ’ કહેવામાં આવે છે, આવા અનંત ભાવોને એકી સાથે જે શાસ્ત્રમાં વર્ણવામાં આવ્યા છે તે ‘શાસ્ત્ર’ ને ‘કલ્પ સૂત્ર’ કહે છે.

આ કથનથી કલ્પસૂત્રનું અનુબંધચતુષ્ટય દેખાડવામાં આવે છે, તે આ પ્રમાણે છેઃ- (૧) જ્ઞાનાચાર આદિ આ શાસ્ત્રનો વિષય છે. (૨) પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવ સંબંધ છે. (૩) મોક્ષાભિલાષી મુનિ આનો અધિકારી છે અને (૪) મોક્ષ પ્રયોજન છે।

ભગવાન મહાવીરે ભેદાનુભેદ સહિત જે કલ્પ પ્રદર્શિત કર્યો છે તેનો જ ઉલ્લેખ કરતાં સૂત્રકાર કહે છેઃ— ' दुविहे कप्पे ' ઇત્યાદિ ।

## મૂલનો અર્થ—

ઉપર 'કલ્પ'ની વ્યાખ્યા 'ભાવના' રૂપમાં લીધી છે, અહીં 'કલ્પ'નો અર્થ આત્મભાવમાં રમણ કરતાં સાધુઓને લગતો છે. 'આત્મીયતા' અનુભવનારા સાધુ જનોના બે કલ્પ છે- (૧) જીનકલ્પ (૨) સ્થવિરકલ્પ. 'જીનકલ્પ' આ યુગમાં વિચ્છેદ ગયો છે ને સ્થવિર કલ્પના બે પ્રકાર કહ્યાં છે. (૧) સ્થિતકલ્પ (૨) અસ્થિતકલ્પ. અંતિમ અને પહેલા તીર્થંકરોનો 'સ્થિતકલ્પ' હોય છે, ત્યારે વચ્ચેના તીર્થંકરોનો 'અસ્થિતકલ્પ' હોય છે.

વર્તમાન કાલ અંતિમ તીર્થંકર મહાવીર સ્વામીનો પ્રવર્તે છે તેથી અહિં 'સ્થિતકલ્પ' નું વર્ણન કરવામાં આવે છે. 'સ્થિતકલ્પ' ના દશ પ્રકાર છે (૧) અચેલતા (૨) ઔદ્દેશિક (૩) શય્યાતરપિંડ (૪) રાજપિંડ (૫) કૃતિ-કર્મ (૬) મહાવ્રત (૭) પર્યાયજ્યેષ્ઠ (૮) પ્રતિક્રમણ (૯) માસનિવાસ (૧૦) પર્યુષણા

સાધુ–સાધ્વીના આહાર–વિહાર–આચાર વિચારને 'સમાચારી' કહે છે, આ 'સમાચારી' નો અર્થ અહિં 'કલ્પ' તરીકે લેવામાં આવે છે. આ 'કલ્પ' ને આપણે આપણી પ્રચલિત ભાષામાં 'સાધુને કલ્પે કે નહિ ?' એમ ઉચ્ચારીએ છીએ.

ઉપર બતાવ્યા પ્રમાણે 'જીનકલ્પ' નું વિવરણ એવું છે.–રાગદ્વેષ–કષાય–ઇન્દ્રિય–પરિષહ–ઉપસર્ગ તથા આઠ કર્મોને જીતવું તે 'જીનકલ્પ' કહેવાય, જીનકલ્પી એટલે 'જીન' નહિં પણ 'જીન' સરીખા. આવી કક્ષા અથવા યોગ્યતા ધારણ કરવી આ કઠિન કાલમાં સાધુઓ માટે દુષ્કર છે, કારણ કે આવી કઠિનતા સહન કરવા માટે વજ્રઋષભ નારાચ સંઘયણ, ઉગ્ર પરિષહાદિ સહન કરવાની શકિત હોવી જોઇએ, પણ આ કાલમાં તે નહિં હોવાને કારણે 'જીનકલ્પ' નું ધારણ કરવું આ પંચમ કાલમાં વિચ્છેદ ગયું છે.

સંયમયોગોમાં ડગમગતાને આ લોક અને પરલોક સંબંધી દુઃખ સમજાવી સંયમ માર્ગમાં જે સ્થિર કરે છે તે 'સ્થવિર' કહેવાય છે. કહ્યું પણ છે—

**" तेन व्यापारितेष्वर्थेष्वनगारांश्च सीदतः। स्थिरीकरोति सच्छक्तिः स्थविरो भवतीह सः" ॥११॥**

આવા સંતો 'સ્થવિરકલ્પી' કહેવાય છે, તેઓના કલ્પ બે પ્રકારે શાસ્ત્રકારોએ વર્ણવ્યાં છે (૧) સ્થિતકલ્પ

(૨) અસ્થિતકલ્પ ।

પ્રથમ તીર્થંકરના સમયમાં લોકો પણ સરલ હતાં અને તેમના નેતાઓ-ગુરૂ આદિ-માં અખૂટ શ્રદ્ધા અને વિશ્વાસ મૂકતાં હતાં, તેમજ 'નેતા' ની આજ્ઞાનુસાર ચાલવામાં શિસ્તબદ્ધ હતા, 'નેતા' ની આજ્ઞામાં જરા પણ શંકા લાવતા નહિં, તેમજ તેમના હુકમનો ભલતો-મનગમતો અર્થ પણ કરી શકતા નહિં, અને તેમ કરવામાં તેઓ મહાન્ પાપ ગણતાં, તેથી તેઓને શાસ્ત્રકારોએ 'ઋજુજડ' બુદ્ધિના કહ્યાં છે. તે અનુસાર તે વખતમાં સમયને ઓલખી ભગવાન આદિનાથે તે વખતની 'સમાચારી' સાધુ-સાધ્વીઓ માટે ઘડી કાઢી હતી. આ સમાચારીને 'સ્થિતકલ્પ' કહેવામાં આવે છે. આવી સુંદર રીતે સમાચારી ઘડાએલ હતી, છતાં તે 'સમાચારી' નું જ્ઞાન તે વખતના સાધુજનોને વારંવાર સમજાવું પડતું હતું, કારણ કે તે સાધુ-સાધ્વીઓ અત્યંત સરલ અને ભદ્રિક પ્રકૃતિના હોવાને કારણે 'શબ્દાર્થજ' પકડતા, અને તે 'શબ્દાર્થ' નો વિસ્તૃત અર્થ નહિ સમજવાને કારણે તેઓ ભૂલો કરી વેસતાં ને તે ભૂલો આચાર્ય ભગવાન લઘુભાવે સુધારતાં.

આ પંચમ કાલમાં સાધુ પુરૂષો માટે ભગવાન આચાર્યોએ કાલાનુસાર યોગ્યાયોગ્યતા ને વિચાર કરી 'સમાચારી' નો શબ્દાર્થ અને ભાવાર્થ વિસ્તૃત રીતે કર્યો છે, કોઇપણ પ્રકારની શંકાને સ્થાન આપ્યુંજ નથી, છતાં આજકાલના સાધુઓએ તે શબ્દાર્થ અને ભાવાર્થ બન્નેનો પોતાને મનગમતો અર્થ કરી 'સમાચારી' ને ડહોળી નાખી છે તેથીજ આકાલના લોકોને ભગવાને 'વક્રજડ' કહ્યાં છે. ભગવાને કેવલ સાધુ-સાધ્વીઓ માટે કહ્યું નથી, શ્રાવક-શ્રાવિકાઓ માટે પણ કહેવામાં આવ્યું છે, સાધુના પેટામાં શ્રાવકો પણ આવી જાય છે ને 'ગૃહસ્થી' ની 'સમાચારી' ન્યાયનીતિપૂર્ણ હોવી જોઇએ એવો અર્થ વાચકોએ જરૂર તારવી લેવો. વધારે સમજાવટ માટે ભગવાન શાસ્ત્રકારોએ ઋજુજડ અને વક્રજડના ઉદાહરણો નીચે આપ્યા છે તે ઉપરથી તે સમયના લોકોનું માનસ બહુજ સુંદર રીતે જાણી શકાય છે.

ઋજુજડનુ દૃષ્ટાંતઃ—આદિનાથ ભગવાનના સમયની આ વાત છે. તે કાલમાં કોઇ એક શિષ્ય આવશ્યક કાર્ય માટે બહાર ગયો ને ઘણોવખત વ્યતીત થયાં પછી પાછો ફર્યો, ગુરૂ મહારાજે તેને પ્રશ્ન પૂછી વિલંબનું કારણ જણાવવા કહ્યું. શિષ્યે જવાબમાં કહ્યું કે રસ્તા પર ચાલતાં કોઇ એક નટનું નૃત્ય દેખવામાં રોકાયો. ગુરૂ મહારાજે તેને સમજાવ્યું કે નટનું નૃત્ય જોવાથી આપણા મનમાં અનેક વિકારો ઉત્પન્ન થાય છે, તેને લીધે આત્મશાંતિ ડહોળી જાય છે, આપણે આત્મશાંતિ માટે આટલી આટલી જહેમત ઉઠાવીએ છીએ, આત્મશાંતિ માટે ઘણા કાળ સુધી સંસારમાંથી છૂટા થઈ એકાંત અવસ્થા ભોગવીએ છીએ, મહામૂલ્યે મેળવેલી શાંતિ ક્ષણ એકના વિકારી ભાવથી નષ્ટ થઈ જાય છે, આવો મહાન ખોટનો ધંધો શા માટે કરવો જોઇએ? શિષ્યે સરલબુદ્ધિના હોવાને કારણે ફરીથી તેવું કાર્ય નહિ કરવાનો નિશ્ચયરૂપે પ્રાયશ્ચિત્ત લઇ આત્માને વિશુદ્ધ કર્યો.

બીજા કોઈ પ્રસંગે તે શિષ્યને બહાર જવાનું બની આવ્યું, ને ધાર્યા કરતાં વધારે સમય પસાર કરી ઉપાશ્રયમાં દાખલ થયો. ગુરુમહારાજે જ્યારે પ્રશ્ન પૂછયો ત્યારે તેના પ્રત્યુત્તરમાં કહેવામાં આવ્યું કે રસ્તાપર કોઇ એક નટી નાચ કરતી હતી તે જોવામાં રોકાયો અને મોડું થયું. આ જવાબ સાંભળી આચાર્ય મહારાજે 'નટ'નું નૃત્ય નહિ જોવાનો ઉપદેશ યાદ કરાવ્યો. શિષ્યે સરલ ભાવે કહ્યું કે હે ગુરુ મહારાજ! આપે તો ફકત નટનું નૃત્ય જોવાની ના કહી હતી 'નટી'નું નહિ, આચાર્ય મહારાજે કહ્યું હે ભદ્ર! નટના નાચનો નિષેધ કર્યો તેમાં નટીના નાચનો નિષેધ પણ આવી જાય છે છતાં તેં નટીનો નાચ જોયો. હાથ જોડીને શિષ્યે કહ્યું કે નટના નાચના નિષેધમાં નટીના નાચનો નિષેધ પણ આવી જાય છે તે હું સમજ્યો નહિ; માટે નટીનો નાચ જોયો, હવેથી તેમ કરવાના ભાવ નથી. આ પ્રકારે કહી તેણે પ્રાયશ્ચિત્ત લઇને આત્મશુદ્ધિ કરી.

આજ વિષયમાં અન્ય દ્દષ્ટાંતઃ—કોંકણ દેશના એક શેઠે વૃદ્ધાવસ્થામાં દીક્ષા લીધી. કોઇ એક સમયે કાયોત્સર્ગ સમાપ્ત થયાં બાદ ગુરુ મહારાજે પૂછયું કે આટલો સમય 'ઇરિયાવહી' પડીક્કમતાં કેમ થયો? વૃદ્ધે જવાબ આપ્યો કે 'જીવદયા'નું ચિંતવન કરતાં વખત ઘણો લાગી ગયો. 'જીવદયા'માં મેં એવું ચિંતવ્યું કે મારા ગૃહસ્થાવાસ દરમ્યાન ખેતરમાં ઉગેલા છોડવાઓ અને નકામું ઘાસ કાઢી નાખી ક્ષેત્રને વિશુદ્ધ કરી મેં સુંદર બીજ વાવ્યું હતું, તેના પરિણામે પુષ્કળ પાક થયો. પણ મારો પુત્ર પ્રમાદી હોઈ ક્ષેત્રને સાફ કર્યા વિના જો 'બી' રોપશે તો અનાજ બિલકુલ પાકશે નહિ, ને તે અને તેનું કુટુંબ દુઃખી થશે. શિષ્યનું આવું સરળ હૃદય જોઈ ગુરુ પ્રસન્ન થયાં અને કહ્યું કે મુનિને આવું દુર્ધ્યાન કલ્પે નહિં, આવા આર્ત અને રૌદ્ર પરિણામથી આત્મા કલુષિત ભાવને પામે છે ને ગાઢ કર્મો ઉપાર્જન કરી માઠી ગતિએ જાય છે. આ શિખામણનો સ્વીકાર કરી વૃદ્ધ મુનિ લાગેલ દોષનું પ્રાયશ્ચિત્ત લઈ પાપમાંથી મુક્ત થયા. આ દ્દષ્ટાંતો ઋજુતા-અને જડતા કેવી હોય છે તે સમજાવે છે.

હવે વક્રતા અને જડતા કેવી હોય તેના બે ઉદાહરણો બતાવવામાં આવે છે—પ્રથમ દ્દષ્ટાંત—

ભગવાન મહાવીરના શાસનતલેના કોઇ એક મુનિ બહાર ગયા. માર્ગમાં નાચતાં 'નટ'નું નૃત્ય જોઇ તેનું મન વિહ્વલતાને પામ્યું ને 'મન' વશ નહિ રહેવાને લીધે તે દ્દશ્ય જોવામાં ઓતપ્રોત થઈ ગયો. આને લીધે મોડું થતા ઝટ ઝટ ઉપાશ્રયે પહોંચી ગયો. ગુરૂજી વિચક્ષણ હોઇ વિલંબનું કારણ જાણી ગયા. ઠપકો નહિ આપતાં આવા દ્દશ્યો સાધુથી તેમ જ આત્મભાવનાએ પહોંચેલી વ્યકિતથી જોવાય નહિ' એમ ઉપદેશ આપી વિશુદ્ધ કર્યો.

અન્ય પ્રસંગે વળી 'નટી'નો નાચ જોવામાં મશગુલ થતાં સ્વસ્થાનકે વખતસર પહોંચી શકયો નહિ. ગુરૂના સમજવામાં આ વાત જ્યારે આવી ત્યારે શિષ્યને ભર્ત્સના કરી 'નટી' દ્દશ્ય તીવ્ર વિકાર ભાવ ઉત્પન્ન

કરે છે અને એવા ખેલો ન જોવા જોઇએ એવી શિખામણ આપી. આ શિખામણ ગ્રહણ નહિ કરતાં ગુરૂજી ઉપર ક્રોધાયમાન થઇ તેમના પર દોષારોપણ મૂકી કહ્યું કે તમે મને પહેલેથી જ કેમ ન કહ્યું કે નટ નટીના ખેલો જોવા યોગ્ય નથી. સરલતાથી વાત માન્ય કરવાને બદલે ઉપદેશક ઉપર જ દોષારોપણ કર્યું, આ છે 'વક્ર અને જડ ના દાખલાઓ.

બીજું ઉદાહરણ—કોઇ એક ધનપતિ પોતાના પુત્રને સમજાવતા હતાં કે બાલકે વડીલ અને ગુરૂજનની મર્યાદા અને માન સાચવવાં જોઇએ. કોઇ પણ પ્રસંગે તેમના સવાલનો વળતાં જવાબ ઉદ્ધતાઈ પૂર્વક વાળવો ન જોઇએ. તેમ જ જે કહે તે સાંભળી લઇ તેનો યોગ્ય અમલ કરવો. તેમજ તેમની સામે થઈ કઠોર વેણ બોલવું ન જોઇએ. પુત્રે આ વાતને મનમાં વક્રતાથી ધારણ કરી રાખી. કોઇ એક પ્રસંગે પિતા પરિવારસહિત બહાર ગયા અને પુત્રને ઘરમાં એકલો રાખ્યો, પુત્ર વિચાર કર્યો કે 'મને હંમેશાં શિખામણ આપનાર પિતાને આજે હું શિખામણ આપું' આવું વિચારી દરવાજાની સાંકળ બંધ કરી ઘરની અંદર ચુપચાપ બેસી ગયો, પિતા પાછાં વળતાં દરવાજા પાસે આવી અંદરની સાંકળ ઉઘાડવા પુત્રને હાક મારી, પણ પુત્ર તો જાણે કાંઇ સાંભળતો જ નથી. એમ આંખ આડા કાન કરી શુમશામ બેસી જ રહયો. બીજા કોઇ ઉપાય ન સુઝવાથી પિતા દિવાલ પર ચડી અંદર આવ્યા ને જોયું તો પુત્ર આરામથી બેઠો છે. અને પિતાને જોઇને હસવા લાગ્યો ને કહ્યું કે હમણાં જ તમે બોધ આપીને ગયાં હતાં કે વડિલને સામો પ્રત્યુત્તર વાળવો નહિ, આવી વાતો સાંભળતાં જ પિતા તો ઠંડોગાર થઇ ગયો ને પુત્રની વક્રતા અને જડતા જોઇ દિગમૂઢ બની ગયો.

પહેલાં અને છેલ્લાં તીર્થંકરો સિવાય વચલા તીર્થંકરોના વારામાં એટલે બાવીશ તીર્થંકરોના શાસન તલેના સાધુઓ 'ઋજુપ્રાજ્ઞ' (સરલ અને સમજણવાલા) ગણાતાં, તેમનું કલ્પ અસ્થિત હતું, મધ્યતીર્થંકરોના શાસન હેઠળના સાધુઓ અને મહાવિદેહક્ષેત્રમાં રહેતા સાધુઓના આચાર બાબતોમાં, જેવાં કે શય્યાતરપિંડ (૧), કૃતિકર્મ (૨), મહાવ્રત, (૩) પર્યાયજ્યેષ્ઠ, (૪), એઓમાં સ્થિતકલ્પ હોય છે, બાકીના છ વિષયોમાં અસ્થિત-કલ્પ હોય છે, કારણ કે બાકીના છ બાબતોનું સેવન હમેશ હોતું નથી.

### ઋજુપ્રાજ્ઞનું દૃષ્ટાન્ત—

ભગવાન અજીતનાથના સમયના કોઇ એક સાધુ રસ્તે જતા 'નટ' નું ખેલ જોઇ મોડેથી ઉપાશ્રયમાં દાખલ થયો. મોડું થવાનું કારણ શિષ્યે જે હતું તે કહી દીધું. ગુરુએ કહ્યું ભદ્ર ! નટનું નૃત્ય રાગવૃદ્ધિનું કારણ છે: માટે મુનિઓએ તે ન જોવો જોઇએ, એ ઉપદેશને તે હૃદયમાં સ્થાપિત કર્યો.

ફરી બીજુ કોઈ વખતે રસ્તે ચાલતાં 'નટી' ને નાચતી જોઇ ગુરૂદેવની આજ્ઞાનો અમલ હૃદયમાં સ્ફુરી આવ્યો ને વિચાર્યું કે જો 'નટ' નો ખેલ જોવાથી રાગ વધે છે તો 'નટી' નો ખેલ જોવાથી તો તીવ્ર રાગ વધે; માટે નટીનો નાચ પણ દૃષ્ટિગોચર ન થવો જોઇએ, આ પ્રકારે વિચાર કરીને નટીનું નૃત્ય જોયા વગર જ ઉપાશ્રયે આવી ગયો. આવા સાધુઓ વચલા તીર્થંકરોના શાસનમાં હતા, તેથી તેઓ ઋજુપ્રાજ્ઞ કહેવાયા.

ઋજુપ્રાજ્ઞ સાધુ, ગુરૂમહારાજનું વચન, સરલરૂપમાં ગ્રહણ કરી કાર્ય—અકાર્યનો ખ્યાલ પોતે જ કરી, યોગ્ય

કાર્યને અપનાવે છે ને અયોગ્યને છોડી દે છે.

આ ઉપરથી પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે પહેલાં અને અંતિમ તીર્થંકરોના સાધુઓ ઋજુજડ અને વક્રજડ હોય છે, અને વચ્ચેનાં બાવીશ તીર્થંકરોના શિષ્યો ઋજુપ્રાજ્ઞ હોય છે, ત્યારે તો મધ્યમ તીર્થંકરોના શિષ્ય જ ધર્મને યોગ્ય થઇ શકે છે, કેમ કે તેઓ ઋજુપ્રાજ્ઞ હોય છે, પહેલાં તીર્થંકરના શિષ્યો ઋજુ હોવા છતાં જડ હોવાને કારણે પ્રાજ્ઞ–સમજદાર નથી હોતા એટલે ધર્મને અયોગ્ય છે, તો છેલ્લાં તીર્થંકરના શિષ્ય તો વક્ર અને જડ હોવાને લીધે ધર્મને અયોગ્ય જ છે. આમાં આશ્ચર્ય જ શું ?

ઉત્તર–હે ભાઈ! આ તારું મંતવ્ય બરાબર નથી જો કે ઋજુ અને પ્રાજ્ઞના અપેક્ષાએ પ્રથમ તીર્થંકરના શિષ્યો ઉતરતા છે, અને જડ હોવાને કારણે બોધ બરાબર સમજાતો નથી. તેના લીધે દોષોને પાત્ર થાય છે ખરા! પરંતુ સરળ હોવાથી તેઓના ભાવો વિશુદ્ધ હોય છે, તેથી જ ધર્મને પાત્ર ગણાય છે. છેલ્લાં તીર્થંકરના શિષ્યો વક્રજડ હોવાથી ઋજુપ્રાજ્ઞની અપેક્ષાએ વધારે ઉતરતા છે છતાં એકાંતિક રીતે ધર્મને યોગ્ય નથી તેમ તો કહી શકાય જ નહિ, પણ ધર્મને યોગ્ય તો છે જ, કારણ કે આકાલમાં સંયમી સાધુઓ છે અને પંચમ કાલને છેડે પણ ટકી રહેશે તેમ શાસ્ત્રકારોએ કહેલ છે, માટે આ કાલના બધા પ્રકારના શિષ્યો ધર્મને યોગ્ય છે એમ સમજી લેવું. હાલ છેલ્લા તીર્થંકરનું શાસન ચાલે છે તો તેઓનું કલ્પ સ્થિતકલ્પ છે, માટે સ્થિતકલ્પનું વર્ણન વિસ્તૃતપણે કરવામાં આવે છે.

'સ્થિતકલ્પ' ના દશ પ્રકાર છે તે નીચે મુજબ—(૧) આચેલક્ય–જે વસ્ત્રરહિત છે તે અચલ કહેવાય છે. અચેલના ભાવને આચેલક્ય કે અચેલતા કહેવામાં આવે છે. અચેલતાનો અભિપ્રાય છે—અલ્પમૂલ્ય અથવા મલિન જુના અને પ્રમાણયુક્ત વસ્ત્રોનું ધારણ કરવું.

શંકા–અલ્પમૂલ્ય, મલિન જુના અને પરિમિત વસ્ત્ર પણ ચેલ (વસ્ત્ર) જ કહેવાય છે તો તે વસ્ત્રોને રાખવા-વાળા સ્થવિર 'અચેલ' કેમ કહી શકાય છે ?

ઉત્તર—અલ્પમૂલ્ય અને સાંધેલા વસ્ત્રો તેમજ શરીર ઢાંકવા પૂરતાં કપડાઓ જો એકા–એક ફાટી જાય તો આપણે વણકરને કહીએ છીએ કે ભાઇ! હું કપડા વિના નાગો ફરું છું, માટે તાબડતોબ મારા કપડા તૈયાર કરી આપ. જો કે વાસ્તવિક રીતે આપણે નગ્ન હોતા નથી, પણ ફાટયા—તૂટયા હોવાના પરિણામે તે કપડાની કિંમત જરા પણ આપણે આંકતા નથી, ફક્ત શરીર ઢાંકવા પૂરતા જ તે કપડાનો ઉપયોગ કરીએ છીએ. માટે જ સાધુઓ કપડા ધારણ કરતાં હોવા છતાં 'અચેલક' કહેવાય છે, અને આવી 'અચેલતા' માં કોઇ પણ પ્રકારનો વિરોધ આવતો નથી, કહ્યું છે—

" तह थोवजुन्नकुत्थिय,–चेलेहिवि भन्नए अचेलोत्ति ।

जह तुर सेलिय ! अप्पय, मे पोत्तिं नग्गओ वत्ते " ॥१॥इति ।

અર્થાત્—લોકમાં ફાટેલા જુના અને થોડા વસ્ત્રો હોવા છતાં નગ્ન કહેવામાં આવે છે, જેમ કોઈ વણકર ને કહે છે કે મને ધોતી વેલી આપ, મારે વસ્ત્ર નથી, હું નગ્ન છું, એવો લોકવ્યવહાર હોય છે, તેમ અલ્પમૂલ્ય જીર્ણ અને પરિમિત વસ્ત્ર ધારણ કરેલો સાધુ પણ અચેલજ કહેવાય છે.

(૨) ઔદ્દેશિક-જે કાંઇ પણ ચીજ વસ્તુ–આહાર આદિ એક સાધુને ઉદ્દેશીને બનાવ્યાં હોય તે 'ઔદ્દેશિક' કહેવાય.

(૩) શય્યાતર–અહિં 'શય્યા' નો અર્થ 'વસતિ' એટલે ઉપાશ્રય તેવો થાય છે, સાધુ-સાધ્વી ને જે કોઈ ઉપાશ્રય આદિ આપે તે અશુભ કર્મોની નિર્જરા કરે છે ને આવા શુભ નિમિત્તા સંસાર સાગર તરવામાં મહાન ઉપકારક નિવડે છે, આવા ગૃહસ્થો 'શય્યાતર' કહેવાય છે.

(૪) રાજપિંડ–ચક્રવર્તી–આદિ રાજાઓને માટે બનાવેલા ચારે પ્રકારનો આહાર રાજપિંડ કહેવાય છે.

(૫) કૃતિકર્મ–વંદનાને કૃતિકર્મ કહેવામાં આવે છે.

(૬) મહાવ્રત–મન, વચન, કાયાથી કરવું નહિ, મન, વચન-કાયાથી કરાવવું નહિ, મન વચન, કાયાથી અનુમોદન કરવું નહિં, આવી રીતે નવનવ કોટિયે જીવહિંસાથી વિરમવું, જુઠ બોલવામાંથી વિરમવું, ચોરી કરવાથી નિવૃત્ત રહેવું, અબ્રહ્મ ( વિષયભોગ ) થી વિરમવું, અને પરિગ્રહ કે જે નવ પ્રકારના છે તેનો સર્વથા અને સર્વદા ત્યાગ કરવો આ સમાચારી ને 'મહાવ્રત' કહે છે.

(૭) પર્યાયજ્યેષ્ઠ–દીક્ષામાં જે મોટાં હોય તેને 'પર્યાયજ્યેષ્ઠ' કહે છે. તેનું બીજુ નામ 'રત્નાધિક' પણ છે.

## પ્રતિક્રમણ વિષે વિશેષ વિસ્તાર

(૮) प्रतिक्रमण–" शुभयोगेभ्योऽशुभेषु संक्रान्तस्य शुभेष्वेव प्रति=प्रतीपं–प्रतिकूलं क्रमणं=पुनः समागमनम् । तदुक्तम्—

स्वस्थानाद्यत् परस्थानं, प्रमादस्य वशाद् गतः

तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ॥१॥

क्षायोपशमिकाद् भावादौदयिकस्य वशं गतः ।

तत्रापि च स एवार्थः, प्रतिकूलगमात् स्मृतः ॥२॥ इति । "

અર્થાત્—શુભ યોગમાંથી અશુભમાં પ્રવર્તતા આત્માનું ફરી 'શુભયોગ' માં આવવું તેને 'પ્રતિક્રમણ' કહે છે. કહ્યું પણ છે.—

પ્રમાદને લીધે આ આત્મા વારવાર પોતાના શુભ સ્થાન-(શુભ ભાવ) થી પરસ્થાન-( અશુભ ભાવ ) માં ચાલ્યો જાય છે. પણ ખ્યાલ જતા તે પશ્ચાત્તાપ કરતો પોતાના શુભ ભાવમાં આવી જાય છે, તેનું આ શુભ ભાવમાં આવવું તે પ્રતિક્રમણ કહેવામાં આવે છે. (૧)

ક્ષાયોપશમિક ભાવમાંથી નીકળી ઔદયિક ભાવમાં પ્રવર્તવું અને આ 'ભાવ' યોગ્ય નથી એમ જણાતાં ફરી ક્ષાયોપશમિક ભાવમાં આવી જવું તેને પણ 'પ્રતિક્રમણ' કહેવામાં આવે છે. (૨)

આ 'ભાવો' જણ્યા વિના-કયા સારા છે અને કયા નરસા છે તેમજ દરેક 'ભાવ'નું તાત્પર્ય શું છે તે જાણ્યા વિના 'જ્ઞાન' અધુરૂં રહે અને વાચકવૃંદ પ્રતિક્રમણનો પૂરો અર્થ સમજી શકે નહિ; માટે વિષયાંતર નહિ કરતાં જાણવા યોગ્ય 'ભાવો' નું સામાન્ય વર્ણન નીચે મુજબ કહેવામાં આવે છે.—

'ભાવો' પાંચ છે જેવાં કે ઔદયિકભાવ (૧) ઔપશમિકભાવ (૨) ક્ષાયિકભાવ (૩) ક્ષાયોપશમિકભાવ (૪) પારિણામિકભાવ (૫),

આ 'ભાવો' ને કોઇ 'આત્મા' ની દૃષ્ટિએ લઇ જાય છે તો કોઈ 'કર્મ' ની દૃષ્ટિએ લઈ જાય છે, અહીં પહેલાં 'કર્મ' ની અપેક્ષા લઇ વિવરણ કરીશું. 'ઔદયિક ભાવ' એટલે જે કર્મો સત્તામાં છે તે 'ઉદય' માં કાલ પાકયે આવે તેને 'ઔદયિક ભાવે કર્મો આવ્યા છે' તેમ કહેવાય (૧), ઉદય આવેલા કર્મોને તપ, સંયમ, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન આદિથી દબાવવામાં આવે છે તેને 'ઉપશમ કર્યા છે' એમ કહેવાય. (૨) જે કર્મોનો તપ–સંયમ આદિથી નાશ કરી નિર્બીજ બનાવ્યાં છે તેને 'ક્ષાયિકભાવ' કહેવાય (૩), ક્ષાયોપશમિક ભાવ એટલે જ્ઞાન–દર્શન ચારિત્ર-તપ આ 'ચતુષ્ટય' નો સહારો લઈ ઉદયમાં આવેલાં કર્મોનો ક્ષય કરે છે અને સત્તામાં રહેલા કર્મોને ઉપશમાવે છે આવી જાતનો જે 'ભાવ' તેને ક્ષાયોપશમિકભાવ કહે છે (૪), જે જે જીવાદિ પદાર્થો પોતાના સ્વરૂપમાં અર્થાત તેજ રૂપે પરિણમે તે પરિણમનને પારિણામિક ભાવ કહે છે (૫),

આત્માની અપેક્ષાએ 'ઔદયિક ભાવ' ને ચારિત્રગ્રહણની ગણતરીમાં ગણવામાં આવ્યો છે, તે પક્ષવાલા કહે છે કે-'આત્મા' જયારે સાધક દશામાં હોય અને સ્વભાવને લક્ષે ઉચ્ચ કક્ષાએ જવા માંગતો હોય ત્યારે તેને 'ચારિત્રગ્રહણ' ના શુભ ભાવો ઔદયિક ભાવે આવેજ (૧), 'ઉપશમભાવ' માં કાદવની ઉપર જામેલા પાણી જેવી આત્માની દશા વર્તે છે, જેમ કાદવ નીચે પડયો હોય ને ઉપરનું પાણી સ્વચ્છ હોય છે તેમ આત્માએ ઉજ્જવલ દશા પ્રાપ્ત કરી છે આ દશાને 'ઉપશમ' ભાવ કહ્યો (૨). 'ક્ષાયિકભાવ' એ તો આત્માની સર્વથા ઉજ્વલ દશા છે (૩) 'ક્ષાયોપશમિકભાવ' એ આત્માની થોડી ઉજ્જવલ દશા છે' પોતાના સ્વભાવે થોડો ઠર્યો છે અને થોડો અસ્થિર ભાવે છે (૪) 'પારિણામિકભાવ' એટલે જેમ દરેક દ્રવ્ય પોતાની રીતે પોતાને ક્રમે દ્રવી રહ્યું છે તેમ આત્મા પણ એક શુદ્ધ દ્રવ્ય છે અને 'જ્ઞાન' રૂપે પરિણમી જ રહ્યો છે (૫) આ છે 'ભાવો' નું સામાન્ય વર્ણન. એક છઠો ભાવ કે જેને 'સાન્નિપાતિક' કહેવામાં આવે છે. આ 'ભાવ' પાંચ ભાવોમાંથી કોઇ પણ એક બે આદિ ભાવોનું મિશ્રણ છે.

(૯) માસનિવાસ-અર્થાત્-એક જગ્યાએ એક માસ સુધી રહેવું તે વ્યવહારને 'માસ કલ્પ' કહે છે. એક માસ સુધી રહેવાનો જે વ્યવહાર છે તે વ્યવહારને 'માસનિવાસ-સામાચારી' કહે છે.

(૧૦) પર્યુષણા-'અપૂર્વકરણ' અવસ્થામાં આવવું તેને 'પર્યુષણા' કહે છે. જીવ સંસારના પદાર્થો તથા તેના લગતા ભાવોમાં અનંતવાર આવ્યો છે, અને હજુ પણ આવે છે; છતાં કોઇ પણ વખત તે પદાર્થો અને ભાવોમાં તેને કંટાળો આવતો નથી. પણ મહાન પુણ્યના યોગે જો કદાપિ એક સમય માત્ર 'સ્વ-સ્વરૂપ' નો ભાવ ઉત્પન્ન થાય ને સંસાર તરફ ઉદાસીનતા વર્તે તો તે 'અપૂર્વકરણ' કહેવાય. આ 'અપૂર્વકરણ' માં વારંવાર આવવાનો પ્રયાસ કરવો તેને 'પર્યુષણા' કહે છે. બીજો સામાન્ય અર્થ એ છે કે કામ-ક્રોધ-મોહ-મમતા આદિના ભાવોને શાંત કરવા, તેને પણ 'પર્યુષણા' કહે છે.

'અપૂર્વકરણ' માં મુનિ પૂર્ણરૂપથી રહે તે અશક્ય હોવાથી અપૂર્વકરણ નહિ; પણ અપૂર્વકરણ જેવી નીચલી કક્ષામાં રહી કાલનિર્ગમન કરે તે સામાચારી- કલ્પ ને 'પર્યુષણા કલ્પ' કહે છે. આ 'કલ્પ' ને 'પર્યુપશમના' પણ કહે છે. આ 'કલ્પ' માં ક્રોધાદિ કષાયો અને ઇન્દ્રિયજનિત વિકારોનો વિશેષભાવથી અભાવ કરી આત્માને શાંત રસમાં ઝુલાવે છે. આ કલ્પને 'પર્યોસવના' પણ કહે છે, કારણ કે આમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવસંબંધી ઋતુ, માસ, પક્ષ, તિથિ, કરણ આદિ વૃદ્ધિરૂપ પર્યાયોનો ત્યાગ કરવામાં આવે છે. એટલે આષાઢ સુદિ પૂર્ણિમા બાદ એક માસ અને વિસમે દિવસે એટલે પચાસમે દિવસે અથવા ઓગણપચાસમે દિવસે પર્યોસવના-સંવત્સરી મનાવવામાં આવે છે. 'પર્યુષણા અને પર્યોસવના' બન્ને પારિભાષિક શબ્દો નિરુક્તિવિધિથી સિદ્ધ થયેલ છે.

અચેલકતા વિગેરે દશ પ્રકારના કલ્પો વિધિ-નિષેધ-સ્વરૂપમાં સ્થિત છે. આ દશ કલ્પમાંથી 'અચેલકતા ૧, કૃતિકર્મ ૨, મહાવ્રત ૩, પર્યાયજ્યેષ્ઠ ૪, પ્રતિક્રમણ ૫, માસનિવાસ ૬ અને પર્યુષણા ૭ 'વિધિકલ્પ' માં ગણાય છે, ત્યારે ઔદ્દેશિક ૧ શય્યાતરપિંડ ૨ અને રાજપિંડ ૩, આ 'નિષેધકલ્પ' માં ગણાય છે.

'અચેલકતા' આદિ દશ પ્રકારના 'કલ્પો' વિધિ-નિષેધના ભાવમાં વર્ણવામાં આવે છે. 'વિધિ-નિષેધ એટલે અમુક જાતની ક્રિયાઓ કરવી અગર ન કરવી આ જાતનું ફરમાન અગર આદેશ શાસ્ત્રોક્ત હોય છે. આ શાસ્ત્રોક્ત 'આદેશ' નું પારિભાષિક નામ 'વિધિ-નિષેધ' છે. આ દશ કલ્પોમાંથી (૧) આચેલક્ય (૨) કૃતિકર્મ (૩) મહાવ્રત (૪) પર્યાયજ્યેષ્ઠ (૫) પ્રતિક્રમણ (૬) માસનિવાસ (૭) પર્યુષણા આ સાત સામાચારીઓ 'વિધિ-કલ્પ' કહેવાય છે, એટલે આ સાત સામાચારીઓ આચરવાની હોય છે. (૮) ઔદ્દેશિક (૯) શય્યાતરપિંડ (૧૦) રાજ-પિંડ, આ ત્રણ 'નિષેધ કલ્પ' કહેવાય છે; કારણ કે આ ત્રણ સામાચારીઓ નહિ આદરવાનું શાસ્ત્ર ફરમાન છે. (સૂ૦૧)

## ‘ અચેલકતા ’

મૂલનો અર્થ—સાધુ-સાધ્વિઓને અલ્પમૂલ્યવાલા વસ્ત્રો ગ્રહણ કરવા, અને ભોગવવા કલ્પે છે, સાધુ સાધ્વીઓને બહુમૂલ્યવાલા વસ્ત્રો ગ્રહણ કરવા, અને ભોગવવા કલ્પતા નથી. સાધુઓને ત્રણ વસ્ત્રો (પછેડી) ગ્રહણ કરવા અને ભોગવવા કલ્પે છે. સાધ્વીઓને ચાર વસ્ત્રો (પછેડી) ગ્રહણ કરવા અને ભોગવવા કલ્પે છે. સાધુઓને બોંતેર હાથ વસ્ત્ર ગ્રહણ કરવા અને ભોગવવા કલ્પે છે. સાધ્વીઓને છન્નુ હાથ વસ્ત્ર ગ્રહણ કરવા અને ભોગવવાનું કલ્પે છે. સાધુઓને ત્રણ પાત્ર અને ચોથુ ઉંદક લેવું અને ભોગવવું કલ્પે છે. સાધ્વીઓને ચાર પાત્ર અને પાંચમું ઉંદક લેવું અને ભોગવવું કલ્પે છે [સૂ૦૨]

ટીકાનો અર્થ—વસ્ત્રના બે પ્રકાર છે—[૧] અલ્પમૂલ્યવાલા [૨] બહુમૂલ્યવાલા. જે વસ્ત્રનું મૂલ્ય ચાલુ દશ મુખ્ય સિક્કામાં એક કોડી કમ હોય. એટલે જેમ અત્યારે રુપિયો એ મુખ્ય સિક્કો છે. કોઇ પણ વસ્ત્રની કિંમત દશ રૂપિયાથી જરા પણ ઓછી હોય તો તે વસ્ત્ર અલ્પમૂલ્યવાળું કહેવાય, પરંતુ કોઈ પણ વસ્ત્રનું મૂલ્ય ચાલૂ દશ સિક્કા એટલે દશ રૂપિયા તથા એનાથી જરાપણ વધારે હોય તો તે વસ્ત્ર બહુમૂલ્યવાળું કહેવાય. સાધુ-સાધ્વીઓને અલ્પમૂલ્યવાલા વસ્ત્રો ગ્રહણ કરાય અને ભોગવાય, પણ બહુમૂલ્યવાલા નહિ, આ આદેશ સૂત્રકારોએ ‘**कप्पइ निग्गंथाणं**’ અને ‘**नो कप्पइ निग्गंथाणं**’ વાલા વાકયથી પ્રગટ કર્યો છે. ‘**धारित्तए**’ નો અર્થ ગ્રહણ કરવો, અને ‘**परिहरित्तए**’ નો અર્થ ભોગવવું એટલે વારંવાર વાપરવું તેવો થાય છે.

અલ્પમૂલ્યવાલા વસ્ત્રો કેટલા લેવા અને કેટલા વાપરવા તે પ્રશ્નોના જવાબમાં શાસ્ત્રકાર કહે છે કે સાધુ-ઓને ત્રણ સંઘાટી [ચાદર] લેવી અને વાપરવી, અને સાધ્વીઓને ચાર સંઘાટી લેવી અને વાપરવી કલ્પે છે. ‘સંઘાટી’ શબ્દ અહીં ઉપલક્ષણ છે તેથી સાધુઓની બાબતમાં ‘ચોલપટ્ટા’ આદિનું અને સાધ્વીઓની બાબતમાં સાડી આદિ બધા વસ્ત્રોનું ગ્રહણ કરી લેવું જોઇએ.

સાધુ--સાધ્વીઓના વસ્ત્રનું માપ કેટલા હાથનું હોવું જોઇએ તેના પ્રશ્નના જવાબમાં કહેવામાં આવે છે કે સાધુઓના વસ્ત્રો પોતાના હાથથી માપતાં બોંતેર હાથના હોવા જોઇએ, અને સાધ્વીઓના વસ્ત્રો પોતાના હાથથી માપતાં છન્નુ [૯૬] હાથ હોવા જોઇએ. અહિં ‘હાથ’ નો અર્થ ચોવીસ આંગલ લંબાઇ અને ચોવીસ આંગલ પહોળાઈ થાય છે.

ઉપરોક્ત પ્રમાણ વસ્ત્રનું કુલ પ્રમાણ લીધું છે; પણ શરીર ઢાંકવા વિવિધ પ્રકાર તે કપડામાંથી થવા જોઇએ. એટલે શાસ્ત્રકારોએ સ્પષ્ટ ખ્યાલ આપવા દરેક વસ્ત્રનું માપ નિર્માણ કરી આપ્યું છે, સાધુની દરેક સંઘાટીની લંબાઈ પાંચ હાથ લાંબી અને ત્રણ હાથ પહોળી, આ હિસાબે એક સંઘાટી પંદર [૧૫] હાથની થવા જતાં ત્રણે

સંઘાટીનું કુલ માપ પિસ્તાલીસ [૪૫] હાથ થાય છે. છ હાથ લાંબો અને દોઢ હાથ પહોળો એવો એક ચોલપટ્ટો ૯ હાથનો થાય, આસનનું કપડું સાડા ત્રણ હાથ લાંબુ અને એક હાથ પહોળું હોવું જોઇએ. બે હાથ લાંબુ અને બે હાથ પહોળું એવું કપડું 'ભિક્ષાપાત્ર' રાખવા માટે વાપરવું. એક હાથ લાંબુ અને એક હાથ પહોળું પાણી ગાળવાનું ગરણું હોવૂં જોઇએ ત્રણ પાત્રોમાં રાખવા માટે અકેક હાથ લાંબુ અને અકેક હાથ પહોળું એવા ત્રણ વસ્ત્રો જોઇએ. તમામ પાત્રોને એકી સાથે બાંધવા માટે ત્રણ હાથનું એક વસ્ત્ર રાખવું જોઇએ. આ બધું મલીને અડસઠ ૬૮ હાથ વસ્ત્ર થાય છે. મુખ વસ્ત્રિકા, રજોહરણની ડાંડી ઉપર લપેટવાનું કપડું અને માંડલિક વસ્ત્ર આ તમામનું મળી એક હાથ વસ્ત્ર થાય છે. નાક સાફ કરવાનું વસ્ત્ર અડધા હાથનું, પાણીનું વાસણ ઢાંકવા માટે એક હાથનું વસ્ત્ર, સ્થંડિલ જતી વખતે જલપાત્ર રાખવાનું વસ્ત્ર એક હાથ, એમ બધુ મળીને વસ્ત્રનું પ્રમાણ બહોતેર ૭૨ હાથ હોવું જોઇએ.

સાધ્વીઓનું વસ્ત્ર પ્રમાણ છન્નુ ૯૬ હાથ રાખવામાં આવ્યું છે. તેનું વિવરણ આ પ્રમાણે છે–બે હાથ પહોળી અને સાડા ત્રણ હાથ લાંબી, એવી એક સંઘાટીના સાત હાથ, ત્રણ હાથ પહોળી અને સાડા ચાર હાથ લાંબી એવી બે સંઘાટિઓનું સત્તાવીસ હાથ, ચાર હાથ પહોળી અને સાડા ચાર હાથ લાંબી એવી એક સંઘાટીનું અઢાર હાથ, આ પ્રમાણે ચાર સંઘાટીનું બાવન હાથ કાપડ થયું, બે હાથ પહોળી અને સાડા સાત હાથ લાંબી એવી સાડીના પંદર ૧૫ હાથ, આ પ્રમાણે ચાર સંઘાટિનું અને એક સાડીનું, એમ મળી ૬૭ હાથ થયું. આસન, ઝોલી, ગરણું, પાત્રબંધન, મુખવસ્ત્રિકા, રજોહરણ, રજોહરણની ડાંડીનું વસ્ત્ર, માંડલિકવસ્ત્ર, નાક સાફ કરવાનું વસ્ત્ર, પાણી ઢાંકવાનું વસ્ત્ર, સ્થંડિલ જતા લેવામાં આવતા પાત્ર રાખવાનું વસ્ત્ર, પાત્રમાં રાખવાના અકેક હાથના ચાર વસ્ત્ર, તથા અવગ્રહપટ્ટ (જાંઘિયા), કાંચલી આ બધુ મળીને છન્નુ ૯૬ હાથના પ્રમાણનું વસ્ત્ર સાધ્વીઓએ રાખવાનું હોય છે. પુસ્તક બાંધવાના વસ્ત્રની અલગ જોગવાઈ રાખવામાં આવી છે.

વસ્ત્રની માફક પાત્ર પણ સાધુ–સાધ્વીઓ માટે આવશ્યક ઉપકરણ છે, માટે તેની સંખ્યા આ પ્રમાણે રાખવામાં આવી છે. સાધુઓ માટે ત્રણ પાત્ર, અને ચોથુ ઉંદક, સાધ્વીઓ માટે ચાર પાત્ર અને પાંચમું ઉંદક રાખવામાં આવ્યું છે. (સૂ૦૨)

## ઔદેશિકાશનપાનખાદ્યસ્વાદ્ય-વસ્ત્રપાત્રગ્રહણ નિષેધઃ ।

'આચેલકય' કલ્પનું વર્ણન પૂરૂં કરીને હવે 'ઔદેશિક'નું બયાન રજુ કરીએ છીએ–'नो कप्पइ' ઈત્યાદિ.
મૂલનો અર્થ—કોઈ એક સાધુ–સાધ્વીને ઉદ્દેશીને બનાવેલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, વસ્ત્ર, પાત્ર, રજો-

હરણ, ગોછો, બાજોટ-પાટ, શય્યા, સંથારો. ઔષધ, ભેષજ વિગેરે કલ્પે નહિ. (સૂ૦૩)

ટીકાનો અર્થ—કોઈ એક મુનિને ઉદ્દેશીને બનાવેલી ચીજ 'ઔદ્દેશિક' કહેવાય. જેવાં-અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય. આ ચાર પ્રકારના આહાર કહેવાય છે. કપડા, કાંબલ, પાત્ર, ગોછો, બાજોટ-પાટ, શય્યા-સુવા માટે શરીર પ્રમાણ વસ્ત્રાદિ, સંથારો-અઢી હાથ પ્રમાણ વસ્ત્રાદિ. ઔષધ ( એક દ્રવ્યની બનેલી ), ભેષજ ( અનેક દ્રવ્યોની બનેલી ) સાધુ-સાધ્વીને લેવા કલ્પે નહિ ( સૂ૦૩ )

ત્રીજા કલ્પ-શય્યાતરપિંડ-નું વર્ણન કરે છે-'**नो कप्पइ**' ઇત્યાદિ.

## શય્યાતરપિણ્ડ નિષેધઃ ।

મૂલનો અર્થ—શય્યાતરપિંડ સાધુ-સાધ્વીઓને ગ્રહણ કરવો કલ્પે નહિ (૪)

ટીકાનો અર્થ—જે કોઇ વ્યક્તિ સાધુ-સાધ્વીને ઉતરવા માટે જગ્યા અગર ઉપાશ્રય આપે તે વ્યક્તિ શય્યાતર કહેવાય છે. તેને ત્યાંથી સાધુ-સાધ્વી કોઇ પણ પ્રકારનો આહાર ગ્રહણ કરી શકે નહિ, એટલા માટે 'ઠાણાંગ' સૂત્રના બીજા સ્થાનના પ્રથમ ઉદ્દેશામાં કહ્યું છે કે-'શય્યાતરનો આહાર ગ્રહણ કરનાર મુનિ અનુદ્ઘાતિક-ગુરુ-પ્રાયશ્ચિત્તનો ભાગી ગણાય'

શય્યાતરપિંડ ( શય્યાતરની વસ્તુ ) ના અનેક પ્રકાર છે, તેમાં જે વસ્તુ અકલ્પનીય એટલે લેવા યોગ્ય નથી તે અહિં દર્શાવવામાં આવે છે—અશન ૧, પાન ૨, ખાદ્ય ૩, સ્વાદ્ય ૪, વસ્ત્ર ૫, પાત્ર ૬, કાંબલ ૭, રજોહરણ ૮, દોરા ૯, સોય ૧૦, કાતર ૧૧, છરી ૧૨, નખ કાપવાની નેરણી ૧૩, કાન ખોતરવાની ચાટણી ૧૪, દાંત સાફ કરવા નીસલી ૧૫, કાંટો કાઢવાનો ચિપિયો ૧૬. કાંટા અને ચીપિયા રાખવાની કોથળી ૧૭, ઔષધ ૧૮, ભેષજ ૧૯. શતપાક-સહસ્રપાક આદિ તેલ ૨૦, પાતરા રંગવાનો સફેદો વાર્નિશ વિગેરે ૨૧, પાત્રમાં કાણા પાડવાનું ઓજાર ૨૨, કાગળ૨૩, કલમ ૨૪. શાહી ૨૫, ખડીયો ૨૬, હિંગલો ૨૭ આદિ.

'શય્યાતર' ના ઘેરથી કઈ કઈ વસ્તુઓ લાવી કલ્પે , તેના નામ—(૧) ઘાસ (૨) માટી (૩) શિલા (૪) ઉપર વંટો (૫) રાખ (૬) પત્થરનો ટુકડો (૭) ઇંટ (૮) ધૂલ (૯) બાજોટ (૧૦) પાટ (૧૧) શય્યા (૧૨) ઘાસનો સંથારો (૧૩) છાણ (૧૪) વસ્ત્ર-પાત્ર-ઉપકરણ સહિત શિષ્ય (૧૫) સ્વાધ્યાયને માટે પુસ્તક; શિષ્યને શિવાય બીજી બધી વસ્તુઓ પડિહારી [ પાછી આપવાની શરતે] લેવી કલ્પે.

જો કોઇ વ્યક્તિ સાધુને માટે ઉપાશ્રય ભાડે લે, અગર કોઇ જગ્યાનું ભાડું નક્કી કરે તો તે જગ્યા સાધુને કલ્પે નહિ. ' ઉપાશ્રય ' સમાજનો હોવાથી સમાજની કોઇ પણ વ્યક્તિ તે ઉપાશ્રયનો માલિક ગણાય માટે સાધુ સાધ્વી સમાજના કોઇ પણ એક માણસની રજા લઇ તે ઉપાશ્રયમાં ઉતરી શકે છે.

શય્યાતર-પિંડના ચાર ભાંગા છે (૧) એક જ જગ્યાએ રાંધવું અને જમવું (૨) એક જગ્યાએ રાંધવું અને બીજી જગ્યાએ જમવું. (૩) જુદી જુદી જગ્યાએ રાંધવું અને વધુ રાંધણું એક જ જગ્યાએ લાવી ત્યાં જમવું (૪) અલગ-અલગ જગ્યાએ રાંધવું અને અલગ-અલગ જગ્યાએ જમવું, આ ચાર ભાંગામાંથી બીજો અને ચોથો ભાંગો ગ્રહણ કરવા યોગ્ય છે, કારણ કે આ બે ભાંગામાં ' શય્યાતર ' નો હક્ક તે આહાર ઉપરથી ઉઠી જાય છે. અને તે આહાર બીજાની માલીકીનો બને છે, તેથી એ આહારનો માલીક શય્યાતર ઠરતો નથી, પણ બીજી વ્યક્તિ તેનો માલીક બનવાથી તે આહાર સાધુને આપી શકે છે, અને સાધુ તે લઈ શકે છે, એમાં કોઈ બાધ આવતો નથી, કારણ કે ભોજન એક જગ્યાએ બન્યા પછી તે ભોજનના ભાગ પાડે છે અને ભાગ લેનાર માણસ સાધુને વહોરાવી શકે છે. આ બીજા ભાંગાનો અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. ચોથો ભાંગો ઘણો જ સ્પષ્ટ છે, કારણ કે અલગ અલગ રાંધવું અને અલગ અલગ જમવું તેમાં શય્યાતરનો હિસ્સો પહેલેથી જ વહેંચાઇ જાય છે. માટે બીજા ભાંગાને અને ચોથા ભાંગાને યોગ્ય આહાર સાધુ-સાધ્વી લઈ શકે છે. (સૂ૦૪)

## રાજપિણ્ડ ગ્રહણ નિષેધઃ ।

ચોથાકલ્પ—રાજપિંડનું વર્ણન કરવામાં આવે છે-' **નો कप्पइ** ' ઇત્યાદિ.

મૂલનો અર્થ—સાધુ-સાધ્વીઓને ' રાજપિંડ ' લેવો અને ભોગવો કલ્પે નહિ (૫)

ટીકાનો અર્થ—રાજપિંડના છ પ્રકાર છે (૧) અશન. (૨) પાન, (૩) ખાદ્ય. (૪) સ્વાદ્ય (૫) વસ્ત્ર અને (૬) કાંબલ તાત્પર્ય એ છે કે આ બધી વસ્તુઓ ખાસ રાજાના ઉપભોગમાં આવવાવાલી નહિં કલ્પે. (સૂ૦૫)

હવે પાંચમા 'કૃતિકર્મનું' વ્યાખ્યાન રજુ કરવામાં આવે છે-'**कप्पइ**' ઈત્યાદિ.

મૂલનો અર્થ—સાધુ-સાધ્વીની દીક્ષાપર્યાયની ઉત્તરોત્તર શ્રેણી પ્રમાણે 'કૃતિકર્મ' (વંદના) કરવા કલ્પે છે. (૧) સાધુ ને સાધ્વીઓનું કૃતિકર્મ (વંદન) કરવું નહિં કલ્પે (૨) શાસ્ત્રના ફરમાન અનુસાર સાધ્વીઓ ને સાધુઓનું વંદન કરવું કલ્પે [૩] આચાર્યો અને ઉપાધ્યાયોને પણ પર્યાયજ્યેષ્ઠ ને અન્યોન્ય દીક્ષાની શ્રેણી અનુસાર મોટાને વંદન નમસ્કાર કરવા કલ્પે (૪) જે સમુદાયમાં સાધુ સાધ્વી, આચાર્યો-અને ઉપાધ્યાયો મોટી સંખ્યામાં વિચરતા હોય ત્યાં પણ દીક્ષા-પર્યાયની કક્ષા અનુસાર એક બીજાને વંદણા નમસ્કાર કરવા કલ્પે (૫) મોટી સંખ્યામાં વિચરતા સાધુઓને પણ ઉત્તરોત્તર કક્ષા અનુસાર વંદન કરવું કલ્પે (૬) ગણાવચ્છેદકો પણ જ્યારે ભેગા થાય ત્યારે પણ તેઓ એક બીજાને ઉપરોક્ત સિદ્ધાંત અનુસાર નમસ્કાર કરે છે (૭) અનેક આચાર્યો પણ ઉપર પ્રમાણે આચરે છે (૮) ઉપાધ્યાયો પણ તેજ પ્રમાણે કરે છે (૯) આ પ્રમાણે સ્થવિરો, પ્રવર્તકો, ગણિઓ અને ગણધરો પણ વર્તવા બંધાએલાં છે. ૧૦ (સૂ૦૬)

ટીકાનો અર્થ—જે દીક્ષાપર્યાયમાં મોટા છે તેને 'રાત્નિક' કહેવામાં આવે છે. સાધુઓ સાધુઓ ને અને સાધ્વીઓ સાધ્વીઓને પર્યાયની ઓછી વધતી કક્ષા અનુસાર વંદન આદિ કરે, અર્થાત્ ટૂંક સમયની દીક્ષાવાલા સાધુએ અધિક સમયની દીક્ષાવાલા સાધુને વંદન કરે. ઓછા સમયની દીક્ષાવાલા સાધ્વીએ લાંબા સમયની દીક્ષાવાલા સાધ્વીને વંદન કરે. । કહ્યું પણ છે—

**" समणेहि य समणीहि य, अहारिहं होइ कायव्वं "**

શ્રમણ શ્રમણીઓ યથાયોગ્ય વંદન કરે ।

શંકા—જો એમ છે તો જેમ સાધુઓએ સાધ્વીને વંદના કરવી ઉચિત નથી તેમ સાધ્વીઓએ પણ સાધુને વંદના નહિ કરવી જોઇએ? આ શંકાને દૂર કરવા માટે કહે છે—'**कप्पइ निग्गथाणं**' ઇત્યાદિ ।

સાધ્વીઓ સાધુને વંદન કરે, કહ્યું પણ છે—

**"सव्वाहि संजईहिं, किइकम्मं संजयाण कायव्वं ।**
**पुरिसुत्तरिओ धम्मो, सव्वजिणाणं पि तित्थम्मि " ॥इति॥**

અર્થાત્-સાધ્વીઓએ સાધુઓને વંદન કરવી જોઇએ, કારણ કે તમામ તીર્થંકરોના શાસનમાં પુરૂષપ્રધાનતાની મહત્તા ગણવામાં આવી છે.

શાસ્ત્ર અભિપ્રાય અને પરંપરાની પરિપાટી સૂચન કરવામાં આવી છે કે સાધુ અલ્પકાલના અથવા દીર્ઘકાલના દીક્ષિત હોય પણ સાધ્વીઓ વડે તે વંદન કરવા યોગ્ય છે. અલ્પ સમયના અથવા દીર્ઘ સમયના દીર્ઘપર્યાયવાલા આચાર્યે કે ઉપાધ્યાયે રત્નાધિક મુનિને નમસ્કાર કરવાજ જોઇએ. અને આચાર્ય

કે ઉપાધ્યાય જાતે નમસ્કાર કરે એટલું જ નહિ પણ સમુદાયના સાધુઓને પણ રત્નાધિક–પર્યાયજ્યેષ્ઠ મુનિને નમસ્કાર કરવાનું કહે. કદાચ પદવીના 'અહંભાવ' ની ખાતર આચાર્ય કે ઉપાધ્યાય વંદન ન કરે, અગર ન કરાવે તો ટોલામાં કલહ ઉત્પન્ન થાય છે, અને પરિણામે તે આચાર્યનો બહિષ્કાર કરવામાં આવે છે. આ પ્રકારના કલહને લગતી હકીકતનો અંગુલિ-નિર્દેશ 'ઠાણાંગ' સૂત્રમાં કરવામાં આવ્યો છે, જેમકે–"આચાર્ય, સમુદાયની અંદર, પર્યાયજ્યેષ્ઠતા અનુસાર, સમ્યક્ પ્રકારે, વંદન ન કરે, આચાર્ય–ઉપાધ્યાય, ગણમાં, ઉત્તરોત્તર દીક્ષાની કક્ષા અનુસાર, ભાવપૂર્વક કૃતિકર્મ અને વિનય ન કરે" આ વાકયો જે ટાંકવામાં આવ્યા છે તે બતાવે છે કે દીક્ષાની પર્યાય પ્રમાણે જો વંદના આદિ વિધિ ન થાય તો પરિણામે કલહ અને સામુદાયિક બહિષ્કાર જન્મ પામે છે, માટેજ આચાર્ય અને ઉપાધ્યાયે 'અહંભાવ' નહિ પોષતા સરલ અને લઘુભાવે પર્યાયજ્યેષ્ઠને વંદન કરવું જોઈએ અને બીજા પાસે કરાવવું જોઈએ.

જ્યારે કોઇ એવો પ્રસંગ ઉપસ્થિત થાય અને પોતાના ગચ્છ કે સંઘાડાના અથવા અન્ય ગચ્છ સંઘાડાના સંભોગી સાધુ મોટા પ્રમાણમાં એકત્રિત થાય તો ત્યાં પણ 'કૃતિકર્મ' નો શાસ્ત્ર આદેશ અમલમાં આવવો જોઈએ. ઉપરોકત ચર્ચાને અનુરૂપ શાસ્ત્રમાં કહ્યું છે––

**"कप्पइ बहूणं भिक्खूणं बहूणं गणावच्छेइयाणं" इत्यादि ।**

ભિન્ન ભિન્ન ગચ્છના સાંભોગિક સાધુને જ્યાં જ્યાં એકઠા થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યાં ત્યાં પણ ઉપરનો જ ક્રમ અપનાવવાનો હોય છે, સાંભોગિક એટલે જે જે સાધુઓને સાથે બેસીને આહાર પાણી કરવાનો સંબંધ હોય તે બધા સાધુ 'સાંભોગિક' કહેવાય.

'સાંભોગિક ગણાવચ્છેદક' પછી તે એક ગચ્છના હોય અગર ભિન્ન ગચ્છ ના હોય, એક અથવા ભિન્ન ગચ્છના સાંભોગિક આચાર્યો, ઉપાધ્યાયો અને સ્થવિરો માટે આગમવાણી ફરમાવે છે કે તેઓએ પર્યાયજ્યેષ્ઠ-અનુસાર વંદનાવિધિ અમલમાં મૂકવી. આ 'વાણી' ના મૂલ પાઠ આ પ્રમાણે છે.

'कप्पइ बहूणं गणावच्छेइयाणं' इत्यादि.

'कप्पइ बहूणं आयरियाणं' इत्यादि.

'कप्पइ बहूणं उवज्झायाणं' इत्यादि.

'एवमेव थेराणं' इत्यादि.

આ જાતની 'વંદના વિધિ' દરેક સાધુમાં, લઘુતા અને નમ્રતાનો ગુણ. ભારો-ભાર ખીલવે છે. કહ્યું પણ છે—

"एयं किइकम्मविहिं, जुंजंता चरणकरणमाउत्ता ।
साहू खवंति कम्मं, अणेगभवसंचियमणंतं " ॥१॥

અર્થાત્-વંદન કરતી વખતે ચરણકરણની ક્રિયામાં જો ઉપયોગ રાખવામાં આવે તો સાધુ-સાધ્વીઓ અનેક ભવોના સંચિત કરેલા કર્મોનો નાશ કરે છે. સાધુ-સાધ્વીઓના પેટામાં આચાર્ય, ઉપાધ્યાય, ગણાવચ્છેદક, સ્થવિર, પ્રવર્તક ગણી અને ગણધરોનો સમાવેશ થાય છે.

આચાર્ય, ઉપાધ્યાય, ગણાવચ્છેદક, સ્થવિર, પ્રવર્ત્તક, ગણી અને ગણધરોનું સ્વરૂપ કહેવામાં આવે છે, તેમાં પ્રથમ આચાર્યનું સ્વરૂપ કહે છે—

જીનશાસનના ઉપદેશક, મોક્ષના અભિલાષી વિનયવંત અને સૂત્રાર્થના દાતા હોય તે આચાર્ય કહેવાય છે. કહ્યું પણ છે—

"सुत्तत्थविऊ लक्खण,-जुत्तो गच्छस्स मेढिभूयो य ।
गणतत्तिविप्पमुक्को, अत्थं वाएइ आयरिओ " ॥१॥

ભાવાર્થ-સૂત્ર અને તેનો અર્થ, તેમજ સૂત્રાર્થની અંદર રહેલા વીતરાગ-ભાવના જાણકાર હોય, પ્રશસ્ત લક્ષણોથી યુક્ત હોય, ગચ્છના આધારભૂત ગણાતા હોય, ગણની ચિંતા--રહિત હોય, અર્થાત્ વિશિષ્ટ કાર્ય સિવાય સામાન્ય કાર્યોની ચિંતા નહી કરનારા હોય, એવા આચાર્ય સૂત્રાર્થનું વ્યાખ્યાન કરે છે. (૧)

હવે ઉપાધ્યાયનું સ્વરૂપ કહે છે—

જે સાધુની સમીપમાં રહીને અન્ય સાધુઓ શાસ્ત્રાભ્યાસ કરે છે તે સૂત્ર ભણાવનાર સાધુ જૈનશાસનમાં 'ઉપાધ્યાય' તરીકે ઓલખાય છે. કહ્યું છે—

"बारसंगो जिणक्खाओ, सज्झाओ कहिओ बुहे।
तं उवइस्संति जम्हा, उवज्झाया तेण वुच्चंति"॥ ३ ॥

જીનેશ્વરોની વાણી જે બાર અંગ અને ઉપાગમાં વર્ણવામાં આવી છે તે વાણીનો સ્વાધ્યાય કરનાર, અને તે સ્વાધ્યાયનો મોક્ષાભિલાષીઓને ઉપદેશ દેનાર, તથા અંગ ઉપાંગનો અભ્યાસ કરવાવાલા જિજ્ઞાસુઓને શિખ-વનારનેજ 'ઉપાધ્યાય' કહેવામાં આવે છે (૨)

## હવે ગણાવચ્છેદકનું સ્વરૂપ કહે છે—

'ગણ'નાં વિભાગો પાડવામાં આવે છે, કારણકે સંપ્રદાયના મોટા સમુદાયમાં ઘણા સાધુઓ હોય, તે સાધુઓ પર સીધી દેખરેખ રાખવાનું એકજ માણસથી અશકય બને છે તેથી મોટા મોટા સમુદાયોના નાના વિભાગો અને પ્રવિભાગો પાડી દેવામાં આવે છે જેથી શિસ્ત અને પ્રણાલિકા જલવાઇ રહે, તેમજ સાધુઓની ક્ષતિઓ જોઇ તેઓના દોષોનું નિવારણ કરી શકાય, તેમજ 'જ્ઞાન અને ચારિત્ર' બન્ને વિકસાવી શકાય. આ વિભાગો અને પ્રવિભાગો ઉપર ધ્યાન આપવા માટે કોઈ એક ચારિત્રવાન-જ્ઞાનવંત-અને સમયનો પિછાણનાર બાહોશ સાધુને 'ગણાવચ્છેદક' તરીકે નીમવામાં આવે છે. આ 'ગણાવચ્છેદક' તે વિભાગોને સર્વથા ઉચ્ચ કક્ષા પર દોરે છે. કહ્યું છે—

**"पभावणुद्धावणेसु खेत्तोवज्झेसणासु य ।**
**अविसाई गणावच्छेयगो सुत्तत्थवी मओ ॥**

અર્થ--જીનશાસનની પ્રભાવના (મહિમા) વધારે, દૂર દેશોમાં કે જ્યાં સાધુ સાધ્વી ન જતા હોય તેવા અણવિકસિત ગ્રામ આદિમાં કષ્ટો અને પરિષહો સહન કરી ત્યાં જાય, અને ક્ષેત્ર-ગ્રામ આદિ યોગ્ય સ્થાન તથા ઉપધિ-કલ્પનીય વસ્ત્ર આદિની ગવેષણામાં ખેદ નહિ કરતા તેવા સાધુઓને જ જીનેશ્વરોએ 'ગણાવચ્છેદક' કહ્યાં છે (૩)

## હવે સ્થવિરનું સ્વરૂપ કહે છે—

મોક્ષનો તીવ્ર સલસલાટ હોય, ભદ્રિક અને સરલ પ્રકૃતિવાલા હોય, શાંત રસે ઝુલતાં હોય, સમાન દષ્ટિવાલા હોય, ધર્મનો રંગ હાડેહાડમાં વ્યાપી ગયો હોય, જ્ઞાન, દર્શન, ચારિત્રથી પતિત થયેલ સાધુને ઠેકાણે લાવનાર હોય, પતિત અને સાધુ માર્ગમાં હીનતા પામેલ સાધુ-સાધ્વીને કર્તવ્યનું ભાન કરાવી પ્રેમાલ સમજાવટથી તેઓને ઈહલોક અને પરલોકની હાનિઓ બતાવી સંયમયોગમાં સ્થિર કરનાર હોય, દોષિત સાધુનો પણ દોષ જાહેરમાં નહીં લાવી તેનું શાંત નિરાકરણ કરનાર હોય, સાધુવર્ગને પ્રિય હોય, ગુણગ્રાહક હોય જ્ઞાને અને વયે પૂર્ણ હોય તેવા સાધુઓ 'સ્થવિર' કહેવાય છે. કહ્યું છે--

**" संविग्गो मद्दविओ, पियधम्मो नाण—दंसण—चरित्ते ।**
**जे अट्ठे परिहायइ, सारेंतो सो हवइ थेरो " ॥ ४ ॥**

અર્થ--સંવેગ અને નિર્વેદ સંપન્ન, એટલે હૃદયના ઊંડાણુમાં વૈરાગ્ય ભાવ નીતરતો હોય, તેમજ સંસાર તરફનો વેગ ઓછો થઇ ગયો હોય, માર્દવ (કોમલતા) આદિ ગુણસહિત હોય, પ્રિયધર્મી હોય, જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ ત્રણ રત્નનું યથાર્થ જ્ઞાન આપનાર હોય, જેઓ સંયમ માર્ગમાં શિથિલ થતા હોય તેઓને સમ્યક-દર્શન કે જે આત્માનો નિજ સ્વભાવ છે, તેમજ મોક્ષનું પ્રથમ પગથીયું છે એમ સમજાવી ઠેકાણે લાવનાર હોય તે 'સ્થવિર' કહેવાય (૪)

## હવે પ્રવર્ત્તકનું સ્વરૂપ કહે છે—

જે કોઈ યોગ્ય સાધુને સંયમમાં પ્રવૃત્તિ કરાવે, તેને 'પ્રવર્તક' તરીકે સંબોધવામાં આવે છે. કહ્યું છે--

**" तवसंजमजोगेसु जोग्गं जो उ पवट्टए ।**
**निवट्टए अजोग्गं च गणच्चिंती पवट्टगो ॥**

અર્થ—તપ અને સંયમના ભેદાનુભેદ સમજાવી તેનું મૂલ્યાંકન સમજાવે છે. સાધુને બરાબર આચાર વિચારમાં સ્થાપિત કરી વૈરાગ્ય ધ્યાન આદિ પ્રવૃત્તિઓમાં યોગ્ય દોરવણી આપે છે, આવી રીતે 'ગણી' નું અધૂરૂં રહેલ કાર્ય પૂરૂં કરવામાં મશગુલ રહે છે એવા સાધુસમુદાયનું કાર્યકરવાવાલાને 'પ્રવર્તક' કહે છે. (૫)

હવે ગણીનું સ્વરૂપ કહે છે—

અહિં ગણનો અર્થ થોડા સાધુઓનો 'સમૂહ' એવો થાય છે. ગણનો સ્વામી ગણી કહેવાય છે. કહ્યું છે—

"सुत्तत्थे निम्माओ, पियदढधम्मोऽणुवत्तणाकुसलो ।
जाइकुलसंपन्नो, गंभारो लद्धिमंतो य ॥ ६ ॥
संगहु–वुग्गह–निरओ, कयकरणो पवयणाणुरागी य ।
एवंविहो य भणिओ, गणसामी जिणवरिंदेहिं" ॥ ७ ॥

જે સૂત્ર અને તેના અર્થને જાણનાર હોય, જેને સૈદ્ધાંતિક દૃષ્ટિની વિશાલતા થઇ હોય, ધર્મના રંગે રંગાઇ ગયો હોય, મરણાંતકષ્ટે પણ અડગ રહે તેવો પ્રિયધર્મી અને દૃઢધર્મી હોય, વ્યવહારકુશલ હોય, જાતિ અને કુલ સંપન્ન હોય, ગંભીર અને ગુણનો ભંડાર હોય, લબ્ધિમાન હોય, ઉપદેશાદિ દ્વારા શિષ્યોનો સંગ્રહ કરનાર હોય, ઉપગ્રહનિરત—સાધુઓને વસ્ત્રાદિથી અનુગ્રહ કરનાર—વસ્ત્રાદિ આપનાર હોય, સાધુના આચાર વિચારમાં કુશલ હોય, છટ્ઠ અટ્ઠમ આદિ તપશ્ચર્યાનો કરનાર હોય, જીન શાસનનો અનુરાગી હોય, તેનેજ તીર્થંકર 'ગણી' કહેલ છે. ॥ ૬ ॥ ૭ ॥

હવે ગણધરનું સ્વરૂપ કહે છે—

જે આચાર્યસદૃશ હોય, અને ગુરુની આજ્ઞાથી સાધુસમૂહને સાથે લઇ પૃથક્ વિચરતા હોય તેને 'ગણધર' કહેવામાં આવે છે. કહ્યું પણ છે—

"नो आयरिओ पुण जो, तारिसओ चेव होइ बुद्धीए ।
साहुगणं गहिऊणं, वियरइ सो गणहरो होइ ॥ १ ॥

'આચાર્ય' નહિં, પણ બુદ્ધિથી આચાર્યની કક્ષાએ ઉભો રહે તેવો હોય, અને ગુરૂની આજ્ઞાથી સાધુના સમૂહને લઇ જુદો વિચરતો હોય, તેને 'ગણધર' કહેવામાં આવે છે. અહિં ભગવાન મહાવીર ને જે 'ગણધરો' હતાં તેની વાત નથી. કારણ કે તેઓ 'ગણધર દેવો' કહેવાતાં અને મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય, એ ચાર જ્ઞાનના ધરવાવાલા હતાં, અહિ 'ગણધર' નો અર્થ સાધુઓના નાના સમૂહને લઇ ગ્રામાનુગ્રામ વિચરે તેવો થાય છે ॥ સૂ૦ ૬ ॥

છઠ્ઠા મહાવ્રત કલ્પને કહે છે—'कप्पइ' ઇત્યાદિ ।

મૂલાર્થ—સાધુ અને સાધ્વીઓએ ભાવનાસહિત પાંચ 'મહાવ્રત' નું પાલન કરવું જોઈએ ।। સૂ૦ ૭ ।।

ટીકાર્થ—જીવનપર્યન્ત ત્રણ કરણ અને ત્રણ યોગથી સમસ્ત સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો તેને 'મહાવ્રત' કહે છે. અથવા અણુવ્રતોની અપેક્ષા મહાન્ હોવાથી મહાવ્રત કહેવાય છે. કરણ એટલે કરવું, કરાવવું અને અનુમોદવું, કેટલાક લોકો કાર્ય જાતે કરે છે કેટલાક જાતે નહિ કરતા અન્ય પાસે કરાવે છે, કેટલાક જાતે કરવા તથા કરાવવા અશક્ત હોવાને કારણે બીજા લોકો તે કાર્ય કરતા હોય તો તેને અનુમોદના આપે છે. એટલે તે કાર્યને મનથી પ્રોત્સાહન આપી વધાવી લે છે. આ ત્રણે કરણથી 'પાપ' લાગે છે. ।

યોગ એટલે જોગ મેળવવો, આવા યોગ ત્રણ છે (૧) મનયોગ (૨) વચનયોગ (૩) કાયયોગ, મનથી કાર્ય કરવું, વચનથી કાર્ય કરવું, અને શારીરિક પ્રવૃત્તિ દ્વારા કાર્ય કરવું. જગતના કોઈ પણ કાર્ય મન-વચન-કાયાના યોગ દ્વારા જ થાય છે.

મહાવ્રત પાંચ છે—(૧) પ્રાણાતિપાતવિરમણ (૨) મૃષાવાદવિરમણ (૩) અદત્તાદાનવિરમણ (૪) મૈથુન-વિરમણ (૫) પરિગ્રહવિરમણ. જેમ ઘરને બહાર દિવાલ હોય છે ને તે દિવાલથી ઘરનો ચોર ડાકુ વિગેરેથી રક્ષણ થાય છે તેમ 'પાંચ મહાવ્રત' રૂપો સંયમ ઘરની રક્ષા માટે દરેક વ્રતની પાંચ પાંચ એમ મળી પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ છે. આ 'ભાવના' ઓનું જે સાધુ-સાધ્વીઓ પરિપૂર્ણ પાલન કરે તો કોઇ દિવસ પણ 'વ્રત' ખંડન થતાં જ નથી.

(૧) પ્રાણાતિપાત-વિરમણ-પ્રાણનો અતિપાત-જીવ અને કાયા જુદાં કરવાં તે પ્રાણાતિપાત કહેવાય, તેથી નિવૃત્ત થવું તેને પ્રાણાતિપાત-વિરમણ કહે છે. આ વ્રતને નિભાવવા માટે પાંચ ભાવનારૂપી દિવાલો છે જેના નામ આ પ્રમાણે છે. (૧) ઈર્યાસમિતિ (૨) મનઃ સમિતિ (૩) વચન સમિતિ (૪) એષણાસમિતિ (૫) નિક્ષેપસમિતિ

(૧) ઇર્યાસમિતિ એટલે રસ્તે જતાં સાડા ત્રણ હાથની ભૂમિ સુધી આગળ દૃષ્ટિ રાખીને ચાલવું. (૨) મનઃસમિતિ એટલે મનના કુવિચારો ઉપર સંયમ. આ મનઃસમિતિથી અનેક પ્રકારના દુષ્ટ વિચારો આવતાં બંધ થાય છે. (૩) વચનસમિતિ એટલે વચન ઉપરનો કાબુ-વાણીનો સંયમ. આનાથી વાણીથી થતાં અનેક પ્રકારનાં સાવદ્ય વ્યાપારો બંધ થાય છે. (૪) એષણાસમિતિ આહાર આદિની ગવેષણામાં સાવધાન રહેવું. (૫) નિક્ષેપ-સમિતિ-ભાંડ ઉપકરણ આદિના લેવા મૂકવા વિગેરેમાં યાતના રાખવી.

(૨) મૃષાવાદવિરમણવ્રત-સદંતર જુઠું બોલવાનો ત્યાગ. આવા પ્રકારના 'મૃષાવાદ' નો સાધુ-સાધ્વીને નવ નવ કોટીએ ત્યાગ હોય છે. આ વ્રતના રખોપા માટે પાંચ ભાવનાઓ કહેલી છે-તે આ છે (૧) અનુવિચિન્ત્ય-સમિતિ-યોગ-ભાવના-વિચાર કરી બોલવું તે. (૨) ક્રોધનિગ્રહભાવના (૩) લોભનિગ્રહભાવના (૪) ધૈર્યભાવના (૫) મૌનભાવના.

(૩) અદત્તાદાનવિરમણ વ્રત-એટલે નાની મોટી કોઇ પણ ચીજ પૂછયા સિવાય ન લેવી તે. આ 'વ્રત' ની પાંચ ભાવનાઓ આ છે—(૧) અનુજ્ઞાતવિવિક્તવસતિવાસભાવના. (આજ્ઞા લઇ સ્ત્રી-પશુ નપુંસકના વાસ રહિત વસતિ સેવવાની ભાવના) (૨) અનુજ્ઞાત-(આજ્ઞા લઇને) સંસ્તારક-ગ્રહણ-ભાવના (૩) શય્યા-પરિકર્મ-વર્જન-ભાવના-ઉપાશ્રયનો રંગરિપેર નહિ કરવા-કરાવવાની ભાવના (૪) અનુજ્ઞાત-ભક્તાદિ-ભોજન-ભાવના-ગુરુવડિલ આદિની આજ્ઞા લઇ આહાર આદિ વાપરવાની ભાવના (૫) વૈયાવૃત્યશકત્યગોપનભાવના-દશ પ્રકારથી વૈયાવૃત્ય-સેવા કરવાની શક્તિને ન છૂપાવવી તે ભાવના.

(૪) મૈથુનવિરમણવ્રત—આ 'વ્રત' ની પાંચ ભાવનાઓ આ પ્રમાણે છે—(૧) અસંસક્તવસતિવાસ-ભાવના—સ્ત્રી-પશુ-પંડક રહિત ઉપાશ્રય અથવા યથાયોગ્ય જગ્યામાં રહેવાની ભાવના (૨) સ્ત્રીકથાવિરતિભાવના-સ્ત્રી આદિની કથા-વાર્તા નહિ કરવા અગર સાંભળવાની શુદ્ધ દૃષ્ટિવાલી ભાવના (૩) સ્ત્રીરૂપનિરીક્ષણવર્જનભાવના-સ્ત્રીનું રૂપ વિકારદૃષ્ટિથી નહિ જોવાની ભાવના (૪) પૂર્વક્રીડિતસ્મરણવિરમણભાવના-ગૃહસ્થવાસમાં કરેલા રતિભાવોનું વિસ્મરણ કરી નાખવું, એવી ભાવના (૫) પ્રણીતભોજનવર્જનભાવના—કારણ વગર નિતપ્રતિ સરસ ભોજન વર્જવાની ભાવના.

(૫) પરિગ્રહવિરમણ વ્રત, આની પાંચ ભાવનાઓ આ પ્રમાણે છે—(૧) શ્રોત્રેન્દ્રિયસંવરભાવના (૨) ચક્ષુઇન્દ્રિયસંવરભાવના, (૩) ઘ્રાણેન્દ્રિયસંવરભાવના. (૪) જીહવેન્દ્રિયસંવરભાવના, (૫) સ્પર્શેન્દ્રિયસંવરભાવના ાાસૂ૦૬ાા

સાતમાં પર્યાયજ્યેષ્ઠ કલ્પને કહે છે-'कप्पइ' ઇત્યાદિ.

## પર્યાયજ્યેષ્ઠકલ્પઃ ।

મૂલાર્થ—સાધુ-સાધ્વીઓએ કલ્યાણ અને મંગલરૂપ, ધર્મદેવ. અને જ્ઞાન-સ્વરૂપ દીક્ષાપર્યાયમાં વડીલ એવા સાધુ સાધ્વીને વંદન નમસ્કાર સત્કાર સન્માન અને તેઓની ઉપાસના કરવી જોઇએ. (૮)

ટીકાનો અર્થ—સાધુ-સાધ્વીઓએ રત્નાધિક મુનિને વંદના નમસ્કાર આદિ ભાવ-પૂર્વક કરવા તથા આહાર આદિનું નિમંત્રણ ભક્તિભાવથી કરવું, અને સન્માન કરવા ઉભા થવું જોઈએ. કારણ કે દીક્ષામાં વડિલ એવા સાધુ 'મોક્ષ' પ્રાપ્તિનું કારણ છે. તેથી તેઓ કલ્યાણરૂપ છે. તેમની ભાવપૂર્વક ઉપાસના કરવાથી અનંત કર્મોની કોટિ ખપી જાય છે ને પાપના સમૂહ બળીને ભસ્મ થાય છે, માટે મંગળરૂપ છે, વળી તેઓ સાક્ષાત્ ધર્મદેવતા છે. અને ચૈત્ય-જ્ઞાન-સ્વરૂપ છે. (સૂ૦૮)

## પ્રતિક્રમણકલ્પઃ ।

આઠમાં પ્રતિક્રમણ કલ્પને કહે છે—'कप्पइ' ઇત્યાદિ—

મૂળ અને ટીકાનો અર્થ—સાધુ-સાધ્વીઓએ ઉભયકાલ-સવાર અને સાંજ બન્ને વખતે પ્રતિક્રમણ કરવું જોઈએ. તાત્પર્ય એ કે 'ઉત્તરાધ્યયન' સૂત્રમાં કહ્યું છે કે—"પ્રતિક્રમણથી જૂના કર્મો શિથિલ થાય છે તેમ નાશ પણ પામે છે અને નવા બંધાતા નથી. અર્થ, સાચા દિલથી પ્રતિક્રમણ કરનારને લાગૂ પડે છે. પ્રતિક્રમણ એટલે થયેલ પાપ ઉપર દૃષ્ટિપાત કરી થયેલ ભૂલનો હૃદયપૂર્વક પશ્ચાત્તાપ કરવો, અને ફરી પાપ ન બંધાય તેના માટે સતત સાવચેતી રાખવી.

પ્રતિક્રમણ ફક્ત સાધુઓ માટે નથી. સાધુના પેટાળમાં શ્રાવકોપણ આવી જાય છે. જેથી શ્રાવક ગણને પણ પ્રતિક્રમણ બન્ને વખત કરવાની સૂત્ર આજ્ઞા છે. ( સૂ૦૯ )

## સાધૂનાં માસકલ્પવિધિઃ ।

નવમા માસનિવાસ કલ્પને કહે છે—'कप्पइ' ઇત્યાદિ.

મૂલનો અર્થ—નિર્ગ્રન્થોએ, ગઢવાલ અને બાહરની વસ્તીવગરના ગામમાં નગરમાં, ખેટ. કર્બટ. મડંબ પટ્ટણ આકર, દ્રોણમુખ, નિગમ, રાજધાની, આશ્રમ, સન્નિવેશ, સંવાહ, ઘોષ, અંશિકા, પુડભેદન વિગેરેમાં, હેમન્ત તથા ગ્રીષ્મ ઋતુમાં, એક માસ સુધી રહેવું કલ્પે છે.

સાધુઓને કોટ સહિત અને બહાર વસતિવાલા પૂર્વોક્ત સ્થાનોમાં બે માસ સુધી રહેવું કલ્પે છે. આવા સ્થાનોમાં એક મહીનો ગામની અંદર અને એક મહીનો ગામની બહાર રહેવાનું સાધુઓને કલ્પે છે. કોટની અંદર રહેવાવાલા નિર્ગ્રન્થો કોટની અંદર જ ભિક્ષાચરી કરે અને બહાર રહેવાવાલા બહાર જ ભિક્ષાચરી કરે. (સૂ૦૧૦)

ટીકાનો અર્થ—જે સ્થળે અઢાર પ્રકારના કરવેરા વસૂલ કરવામાં આવતા હોય ત્યાંના સ્થળને ગ્રામ કહે છે. જે સ્થાનમાં અઢાર પ્રકારના કર વસુલ કરવામાં ન આવતા હોય તેને 'નગર' કહે છે. જે 'ગામ' ને ચરે બાજુ માટીનો ગઢ હોય તેને 'ખેડ' કહે છે. જ્યાં થોડી વસ્તી રહેતી હોય તેને 'કબડ' અથવા 'કર્બટ' કહે છે. જ્યાંથી અઢી અઢી ગાઉની દૂરીપર બીજી વસ્તી હોય તેને મડંબ કહે છે જ્યાં બધી વસ્તુઓ મળતી હોય તેને 'પટ્ટણ' અથવા 'પાટણ' કહે છે. જ્યાં સોના, ચાંદી, હીરા, મેગેનીજ, લોઢુ, કોલસા, અબરખ વિગેરે ધાતુઓની ખાણો હોય તેને આકર કહે છે. જે શહેરમાં, જલમાર્ગ કે સ્થલમાર્ગ દ્વારા જઇ શકાય તેને 'દ્રોણ મુખ' કહે છે. જ્યાં વ્યાપારીઓની વસ્તી ઘણી હોય તેને નિગમ કહે છે. જ્યાં 'રાજા' નો વસવાટ રહે તેને 'રાજધાની' કહે છે. જ્યાં તાપસ લોગ રહે તેને આશ્રમ કહે છે. જ્યાં સાર્થવાહ લોગો સાર્થ લઇ જતાં રોકાતા હોય તે જગ્યાને 'સંનિવેશ' કહે છે. જે સ્થાને ઘણા વિશેષ પ્રમાણમાં ખેડુત લોકો રહેતાં હોય તે સ્થાન 'સંબાહ' કહેવાય છે. અથવા બીજા ગામોથી આવીને લોગો ધાન્ય આદિની રખવાલી માટે રહે તે સ્થાન ને 'સંબાહ' કહે છે. જ્યાં ગાયોના ધણી ગોવાલો ગાયો ચરાવતા રહેતા હોય તેને 'ઘોષ' કહે છે. ગામનો અરધો ભાગ ત્રીજો ભાગ કે ચોથો ભાગ હોય તેને 'અંશિકા' કહે છે. જ્યાં બીજા ગામોથી આવીને વ્યાપારી લોગ ચીજો ખરીદે છે તે સ્થાનને 'પુટભેદન' કહે છે.

ઉપર વર્ણવેલ બધા સ્થલો પ્રાકાર (કોટ) સહિત હોય અને બહાર વસતી નહિ હોયતો, સાધુ હેમન્ત અને ગ્રીષ્મઋતુમાં, એક માસ સુધી, પોતાનો વસવાટ કરી શકે છે. આ પ્રમાણે ગામ જો કોટ સહિત અને બહારની વસતિ સહિત હોય તો ત્યાં બે માસનું અર્થાત્ એક માસ અંદર અને એક માસ બાહર નિવાસ કરવો કલ્પી શકે છે. આહાર પાણી જ્યાં વસવાટ હોય ત્યાં નો જ કલ્પી શકે. વસવાટના ક્ષેત્ર બહારના આહાર પાણી કલ્પી શકે નહિ. આવો આદેશ સૂત્ર દ્વારા કરવામાં આવ્યો છે—'**कप्पइ निग्गंथाणं गामंसि वा**' ઇત્યાદિ (સૂ૦૧૦)

સાધુઓના માસકલ્પ કહ્યા બાદ સાધ્વીઓના માસકલ્પ વિષે સૂચન કરવામાં આવે છે. '**कप्पइ निग्गंथीण**' ઇત્યાદિ.

## સાધ્વીનાં માસકલ્પવિધિઃ ।

મૂલનો અર્થ—સાધ્વીઓને, કોટવાલા કોટની બહારની વસ્તી વગરના ગામ આદિમાં હેમન્ત અને ગ્રીષ્મ ઋતુમાં બે મહિના સુધી રહેવાનું કલ્પે છે. અને કોટવાલા બહારની વસ્તીવાલા ગામ આદિમાં ચાર મહિના સુધી રહેવું કલ્પે છે. તેમાં ગામમાં બે માસ અને તેની બહારની વસ્તીમાં બે માસ એમ હેમન્ત અને ગ્રીષ્મઋતુમાં ચાર માસ સુધી સાધ્વીઓને રહેવાનું કલ્પે છે. જે 'બહાર' માં રહેતાં હોય તેને 'બહાર' માંથી, અને જે 'ગામ' માં રહેતા હોય તેને 'ગામ' માંથી જ આહાર લેવાનું કલ્પે છે (સૂ૦૧૧)

ટીકાનો અર્થ—સાધુઓને માટે કોટવાલા અને બાહરની વસ્તીવાલા ગામ આદિમાં એક માસ સુધી

રહેવાનું કહ્યું છે. પરંતુ સાધ્વીઓને માટે તે અવધિ બે માસની કહેવામાં આવી છે. બાહરની વસ્તીવાલા ગામ આદિમાં સાધુઓને માટે બે માસ સુધી નિવાસ કરવાની અવધિ કહેલ છે ત્યાં સાધ્વીઓને માટે ચાર માસ સુધી રહેવાની અવધિ કહેવામાં આવી છે. (સૂ૦૧૧)

## એકપ્રાકારાદિ કે ગ્રામાદૌ સાધુ-સાધ્વીનાં સમકાલનિવાસ નિષેધઃ ।

હવે સૂત્રકાર સાધુ અને સાધ્વીને એક ગામમાં રહેવાનો નિષેધ કહે છે.—'**नो कप्पइ**' ઈત્યાદિ.

મૂલનો અર્થ—એક કિલ્લાવાલા, એક જ દરવાજાવાલા, આવવા જવાના એકજ રસ્તાવાલા ગામ, નગર, પુર, પટ્ટણ, સંબાહ, સંનિવેશ, દ્રોણમુખ અને રાજધાની વિગેરેમાં એક જ વખતે સાધુ-સાધ્વીઓને નિવાસ કરવો કલ્પતો નથી. (સૂ૦૧૨)

ટીકાનો અર્થ—જે ગામ નગર આદિમાં એક અખંડિત કિલ્લો હોય, તેનો દરવાજો પણ એક જ હોય, તેમજ જવા આવવાનો એક જ રાજમાર્ગ હોય એવા ગામ નગર આદિમાં સાધુ-સાધ્વીઓને એક જ સમયમાં રહેવાનું કલ્પતું નથી. (સૂ૦૧૨)

સાધુ-સાધ્વીઓએ રાત્રે અગર સંધ્યા સમયે તેમ જ પરોઢિએ વિહાર કરવો યોગ્ય નથી. આને માટે સૂત્રકાર કહે છે—'**नो कप्पइ**' ઈત્યાદિ.

## સાધુ-સાધ્વીનાં રાત્રૌ સંધ્યાયાં ચ માર્ગગમન નિષેધઃ ।

મૂલ અને ટીકાનો અર્થ—સાધુ-સાધ્વીઓએ રાત્રિના સમયમાં, સંધ્યા સમયે અગર સૂર્યોદય પહેલાં વિહાર કરવો નહિ. ઉપરના સમયો 'વિકાલ' કહેવાય છે. અધ્વગમનનો અર્થ વિહાર કરવું એવું થાય છે (સૂ૦૧૩)

પાછળ કહેલા સમયમાં એટલે રાત્રિ, સંધ્યા સમયે અને સૂર્યોદયની પહેલાં વિહાર કરવાનો નિષેધ કરીને હવે તે સમયમાં સાધુ-સાધ્વીઓને જે જે વસ્તુ નહિ લેવી જોઇએ, તે અપવાદની સાથે બતાવે છે—'**नो कप्पइ**' ઇત્યાદિ.

## સાધુ-સાધ્વીનાં સાપવાદમ્ અગ્રાહ્યવસ્તુ ગ્રહણનિષેધઃ ।

મૂલ અને ટીકાનો અર્થ—સાધુ-સાધ્વીઓએ રાત્રે, સંધ્યા સમયે તથા સૂર્યોદય પહેલાં, વસ્ત્ર, પાત્ર, કામલ. પાદપ્રોંછન તથા રજોહરણ અથવા પૂંજણી (ગોછો) ગ્રહણ કરવા નહિ, પણ કદાચ એ વસ્તુઓ ચોરાઇ ગયેલ હોય તો તે લઈ શકે છે. એજ વાત સૂત્રકાર કહે છે—'**નન્નત્થ ચોરચોરિયણ**' ઇતિ (સૂ૦૧૪)

અશન આદિ પણ રાત્રે લેવું નહિ કલ્પે તે બતાવવામાં આવે છે—'**નો કપ્પઇ**' ઈત્યાદિ.

## સાધુ-સાધ્વીનાં રાત્રાવશનપાનાદિ નિષેધઃ ।

મૂલનો અર્થ—સાધુ-સાધ્વીઓએ રાત્રીના સમયે, અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય પદાર્થો. ઔષધ, ભેષજ-દવા તથા 'લેપ' વિગેરે ચીજો ગ્રહણ કરવી નહિ (સૂ૦૧૫)

ટીકાનો અર્થ--સાધુ-સાધ્વીને અશનાદિ ચાર પ્રકારનો આહાર અને ઔષધ ભેષજ વિગેરે તથા એવી બીજી ચીજો, તેમ જ 'લેપ' કરવા યોગ્ય વસ્તુઓ ગ્રહણ કરવાનું કલ્પે નહિ (સૂ૦૧૫)

જે સ્થળે સમૂહભોજન થતું હોય ત્યાં પણ ભોજન લેવાના ઈરાદાથી સાધુ-સાધ્વીઓએ જવું નહિ તે કહે છે—'**નો કપ્પઇ** ઈત્યાદિ.

## સાધુ-સાધ્વીનાં સાપવાદં સંખડિભોજન નિષેધઃ ।

મૂલનો અર્થ—એક સ્થળેથી બીજા સ્થળે જતાં હોય તે સિવાય કોઇ પણ પ્રસંગે સાધુ-સાધ્વીઓને 'સમૂહભોજન' માં આહાર અર્થે જવું કલ્પે નહિ (સૂ૦૧૬)

ટીકાનો અર્થ—જયાં છએ કાયના જીવોની વિરાધના થતી હોય તેને 'સંખડી' અગર 'જ્ઞાતિભોજન' કહે છે. જ્યાં "સંરંભ-આરંભ-સમારંભ" થતાં હોય તે 'ભોજન' ને 'સંઘ-જ્ઞાતિ કોમ, પરગણું, ગામધૂમાડાબંધ જમણ કહે છે. આવા 'જમણવાર' માં સેંકડો માણસો એકત્રિત થઈ જમે છે. 'સંરંભ' એટલે ચીજ વસ્તુઓ મોટા પાયા પર એકત્ર કરવી તે. 'આરંભ' એટલે એકઠી કરેલી વસ્તુઓને તોડી-ફોડી-દળી-ચૂર્ણ કરી તયાર માલમલીદો કરવો તે. 'સમારંભ' એટલે ઉપરની ચીજોને મોટા પાયા પર અગ્નિ તૈયાર કરી પકાવવી તેનું અસલ સ્વરૂપ ફેરવવું ને ઉપભોગ માટે લાયક બનાવવું તે છે. સાધુ-સાધ્વીઓને જાણીજોઈને જમણવારના પ્રસંગે જવું નહિ. કદાચ વિહાર કરતાં 'જમણવાર' નું સ્થળ આવી જાય તો યત્નાપૂર્વક જવામાં દોષ નથી આ આશય વ્યક્ત કરવા સૂત્રકાર કહે છે કે--"**નન્નત્થ વિહારમગ્ગેણં**" ઇતિ (સૂ૦૧૬)

હવે દશમો પર્યુષણા કલ્પ કહે છે—'**कप्पइ निग्गंथाणं** ઇત્યાદિ.

મૂલનો અર્થ—જે સાધુ-સાધ્વી 'માસકલ્પ' ના આચારપ્રમાણે વિચરતાં હોય તે સાધુ-સાધ્વીને આષાઢ માસની પૂર્ણિમાથી 'ચાતુર્માસ' કરવાનું કલ્પે છે.

અહિં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શા માટે 'માસકલ્પ' પ્રમાણે ચાલતાં સાધુ-સાધ્વીને 'ચાતુર્માસ' કરવાનું કહ્યું છે? પ્રત્યુત્તર એ છે કે 'માસકલ્પ' પ્રમાણે વિહાર કરનારા સાધુ-સાધ્વી યથાર્થ નિયમોનું પાલન કરે છે. ને તેઓને ત્રસ-સ્થાવર-હિંસાદિના દોષોમાંથી બચાવવાનું પણ યોગ્ય લાગવાથી શાસ્ત્રકારોએ અષાઢી પૂર્ણિમા સુધી 'ચાતુર્માસ' ના સ્થળે પહોંચી જવાનું કહ્યું છે. કારણ કે વર્ષાઋતુની શરુઆત તે પહેલાં થઈ ગઇ હોવાથી ત્રસ સ્થાવર અને સૂક્ષ્મ જીવોની તેમ જ હરિતકાય એટલે લીલી વનસ્પતિની શરુઆત વરસાદના દિવસોમાં થાય છે. આથી વનસ્પતિકાય તથા બેઇન્દ્રિય, તેન્દ્રિય, ચઉરેન્દ્રિય તેમ જ પંચેન્દ્રિય જીવોની વિરાધના થઈ જવા સંભવ છે. તેથી આ દોષો ન થાય તે ઉદ્દેશથી 'ચાતુર્માસ' કરવાનું 'માસકલ્પ' ના સાધુ-સાધ્વીને ફરમાન છે.

આ વર્ષાઋતુ દરમ્યાન ઘણા બીજો, ઝાડો, ગુલ્મો, ગુચ્છો, લતાઓ, વેલડીઓ, તૃણો, વલયો, હરિતો, અંકુરો, ઓષધિયો, જલવેલા, બિલાડાના ટોપ અને સ્નેહસૂક્ષ્મ, પુષ્પસૂક્ષ્મ, પનકસૂક્ષ્મ, (લીલફૂલ) બીજ-સૂક્ષ્મ વિગેરે સૂક્ષ્મ તેમ જ બાદર વનસ્પતિઓ ઘણા પ્રમાણમાં ફૂટી નિકળે છે. આ હરિતકાયો આદિ ચાલતી વખતે સાધુ, સાધ્વી દ્વારા કચરાઈ જવાનો સંભવ છે. આ વનસ્પતિના જીવો એકેન્દ્રિય જાતિના છે.

તેમ જ બેન્દ્રિય જીવો-શંખ, શંખનક, જલૌક, નીલંગુ, ગંડોલક, શિશુનાગ, વિગેરે; તેમ જ ત્રીન્દ્રિય જીવો-કુંથુવા, કીડી, કીટિકા, બહુપદી, પૂતર સૂક્ષ્મઅંડ, સૂક્ષ્મઉત્તિંગ વિગેરે; અને ચઉરેન્દ્રિય જીવો-માખ, મચ્છર, પતંગ, ભમરા, કંસારી, વિંછી; આ ઉપરાંત પચેન્દ્રિય જીવો-દેડકા, ઉંદર, માછલા, કાછવા વિગેરેની વિરાધના થવા પૂરેપૂરો સંભવ છે તેથી જ 'ચતુર્માસ' કરવાની સ્પષ્ટ આજ્ઞા છે (સૂ૦૧૭)

ટીકાનો અર્થ—જે સાધુ-સાધ્વી શાસ્ત્રની આજ્ઞામાં રહી વિચરે છે તેને આષાઢી પૂર્ણિમાથી શરુ થતાં 'ચતુર્માસ' ને પણ શાસ્ત્રોક્ત આજ્ઞાએ અંગીકાર કરવાનું રહે છે. શિષ્ય ગુરુમહારાજને પ્રશ્ન પૂછે કે હે ભદન્ત!

'માસકલ્પ' પ્રમાણે ચાલવા વાળા સાધુ–સાધ્વીઓને 'ચાતુર્માસ' કરવાનું ફરમાન છે તો તેનું પ્રયોજન શું ?

ગુરુ મહારાજ ઉત્તર આપે છે–હે શિષ્ય ! એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોનું રક્ષણ કરવાનું શાસ્ત્ર ફરમાન છે. વળી આ 'ચાતુર્માસ' કાલ 'વર્ષાકાલ' છે, ને તે સમય દરમ્યાન અસંખ્ય અને અનંત જીવોની પેદાશ ક્ષણ એકમાં થાય છે, ને તેની વિરાધના થાય છે. તે પાપમાંથી સાધુ-સાધ્વીઓને બચાવવા માટે શાસ્ત્રકારોએ 'ચાતુર્માસ નું નિરૂપણ કર્યું છે. વળી ચાતુર્માસ સિવાય બીજી શેષ ઋતુઓમાં સાધુ-સાધ્વીને ઠેર ઠેર લોકસમુદાયના ઉત્કર્ષ માટે વિચરવાનું હોય છે. તેથી 'ચાતુર્માસ' ના નિરાંતના સમય દરમ્યાન સુખે સમાધિએ 'આત્મવિચારણા' એકાંતમાં કરી શકાય એ પણ હેતુ છે. તે વખતે લોકો પણ નવરાશ ભોગવતાં હોય છે એટલે લોકોને વધારે પ્રમાણમાં પરમાર્થ ઉપદેશ આપી શકાય તેમજ જ્ઞાન, ધ્યાન, તપ, જપ, વિચારણા, શુભસંકલ્પબલ વધારી શકાય, એ હેતુથી આ નિયમ ઘડયો છે. 'સ્વદયા' એ મુખ્ય 'દયા' છે, 'સ્વદયા' ના પેટાલમાં 'પરદયા' આવી જાય છે. 'સ્વદયા એટલે પોતાના 'આત્મા' ની દયા, 'સ્વદયા' એટલે પોતાના આત્માને હિંસાદિથી બચાવવો, ક્ષણે ક્ષણે ઉઠતાં અશુભ ભાવોમાંથી રક્ષણ કરવું, તેમ જ આગળ વધતાં શુભ અધ્યવસાયે શુદ્ધ આત્મઉપયોગે રહેવું તે છે. વર્ષાકાલ દરમ્યાન એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોનું બયાન શાસ્ત્રકારોએ નીચે મુજબ આપ્યું છે. (૧)—એકેન્દ્રિય જીવો જેવાં કે શાલિ આદિ બીજ; નીમ, આમ, કોશમ્બ, શાલ, અંકોલ, પીલુ, શલ્લકી વિગેરે એક ઠળિયાવાલા-એક ગોઠળીવાલા વૃક્ષ, તથા ગૂલર, કપિત્થ (કવિઠ-કેથ), અસ્તિક, તિન્દુક, બિલ્વ, પનસ, દાડમ, માતુલિંગ (વિજોરા) વિગેરે ઘણા બીજવાળા વૃક્ષ; તેમ જ નવમાલિકા સેરિયક, કોરંટક, બન્ધુજીવક વાણ, કરવીર સિન્દુવાર, વેલ આદિ ગુલ્મ; વૃન્તાક, કપાસ, જપા, આઢકી, તુસલી, કુસ્તુમ્ભરી, પિપ્પલી, નીલી વિગેરે ગુચ્છ; તથા પદ્મનાગ, અશોક, ચમ્પા, વાસન્તી, અતિમુક્તક, કુન્દલતા વિગેરે લતાઓ; તથા કૂષ્માંડી (કદૃદૂ) કાલિંગ (તરબૂચ) ત્રપુષી (કાકડી) તુંબડી, વાલોર, આલ, પટોલી વિગેરે વેલાઓ; તથા શ્વેતિકા, કુશ, દર્ભ પર્વક, અર્જુન, સુરભિ, કુરૂવિન્દ વિગેરે ઘાસ; તથા તાલ, તમાલ, તક્કલી, શાલ, સરલા, કેતકી, કદલી વિગેરે વલય; તથા તંદુલીયક, અધૂયારુહ, બસ્તુ (બથુઆ), બદરક, માર્જારપાદિકા. ચિલ્લી, પાલક વિગેરે લીલોતરી; તથા બીજમાંથી તત્કાલ ફુટેલાં અંકુર, શાલિ, બ્રીહિ, ઘઉં, જો, કલમ, ચોખા, કમોદ, મસૂર, તિલ, મગ, અડદ, વાલ, ચણા, કલથી, અલસી, મકાઇ, કોદરા, કાંગળી વિગેરે ઔષધિ; તથા પનક (લીલફૂલ) શેવાલ, પાવક, કશેરૂ, ઉત્પલ (કમલ), પદ્મ, કુમુદ, નલિન, પુંડરીક વિગેરે પાણીમાં ઉત્પન્ન થવાવાળી વનસ્પતિઓ; તથા કુહન (જમીનમાંથી ફાટી નીકળે તે), આયકાય, કુહુણ, કુંડુક, ઉદ્દેહલિકા, સર્પછત્ર આદિ વનસ્પતિઓ.

'સ્નેહસૂક્ષ્મ' ઓસ, હિમ, ઝાકળ, વિગેરે, 'પુષ્પસૂક્ષ્મ' ગૂલરના ફૂલ જેવા સૂક્ષ્મજીવ, 'પનકસૂક્ષ્મ'— વર્ષાઋતુમાં ભૂમિ અથવા લાકડા ઉપર ઉત્પન્ન થનારા પાંચ વર્ણના પનક નામના જીવો જે લીલફૂલ કહેવામાં આવે છે તે. 'બીજસૂક્ષ્મ' જેનાથી અંકુરા ઉત્પન્ન થાય તે ધાન આદિના તુષના અગ્રભાગ, 'હરિતસૂક્ષ્મ'–નવીન ઉત્પન્ન થનારા ભૂમિ જેવા રંગવાળા હોવાથી જલ્દી નજરમાં નહિ આવનારા જીવો, એ બધા એકેન્દ્રિય જીવો છે, એની

અને એવા પ્રકારના બીજા એકેન્દ્રિય જીવોની પણ વિરાધના થાય છે. જેવી રીતે એકેન્દ્રિય જીવોની વિરાધના થાય છે તેમ બેન્દ્રિય આદિ જીવોની પણ વિરાધના થાય છે. તેઓના નામ આ પ્રમાણે છે—શંખ નાનામોટા, જલો, લટ, ગિંડોલા, કેંચુવા તેમ આવા પ્રકારના અન્ય બેન્દ્રિય જીવોની પણ વિરાધના થાય છે. 'પ્રાણસૂક્ષ્મ'—એક પ્રકારના કુંથવા હોય છે, જેઓને છદ્મસ્થો ચાલતી વખતે જ જોઇ શકે, જ્યારે તેઓ સ્થિર હોય ત્યારે જોવામાં નથી આવતા એ ત્રીન્દ્રિય જીવો છે, એના વિષયમાં કહ્યું પણ છે—"**से किं त पाणसुहुमे**" ઇત્યાદિ, "તે પ્રાણ સૂક્ષ્મ કેવા હોય છે? પ્રાણ સૂક્ષ્મ પાંચ પ્રકારનાં કહ્યાં છે—કાળા, લીલા, લાલ. પીળા, સફેદ. અનુદ્ધરી નામના કંથવા છે તે ફક્ત ચાલતી વખતે જ સાધુ-સાધ્વીઓને નજરે આવે છે પણ સ્થિર રહેલ નજરે નથી આવતાં. યાવત્ અલ્પજ્ઞ સાધુ સાધ્વિઓએ વાર-વાર સાવધાનીની સાથે જાણવું અને દેખવું જોઈએ. અને પ્રતિલેખન કરવું જોઇએ. એ પ્રાણસૂક્ષ્મ છે.

આ અનુદ્ધરી કંથવા ઉપરાંત અન્ય પ્રકારના કંથવા, કીડીઓ, ઘણા પગવાળા ઈન્દ્રગોપ આદિ; જલપુતર-પાણીમાં રહેવાવાળા સૂક્ષ્મ કીડો; તથા અંડસૂક્ષ્મ-તદ્દન નાના કીડા, કીડા વિગેરેના ઇંડા. ઉત્તિંગસૂક્ષ્મ-કીડિયારૂં વિગેરે. આવા પ્રકારના બીજા પણ ત્રીન્દ્રિય જીવો છે તેની વિરાધના થાય છે. એવી જ રીતે માખી, મચ્છર, ડાંસ, વીંછી વિગેરે ચોન્દ્રિય જીવોની અને આ ઉપરાંત બીજા પણ ચોન્દ્રિય જીવોની વિરાધના થાય છે, એવી જ રીતે પંચેન્દ્રિય જીવો જેવા કે—દેડકાં. ઉંદર, મચ્છી, કાચબા, તથા અન્ય પંચેન્દ્રિય જીવોની પણ વિરાધના થાય છે. એવી રીતે એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના જીવોની વિરાધના થવાને કારણે એમ કહેવામાં આવ્યું છે કે સાધુ સાધ્વીઓએ વર્ષાવાસ-ચોમાસું કરવું જોઇએ (સૂ૦૧૭)

## સાધુ-સાધ્વીના વર્ષાવાસવિહાર નિષેધઃ ।

વર્ષાકાલમાં એકેન્દ્રિય આદિ જીવોની વિરાધનાની સંભાવનાને લીધે સાધુ અને સાધ્વીઓને એક જ સ્થાન પર નિવાસ કરવો ઉચિત છે, આ કહેવાઇ ગયેલ છે, આ કથનનો ફલિતાર્થ એ છે કે સાધુ અને સાધ્વીઓને વર્ષાકાલમાં વિહાર કરવું નહિ કલ્પે; માટે આ આશયને સ્પષ્ટ કરવા માટે સૂત્રકાર કહે છે—'' **नो कप्पइ**' ઈત્યાદિ.

મૂલનો અર્થ—સાધુ-સાધ્વીઓને વર્ષાઋતુના સમય દરમ્યાન એટલે ચાર માસ સુધી વિહાર કરવો કલ્પે નહિ (સૂ૦૧૮)

ટીકાનો અર્થ—'ચાતુર્માસ' બાબતનો સ્પષ્ટ આદેશ ઉપરોક્ત 'સૂત્ર' થી જણાઇ આવેછે. (સૂ૦૧૮)

વર્ષાઋતુમાં જ પર્યુષણ પર્વ નક્કી કરવામાં આવ્યું છે; પણ આ પર્વ કયારે અને કયાંથી ઉજવવું તે બતાવવાને માટે કહે છે—'**कप्पइ निग्गंथाणं** ' ઈત્યાદિ.

મૂલનો અર્થ—સાધુ-સાધ્વીઓએ, વર્ષાકાલના એક માસ અને વીસ દિવસ વ્યતીત થયાં બાદ, 'પર્યુષણ પર્વ' ઉજવવું જોઇએ. આ પર્વનો અંતિમ દિવસ ભાદરવા સુદ પાંચમ રાખવામાં આવેલ છે. શુકલ પંચમીની રાત્રિને ઉલ્લંઘી જવી ન જોઇએ. ( સૂ૦૧૯ )

ટીકાનો અર્થ—સાધુ-સાધ્વીઓ માટેનો જે 'પર્યુષણ' નો કાલ નક્કી કરેલ છે. તે કાલ અષાઢ સુદ પૂનમના પ્રતિક્રમણથી માંડી એક માસ અને વીસ દિવસ પસાર થયાં બાદ બતાવ્યો છે. સાધુ-સાધ્વીના પેટામાં શ્રાવક શ્રાવિકાનો પણ સમાવેશ થઇ જાય છે. 'પર્યુષણ' પર્વનો છેલ્લો દિવસ શુકલ પંચમીનો છે. ને તે દિવસ સહિત એક અઠવાડિયું આ 'પર્વ' માટે નિર્માણ કરેલ છે. એટલે 'પર્વાધિરાજ પર્યુષણ' શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા સુદ ૫ સુધી નિર્માણ થયાં છે. શુકલ પંચમીની રાત્રિને ઉલ્લંઘવી નહિ કલ્પે.

પર્યુષણ પર્વ સર્વ પર્વોમાં શ્રેષ્ઠ ગણાયું છે; કારણ કે અન્ય પર્વોમાં તો 'જડ' (પુદ્‌ગલ) નોજ આનંદ લૂંટવાનો હોય છે. ત્યારે આ 'પર્વ' માં શાશ્વત આત્મિક આનંદ લૂંટવાનો હોય છે. પુદ્‌ગલ નો આનંદ આ 'જીવ' અનંતા કાલથી લૂંટતો જ આવે છે. પણ કોઈ કાલ એવો નથી ગયો કે જે કાલમાં તે પુદ્‌ગલાનંદથી વિરામ પામ્યો હોય, અગર તે તરફ ઉદાસીનતા દાખવી હોય. અનેક જન્મો વ્યતીત થયાં પણ કોઇ દિવસે 'આત્મા' એ પોતાની જાતને યાદ કરી નથી. એટલા માટે જ જ્ઞાનીઓએ આ 'પર્યુષણ' પર્વો નિર્ધાર્યાં છે.

જો પર્વ માં 'જીવ' કદાચ સવલો થાય તો પોતાની ભૂલી ગયેલ 'જાત' ને સંભારી શકે.

'પરિ' નો અર્થ પૂર્ણરૂપથી અને 'ઉષણા' નો અર્થ નિવાસ કરવો તેવો થાય છે, ને આ કલ્પમાં મુનિજન પૂર્ણ રીતે 'યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ' નો વિચાર કરે છે. આ ત્રણે 'કરણ' શું છે? તેની સામાન્ય સમજણ સાથે આપણે ચાલીએ તો ઠીક!

'**યથાપ્રવૃત્તિકરણ**'–જીવ સુખની કલ્પનાએ–કલ્પનાએ અને 'જડ' માંથી જ આનંદ મેળવવાની લાલચે 'જડ' જેવો થઇ ગયો. ઘણો કાલ ભ્રમણ કરતાં કોઈ પુણ્યાનુબંધી પુણ્યના યોગે સદ્‌વિચારે ચાલતો ચાલતો પૂર્ણાનંદ મેળવવાની ઇચ્છાએ, અનેક પ્રકારની અજ્ઞાનતાપૂર્વક ક્રિયાઓ કરતો 'આથીજ હું મોક્ષ મેળવીશ' એમ દૃઢપણે માનતો સ્વચ્છન્દે વિચર્યો. પછી સદ્‌ભાગ્યે તેને સદ્‌ગુરુદેવનો સંયોગ મળ્યો. આ સદ્‌ગુરુદેવ, જેમ બાળકને આંગળીથી 'ચંદ્રમા' બતાવાય છે તેમ તે મોક્ષાર્થીને 'આત્મ દર્શન' કરાવે છે. પછી તે મોક્ષાર્થી પોતાના સ્વવિચાર બલે આગલ વધી 'અપૂર્વ કરણે'

પહોંચે છે, છતાં અહિં આ 'કરણુ' વખતે 'આત્મદર્શન' ની ઝાંખી થાય છે. નિજાનંદ નો આભાસ થાય છે, પુદ્ગલ તરફની રૂચિ ઉડી જાય છે. આ છે અપૂર્વ કરણુનો મહિમા. આવા 'અપૂર્વ કરણે' પહોંચવાવાલા જીવો અલ્પ હોય છે ને ઘણુા ખરા તો 'યથાપ્રવૃત્તિ કરતાં કરતાં' અપૂર્વકરણુના દરવાજે થીજ પાછા વળે છે, અને ફરી પાછા ચતુર્ગતિની ચોપાટ ખેલવી શરૂ કરે છે. 'અપૂર્વકરણુ' એ આંતરિક વિષય છે બહારના ક્ષણિક અને વિનાશી સાધનો દ્વારા તેમજ બુદ્ધિ દ્વારા તેનું વર્ણન થવું અશકય છે. 'અપૂર્વકરણુ' અને 'અનિવૃત્તિકરણુ' એ 'સ્વાનુભવ' ના વિષયો છે. આ સંબંધી જ્ઞાનની તાલાવેલી જાગે ત્યારેજ આત્મસ્વરૂપનું ભાન થાય છે.

આવા 'કરણુ' ની પરમ ઉપાસના કરવા માટેજ 'પર્યુષણુ' છે. ભગવાન મહાવીર ના શાસનકાલ માં આ નિયમ પ્રવર્ત્તી રહ્યો છે. પર્યુષણુપર્વના છેલ્લા દિવસને 'સંવત્સરી' કહે છે આ પર્વનો સમારોહ શ્રાવણુ વદ ત્રયોદશી થી શરૂ થાય છે. આ પર્વ દરમ્યાન વિશિષ્ટ પ્રકારે, પોતાની યોગ્યતા અનુસાર, સંયોગો પ્રમાણે, સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાએ તપ સંયમની આરાધનામાં ઓતપ્રોત થવું જોઇએ.

ઉપરના 'કરણો' નો વિચાર કરવો ઘણો કઠિન છે; માટે સાધુ-સાધ્વીઓએ સ્વાધ્યાય, કાયોત્સર્ગ, ધ્યાન, બાર પ્રકારના તપ, સત્તર પ્રકારના સંયમ, સત્તાવીસ પ્રકારના અણુગારના ગુણોની આરાધના કરવી. આ 'આરા-ધના' ની સાથે સાથે દૂધ આદિ વિગયનો ત્યાગ કરવો ઘટે. નીરસ આહારનું સેવન કરવું, 'મૌનવ્રત' ધારણુ કરવું, ઉપશમ અને ક્ષપક શ્રેણીનો વિચાર કરવો, આચાર્ય, ઉપાધ્યાય, બાલ, વૃદ્ધ, ગ્લાન મુનિજનોની સેવા-ચાકરી કરવી. એ ઉપર ગણાવેલ ક્રિયાઓ સાધુ-સાધ્વીના દૈનિક જીવનમાં વર્ણાએલી છે પરંતુ 'પર્યુષણુ' પર્વમાં તો તે ક્રિયાઓમાં જો કાંઇ ક્ષતિઓ રહી ગઇ હોય તો તેને પૂર્ણ વિચાર કરી તેમાં સુધારો કરે, તેમજ પ્રાયશ્ચિત્ત લઇ આગામી કાલે આગલ વધવાનો નિશ્ચય કરે, 'આ નિયમો ફકત સાધુ-સાધ્વીઓ માટેજ છે' એમ રખે કોઇ માન-વામાં ભૂલ ન કરે. જે નિયમાવલિ પરંપરાથી ચાલી આવે છે તે નિયમાવલિ શ્રાવકગણુને પણુ બંધન કર્ત્તા છે.

નિત્યપ્રતિ ધાર્મિક ક્રિયા કરવાવાલા શ્રાવકોને પણુ 'પર્યુષણુ' પર્વમાં વિશિષ્ટ પ્રકારે ધાર્મિક ક્રિયા કરવાનું કહેલ છે. આ 'ઓચ્છવ' દરમ્યાન ગૃહસ્થોએ હમેશા મુનિ મહારાજોના દર્શન કરવા, નિત્ય નિયમ કરવા, દાન, શાલ, તપ, અને ભાવની આરાધના વધારવી, રાત્રિભોજનનો સદંતર ત્યાગ કરવો, સ્વધર્મી જનો ઉપર વત્સલભાવ રાખવો, દીન દુઃખી અનાથની રક્ષા કરવી, અભયદાન, સ્વાધ્યાય, તપ આદિ આચરવું, તપસ્વી સાધર્મીઓ માટે પારણા અતર-વારણા આદિનો પ્રબંધ કરવો, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને અશુભ યોગરુપી આશ્રવો છાંડવા, અભયદાન કરવું એટલે કસાઇખાનેથી જીવોને મુક્ત કરાવવા, સામાયિક કરવું, ઉભયકાલ પ્રતિક્રમણ કરવું, ગુપ્તદાન, આયંબિલ, તપ વિગેરે કરવાં, સર્વથા કુશીલનો ત્યાગ કરવો, વ્યાખ્યાન શ્રવણુ કરવું, પ્રભાવના કરવી, હજામત નહિ કરવી, નહિ કરાવવી, શરીરશુશ્રૂષા નહિ કરવી, બ્રહ્મચર્ય પાલવું, શક્તિ-અનુસાર અઠ્ઠમથી માંડી આઠ દિવસના ઉપવાસ કરવા અને 'સંવત્સરી' ના દિવસે આઠ પ્રહરનો પોષો આદરવો, આ જાતની ક્રિયાઓથી દેહાધ્યાસ ઓછો થઇ 'આત્મા' તરફ દૃષ્ટિ કેલવાય છે. આ પર્વમા ચતુર્વિધ સંઘનું કર્ત્તવ્ય એ છે કે-ગામોગામ, દેશોદેશ અમારીઘોષણા કરાવે, અને જીનશાસનનો મહિમા વધારે, દીક્ષાસમારોહ કરે, અંતગડસૂત્ર અગર

કલ્પ-સૂત્ર સાંભળે સંભળાવે, વિશુદ્ધ મનોભાવથી ક્ષમા યાચના કરે અને વિશુદ્ધ મનોભાવથીજ ક્ષમાપ્રદાન કરે; તાત્પર્ય એ છે કે આ પર્યુષણ પર્વમાં જે જે ક્રિયાઓ અને આચરણોથી સંવરની વૃદ્ધિ થાય તે તે પ્રકારે પ્રયત્ન કરવું જોઇએ. (સૂ૦૧૯)

## પ્રોત્કપર્યુષણાદિવસસ્યાનન્તતીર્થકરપરમ્પરા સિદ્ધત્વપ્રતિપાદનમ્ ।

ચોમાસી પ્રતિક્રમણથી એક મહીનો અને વીસ દિવસ વીત્યા પછી પર્યુષણ કરવાં જોઇએ. આ કથન કોઈ સ્વયંની કલ્પનાનું નથી; પરંતુ અનન્ત તીર્થંકરોની પરંપરાથી ચાલી આવે છે. એ સૂચિત કરવા કહે છે— '**से केणट्ठेणं**' ઇત્યાદિ.

મૂલ અને ટીકાનો અર્થ—શિષ્ય પૂછે છે કે હે ભદન્ત! આપ કયા હેતુ બડે કહો છો કે ચોમાસાના બીસ દિવસ સહિત એક માસ વ્યતીત થયાં બાદ સાધુ-સાધ્વીઓએ 'પર્યુષણ' કરવું ?

ગુરૂ ઉત્તર આપે છે કે હે શિષ્ય ! જે હેતુથી અતીત કાલમાં અનન્ત ભગવન્ત તીર્થંકરોએ એક માસ વીસ દિવસ વ્યતીત થયાં પછી પર્યુષણ કર્યા હતા, વર્તમાન ચૌવીસીમાં ઋષભદેવ ભગવાનથી માંડી મહાવીરદેવ સુધીના સર્વ તીર્થંકરોના વારામાં વીસ દિવસ સહિત ચોમાસાનો એક માસ ગયા બાદ 'પર્યુષણ' કરવામાં આવ્યા છે. આવા 'પર્યુષણો' સર્વગણધર દેવો, આચાર્યો, ઉપાધ્યાયો, સ્થવિરો, પ્રવર્તકો, ગણી, ગણાવચ્છેદકો અને ચતુર્વિધ સંઘોએ પણ આદર્યા છે. અને પરંપરાથી આદરાતાં આવે છે. આ હેતુથી આવું કહેવામાં આવ્યું છે કે સર્વ સાધુ-સાધ્વીઓએ ચોમાસાના વીસ દિવસ સહિત એકમાસ પૂર્ણ થયે પર્યુષણ કરવા જોઈએ (સૂ૦૨૦)

## અપર્યુષણાદિવસે પર્યુષણાનિષેધઃ ।

પૂર્વોક્ત શુકલ પક્ષના 'પાંચમ' ના દિવસેજ 'સંવત્સરી' કરવી, બીજા કોઇ દિવસે-ચતુર્થી અથવા કદાચ બે પંચમી આવે તો પહેલી પાંચમને મુકીને બીજા પાંચમે કદાપિ સંવત્સરી નહિ કરવી જોઇએ. આ વાત પ્રદર્શિત કરવા માટે કહે છે—'**नो कप्पइ**' ઈત્યાદિ.

મૂળનો અર્થ—સાધુ-સાધ્વીઓએ અપર્યુષણામાં પર્યુષણના દિવસોને ટાળીને પર્યુષણા ન કરવી જોઇએ. (સૂ૦૨૧)

ટીકાનો અર્થ—વ્યાખ્યા સ્પષ્ટ છે. '**पज्जोसवित्तए**' નો અર્થ 'કરવુ' થાય છે. (સૂ૦૨૧)

## પર્યુષણાયાં કેશલુંચનસ્યાવશ્યકકર્ત્તવ્યતા નિરૂપણમ્ ।

સાધુઓ અને સાધ્વીઓએ પર્યુષણમાં અવશ્ય કેશલુંચન કરવું જોઇએ. એ કેશલુંચન પર્યુષણાના પ્રતિ-ક્રમણ પૂર્વે એટલા દિવસ પહેલાં કરવું કે જેથી પ્રતિક્રમણ સમયે ગાયના રોમ પ્રમાણ અથવા તેથી વધારે લાંબા કેશ ઉગ્યા ન હોય: એ શાસ્ત્રમર્યાદા છે. તે શાસ્ત્રકાર બતાવે છેઃ 'नो कप्पइ' ઇત્યાદિ.

મૂળનો અર્થ—સાધુ-સાધ્વીઓને પર્યુષણાના અવસર પર ગાયના રોમ બરાબર પણ વાળનું ઉલ્લંઘન કલ્પતું નથી. (સૂ૦૨૨)

ટીકાનો અર્થ—વ્યાખ્યા સ્પષ્ટ છે. 'उवाइणावितए' નો અર્થ 'અતિક્રમણ કરવું' એવો થાય છે. અર્થાત્ પર્યુષણના પ્રતિક્રમણ સમયે ગાયના રોમ પ્રમાણ પણ કેશ રહેવા જોઇએ નહિ. (સૂ૦૨૨)

## પર્યુષણાતઃ પૂર્વં કેશલુંચનકાલ પ્રતિપાદનમ્ ।

પૂર્વ સૂત્રનો અભિપ્રાય એ છે કે પર્યુષણ પહેલાં અવશ્ય કેશલુંચન કરવું જોઇએ. એ કેશલુંચન સાધુઓએ કયારે કયારે કરવું જોઇએ, તે હવે દર્શાવે છેઃ 'कप्पइ' ઈત્યાદિ.

મૂળનો અર્થ—સાધુઓ અને સાધ્વીઓને જઘન્ય બે માસમાં યા ત્રણ માસમાં તથા ઉત્કૃષ્ટ છ માસમાં લોચ કરવો કલ્પે છે. (સૂ૦૨૩)

ટીકાનો અર્થ—સાધુઓ અને સાધ્વીઓને જઘન્ય બે માસ યા ત્રણ માસ પછી અને ઉત્કૃષ્ટ છ માસમાં લોચ કરવો કલ્પે છે. (સૂ૦૨૩)

## સાધુ-સાધ્વીનાં તપસોઽવશ્યકર્ત્તવ્યતા ।

પર્યુષણમાં સાધુ-સાધ્વીઓએ તપશ્ચરણ અવશ્ય કરવું જોઇએ, તેથી જે જે તપ, કરવા યોગ્ય છે તે દર્શાવે છેઃ 'कप्पइ' ઈત્યાદિ.

મૂળનો અર્થ—સાધુઓ અને સાધ્વીઓએ પર્યુષણામાં અઠાઇ (આઠ ઉપવાસ) યાવત્ ચતુર્થ ભક્ત (ઉપવાસ) નું તપ કરવું જોઇએ. (સૂ૦૨૪)

ટીકાનો અર્થ—વ્યાખ્યા સ્પષ્ટ છે. 'યાવત્' શબ્દથી ષોડશ ભકત (સાત દિવસનો ઉપવાસ), ચતુર્દશ ભકત, દ્વાદશ ભકત, દશમ ભકત, અષ્ટમ ભકત, ષષ્ઠ ભકત, ગ્રહણ કરવાનું છે. આશય એ છે કે પોત-પોતાની શકિત અનુસાર તપ કરવાનું છે, પણ ઓછામાં ઓછો ચતુર્થ ભકત (ઉપવાસ) કરવું તો ઉચિતજ છે. (સૂ૦૨૪)

પર્યુષણાને દિને આહારાદિનો સર્વથા નિષેધ કરે છેઃ 'नो कप्पइ' ઇત્યાદિ.

## પર્યુષણાયાં સર્વથાऽऽહારાદિનિષેધઃ ।

મૂળનો અર્થ—સાધુ–સાધ્વીઓને સંવત્સરી-પર્વને દિને થોડો પણ ચાર પ્રકારનો આહાર, ઔષધ, ભૈષજ્ય, યા વિલેપન ગ્રહણ કરવાં કલ્પતાં નથી. (સૂ૦૨૫)

ટીકાનો અર્થ—વ્યાખ્યા સ્પષ્ટ છે. (સૂ૦૨૫)

## વર્ષાવાસે ક્ષેત્રાવગ્રહપ્રમાણ કથનમ્ ।

સાધુ–સાધ્વીઓ ચાતુર્માસ કાળમાં ક્ષેત્રનો અવગ્રહ કરીને રહે છે. તે અવગ્રહ અર્થાત્ આજ્ઞા કેટલા ક્ષેત્રની લેવી જોઇએ તે કહે છેઃ 'कप्पइ' ઇત્યાદિ.

મૂળનો અર્થ—વર્ષાવાસમાં રહેલા સાધુ-સાધ્વીઓએ ગ્રામમાં યાવત્ સંનિવેશમાં ચારે બાજુએ એક કોસ સહિત યોજન અર્થાત્ પાંચ કોસની આજ્ઞા લઇને રહેવું જોઇએ. (સૂ૦૨૬)

ટીકાનો અર્થ-ગ્રામમાં અને યાવત્' શબ્દથી નગરમાં, ગામડામાં, કર્બટમાં, મડંબમાં, પટ્ટણમાં, આકર, દ્રોણમુખ, નિગમમાં વા રાજધાનીમાં અથવા આશ્રમમાં વર્ષાવાસમાં નિવાસ કરનારા સાધુઓ અને સાધ્વીઓને એ ગ્રામ આદિની ચારે બાજુએ-પૂર્વ, પશ્ચિમ. દક્ષિણ તથા ઉત્તરમાં-પ્રત્યેક દિશામાં પાંચ પાંચ ગાઉની આજ્ઞા લઇને રહેવું કલ્પે છે. ગ્રામ આદિનો અર્થ અગાઉ દસમા સૂત્રની વ્યાખ્યામાં બતાવેલો છે. (સૂ૦૨૬)

## સાધુ-સાધ્વીનાં ભિક્ષાऽવગ્રહણ નિરૂપણમ્ ।

ગ્રામ આદિમાં ચારે તરફ પાંચ ગાઉ ક્ષેત્રની આજ્ઞા લઇને સાધુ–સાધ્વીઓએ વર્ષાકાલીન નિવાસ-ચોમાસું કરવું જોઇએ એમ કહ્યું. એ પાંચ ગાઉની આજ્ઞામાં પૂર્વથી પશ્ચિમમાં તથા દક્ષિણથી ઉત્તરમાં ચાર ગાઉની જે આજ્ઞા છે તે ભિક્ષાવિષયક સમજવી. અર્થાત્ ચોમાસાના ગામમાં બે ગાઉ પૂર્વ દિશામાં, બે ગાઉ પશ્ચિમ દિશામાં એ રીતે દક્ષિણ ઉત્તરમાં ગોચરી માટે જઈ શકે. એથી આગળ પ્રત્યેક દિશામાં અર્ધા અર્ધા ગાઉની આજ્ઞા સ્થંડિલ જવાની જાણવી. એટલે શાસ્ત્રકાર ભિક્ષાસંબંધી અવગ્રહ બતાવવાને માટે કહે છેઃ –'कप्पइ' ઈત્યાદિ.

મૂળનો અર્થ—સાધુઓ-સાધ્વીઓને ગ્રામ યાવત્ સંનિવેશમાં ચારે દિશામાં એક યોજન સુધી ભિક્ષાને માટે ગમનાગમન કરવું કલ્પે છે. (સૂ૦૨૭)

ટીકાનો અર્થ—સાધુ-સાધ્વીઓને ગ્રામ યાવત્ સંનિવેશમાં, ગ્રામ આદિની ધારથી લઇ છએ દિશાઓમાં એક-એક યોજન સુધી, અર્થાત્ પૂર્વદિશામાં બે ગાઉ, પશ્ચિમમાં બે ગાઉ, એવી એક યોજનની મર્યાદા સમજવી.

એ પ્રમાણે દક્ષિણ-ઉત્તરમાં તથા ઉપર નીચે પણ એકએક યોજન સમજવું. એ મર્યાદામાં ભિક્ષાને માટે જવું અને ભિક્ષા લઈને પાછા આવવું કલ્પે છે. તાત્પર્ય એ છે કે ગ્રામ આદિના દરવાજાથી પૂર્વમાં બે ગાઉ અને પશ્ચિમમાં બે ગાઉ, એમ ચાર ગાઉના અંતર સુધી સાધુ-સાધ્વીઓને જવું કલ્પે છે. એ વિધાન દક્ષિણ-ઉત્તર તથા ઊર્ધ્વ-અધો દિશાના વિષયમાં પણ જાણવું. (સૂ૦૨૭)

## નિષદ્ધ ભિક્ષાऽવગ્રહ કથનમ્ ।

એ પ્રમાણે ભિક્ષાવિષયક અવગ્રહ બતાવીને હવે એ વિષયમાં નિષેધ બતાવે છેઃ— नो ઇત્યાદિ.

મૂળનો અર્થ—ગ્રામ યાવત્ સંનિવેશમાં જો નદી હોય, જેમાં હમેશાં જળ રહેતું હોય, ને હમેશાં વહેતી રહેતી હોય અને જેની ઉપર પુલ ન હોય, તો ત્યાં સાધુ-સાધ્વીઓને એક યોજન સુધી ભિક્ષા માટે જવુ અને આવવું કલ્પતું નથી. (સૂ૦૨૮)

ટીકાનો અર્થ—ગ્રામ યાવત્ સંનિવેશમાં વર્ષાવાસમાં રહેલા શ્રમણો અને શ્રમણીઓને, એ ગ્રામ આદિમાં જો જળભરી અને સદા વહેતી તથા પુલ વિનાની નદી હોય તો ભિક્ષાચર્યા માટે એક યોજન સુધી ગમનાગમન કરવું કલ્પતું નથી. જો પુલ હોય યા નદીમાં પાણી ન રહેતું હોય તો જવું કલ્પ છે. (સૂ૦૨૮)

ભિક્ષાચર્યામાં નિષેધનું પ્રકરણ હોવાથી ફરી પણ નિષેધ કહે છે—'नो कप्पइ' ઇત્યાદિ.

## ભિક્ષાવિષયેऽન્યનિષેધકથનમ્ ।

મૂળનો અર્થ—વરસાદ વરસી રહ્યો હોય તો સાધુ-સાધ્વીઓને ગૃહસ્થને ઘેર આહાર-પાણીને માટે જવું યા પ્રવેશ કરવો કલ્પતો નથી. (સૂ૦૨૯)

ટીકાનો અર્થ—વ્યાખ્યા સ્પષ્ટ છે. (૨૯)

પૂર્વ સૂત્રમાં જો વરસાદ વરસી રહ્યો હોય તો સાધુ-સાધ્વીઓને ગૃહસ્થના ઘરમાં આહાર-પાણીને માટે પ્રવેશ કરવાનો નિષેધ કર્યો જો સાધુ ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરી ચૂકયા હોય અને જ્યારે ભિક્ષા લઇ રહ્યા હોય ત્યારે વરસાદ વરસવા લાગે તો શું કરવું ? એ હવે કહે છે—'कप्पइ' ઇત્યાદિ.

મૂળનો અર્થ—ગૃહસ્થના ઘરમાં આહાર-પાણીના ઉદ્દેશ્યથી પ્રવેશ કરેલો હોય તેવા સાધુ-સાધ્વીઓને, વરસાદ વરસી રહ્યો હોય તો ઉપાશ્રયમાં પાછું આવવું કલ્પે છે. ત્યાં ગૃહસ્થના ઘરમાં સમય વ્યતીત કરવો કલ્પતો નથી. (સૂ૦૩૦)

ટીકાનો અર્થ—ગૃહસ્થના ઘરમાં આહાર આદિની ભિક્ષા મેળવવાના હેતુથી દાખલ થઈ ચૂકેલા સાધુ-સાધ્વીઓને, ભિક્ષા મળી હોય કે ન મળી હોય, પણ પ્રવેશ કર્યા બાદ વરસાદ પડવા લાગે તો પણ ઉપાશ્રયમાં આવવું કલ્પે છે. નિષેધરૂપે એ વાત કહે છે. ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કર્યા પછી વરસાદ વરસવા લાગે અને થોડી વાર તે બંધ થયાની રાહ જોયા પછી બંધ ન થાય તો ચાહે ભિક્ષા મળી હોય કે ન મળી હોય, પણ ત્યાં સાધુ-સાધ્વીઓએ સમય વ્યતીત કરવો ઉચિત નથી. વરસાદ પડવા લાગ્યા પહેલાં ભિક્ષા મળી ગઇ હોય તો પણ અને ન મળી હોય તો પણ તેમણે પોતાના સ્થાન પર આવી જવું જોઈએ (સૂ૦૩૦)

## ચત્તુર્થભકિતકાદિ ભિગ્રાહ્યપાન પ્રરૂપણમ્ ।

આહાર-પાણીનું પ્રકરણ હોવાથી ઉપવાસ આદિ કરનાર સાધુએ જે પ્રકારનું પાણી લેવું જોઇએ, તે હવે કહે છે—'कप्पइ' ઇત્યાદિ.

મૂળનો અર્થ—ઉપવાસમાં સાધુ-સાધ્વીને ત્રણ પ્રકારનું પાણી લેવું કલ્પે છે. તે પ્રકાર આ પ્રમાણે-ઉત્સ્વેદિમ, સંસેકિમ અને તંદુલધાવન. ષષ્ઠભકત (બેલું) કરનાર સાધુ-સાધ્વીને ત્રણ પ્રકારનું પાણી લેવું કલ્પે છે, તે આ પ્રમાણે-તિલોદક, તુષોદક અને યવોદક. અષ્ટમભક્ત (તેલું) કરનાર સાધુ-સાધ્વીને ત્રણ પ્રકારનું પાણી કલ્પે છે, તે આ પ્રમાણે-આયામક, સૌવીરક તથા શુદ્ધવિકટ. (સૂ૦૩૧)

ટીકાનો અર્થ—રોટલી બની ગયા બાદ કથરોટ ધોવાનું જે પાણી હોય છે તે ઉત્સ્વેદિમ પાણી કહેવાય છે. અરણિક આદિની ભાજી બાફીને જે ઠંડા પાણીથી ધોવામાં આવે છે તે સંસેકિમ કહેવાય છે. ચોખાને ધોવાનું પાણી તંદુલધાવન કહેવાય છે. તલનો ધોવણ તિલોદક, ધાન્યનું ધોવણ તુષોદક, અને જવનું ધોવણ જવોદક કહેવાય છે. શાક આદિનું ઓસામણ આયામક, કાંજીનું ધોવણ સૌવીરક, અને ઊનું પાણી શુદ્ધવિકટ કહેવાય છે. (સૂ૦૩૧)

મૂળ અને ટીકાનો અર્થ—'कप्पइ' ઇત્યાદિ.

ચૌલું કરનાર સાધુ-સાધ્વીને એકવીસ પ્રકારના પાણીમાંથી કોઈપણ પાણી લેવુ કલ્પે છે, તે આ પ્રમાણે—(૧) ઉત્સ્વેદિમ, (૨) સંસેકિમ, (૩) તંદુલોદક, (૪) તિલોદક, (૫) તુષોદક, (૬) યવોદક, (૭) આયામ, (૮) સૌવીરક, (૯) શુદ્ધ વિકટ. એ બધાનો અર્થ પૂર્વ સૂત્રમાં કહેવામાં આવ્યો છે. તે ઉપરાંત (૧૦) આમ્રપાનક-આમ્રફળ-કેરીના ધોવણનું જળ, (૧૧) આમ્રાતક-આમડા નામનાં ફળોનું ધોવણ, (૧૨) કવીઠ-કોઠાંનું ધોવણ,

(૧૩) બીજોરાંનું ધોવણ, (૧૪) દ્રાક્ષનું ધોવણ, (૧૫) દાડમનું ધોવણ, (૧૬) ખજૂરનું ધોવણ, (૧૭) નારિયેળનું ધોવણ, (૧૮) કેરાનું ધોવણ, (૧૯) બેર-બોરનું ધોવણ, (૨૦) આંબળાનું ધોવણ, (૨૧) આંબલીનું ધોવણ. આ પાણી ઉપરાંત એ પ્રકારનાં પણ પાણી હોય જે પર્યાપ્ત સમય પહેલાં મરચાં તથા છાશ આદિનાં વાસણો ધોવાનાં ઉપયોગમાં લેવામાં આવ્યાં હોય, અર્થાત્ એ પાણી અમ્લ થઇ ચૂકયાં હોય, પર્યાય બદલાઇ ગઈ હોય, જે શસ્ત્ર-પરિણત થઇ ચૂકયાં હોય અને અચિત્ત બની ગયાં હોય, એ રીતે પ્રાસુક તથા એષણીય-આધાકર્માદિ દોષોથી રહિત હોય, તે પણ ગ્રહણ કરી શકાય છે. અહીં દશમભકત (ચૌલું) શબ્દ ઉપલક્ષણ છે, એટલે ચૌલાની ઉપરની છ માસ સુધીની તપસ્યામાં પણ એ બધાં પાનક લઇ શકાય છે એમ સમજવું. (સૂ૦૩૨)

## ગૃહીતાશનાદીનાં વિવક્ષિતકાલાનન્તરમ્ અણકલ્પનીયતા નિરૂપણમ્ ।

પૂર્વોક્ત પ્રાસુક (અચિત્ત) અને એષણીય અશન પાન આદિ કેટલા કાળ પછી અણુકલ્પતાં થઇ જાય છે તે બતાવે છે— **नो कप्पइ** ઇત્યાદિ.

મૂળનો અર્થ—સાધુ-સાધ્વીઓને પહેલા પહોરમાં ગ્રહણ કરેલું ચોથા પહોરમાં ઉપભોગ કરવું કલ્પતું નથી, તે આ પ્રમાણે-અશન પાન, ખાદ્ય, સ્વાદ્ય, ભૈષજ્ય, વિલેપન તથા બીજાં કોઈ ભોજન, પાન, ઔષધ, ભૈષજ્ય અથવા વિલેપન કરવાનાં દ્રવ્યો. (સૂ૦૩૩)

ટીકાનો અર્થ-વ્યાખ્યા સ્પષ્ટ છે. અહીં એટલું સમજવાનું કે સાધુઓએ જે પ્રાસુક અને એષણીય અશન આદિ લીધાં હોય તે લેવાના સમયથી ત્રીજા પહોર સુધી ઉપયોગમાં લેવાં કલ્પે છે, તેથી આગળ નહિ. બીજા પહોરમાં લીધેલાં ચોથા પહોરમાં તો કલ્પે છે. (સૂ૦૩૩)

## સચિત્ત-કૃષ્ણલવણાદીનામકલ્પ નીયત્વમ્ ।

અણુકલ્પવાનો પ્રસંગ હોય બીજાં અણુકલ્પતા પદાર્થો પણ કહે છેઃ '**नो कप्पइ**' ઈત્યાદિ.

મૂળનો અર્થ—સાધુ-સાધ્વીઓને સચેત કાળું નમક, સચેત હરિયાઈ નમક (મીઠું), તથા એ પ્રકારની બીજી કોઈપણ સચિત્ત વસ્તુ ગ્રહણ કરવી અથવા ભોગવવી કલ્પતી નથી. કદાચ ભૂલ્યે-ચૂકયે સચિત્ત વસ્તુ લેવાઇ હોય તો તેને પરઠવી દેવી, તેનો ઉપભોગ કરવો કલ્પતો નથી. (સૂ૦૩૪)

ટીકાનો અર્થ—વ્યાખ્યા સ્પષ્ટ છે. વિડ લવણનો અર્થ કાળું નમક-મીઠું અને ઉદ્‌ભિદ લવણનો અર્થ દરિયાઈ મીઠું થાય છે. (સૂ૦૩૪)

મૂળનો અર્થ—"**नो कप्पइ**" ઈત્યાદિ. સાધુ-સાધ્વીઓને ગૃહસ્થના તુંબડાનાં પાત્રોમાં, માટીનાં પાત્રોમાં, કાષ્ઠનાં પાત્રોમાં, લોઢાનાં પાત્રોમાં, તાંબાનાં પાત્રોમાં, કલાઇનાં પાત્રોમાં કાચના પાત્રોમાં, કાંસાનાં પાત્રોમાં, ચાંદીનાં અથવા સોનાનાં પાત્રોમાં તથા એવાં બીજાં પાત્રોમાં અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યનો પરિભોગ કરવો કલ્પતો નથી, તથા તેમાં વસ્ત્ર વગેરે ધોવું પણ કલ્પતું નથી.

## અલાબૂપાત્રાદિષુ અશનાદિનિષેધઃ ।

પ્રશ્ન—હે ભદન્ત? કયા કારણથી એવું કહ્યું છે?

ઉત્તર—એ પ્રકારનાં પાત્રોમાં અશનાદિનો પરિભોગ કરનાર અને વસ્ત્રાદિ ધોનાર નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થી આચારથી ભ્રષ્ટ થઇ જાય છે. (સૂ૦૩૫)

ટીકાનો અર્થ--સાધુ-સાધ્વીઓને ગૃહસ્થનાં તુંબડાથી માંડી સુવર્ણ સુધીનાં કોઈપણ પાત્રોમાં તથા સૂત્રમાં લખેલાં પાત્રો ઉપરાંત બીજાં પણ કોઈ પ્રકારનાં કુંડાં આદિમાં અશનાદિનો ઉપભોગ કરવો તથા વસ્ત્રાદિ ધોવાં કલ્પતાં નથી. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે—'ભગવન્! કયા કારણથી ગૃહસ્થનાં તુંબડા આદિનાં પાત્રોમાં અશનાદિના પરિભોગનો તથા વસ્ત્રાદિ ધોવાનો નિષેધ કરવામાં આવ્યો છે?' ગુરુ ઉત્તર આપે છે-'હે શિષ્ય! કારણ એ છે કે એ પ્રકારનાં પાત્રોમાં અશનાદિનો પરિભોગ કરનાર તથા વસ્ત્રાદિ ધોનાર શ્રમણ-શ્રમણી ચારિત્રથી પતન પામે છે. દશવૈકાલિકસૂત્રના અધ્યયન ૬, ગાથા ૫૧ માં કહ્યું છે—

**"कंसेसु कंसपाएसु, कुंडमोएसु वा पुणो ।**
**भुंजंतो असणपाणाइं, आयारा परिभस्सइ" ॥१॥**

ગૃહસ્થનાં વાટકા આદિ, તથા કાંસાનાં, ઉપલક્ષણથી સોના-ચાંદી-પીતળ આદિનાં અને માટીનાં વાસણોમાં ભોજન કરનાર સાધુ ચારિત્રથી ભ્રષ્ટ થઇ જાય છે. અહીં '**भुंजंतो**' પદ ઉપલક્ષણ છે. આથી ગૃહસ્થોના પાત્રમાં કપડાં ધોવાનો અને ગરમ પાણીને ઠંડું કરવાનો પણ નિષેધ થઈ જાય છે. (સૂ૦૩૫)

## પ્રતિલેખનાયાઃ સવિધિ કાલદ્વયે કર્ત્તવ્યતા ।

સાધુ-સાધ્વીઓએ બેઉ કાળ વિધિ-પૂર્વક પ્રતિલેખના કરવી જોઇએ, એ સૂચિત કરવાને કહે છે-'कप्पइ' ઇત્યાદિ.

મૂલનો અર્થ—નિર્ગ્રન્થો-નિર્ગ્રન્થીઓને પીઠ, ફલક (પાટો), શય્યા, સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, રજોહરણ, ચોલપટ્ટ, દોરા સાથે મુખવસ્ત્રિકા, પાદપોંછણ, તથા એવાં બીજાં બધાં ઉપકરણોની તથા ઉપાશ્રયની બેઉ કાળ પ્રતિલેખના તથા પ્રમાર્જના કરવી કલ્પે છે. (સૂ૦૩૬)

ટીકાનો અર્થ—વ્યાખ્યા સ્પષ્ટ છે. પ્રતિલેખનાના વિષયમાં વિશેષ જાણવાની અભિલાષાવાળાએ ઉત્તરાધ્યયન-સૂત્રની છવ્વીસમા અધ્યયનની પ્રિયદર્શિની ટીકા જોવી. (સૂ૦૩૬)

## કલ્પનીયાકલ્પનીયવસતિ નિરૂપણમ્ ।

પૂર્વ સૂત્રમાં સાધુઓને માટે વસતિ (સ્થાનક-ઉપાશ્રય) ની પ્રતિલેખના અને પ્રમાર્જના કરવાનું કહ્યું છે. હવે સાધુઓને કેવી વસતિ કલ્પે છે અને કેવી નહિ. તે કહે છે- 'कप्पइ' ઇત્યાદિ

મૂળનો અર્થ—સાધુ-સાધ્વીઓને અઢાર પ્રકારના ઉપાશ્રયો તથા એના જેવા બીજા ઉપાશ્રયોમાં નિવાસ કરવો કલ્પે છે. તે પ્રકાર આ પ્રમાણે (૧) દેવગૃહ (૨) સભા, (૩) પ્રપા, (૪) આવસથ, (૫) વૃક્ષમૂલ, (૬) આરામ, (૭) કંદરા, (૮) આકર, (૯) ગિરિગુફા, (૧૦) કર્મગૃહ, (૧૧) ઉદ્યાન, (૧૨) પાનીયશાળા, (૧૩) કુપ્યશાળા, (૧૪) યજ્ઞમંડપ, (૧૫) શૂન્યગૃહ, (૧૬) શ્મશાન, (૧૭) લયન, (૧૮) આપણ, એ ઉપરાંત એજ પ્રકારના સચિત્ત જળ, માટી, બીજ, વનસ્પતિ, તેમ જ ત્રસ જીવોના સંસર્ગથી રહિત, ગૃહસ્થોએ પોતાને અર્થે બનાવેલા, પ્રાસુક, એષણીય, એકાન્ત, સ્ત્રી-પશુ-પંડક (નપુંસક) થી વર્જિત અને પ્રશસ્ત-નિર્દોષ ઉપાશ્રયમાં રહેવું કલ્પે છે. જે ઉપાશ્રય આધાકર્મથી વ્યાપ્ત હોય તથા સિંચન, સંમાર્જનીથી કચરો વાળવો, જાળાં દૂર કરવાં, ઘાસ બિછાવવું, પુતાઈ કરવી, લેપન કરવું, સુંદરતાને માટે વારંવાર છાણ વગેરેથી લીંપવું, શરદી દૂર કરવાને અગ્નિ સળગાવવો, વાસણ-કુશણ અહીંથી ત્યાં મૂકવાં, વગેરે સાવદ્ય ક્રિયાઓથી યુક્ત હોય અને જ્યાં અંદર-બહાર અસંયમની વૃદ્ધિ થાય, એવા ઉપાશ્રયમાં નિવાસ કરવો કલ્પતો નથી. (સૂ૦૩૭).

ટીકાનો અર્થ—સાધુ-સાધ્વીઓને અઢાર પ્રકારના ઉપાશ્રયોમાં તથા એ પ્રકારનાં બીજા ઉપાશ્રયોમાં નિવાસ

કરવો કલ્પે છે, તે આ પ્રમાણે—દેવકુલ—વ્યંતર આદિ દેવોનાં ગૃહ. સભા—જ્યાં વસ્તીના લોકો વિચાર-વિમર્શ કરવાને એકઠા થતા હોય, પ્રપા—પરબ, આવસથ-પરિવ્રાજકોનું નિવાસસ્થાન, વૃક્ષની નીચે, આરામ—માધવી આદિ લતાઓથી યુકત ઉદ્યાન, ગુફા (જમીનમાંની ગુફા) આકર—લોઢા વગેરેની ખાણ, પર્વતની ગુફા, લુહાર વગેરેની શાળા-કોઢ, ઉપવન, રથ આદિ રાખવાનું સ્થાન, ઘરનો સામાન રાખવાની શાળા, મંડપ (વિશ્રામસ્થાન), સુનું ઘર શ્મશાન સામાન્યઘર, દુકાન—હાટ.

એ અઢાર ઉપરાંત ખેતરમાં બનાવેલો માંચો કે કુબો જે સચિત્ત માટી, શાલિ આદિનાં બીજ, ડાભ આદિ લીલી વનસ્પતિ તથા દ્વીન્દ્રિયાદિ ત્રસ જીવોથી રહિત હોય, ગૃહસ્થે પોતાના ઉપયોગને માટે બનાવેલા હોય, જીવથી વર્જિત હોય, નિર્દોષ હોય, એકાંત હોય, સ્ત્રી—પશુ—પંડકથી રહિત હોય, તથા એ કારણે સાધુઓ રહેવાને યોગ્ય હોય, તેમાં પણ સાધુ—સાધ્વીને રહેવું કલ્પે છે.

જે ઉપાશ્રય આધાકર્મી હોય, અર્થાત્ સાધુને માટે છકાયના જીવોની વિરાધનારૂપ ક્રિયાથી યુક્ત હોય, જેમાં પાણી છાંટવું પડે, સાવરણીથી કચરો વાળવો પડે, દીવાલ વગેરે ઉપર બાઝેલાં જાળાં દૂર કરી સફાઈ કરવી પડે, ડાભ વગેરે બિછાવવું પડે જેમાં પોતાંથી સફાઇ કરવી પડે, છાણ—માટીથી દર પૂરવાં પડે, સુંદરતાને માટે વારંવાર લીંપણ કરવાં પડે, શરદી દૂર કરવાને માટે આગ સળગાવી ગરમાવો કરવો પડે, અને ઘરનાં વાસણ—કૂસણ યા બીજો સામાન અહીંથી તહીં ફેરવવો પડે, તેમ જ જેમાં રહેવાથી અંદર—બહારના ભાગમાં સાધુને નિમિત્તે અસંયમની વૃદ્ધિ થાય એવા દોષયુક્ત ઉપાશ્રયમાં નિવાસ કરવો સાધુઓને કલ્પતો નથી. (સૂ૦૩૭)

## ગુર્વાજ્ઞયૈવ તપઃપ્રભૃતીનાં કર્ત્તવ્યતા ।

સાધુઓને જે તપસ્યા આદિ ક્રિયા કરવી હોય, તે ગુરુને પૂછીને કરવી જોઈએ, એ સૂચિત કરવાને કહે છે "कप्पइ" ઇત્યાદિ.

મૂલનો અર્થ—સાધુ—સાધ્વીને આચાર્ય, ઉપાધ્યાય, યાવત્ ગણાવચ્છેદક અથવા રત્નાધિક—પર્યાયજ્યેષ્ઠને પૂછીને અને એમની આજ્ઞા મેળવીને બાર પ્રકારના તપોમાંથી કોઇ પણ ઉદાર (પ્રધાન), કલ્યાણમય, શિવસ્વરૂપ, ધન્ય, માંગલિક, સશ્રીક, મહાપ્રભાવજનક, કષાયરૂપી કીચડનું પ્રક્ષાલન કરનાર, કર્મમળની વિશુદ્ધિ કરનાર તપને અંગીકાર કરીને વિચરવું કલ્પે છે; એજ રીતે અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યને લેવાં તથા તેમનો પરિભોગ કરવો કલ્પે છે; એ જ પ્રમાણે ઉચ્ચાર—પ્રસ્રવણ (મળ—મૂત્ર) નો ત્યાગ કરવો, સ્વાધ્યાય કરવો, કાયોત્સર્ગ કરવો, અથવા ધર્મ--જાગરણ કરવું તથા એ પ્રકારનાં બીજાં કોઇપણ કાર્ય આચાર્ય આદિની આજ્ઞાથી કરવું કલ્પે છે (સૂ૦૩૮)

ટીકાનો અર્થ—આચાર્ય, ઉપાધ્યાય યાવત્ ગણાવચ્છેદક યા રત્નાધિકમાંથી પૂર્વ—પૂર્વના અભાવે ઉત્તર—ઉત્તરને, અર્થાત્ આચાર્ય ન હોય તો ઉપાધ્યાયને, ઉપાધ્યાયને અભાવે ગણાવચ્છેદકને, અને ગણાવચ્છેદકને અભાવે રત્નાધિકને પૂછીને અને એમની આજ્ઞા પ્રાપ્ત કરીને અનશન આદિ બાર પ્રકારનાં તપશ્ચરણમાંથી કોઈ પણ તપ-કર્મનો સ્વીકાર કરીને સાધુ—સાધ્વીએ વિચરવું કલ્પે છે.

એ તપકર્મ કયા પ્રકારનું છે ? એ પ્રશ્નનો ઉત્તર આપે છે. તે ઉદાર અર્થાત્ સ્વર્ગ—મોક્ષના સુખની પ્રાપ્તિનું કારણ હોવાથી પ્રધાન, સિદ્ધિ—વિશેષરૂપ કલ્યાણનું જનક હોવાથી શુભ, બધા ઉપદ્રવોની ઉપશાન્તિનું

કારણ હોવાથી શિવરૂપ, તીર્થંકરો અને ગણધરોથી પ્રશંસિત હોવાથી પ્રશસ્ત, પાપોના ઉપશમરૂપ મંગળનું જનક હોવાથી મંગલમય, કેવળ જ્ઞાનરૂપી લક્ષ્મીનું જનક હોવાથી સશ્રીક, આમર્ષૌષધિ આદિ લબ્ધિઓરૂપ મહાન પ્રભાવનું જનક હોવાથી એ તપ મહાનુભાવ છે; તથા ક્રોધ, માન, માયા, લોભ, કષાયરૂપી કીચડને ધોનાર તથા કર્મમળને દૂર કરનાર છે

એ રીતે આચાર્યાદિને પૂછીને તથા એમની અનુમતિ લઈને અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય અહારને ગ્રહણ કરવો અને તેનો ઉપભોગ કરવો કલ્પે છે, તથા એ પ્રકારનું બીજું કોઇપણ કામ કરવું કલ્પે છે. આશય એ છે કે ગુરુની આજ્ઞા લઇનેજ બધાં કાર્યો કરવા જોઇએ. (સૂ૦૩૮)

## પત્રલેખાનાદિનિષેધઃ ।

સાધુઓએ પત્ર કદિ લખવોજ ન જોઇએ, એટલે એ બાબતમાં આચાર્યાદિને પૂછવાનો પ્રશ્નજ ઊઠતો નથી. અહીં પત્રલેખનનો નિષેધ કરતાં કહે છે—"नो कप्पइ" ઇત્યાદિ.

મૂળનો અર્થ—સાધુ-સાધ્વીઓને જાતે પત્ર લખવાનું કલ્પતું નથી. (સૂ૦૩૯)

ટીકાનો અર્થ—સાધુ-સાધ્વીઓને કોઇ સાધુ, સાધ્વી, શ્રાવક યા શ્રાવિકાને માટે અથવા સંઘને માટે પત્ર લખવો કલ્પતો નથી. (સૂ૦૩૯)

નિષેધનો પ્રસંગ હોવાથી બીજાં નિષિદ્ધ કાર્યો કહે છે—"नो कप्पइ" ઇત્યાદિ.

## પ્રશાન્તકલહાદીનાં પુનરૂત્પાદનાનિષેધઃ ।

મૂળનો અર્થ—સાધુ-સાધ્વીઓને નવો અનુત્પન્ન કલહ ઉત્પન્ન કરવો કલ્પતો નથી. તથા જે કલહ જૂનો થયો હોય, જેને માટે ક્ષમાપના થઈ ચુકી હોય અને જે શાંત થઇ ગયો હોય તેની ઉદીરણા કરવી કલ્પતી નથી. (સૂ૦૪૦)

ટીકાનો અર્થ—જે જીવને નરક અને નિગોદ આદિના અનંત જન્મ-જરા-મરણનાં દુઃખોનો અધિકારી બનાવે છે તે વાચનિક કલહ આદિ અધિકરણ કહેવાય છે. જે અધિકરણ ઉત્પન્ન થયું નથી તેને નવેસરથી ઉત્પન્ન કરવું સાધુ--સાધ્વીને કલ્પતું નથી. તથા જે અધિકરણ જૂનું થઇ ચુકયું છે, જેને માટે પરસ્પર ક્ષમાની આપ-લે થઈ ચુકી છે અને તે કારણથી જે શાન્ત થઇ ગયું છે, તેને ફરી ઉત્પન્ન કરવું કલ્પતું નથી. (સૂ૦૪૦)

## યથારાત્રિકં ક્ષમાપણાદીનાં કર્ત્તવ્યતા કથનમ્ ।

પાછલા સૂત્રમાં 'खामिय' પદ આવ્યું છે. સાધુ-સાધ્વીઓએ પર્યાયજયેષ્ઠતાને અનુસરી ક્ષમાયાચના કરવી જોઇએ, એ સૂચિત કરવાને સૂત્રકાર કહે છે—"कप्पइ" ઇત્યાદિ.

મૂળનો અર્થ—સાધુ-સાધ્વીઓએ યથારાત્નિક અર્થાત્ નાના—મોટાના ક્રમાનુસાર ખમતખામણાં કરવાં જોઇએ. (સૂ૦૪૧)

ટીકાનો અર્થ—સાધુ-સાધ્વીઓએ સંયમ-પર્યાયની જયેષ્ઠતાને અનુસરી બીજાના કરાયેલા અપરાધોને ક્ષમા આપવી જોઇએ, અર્થાત્ હૃદયમાંથી દૂર કરવા જોઇએ, તથા પોતાથી થયેલા અપરાધોને માટે ક્ષમા યાચના કરવી જોઇએ, બીજાના હૃદયમાંથી દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. (સૂ૦૪૧)

## કલહોપશમકાદીનાં સાધૂનામારાધકત્વ નિરૂપણમ્ ।

જે સાધુ ઉત્પન્ન થયેલા કલહને પોતે શાન્ત કરે છે અને બીજાઓ વડે શાન્ત કરાવે છે, પોતે ક્ષમા કરે છે અને બીજાઓની ક્ષમા યાચના કરે છે, તે આરાધક બને છે, એ સૂચિત કરવાને કહે છે—"कप्पइ" ઇત્યાદિ.

મૂળનો અર્થ—ઉપશમ-કષાયોની મંદતા-જ સાધુત્વનો સાર છે. તેથી સાધુઓએ તથા સાધ્વીઓએ પરસ્પરના કલહને શાંત કરવો જોઇએ, તથા શાંત કરાવવો જોઇએ, ક્ષમા કરવી જોઇએ. અને ક્ષમા કરાવવી જોઇએ. જે ઉપશાન્ત કરે છે તે આરાધક બને છે, જે ઉપશાંત કરતો નથી તે આરાધક બનતો નથી. (સૂ૦૪૨)

ટીકાનો અર્થ—શ્રામણ્ય અર્થાત્ ચારિત્રમાં ઉપશમ જ પ્રધાન છે. એ તથ્ય મનમાં રાખીને સાધુ-સાધ્વીઓને અધિકરણને પરસ્પરમાં પોતે શાંત કરવું અને બીજાઓથી શાંત કરાવવું, પોતે ક્ષમા કરવી અને બીજાઓથી ક્ષમા કરાવવી કલ્પે છે. સૂત્રકાર તેનું કારણ બતાવે છે–જે શ્રમણ ઉત્પન્ન થએલા કલહને શાંત કરે છે, તે આરાધક થાય છે. અને જે શાંત નથી કરતો તે આરાધક થતો નથી અર્થાત્ વિરાધક થાય છે. (સૂ૦૪૨)

હવે કલ્પનો ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે—

મૂળનો અર્થ—આ સ્થવિર કલ્પને, સૂત્રને અનુસાર, કલ્પને અનુસાર, માર્ગને અનુસાર, તત્ત્વને અનુસાર, સમભાવપૂર્વક શરીરને સ્પર્શ કરીને, પાલન કરીને, શોધન કરીને, પાર કરીને, એની પ્રશંસા કરીને આરાધના કરીને તથા જિન ભગવાનના આદેશને અનુસરી ક્રમે કરી પાલન કરી સાધુ અને સાધ્વી કેટલાક આ ભવમાં, કેટલાક બીજા ભવમાં, કેટલાક ત્રીજા ભવમાં સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણુ પામે છે, અને બધાં દુઃખોનો અંત કરે છે. સાત આઠ ભવોનું ઉલ્લંઘન તો કરતા જ નથી. શાશ્વત સિદ્ધ થાય છે. (સૂ૦૪૩)

ટીકાનો અર્થ—આ સ્થવિર કલ્પને સૂત્રોક્ત વિધિને અનુસાર, કલ્પને અનુસાર, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને અનુસાર યા ક્ષયોપશમભાવને અનુસાર, તત્ત્વને અનુસાર યા સત્યને અનુસાર, સમભાવપૂર્વક, સમ્યક પ્રકારે, કર્મનિર્જરાની ભાવનાથી, કેવળ અભિલાષા કરીને જ નહિ પરંતુ ઉચિત અવસરે વિધિપૂર્વક શરીરથી સ્પર્શ કરીને, વારંવાર ઉપયોગ સાથે તત્પરતાપૂર્વક પાલન કરીને, અતિચારરૂપી કાદવના પ્રક્ષાલન રૂપ શુદ્ધિ કરીને, યાવજ્જીવન પૂર્ણતા પર પહોંચાડીને, તથા "આ સ્થવિરકલ્પ જિનેંદ્રકથિત છે, ભવ-દુઃખોને હરણુ કરનાર છે, મોક્ષનાં સુખોનો કર્તા છે' ઇત્યાદિ રૂપે એની પ્રશંસા કરીને, આરાધના કરીને, જિનદેવની આજ્ઞાનુસાર ક્રમે કરીને પાલન કરીને કેટલાક સાધુ યા સાધ્વી '**सिध्यति**'—આ ભવમાં સિદ્ધ-કૃતકૃત્ય થઇ જાય છે, '**बुध्यते**' નિર્મળ કેવળ જ્ઞાનથી સમસ્ત પદાર્થ ને જાણુવા લાગે છે, '**मुच्यते**'—બધાં કર્મોથી મુક્ત થઇ જાય છે, '**परिनिर्वाति**' કર્મજનિત સમસ્ત વિકારોથી રહિત થઈ જવાને કારણે આત્મસ્વરૂપમાં સ્થિત થઇ જાય છે, '**सर्वदुःखानामन्तं करोति**' સંપૂર્ણ શારીરિક અને માનસિક કલેશોનો અંત કરે છે, અર્થાત્ અવ્યાબાધ સુખના ભાગી થાય છે અને શાશ્વત સિદ્ધ થાય છે. કેટલાક બીજા ભવમાં શાશ્વત સિદ્ધ થાય છે, અને કેટલાક ત્રીજા ભવમાં શાશ્વત સિદ્ધ થાય છે. આ સ્થવિર કલ્પનો કોઈ આરાધક સાત આઠ ભવનું ઉલ્લંઘન તો કરતો જ નથી, અર્થાત સાત-આઠ ભવમાં તો અવશ્ય આ સ્થવિરકલ્પના બધા આરાધકોને મુક્તિ પ્રાપ્ત થઈ જાય છે. (સૂ૦૪૩)

ઇતિ સ્થવિર-કલ્પ સંપૂર્ણ.

(ઇતિ પ્રથમ વાચના)

**નયસારાદિ છવ્વીસ ભવોની કથા.**

**મંગલાચરણનો અર્થ--સંસાર-સાગરમાં ડૂબતા જીવોનું રક્ષણ કરવામાં અસાધારણ રીતે સમર્થ, પોતાના મુખરૂપી ચંદ્રમાથી (ભવ્ય જીવોના) હૃદયમાં પેસેલા અંધકારને નષ્ટ કરનાર, દેવો તથા માનવો દ્વારા સદૈવ વંદનીય, સકળ ગુણોના નિધાન એવા શ્રી વર્ધમાન ભગવાનને હું નમસ્કાર કરૂં છું. (૧)**

ટીકાનો અર્થ—વિઘ્નોનો વિનાશ કરવા માટે પોતાના ઇષ્ટદેવને નમસ્કારરૂપ જે મંગળ કરવામાં આવ્યું છે, તે શિષ્યોને 'ગ્રંથના આદિમાં મંગલાચરણ કરવું જોઇએ' એ શિખવવા માટે શબ્દરૂપે નિબદ્ધ કરવામાં આવે છે.

દુસ્તર હોવાને કારણે સંસાર સમુદ્રના જેવો છે, એમાં ડૂબતા જીવોનું રક્ષણ કરવામાં અસાધારણ નિપુણ, પોતાના મુખરૂપી ચંદ્રમાનાં કિરણોથી ભવ્ય જીવોના હૃદયમાં રહેલા અંધકારના સમૂહને નષ્ટ કરનાર, અર્થાત્ અનાદિ કાળના મિથ્યાત્વ-તિમિરનો અંત કરનાર, દેવો, મનુષ્યો તથા મુનિઓને માટે સદા વંદનીય-સ્તવનીય, સર્વ ગુણોના નિધાન અને ત્રણે લોકોમાં પ્રસિદ્ધ શ્રી વર્ધમાન નામે ચરમ તીર્થંકરને હું મુનિ ઘાસીલાલ નમસ્કાર કરૂં છું. (૧)

ભગવાનના ચરિત્રનું માહાત્મ્ય—સમસ્ત પાપરૂપી અટવી (વન) ને માટે દાવાનળ સમાન, વિશાળ-ઉદાત્ત ભાવોથી પરિપૂર્ણ, આનંદરૂપ વૃક્ષના મૂળ, બધાં સુખ—સંપત્તિની વૃષ્ટિ કરનાર, બધાં કર્મરૂપ ઇંધણાંને માટે પ્રચંડ અગ્નિ સમાન; (૨)

ચિન્તામણિની પેઠે સર્વ મનોવાંછિતને પૂર્ણ કરનાર, મોક્ષમાર્ગમાં અદ્વિતીય અને મહાન્ સહાયક, ઘોર મિથ્યાત્વરૂપી ગાઢ અંધકારનો નાશ કરનાર, કષાયાદિ આંતરિક મેલ-વિકારને દૂર કરનાર; (૩)

અંતઃકરણમાં પ્રશસ્ત ધ્યાનની વૃદ્ધિ કરનાર, મહા-અટવીથી આરંભ થનાર, મહાપ્રભુ ત્રિશલાનંદનના નયસાર ભવથી આરંભ થનાર ચરિત્રનું વર્ણન કરૂં છું. (૪)

ટીકાનો અર્થ-ભગવાનના ચરિત્રનો મહિમા—ત્રિશલાસુત ભગવાન મહાવીરનું આ ચરિત્ર પ્રાણાતિપાતાદિ અઢાર પ્રકારનાં પાપરૂપી અટવીને ભસ્મ કરવામાં દાવાનળ સમાન છે. વિશાળ અર્થાત્ જ્ઞાનાદિ ગુણોથી શ્રેષ્ઠ છે. સ્વર્ગ અને મોક્ષના સુખરૂપી વૃક્ષનું મૂળ છે. પઠન-પાઠન-શ્રવણ-મનન કરનાર પ્રાણીઓના ઇહલોક-પરલોક સંબંધી સુખ તથા સંપત્તિનું વર્ધક છે. જ્ઞાનાવરણ આદિ સર્વકર્મરૂપી ઇંધનને ભસ્મીભૂત કરવા માટે પ્રચંડ અગ્નિ સમાન છે. (૨).

ચિંતામણિની પેઠે અભીષ્ટ વસ્તુઓની પૂર્તિ કરનાર છે, મોક્ષમાર્ગમાં સર્વોત્તમ સહાયક છે. ગાઢ મિથ્યાત્વરૂપી ઘોર અંધતાનું વિનાશક છે. આત્માના ગુણોમાં મલિનતા ઉત્પન્ન કરવાને કારણે મળરૂપ ક્રોધ-માન-માયા લોભ-કષાય તથા અવિરતિ અને પ્રમાદાદિને અપહરણ કરનાર છે. (૩)

અંતઃકરણમાં પ્રશસ્ત ધ્યાનની વિશેષરૂપે વૃદ્ધિ કરનાર, ત્રિશલાનંદન શ્રી મહાવીર ભગવાનના નયસારના જન્મથી પ્રસિદ્ધિમાં આવેલા સત્તાવીસ ભવ-સંબંધી ઉત્કૃષ્ટ ચરિત્રનું હું વર્ણન કરુ છું (૪)

(જો કે દરેક આત્મા અનાદિ કાળથી ભવભ્રમણ કરી રહ્યો છે અને અનંત-અનંત ભવ કરી ચૂકેલો છે; તે પ્રમાણે ભગવાન મહાવીરના જીવે પણ અનાદિ કાળમાં અનંત ભવો કરેલા છે, તો પણ) અંતિમ તીર્થંકરે નયસાર ભવમાં જિનેન્દ્ર ભગવાન્ દ્વારા કહેલા તત્ત્વ-સમકિત-ની પ્રાપ્તિ કરી હતી. એટલે નયસારના ભવથી આરંભ કરીને જ એ ચરિત્રની રચના કરૂં છુ. (૫)

ટીકાનો અર્થ-ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરે નયસાર નામના કોટવાળના જન્મમાં જિનભાષિત તત્વ-સમ્યક્ત્વ-ને પ્રાપ્ત કર્યું હતું. એ કારણે ભગવાનનું ચરિત્ર નયસારના ભવથી જ પ્રસિદ્ધિમાં આવ્યું છે. એટલે હું ઘાસીલાલ વ્રતી આ ચરિત્રની રચના કરૂં છું. (૫)

આ રીતે ગ્રંથકાર સ્વરચિત શ્લોકોથી મંગલાચરણ કરીને હવે ગુરુ-પરંપરાગત મંગલનું આચરણ કરે છે: '**नमो अरिहंताणं**' ઇત્યાદિ.

મૂળનો અર્થ—અરિહંતોને નમસ્કાર હો, સિદ્ધોને નમસ્કાર હો, આચાર્યોને નમસ્કાર હો, ઉપાધ્યાયોને નમસ્કાર હો, અને લોકમાં વિદ્યમાન બધા સાધુઓને નમસ્કાર હો.

આ પાંચ નમસ્કાર સર્વ પાપોનો વિનાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રધાન મંગલ છે. (૧)

ટીકાનો અર્થ—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયરૂપ ચાર ઘાતિકર્મરૂપી શત્રુઓને હણનાર અરિહંત કહેવાય છે, એમને નમસ્કાર હો. '**नमः**' શબ્દનો અર્થ સંકોચપૂર્વક નમસ્કાર કરવું છે. એટલે દ્રવ્યથી હાથ-પગ વગેરે પાંચે અંગોનો સંકોચ કરીને તથા ભાવથી માન આદિનો સંકોચ-ત્યાગ કરીને શુદ્ધ મનના સંનિવેશ સાથે નમસ્કાર હો. એવો અર્થ થાય છે.

સિદ્ધ કરવા યોગ્ય બધાં કાર્યોને સિદ્ધ કરી ચુકનાર સિદ્ધ કહેવાય છે, તેમને નમસ્કાર હો. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચારને સ્વયં પાળનાર અને પોતાના શિષ્યો પાસે પળાવનાર આચાર્યોને નમસ્કાર હો. જેમની સમીપે આવીને શિષ્યો અધ્યયન કરે છે, એ ઉપાધ્યાયોને નમસ્કાર હો. અઢીદ્વીપરૂપ લોકમાં નિર્વાણ-સાધક યોગોની સાધના કરનાર સાધુઓને નમસ્કાર હો.

અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય, અને સર્વ સાધુ-એ પાંચ પરમેષ્ઠીઓને કરેલા અનંતરોક્ત નમસ્કાર સર્વ-જ્ઞાનાવરણીયાદિ આઠે-કર્મનો વિનાશ કરનાર છે, અને સર્વ દ્રવ્યમંગલો તથા ભાવમંગલોમાં મુખ્ય મંગલ છે. (૧)

## ઉપોદ્ઘાતઃ ।

ભગવાન વર્દ્ધમાન સ્વામીના સત્તાવીસ ભવોનું વર્ણન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર ઉપોદ્ઘાતસહિત પ્રથમ સૂત્રનો પ્રારંભ કરે છે-

મૂળનો અર્થ—દશાશ્રુતસ્કંધ શાસ્ત્રના સાતમા અધ્યયનમાં ભિક્ષુઓની બાર પ્રતિમાઓનું વર્ણન કરેલું છે. પ્રતિમાઓની સમાપ્તિ પછી વર્ષાકાળ આવે છે. વર્ષાકાળ વ્યતીત કરવાને મુનિઓને વસવા યોગ્ય ક્ષેત્રનું અન્વેષણ (શોધન) કરવું જોઇએ. ઉચિત ક્ષેત્ર મેળવીને ચાર માસનો પૂરો વર્ષાકાળ મુનિજનોએ તેમાં વ્યતીત કરવો જોઇએ.

એ વર્ષાકાળના ચાર માસના પ્રારંભના દિવસથી એક માસ અને વીસ દિવસ વીત્યા પછી સુદી પાંચમને દિવસે સંવત્સરી પર્વની આરાધના કરવાની હોય છે. ત્યાર પછી સિત્તેર રાત્રિ-દિન વીત્યા બાદ વર્ષાવાસ સમાપ્ત થાય છે. એક દિવસ સંવત્સરી પર્વનો અને સાત દિવસ તેની પહેલાંના, એમ આઠ દિવસ થાય છે. એ આઠ દિવસ પર્યુષણાપર્વ કહેવાય છે.

આ પર્યુષણાપર્વના આઠ દિવસમાં મુનિ અંતકૃતદશાંગનું વાચન કરે છે અને ભગવાન શ્રી વર્ધમાન સ્વામીનું ચરિત્ર પણ સંભળાવે છે. આ રીતે પૂર્વોકત સાતમા અધ્યયનની સાથે એનો સંબંધ છે.

પર્યુષણા નામના આ આઠમા અધ્યયનમાં શ્રમણ ભગવાન મહાવીરના હસ્તોત્તરા (ઉત્તરફાલ્ગુની) માં થએલા ચ્યવન વગેરે પાંચે કલ્યાણો કથિત છે. પ્રજ્ઞાપિત, પ્રરૂપિત, દર્શિત, નિદર્શિત અને ઉપદર્શિત છે. એને માટે સૂત્ર આ છે-"**तेणं कालेणं**" ઇત્યાદિ.

"એ કાળે અને એ સમયે શ્રમણ ભગવાન મહાવીરનાં પાંચ (કલ્યાણો) ઉત્તરફાલ્ગુનીમાં થયાં. તે આ પ્રમાણે:-(૧) ભગવાને ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં ચ્યવન કરીને ગર્ભમાં પ્રવેશ કર્યો. (૨) ઉત્તરફાલ્ગુનીમાં ગર્ભાંતરમાં સંહરણ થયું. (૩) ઉત્તરફાલ્ગુનીમાં જન્મ થયો. (૪) ઉત્તરફાલ્ગુનીમાં મુંડિત થઇ ગૃહ ત્યજી દીક્ષા ધારણ કરી. (૫) ઉત્તરફાલ્ગુનીમાં અનુત્તર, અપ્રતિહત, નિરાવરણ, સંપૂર્ણ અને અનંત કેવલ જ્ઞાન, કેવલ દર્શનની પ્રાપ્તિ થઈ. સ્વાતિનક્ષત્રમાં ભગવાનને પરિનિર્વાણની પ્રાપ્તિ થઈ યાવત્ પુનઃ પુનઃ ગૌતમ સ્વામીએ બતાવ્યું છે. (સુ૦૧)

ટીકાનો અર્થ—"**दसासुयक्खंधस्स**" ઈત્યાદિ સૂત્રની વ્યાખ્યા સુગમ છે. કેવળ સામાન્યરૂપે યા વિશેષરૂપે કહેવું આખ્યાપિત છે. એકવચન, બહુવચન, આદિના ભેદે અથવા મહાવીર, વર્ધમાન, શ્રમણ આદિ નામોના ભેદે કરીને ભવ્ય જીવોને જે સમજાવવું તે પ્રજ્ઞાપિત છે. સ્વરૂપકથન-પૂર્વક જે વિવેચન કરવું તે પ્રરૂપિત છે. ઉપમાન—ઉપમેય-ભાવ આદિથી જે પ્રકટ કરવું તે દર્શિત છે. સ્વાનુકંપાથી અને પરાનુકંપાથી અથવા ભવ્ય જીવોના કલ્યાણની અપેક્ષા રાખીને જે હેતુ તથા દૃષ્ટાંતાદિથી પુનઃ પુનઃ પ્રકટ કરવું તે નિદર્શિત છે. ઉપનય અને નિગમનથી અથવા બધા નયોની અપેક્ષાથી જે ભવ્ય જીવોની બુદ્ધિમાં અસંદિગ્ધરૂપે જમાવી દેવું તે ઉપદર્શિત છે.

જે દિવસે ચાતુર્માસને માટે આવેલા મુનિઓ સાંજે ચાતુર્માસિક પ્રતિક્રમણ કરતા હોય, તે ચાતુર્માસિક દિવસ કહેવાય છે. તે દિવસ આષાઢી પૂર્ણિમાનો હોય છે. એ ચાતુર્માસિક દિવસ અર્થાત્ આષાઢી પૂર્ણિમાના સાંજના પ્રતિક્રમણ કાલથી આરંભીને એક માસ ને વીસ દિવસ વીતતાં-પચાસ દિવસ વીતી જતાં અર્થાત્ પચાસમે દિવસે, અને જો તિથિનો ક્ષય થાય તો ઓગણપચાસમે દિવસે, સુદી પાંચમે સંવત્સરીપર્વની આરાધના કરવી જોઇએ. અહીં એટલું ધ્યાનમાં રાખવું કે તિથિનો ક્ષય થવા છતાં પણ પચાસ દિવસનો વ્યવહાર લોકાનુરોધથી થાય છે.

"**जओ णं'ति**"—એ સુદી પાંચમના સાંજના પ્રતિક્રમણ સમયથી આરંભીને સિત્તેર દિવસ પૂરા થતાં વર્ષા-

વાસ સમાપ્ત થાય છે. ભગવાને પણ એમ જ કર્યું હતું. 'સમવાયાંગ' સૂત્રમાં કહ્યું છેઃ

**"समणे भगवं महावीरे वासावासाणं सवीसइराए मासे वइक्कंते सत्तरिएहिं राइंदिएहिं सेसेहिं वासावासं पज्जोसवेइ" इति.**

શ્રમણ ભગવાન મહાવીરે વીસ દિવસ સહિત એક માસ વીતતાં અને વર્ષાવાસના સિત્તેર દિવસ શેષ રહેતાં પર્યુષણ કર્યાં. તેમાં સંવત્સરીનો એક દિવસ અને સાત એની પહેલાંના દિવસ મળીને આઠ દિવસ થાય છે. એ આઠ દિવસનો કાળ પર્યુષણાપર્વ કહેવાય છે.

શંકા—જો અભિવર્ધિત સંવત્સરમાં, વર્ષાવાસમાં શ્રાવણ આદિ અધિક માસ આવે તો વર્ષાવાસ ૧૫૦ દિવસનો થાય છે. એવી સ્થિતિમાં વર્ષાવાસથી પચાસમે દિવસે સંવત્સરી પર્વ અને સિત્તેર દિવસ પછી વર્ષાવાસની સમાપ્તિ કેવી રીતે બંધ બેસે છે?

સમાધાન—એમ થતું હોય તો ભલે થાય, એથી આપણું શું બગડવાનું છે! સંવત્સરી પર્વની તો ભગવાનની આજ્ઞા મુજબ પચાસમે દિને જ આરાધના કરવી જોઈએ.

વસ્તુતઃ જૈનપરંપરામાં વર્ષાવાસમાં અધિક માસનો સ્વીકાર કરવામાં આવતો નથી. યુગની મધ્યમાં પૌષ અને યુગના અંતમાં અષાઢ જ અધિક માસ રૂપે આવતા જાણીતા છે. એમ ન હોત તો ભગવાને એ વિષયમાં વિધિ યા નિષેધ રૂપે કાંઈ ને કાંઇ કહ્યું હોત. લૌકિક વ્યવહારનું અનુસરણ કરીને જ મુનિ વર્ષાવાસમાં અધિક માસ આવતાં પણ કાતિકી પૂર્ણિમાને દિવસ વર્ષાવાસ સમાપ્ત કરે છે. એ જીતવ્યવહાર છે.

"**तेणं कालेणं**" ઇત્યાદિ—હીયમાન સ્વરૂપવાળા ચોથા આરામાં શ્રમણ ભગવાન મહાવીરનાં પાંચ ઉત્તર ફાલ્ગુની થયાં, અર્થાત્ પાંચ કલ્યાણ ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં થયાં, તે આ પ્રમાણેઃ-હસ્તોત્તરા અર્થાત્ ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં ભગવાનનું ચ્યવન થયું, અર્થાત્ બાવીસ સાગરોપમના સ્વર્ગના આયુનો ઉપભોગ કરીને દશમા પ્રાણુત દેવલોકથી ચ્યવન કરીને અષાઢ સુદ છઠને દિવસે ગર્ભમાં પધાર્યા ૧. ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં જ ત્યાસીમે દિવસે આસો વદ તેરસે દેવાનંદાના ગર્ભમાંથી બીજા ગર્ભમાં–માતા ત્રિશલાના ગર્ભમાં દેવે સંહરણ કર્યું ૨. ઉત્તર-ફાલ્ગુની નક્ષત્રમાં જ ચત્ર સુદી તેરસે જન્મ થયો ૩. ઉત્તરફાલ્ગુનીમાં જ મુંડિત થઈ ગૃહત્યાગ કરી માગસર વદી દશમે મુનિદીક્ષા અંગીકાર કરી ૪. ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં જ અનંત—અસીમ, સર્વોત્કૃષ્ટ, વ્યાઘાતરહિત કટ (ચટાઇ), કુટ (ઘટ) અને કુડ્ય (દીવાલ) વગેરેથી નિરુદ્ધ ન થનારું, આવરણરહિત, અર્થાત્ સંપૂર્ણરૂપે ભાસમાન, સંપૂર્ણ અને સર્વવ્યાપી કેવલ વર જ્ઞાન અને દર્શન વૈશાખ સુદ દશમે પ્રાપ્ત થયું. (૫) કેવલ–"**केवल**" નામથી પ્રસિદ્ધ, અથવા 'કેવલ' નો અર્થ છે 'એક માત્ર', જેની સાથે બીજું કોઇ જ્ઞાન હોય નહિ, તથા 'વર' નો અર્થ છે મતિ-શ્રુત આદિ બીજાં જ્ઞાનોની અપેક્ષાએ શ્રેષ્ઠ. કેવલ દર્શનની વ્યાખ્યા પણ એ જ પ્રમાણે સમજવી.

ભગવાનનું નિર્વાણ સ્વાતિ નક્ષત્રમાં કાર્તિકી અમાસે થયું. મૂળમાં જે **यावत्** શબ્દ છે, તેથી ભગવાનનાં વિહાર આદિ ગ્રહણ કરવાં. એ કથન ગૌતમ સ્વામીએ પુનઃ પુનઃ કર્યું. '**त्ति बेमि**' સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે—હે જંબૂ! જેવું મેં સાંભળ્યું છે તેવું જ તને કહું છું. (સૂ૦૧)

એ વિષય સૂત્રકાર સૂચિત કરે છે—'एएण सुत्तेण' ઇત્યાદિ.

મૂળનો અર્થ—આ સૂત્રથી ભગવાન શ્રી વર્દ્ધમાન સ્વામીનું સમસ્ત, નિરવશેષ, કૃત્સ્ન અને પરિપૂર્ણ ચરિત્ર જાણી લેવું. તે આ પ્રકારે—

(૧) પ્રથમ હસ્તોત્તરા (ઉત્તરફાલ્ગુની)થી દેવલોકથી ગર્ભવાસમાં આગમન અને ગર્ભનું પાલન-પોષણ આદિ.

(૨) બીજી હસ્તોત્તરાથી ઇંદ્રદ્વારા કરાયેલું ગર્ભસંહરણ આદિ.

(૩) ત્રીજી હસ્તોત્તરાથી ઇંદ્રકૃત જન્મમહોત્સવ તથા બાલક્રીડા આદિ.

(૪) ચોથી હસ્તોત્તરાથી દીક્ષા સુધીનું જીવનવૃત્તાંત.

(૫) પાંચમી હસ્તોત્તરાથી શ્રમણ-પર્યાયનું વર્ણન, કેવલ જ્ઞાનની ઉત્પત્તિ અને વિહાર ચર્યા આદિ.

'साइणा परिणिव्वुए'—અર્થાત્ સ્વાતિનક્ષત્રમાં મોક્ષે પધાર્યા, એથી કેવલ જ્ઞાન પછી મોક્ષગમન સુધીનું બધું ચરિત્ર વર્ણિત થાય છે. (સૂ૦૨)

ટીકાનો અર્થ—વ્યાખ્યા સરલ છે. (સૂ૦૨)

મૂળનો અર્થ—'एएण संखेवओ' ઇત્યાદિ આ પૂર્વોક્ત કથનથી ભગવાન શ્રી વર્ધમાન સ્વામીનું સમસ્ત જીવન-ચરિત્ર સંક્ષેપમાં વર્ણિત થાય છે. ભગવાન મહાવીર તીર્થંકર હતા, એટલે ભગવાને તીર્થંકર-નામ-ગોત્રકર્મનો બંધ કયા કારણથી કર્યો અને કેવે પ્રકારે ભવ-ભવાંતરમાં ભ્રમણ કર્યું, એ વૃત્તાંતથી સંબંધિત અનેક પ્રકારની કથાઓ કર્મની વિચિત્રતાને પ્રદર્શિત કરે છે. એથી, મુશ્કેલીથી પાર પામવા યોગ્ય સંસારરૂપી અરણ્યની પાર જવાની ઈચ્છા રાખનારે, 'શ્રદ્ધા જ જેનું ધન છે' એવા શ્રાવકાદિએ આંતરિક મળનું પ્રક્ષાળન કરવાને જરૂર આ કથાઓનું શ્રવણ કરવું જોઈએ આ કારણથી અસીમ અનુકંપાના સાગર ભગવાનનું, સમ્યક્ત્વ-પ્રાપ્તિનું તથા મુક્તિસોપાન પર આરૂઢ થવા આદિનું વૃત્તાંત-ચરિત્ર વિસ્તારપૂર્વક નિરૂપણ કરવામાં આવે છે. (સૂ૦૩)

ટીકાનો અર્થ-વ્યાખ્યા સ્પષ્ટ છે. (સૂ૦૩)

નયસારકથા ।

## નયસારની કથા

મૂળનો અર્થ—મધ્ય જંબૂદ્વીપ નામના દ્વીપમાં, નરરત્નોના ગૃહરૂપ, પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રને પ્રકાશિત કરનાર મહાવપ્ર નામના વિજયમાં આ પૃથ્વીની વિજયવૈજન્તી—જયપતાકાના જેવી જયન્તી નામની નગરી છે. એ નગરીમા પોતાના પ્રબલ બાહુબલથી શત્રુઓના સમૂહને નષ્ટ કરનાર, શૂર પુરુષોમાં શિરોમણિ, પોતાના જ પરાક્રમથી

રક્ષિત, વિરોધી રાજાઓને નમ્ર બનાવનાર, વાસુદેવની પેઠે મહાવૈભવથી સંપન્ન, 'પૃથિવી છે જેનું ધન' એવા, યથાર્થ નામવાળો શત્રુમર્દન નામનો રાજા પૃથિવીનું શાસન કરતો હતો. શત્રુમર્દન રાજાથી શાસિત પૃથ્વીપ્રતિષ્ઠ નામના નગરમાં, સ્વામીની (રાજાની) સેવામાં તત્પર નયસાર નામનો કોટવાળ (નગરરક્ષક) રહેતો હતો. તે વિષની પેઠે બીજાના અપકાર અને દોષદર્શનથી વિમુખ રહેતો હતો; દર્પણ જેમ પ્રતિબિંબનું ગ્રહણ કરે છે તેમ બીજાના ગુણોનું ગ્રહણ કરવામાં તે ઉન્મુખ હતો, વિવેકી જનોમાં ઉત્તમ હતો, જેમ હંસ પાણીમાંથી દૂધને જુદું પાડી લે છે તેમ તે પણ દોષોમાંથી ગુણ ગ્રહણ કરતો હતો.

નયસાર એકવાર રાજાના આદેશને જરાએ કલેશ વિના શિરે ધારણ કરીને, વનભૂમિનું રખવાળું કરવાને પથિકોનું સહાયક એવું પાથેય (ભાતું) લઈને તથા સહાયતા કરવામાં ઉપયોગી એવા કેટલાક પુરુષોને સાથે લઈને, બળવાન બળદો જોડેલા રથ પર સવાર થઈને ગહન વનમાં જઈ પહોચ્યો. (સૂ૦૪)

ટીકાનો અર્થ—જે ક્ષેત્રમાં મહાન્ ગુણો અને સંખ્યાની દૃષ્ટિથી ઉત્તમ પુરુષ નિરંતર વિદેહ અર્થાત્ મુક્ત થાય છે, તે ક્ષેત્ર મહાવિદેહ કહેવાય છે. મધ્ય જંબૂદ્વીપ નામના દ્વીપની પશ્ચિમ દિશાએ આવેલા મહાવિદેહ ક્ષેત્રને પોતાના મણિમય પ્રાસાદો આદિથી સુશોભિત કરનાર મહાવપ્ર નામનો એક વિજય છે. તે જંબૂમંદર પર્વતની પશ્ચિમમાં અને શીતોદા મહાનદીની ઉત્તરમાં ત્રીજો વિજય છે. એ મહાવપ્ર વિજયમાં પૃથ્વીની વિજયપતાકા જેવી જયન્તી નામની નગરી છે.

જયન્તી નગરીમાં શત્રુમર્દન નામનો રાજા હતો. તેણે પોતાની ભુજાના બળથી શત્રુ-સમૂહનો નાશ કર્યો હતો. તે યોદ્ધાઓમાં શ્રેષ્ઠ હતો, અથવા રણમાં નિપુણ હતો. તે પોતાના જ પરાક્રમના પ્રભાવે કરી રક્ષિત હતો. તેણે પોતાના વિરોધી રાજાઓને નમાવ્યા હતા, અર્થાત્ તેમને પોતાને અધીન કરી લીધા હતા. તે વાસુદેવની જેમ વિશાળ વૈભવથી વિભૂષિત હતો. તે નામ પ્રમાણે ગુણવાળો હતો. ભૂ એટલે ભૂમિ જેનું ધન છે એવો ભૂધન તે શત્રુમર્દન રાજા જયન્તી નગરીમાં પૃથ્વીનું પાલન કરતો હતો.

શત્રુમર્દન રાજાના અધિકાર હેઠળના પૃથ્વીપ્રતિષ્ઠ નામે નગરમાં, રાજાની સેવામાં તત્પર એવો નયસાર નામે એક કોટવાળ અર્થાત્ નગરરક્ષક હતો. તે બીજાઓનો અપકાર કરવામાં તથા દોષોને ગ્રહણ કરવામાં એવો વિમુખ હતો કે જેમ લોકો વિષથી વિમુખ રહે છે. જેમ દર્પણ બીજાના પ્રતિબિંબને ગ્રહણ કરે છે, તેમ તે પરાયા ગુણોને ગ્રહણ કરવામાં ઉન્મુખ રહેતો હતો. વિવેકી જનોમાં તે ઉત્તમ હતો. જેમ હંસ દૂધમાં મળેલા પાણીમાંથી દૂધને જુદું કરી લે છે અને પાણીને છોડી દે છે, તેમ નયસાર દોષોમાંથી પણ ગુણો ગ્રહણ કરી લેતો હતો.

એક વાર નયસારે, રાજા શત્રુમર્દનના વનની દેખરેખરૂપ આદેશને આદરપૂર્વક સ્વીકારીને, પ્રવાસીઓને માટે સહાયક એવું ભાતું સાથે રાખીને અને સહાયતા કરવામાં અતિસમર્થ એવા થોડા પુરુષોને લઈને, બળવાન બળદ જોડેલા રથમાં સવાર થઈને વનભૂમિની દેખરેખને માટે ગહન વનમાં પ્રવેશ કર્યો, (સૂ૦૪)

મૂળનો અર્થ—'तए णं सघण' ઇત્યાદિ. ત્યાર પછી ગાઢ વનનું નિરીક્ષણ કરતાં કરતાં બપોર થઈ ગઇ. નયસારને ભૂખ સતાવી રહી. બળતી આગની પેઠે પ્રચંડ સૂર્ય તેજથી તપી રહ્યો હતો. એવે સમયે વનભૂમિમાં અહીં-તહીં ફરતાં ફરતાં નયસારને સુભાગ્યે એક મુનિ દૃષ્ટિએ પડયા. તે તપ તપી રહ્યા હતાં. તપસ્યાની દીપ્તિથી અગ્નિની પેઠે તે દેદીપ્યમાન હતાં. સાગરની પેઠે ગંભીર હતા. કમળની પાંદડીઓની પેઠે નિર્લેપ હતા. ચંદ્રમા જેવી સૌમ્યકાન્તિવાળા હતા. પૃથ્વીની જેમ સહનશીલ હતા. સૂર્યની પેઠે તપ-તેજથી ભાસમાન હતા. ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપ ઇંધણાને બાળી રહ્યા હતા. કાચબાની પેઠે ઇંદ્રિયોનું ગોપન કરનારા હતા. સ્ફટિકરત્નના જેવા વિશુદ્ધ, આસ્રવથી રહિત અને નિર્મળ હતા. મંડપના આકારના શીતળ વૃક્ષની હેઠળ તે વિરાજમાન હતા. પ્રશસ્ત ધ્યાનમાં મગ્ન હતા. મુનિજનોમાં ઉત્તમ હતા. કલ્યાણકારી જિનધર્મને સૂચિત કરનારી દોરા સાથેની મુખવસ્ત્રિકાને મુખપર એવી રીતે ધારણ કરી હતી કે જેમ ચંદ્રમા ચાંદનીને ધારણ કરે છે. આત્માથી કર્મોના સંચયને દૂર કરવામાં તત્પર હતા. એમનું વદન શરદ્-ઋતુના ચંદ્રમાની પેઠે પ્રસન્ન હતું. શ્વેતવસ્ત્રો પહેર્યાં હતાં. જ્ઞાનના નિધાન હતા, પરન્તુ અકિંચન-અપરિગ્રહ હતા. (સૂ૦૫)

ટીકાનો અર્થ—ગાઢ વનની દેખરેખ કરતાં અને ભૂખથી પીડાતા નયસારને વનમાં જ મધ્યાહ્ન થઈ ગયો. એ વખતે અતિતીવ્ર કિરણોવાળો સૂર્ય, ભભૂકતી આગની પેઠે ઉગ્ર તેજથી તપવા લાગ્યો. એ સમયે વનના વિષમ પ્રદેશમાં આમ-તેમ ભ્રમણ કરતા નયસારને પૂર્વોપાર્જિત પુણ્યના પ્રભાવથી એક મુનિ નજરે પડયા. એ મુનિ કેવા હતા, તે કહે છેઃ-તે તપસ્યા કરી રહ્યા હતા. તપના તેજથી તે અગ્નિ સમા દેદીપ્યમાન હતા. સમુદ્ર જેવા ગંભીર હતા. કમળપત્ર જેવા નિર્લેપ હતા, અર્થાત્ જેમ કમળની પાંદડીઓને પાણી કે કીચડનો સ્પર્શ થતો નથી, તેમ તે મુનિ કષાયાદિ વિકારોથી અસ્પૃષ્ટ-નહિ સ્પર્શાયેલા હતા. ચંદ્રમા જેવી શીતલ કાન્તિથી સુશોભિત હતા. પૃથ્વીની પેઠે બધા પરીષહો અને ઉપસર્ગો સહન કરનારા હતા. સૂર્યની પેઠે તપસ્યાના તેજથી દીપ્ત હતા. ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપી ઇંધણાંને ભસ્મીભૂત કરવામાં મંડયા હતા. કાચબાની પેઠે ઇંદ્રિયોને ગોપવીને સ્વવશ કરનારા હતા. સ્ફટિકરત્ન જેવું નિર્મળ હૃદય ધરાવનારા હતા. આસ્રવ તથા કષાય-મલથી વર્જિત હતા. મંડપના આકારના વૃક્ષની ઠંડી છાયામાં તે વિરાજ્યા હતા. પ્રશસ્ત ધ્યાનમાં મગ્ન અને મુનિઓમાં શ્રેષ્ઠ હતા. જિનેન્દ્રોના ધર્મમાં જે સ્વસ્તિ અર્થાત્ કલ્યાણ છે એને સૂચિત કરનારી દોરા સાથેની મુખવસ્ત્રિકાને મુખ પર એ પ્રકારે ધારણ કરી રહ્યા હતા કે જેમ ચંદ્રમા ચાંદનીને ધારણ કરે છે. ચાંદની શ્વેત અને મુખવસ્ત્રિકા પણ શ્વેત હોય છે, તેથી બેઉમાં સમાનતા છે. એ મુનિ કર્મસમૂહને ક્ષીણ કરવામાં તત્પર હતા. એમનું મુખ શરદના ચંદ્ર પેઠે નિર્મળ હતું. શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. જ્ઞાનના નિધાન અને પરિગ્રહ રહિત હતા.

મૂલનો અર્થ—'तए णं सो' ઇત્યાદિ. મુનિરાજને જોયાં પછી ઉદાર વંદનાની વિધિનો જાણનાર, અને જેણે પોતાના પાંચે અંગોને પૃથ્વી ઉપર ટકાવી દીધાં છે એવા નયસારે ગુણસમૂહના ધારક તે મુનિવરને ઉદાર ભાવથી વંદન નમસ્કાર કર્યા; વંદન નમસ્કાર કરીને ભવિષ્યમાં થનાર કલ્યાણના ભાગી તે નયસાર, મુનિદર્શનના આનંદથી

પુષ્ટ થઇ ગયો. પોતાના જન્મને અને જીવનને સફલ માનતો, પરમભક્તિભાવને કારણે ઉલ્લાસયુક્તચિત્તવાલો તે નયસાર, મુનિરાજની ઉપાસના કરતો, નહિં ઘણું દૂર કે નહિં ઘણું નજીક અર્થાત્ ઉચિત સ્થાન પર બેસી ગયો. (સૂ૦૬)

ટીકાનો અર્થ—'तए णं सो' ઇત્યાદિ મુનિના દર્શન થયાં પછી,તે ઉદાર,વંદનાની વિધિનો જાણનાર નયસારે એક મસ્તક, બે ઢીંચણ, બે હાથ, એમ પાંચે અંગોને ભૂમિ ઉપર નમાડીને, ક્ષમા આદિ ગુણોની રાશિને ધારણ કરવાવાલા તે મુનિ-રાજને ઉદાર ભાવથી વંદન અને નમસ્કાર કર્યા. તે સમયે આગામી ભવમાં થનાર પરમકલ્યાણનો ભાજન તે નયસાર, મુનિરાજના દર્શનોથી ઉત્પન્ન થયેલ પ્રમોદ વડે ફુલી ગયો. ભાવી ભવમાં થવાવાળા પરમકલ્યાણના અંકુરના કંદવાળા, અર્થાત્ પરમ કલ્યાણના ભાજન તે નયસાર, ઉત્કૃષ્ટ ભક્તિભાવથી ઉલ્લસિત મન સાથે તે મુનિરાજની ઉપાસના કરતાં ત્યાં મુનિરાજની પાસે જ, અર્થાત્ નહિં અધિક દૂર કે નહિં અધિક નજીક એટલે ઉચિત સ્થાનપર, વિનયપૂર્વક બેસી ગયો(સૂ૦૬)

હવે મુનિ તેને ઉપદેશ આપે છે--'तए णं तं' ઇત્યાદિ.

મૂલનો અર્થ—ત્યાર પછી ષડ્જીવનિકાયોના નાથ, તપ અને સંયમથી સનાથ (સહિત) મુનિનાથે, અપૂર્વ વાત્સલ્ય સાથે મધ મિશ્રિત દ્રાક્ષની મીઠાશને પણ મહાત કરનારી ઘણી જ મધુર વાણીથી પુદ્ગલપરાવર્તનના સ્વરૂપને તથા દશ ઉદાહરણો બતાવીને માનવ-જન્મની દુર્લભતાનો તથા દેવ,ગુરુ અને ધર્મ સ્વરૂપનો અનેક પ્રકારે ઉપદેશ કર્યો. સાધુજન સ્વભાવથી જ બીજાંનો ઉદ્ધાર કરવા માટે તત્પર હોય છે, તેથી તેમના ઉપદેશના પ્રભાવથી, સૂર્યના ઉદયથી જેમ જગતના અંધકારનો નાશ થાય તેમ નયસારના હૃદયમાં અનાદિકાલથી રહેલ મિથ્યાત્વરૂપી ઘાડો અંધકાર તરત જ નાશ પામ્યો. ત્યાર પછી ઉદારતર પરિણામોને ધારણ કરનાર તે નયસાર, મહાવ્રતોથી સંપન્ન એવા એ મુનિરાજની જુદા જુદા પ્રકારના વાકયસમૂહોથી સ્તુતિ કરીને પોતાને સ્થાને ચાલ્યો ગયો ત્યારબાદ ભોજનના સમયે ગોચરી માટે નીકળેલા તે મુનિરાજને તેણે વિનંતી કરી કે હે પરોપકારની ધુરાને ધારણ કરનારા મુનિવર ! મારી વિનંતી પર ધ્યાન આપીને આપના ચરણ કમળોની ધૂળથી મારાં આંગણાંને પાવન કરો. (સૂ૦૭)

ટીકાનો અર્થ—'तए णं तं' ઇત્યાદિ. નયસાર બેસી ગયા પછી, કૃત, કારિત અને અનુમોદની એ ત્રણ કરણ તથા મન, વચન અને કાયા એ ત્રણ યોગથી રક્ષણ કરનાર હોવાના કારણે છ જીવનિકાયોના સ્વામી, અને તપ તથા સંયમથી સંપન્ન તે મુનિનાથે અલૌકિક પ્રીતિ સાથે, મધ મિશ્રિત દ્રાક્ષની મીઠાશને પણ ચડી જાય એવી, એટલે કે ઘણી જ મીઠી વાણીથી પુદ્ગલપરાવર્તનના સ્વરૂપને અને ચોલ્લક, પાસક વગેરે દશ ઉદાહરણો આદિથી મનુષ્ય ભવની દુર્લભતા તથા દેવ ગુરુ ધર્મના સ્વરૂપને અનેક પ્રકારે સમજાવ્યું. આહારક દ્રવ્યો સિવાય સર્વ રૂપી દ્રવ્યો -પુદ્ગલો-ને ઔદારિક શરીર વગેરેના રૂપથી ગ્રહણ કરતાં એક જીવની અપેક્ષાએ જે પરિવર્તન એટલે કે સમસ્ત

રૂપથી જે સ્પર્શ થાય છે તે પુદ્‌ગલપરાવર્તન કહેવાય છે. આ પુદ્‌ગલપરાવર્તન અનંત ઉત્સર્પિણીઓ તથા અવસર્પિણીઓના પસાર થયા પછી થાય છે. આ કાળને પુદ્‌ગલપરાવર્તન કહે છે. પુદ્‌ગલપરાવર્તનનું વિસ્તૃત સ્વરૂપ "अनुत्तरोपापातिक सूत्र" ની મારા પૂજ્ય આચાર્યશ્રીએ બનાવેલી અર્થબોધિની ટીકામાં તથા દશ ઉદાહરણોના સ્વરૂપ उत्तराध्ययन सूत्र ની મારા ગુરુજીએ રચેલી પ્રિયદર્શિની ટીકાના ત્રીજા અધ્યયનમાં જોવી જોઈએ.

મુનિએ કયા હેતુથી ઉપદેશ આપ્યો? આ પ્રશ્નનું સમાધાન કરતાં શાસ્ત્રકાર કહે છે—મુનિજન સ્વભાવથીજ અન્ય જીવોનો ઉદ્ધાર કરવામાં તત્પર હોય છે. આ જ કારણથી તે મુનિએ નયસારને ધર્મનો ઉપદેશ દીધો. મુનિના ઉપદેશની અસરથી નયસાર પર શી અસર થઈ? તે હવે કહે છે— મુનિના ઉપદેશની અસરથી નયસારના હૃદયમાં અનાદિ કાળથી રહેલ મિથ્યાત્વરૂપી પ્રગાઢ અંધકાર સૂર્યોદય થતાં જેમ જગતનો અંધકાર નાશ પામે છે તેમ તરત જ નાશ પામ્યો. એટલે કે નયસારના આત્મા સમ્યકત્વરૂપી રત્નના અલૌકિક પ્રકાશથી પ્રકાશમાન બન્યો.

## નયસારનામકઃ પ્રથમો ભવઃ

નયસાર પહેલેથી જ ઉદાર તો હતો. સમ્યકત્વ પ્રાપ્ત થતાં તે ઉદારતર એટલે કે વધારે ઉદાર ભાવથી પૂર્ણ બન્યો. તેણે પંચમહાવ્રતધારી મુનિની અનેક પ્રકારના વાકયસમૂહોથી સ્તુતિ કરી, જેવાં કે–"ભગવન્! આપે આપના અમૃત જેવાં વચનોથી જન્મ, જરા અને મરણના દુઃખોથી ભયભીત એવા મને આશ્વાસન આપ્યું છે. જેમ સૂર્યના તીક્ષ્ણ કિરણોથી સારી રીતે તપેલ સંસારને ચન્દ્રમાની ચાંદની ઠંડક દે છે, એ જ રીતે રાગ–દ્વેષની જવાળાઓના સમૂહથી વ્યાકુલ બનેલા મારા અંતઃકરણને આપની કલ્યાણકારી વાણી શીતળ બનાવે છે. હે મુનિ! સમસ્ત આગમોના સારરૂપ આપની વાણી મારાં ચિત્તને જેટલું સુખી કરે છે એટલું સુખ તો કલ્પવૃક્ષની મંજરીઓ દઇ શકતી નથી, કે અમૃતના સમુદ્રની લહેરો પણ દઇ શકતી નથી. હે વિશ્વવન્દ્ય! આપના વચનરૂપી સૂર્યનાં કિરણોના સમૂહે મારાં હૃદયરૂપી ગુફામાં અનાદિ કાળથી ભરેલા અંધકારને દૂર કરી દીધો છે. જેમ સૂર્યના કિરણોના તેજથી ઝાકળનાં નાનાં નાનાં બિન્દુઓ નાશ પામે છે તે જ રીતે આપના વચનોથી ઉત્પન્ન થયેલ તત્વજ્ઞાનથી મારૂં અજ્ઞાન નાશ પામ્યું છે. હે ભગવાન! જેમ મેઘોથી છવાયેલાં આકાશમાં ચન્દ્રની ચન્દ્રિકા શોભતી નથી, એ જ રીતે આપના ઉપદેશ વિના ગુણો શોભતા નથી. હે ગુણોના ભંડાર! આપનો ઉપદેશ સાંભળ્યા વિના મોહની મદિરાથી મસ્ત બનેલાં તથા વિષયો રૂપી ખાડામાં પડેલા જીવ તેમાંથી પોતાનો ઉદ્ધાર કદી કરી શકતાં નથી. આપનો ઉપદેશ ભવ–ભવથી ચાલી આવતી અજ્ઞાનની નિદ્રાથી તદ્દન મૂઢ બનેલા જીવોને જાગૃત કરીને ક્ષમા વગેરે ગુણોથી વિભૂષિત

કરે છે. જેમ ચન્દ્રમાનાં કિરણો કમળ-વનને વિકસિત કરવાને સમર્થ હોતાં નથી, પાષાણ મધુર ગીત ગાવાને સમર્થ નથી અને ચિત્રમાં ચિતરેલો રાજા યુદ્ધ કરવાને સમર્થ નથી, એ જ રીતે જેમણે આપનો ઉપદેશ ગ્રહણ કર્યો નથી તે જીવો આ અપાર સંસાર-સાગરને ઓળંગવાને કદી પણ શક્તિમાન બની શકતા નથી. હે અમૃત-ઉપદેશની વર્ષા કરનારા મુનિરાજ ! જેમ વર્ષાઋતુમાં પાણીથી પરિપૂર્ણ દરોમાંથી સાપ નિકળીને ભાગી જાય છે, એ જ પ્રમાણે આપના ઉપદેશરૂપી જળથી પૂર્ણ આત્મારૂપી દરમાંથી કર્મરૂપી સર્પ ભાગી જાય છે. ધન્ય છે આપના ઉપદેશના માહાત્મ્યને કે જેના અભાવથી વિષયજનિત સુખને સાર સમજનાર મનુષ્ય જરૂર દુર્ગતિના ખાડામાં પડે છે, જેમ લાલાં મજાનાં ઘાસથી આકર્ષાયેલું હરણ લીલાં ઘાસથી ઢંકાયેલા ખાડામાં પડે છે. હે મહાત્મન્! આપના ઉપદેશરૂપી પૂર્ણ ચન્દ્રનો ઉદય થતા પ્રાણીઓના હૃદયરૂપી મરુભૂમિમાં શુભ-અશુભ કર્મ રૂપી ઉછળતી લહેરોથી ચંચળ વિષયવાસના રૂપી મૃગ-તૃષ્ણા તરતજ નાશ પામે છે.''

નયસાર એ પ્રકારના શબ્દોથી મુનિની સ્તુતિ કરીને પોતાને સ્થાને ચાલ્યો ગયો. પછી નયસારે ભોજનને વખતે ગોચરી કરવા નિકળેલા તે મુનિને વિનંતી કરી કે હે પરોપકારધુરન્ધર મુનિવર! મારાં પ્રાર્થનાવચનો પર ધ્યાન દઇને આપના ચરણ કમળોની રજ પાડીને મારાં આંગણાંને પાવન કરો. આહાર વહોરવા માટે મારે ત્યાં પધારો ાાસૂ૦૭ાા

મૂલ અને ટીકાનો અર્થ—'तए णं' ઈત્યાદિ. ત્યાર પછી ભકિતભાવથી આકૃષ્ટ મુનિમહારાજ નયસારના નિવાસ સ્થાને પધાર્યા. મુનિને જોતાં જ નયસાર હર્ષોન્મત્ત થયો ને વિનયપૂર્વક હાથ જોડી સંતને સંબોધીને કહેવા લાગ્યો—હે ભગવન્ત! અકાલે વૃક્ષ ફળે, અકાલે મેઘ ગર્જના કરે, દરિદ્રીના ઘરમાં સોનાનો વરસાદ વરસે, આંધળાને આંખો આવે, તેમ આપે મારા આંગણે આવી મારી ભૂમિને પવિત્ર બનાવી છે. જેમ મરતો માણસ અમૃત પીવાથી, સજીવન થાય છે તેમ, અનંતાકાલથી ભાવમરણે મરતો એવો હું આપના દર્શનથી, સજીવન થયો છું.

આવા પ્રકારના ઉત્કૃષ્ટ ભાવવાળી ભકિતથી પ્રેરાયેલા નયસારે, મુનિવરને નિર્દોષ અને વિપુલ આહાર પાણી વહોરાવી, યોગ્ય સત્કાર સન્માન કરી, વિસર્જિત કર્યા. ત્યારબાદ વનથી નગર તરફ જવાની ઈચ્છાથી આગળ ચાલતા મુનિરાજની પાછળ-પાછળ ચાલતો, મુનિદર્શનનો અભિલાષી, સમ્યકત્વસારને પ્રાપ્ત કરનાર નયસાર તે મુનિને નીચે પ્રમાણે બોલવા લાગ્યો—

**गंतव्वं जइ णाम णिच्छियमहो ! गंतासि केयं तरा ?**
**दुत्ताण्णेव पयाणि चिट्ठउ भवं, पासामि जावं मुहं ।**
**संसारे घडियापणालविगलव्वारोवमे जीविए,**
**को जाणाइ पुणो तए सह ममं होज्जा न वा संगमो" ॥१॥ इति ।**

અર્થાત્—આપે અહિંથી ઉપડવાનો નિશ્ચય કર્યો છે, એટલે જવાના તો જરૂર! પણ હે નાથ! તમો બે ત્રણ કદમ ઉભા રહો, તો આપના વદનકમલનું દર્શન કરી લઉં. ફરી કોને ખબર છે કે મલીશું કે કેમ? કારણ આ સંસારમાં મનુષ્યનું જીવન અહંટ (રેંટ) ના પાણીના પ્રવાહની માફક ચંચલ છે, અર્થાત્ વિનશ્વર છે. ॥૧॥

નયસારને, આ મુનિમહારાજની વાણીનો કોઈ અલૌકિક પ્રભાવ જણાયો ને સર્પ જેમ કાંચળીને તજીને ચાલ્યો જાય, તેમ નયસાર પણ આંતરિક રીતે અંતરદૃષ્ટિ કરી સંસારનું ઝેર ઓકવા લાગ્યો. નયસારે. થોડા જ વખતના આ સંતના સમાગમે, મિથ્યાત્વનું ઝેર વમી નાખી, સમ્યકત્વરૂપ અમૃતને ગ્રહણ કર્યું. 'સમ્યકત્વ' એટલે 'આત્માની સાચી ઓળખાણ'; જ્યાં સુધી મુનિ દૃષ્ટિ-ગોચર થતાં રહ્યાં ત્યાં સુધી અનિમેષદૃષ્ટિએ નયસાર જોતો રહ્યો. મુનિ દૃષ્ટિમર્યાદા બહાર નીકળી ગયા બાદ નયસાર સજળનેત્ર પાછો ફર્યો. જીવનની અસારતા તેને સમજાવાથી તન, ધન અને યૌવન બધું તુચ્છ જણાવા લાગ્યું.

**"आ तन रंग पतंग सरीखो, जतां वार न लागे जी,**
**असंख्य गया धन संपति मेळी तारी नजरो आगेजी ।**

आजकालमां हुं तुं करतां, जमडा पकडी जाशे जी,
ब्रह्मानंद कहे चेत अज्ञानी, अंते फजेती थाशे जी ॥ ”

ઉપરની પંક્તિઓનો રંગ 'નયસાર' ને લાગ્યો ને જીવન ડામાડોલ થવા લાગ્યું. આજસુધીના ભવો પર દૃષ્ટિપાત કરતાં ઘણો પસ્તાવો થવા લાગ્યો, ને 'આ દેહને માટે આત્માને અનંતીવાર ગાળ્યો પણ એક જ વખત 'આત્મા' ને માટે તપસંયમથી દેહને ગળાય તો કેવું સારું ?' આ સૂત્ર તેના મગજમાં રમી રહ્યું. ને સાચી સમજણ ને દૃઢ નિશ્ચય સાથે, સ્વસ્થાને પાછો ફર્યો. સૂ૦૮)

## સૌધર્મ કલ્પિક દેવભવઃ ।

મૂલ અને ટીકાનો અર્થ—'तए णं' ઇત્યાદિ. ત્યાર પછી કેટલાક વર્ષો પસાર થયાં બાદ, વિશુદ્ધ ધ્યાન રૂપી જલમાં હમેશા સ્નાન કરતો થકો, દુષ્ટ ભાવોને દૂર કરતો થકો, સદ્ભાવોથી પ્રેરિત થતો ગૃહસ્થાવાસમાં સાધુ નહિ પણ સાધુ-સરીખું જીવન ગાલતો થકો નયસાર, કાલ આવ્યે કાલ કરીને મરણ વખતે સમાધિએ રહીને, વિશુદ્ધ આહાર પાણીના દાનના પ્રભાવે, બીજા ભવમાં સૌધર્મ દેવલોકમાં પલ્યોપમની સ્થિતિવાળા દેવના આયુષ્યે ઉત્પન્ન થયો. (સૂ૦૯)

ભગવાન શ્રીમહાવીરસ્વામીના નયસાર અને સૌધર્મકલ્પિકદેવરૂપ બે ભવોનું વર્ણન. ૧-૨

## મરીચિનામકસ્તૃતીયો ભવઃ ।

ભગવાન મહાવીરના ત્રીજા મરીચિ ભવનું વર્ણન કરે છે—

મૂલ અને ટીકાનો અર્થ—'तए णं, ઇત્યાદિ. નયસારનો જીવ, દેવના આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય કરી વિનીતા નામની નગરીમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના પૌત્ર તરીકે, ભરત ચક્રવર્તીના પુત્રપણે ઉત્પન્ન થયો. માતાપિતાએ તેમનું નામ 'મરીચિ' રાખ્યું. બાલ્યાવસ્થા વિતાડી યુવાવસ્થાને પ્રાપ્ત થયો. ભગવાન ઋષભદેવના વચનામૃત રૂપ રસનું કે જે રસ મોહસમૂહ, જાતિકુલ બલ આદિ આઠ પ્રકારના મદ, કર્ત્તવ્યાકર્ત્તવ્યવિવેકશૂન્યતારૂપ પ્રમાદરૂપી મદિરાના પ્રભાવને નષ્ટ કરવાવાળો છે તેનું પોતાના શ્રોત્રપુટોથી પાન કરી, સંવેગ અને નિર્વેદથી

યુકત થઈ ગયો. તેણે પોતાના વિવેકરૂપી આલોક–પ્રકાશથી મોક્ષને માર્ગ જોઇ લીધો. તેથી તેમણે અસાર સંસારનું પરિભ્રમણ મટાડવામાં સમર્થ એવી દીક્ષા ગ્રહણ કરી વિચરવા લાગ્યો.

ભાવાર્થ—સમકિત પ્રાપ્ત થયાં પછી જો આયુષ્યને બંધ પડે તો તે બંધ દેવગતિ અને મનુષ્યગતિનો જ હોય, બીજો કોઈ બંધ હોય જ નહિ. આવતાં આયુષ્યને બંધ, વર્તમાન આયુષ્યના ત્રીજા, નવમા, સતાવીશ, એકાશી અગર બસો તેંતાલીસમાં ભાગમાં પડે છે. ત્યાં સુધીમાં પણ જો ન પડી ગયો હોય તો મરણ વેલાના વચલા સમયમાં જરૂર પડી જાય છે. તે પ્રમાણે નયસારનો જીવ દેવલોકના સુખો ભોગવી, ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત મહારાજાને ત્યાં પુત્રપણે આવ્યો. ભગવાનની અમોઘ વાણીએ તેમના જીવનમાં પલટો આણ્યો ને સંસારના ક્ષણિક સુખોનો ત્યાગ કરી શાશ્વત સુખના માર્ગને અપનાવ્યો. ભગવાન આગળ દીક્ષાપર્યાય ધારણ કરી પૂર્ણસંયમી અને સર્વવિરતિ થયો. (સૂ૦૧૦)

મૂલનો અર્થ—'**एगया**' ઇત્યાદિ. દ્રવ્ય અને ભાવે મુંડિત થયાં પછી પ્રમાદરહિત તે 'આત્મગવેષણા' માં પોતાનો વખત વિતાવવા લાગ્યો. કોઈક સમય અશુભકર્મોના ઉદય નિમિત્તે 'આત્મભાવ' ફર્યો, શીત–ઉષ્ણ આદિના પરિષહો સહન કરી શકયો નહિં, સંયમીજીવન આકરું લાગ્યું, પુદ્ગલ તરફની રુચિ વધવા લાગી, સંયમમાર્ગે શિથિલ થયો ને પ્રમાદી જીવન તરફ દૃષ્ટિ મંડાણી, એટલે તે સંયમભાવથી મુંઝાઇને સંયમનો ત્યાગ કરી ત્રિદંડી તાપસ થઇ ગયો. તેણે હથેલીમાં આવેલા ચિંતામણિને વેચી કાચ ખરીદ્યો, મોતીનો હાર છોડી ચણોઠીનો હાર સ્વીકાર્યો, કલ્પતરુને મૂકી કેરડાનો આશ્રય લીધો, હાથી વેચી ગધેડો લીધો, નંદનવનની અવગણના કરી એરંડાના વનનો સ્વીકાર કર્યો. વધારે શું કહિયે ? તેણે ભવભ્રમણનો ઉપાય ગોતી કાઢયો. ખરી વાત છે કે જે ખરી વસ્તુનો મહત્ત્વ સમજતો નથી તે હાથમાં આવેલી ઉત્તમ વસ્તુને પણ તણખલાની માફક છોડી દે છે. આ પ્રકારે તેણે સંયમમાર્ગનો ત્યાગ કર્યો. 'આત્મભાવ' ટાળી અનાત્મભાવને વળગ્યો. આખુ જીવન–સુકાન ફરી ગયું. તે વખતે નકકી કરેલ સાધુમાર્ગની ચર્યાને પડતી મૂકી, સ્વસ્થાપિત ચર્યામાં વિચરવા લાગ્યો.

ઋષભદેવ ભગવાનથી નકકી થયેલ સાધુવેષ આચાર આદિનો ત્યાગ કરી 'ત્રિદંડી'નો વેષ ધારણ કર્યો. તો પણ તે પૂર્ણરૂપથી મિથ્યાત્વના ધરાતલ પર પહોંચ્યો નહીં. તેનાં હૃદયમાં તીર્થંકર દ્વારા ઉપદેશેલા ધર્મના સંસ્કારો બચેલા હતા. તે ચારિત્રરૂપી મહેલના ક્ષમા, મુકિત (નિર્લોભતા) આદિ પગથીયાઓથી સ્ખલિત થઇ ચૂકયો હતો, તો પણ ઋષભદેવના ગુણ–સમૂહના ગાનની દોરીનો આધાર લીધેલો હતો, કારણ કે તેના હૃદયમાંથી અનુકંપા રૂપી અમૃતની ધારા ઉછળી રહી હતી. તે—ભવ્યજનોને જિનપ્રરૂપિત ચારિત્ર ધર્મનો ફરી ફરીને ઉપદેશ દઇને પ્રવ્રજ્યાને માટે પ્રભુની પાસે મોકલતો હતો. સાચું છે કે સામાન્ય રીતે મનુષ્યના હૃદયમાંથી પૂર્વના સંસ્કારો કૃમિકરંગની ( પાકા રંગની ) જેમ દૂર થતાં નથી.

ભાવાર્થ—આ તો ખાલી વેષ પલટો જ થયો હતો. હૃદયમાં રહેલ 'આત્મપરિણતિ' જરા પણ ખસ્તી

ન હતી. બાહ્યવેષ 'આત્મધર્મ' ટકાવી રાખવાનું પ્રબલ સાધન છે. મરીચિએ વેષ પલટો કરી નાખ્યો એટલે સર્વાંશે ધર્મથી પતિત થયો હતો ' એમ ન હતું, ભગવાનની વાણી ઉપર પૂર્ણશ્રદ્ધા હતી. ભગવાનની ભક્તિનો તે પરમ ઉપાસક હતો. જિન ભગવંતોએ કહેલ જ્ઞાન દર્શન ચારિત્રની ભાવનાના અંકુરો, તેમના મનમાં રમી રહ્યાં હતાં. જે કોઇ નવીન દીક્ષાર્થી તેમની પાસે આવતો તો તેને દીક્ષાગ્રહણ માટે ભગવાન ઋષભ દેવનું જ નામ સૂચવતો. અને ખુલ્લે-ખુલ્લો એકરાર કરતો કે ભગવાનનું ઉપદેશેલું ચારિત્ર મારાથી પાળી શકાયું નહિ તેથી જ મેં આ 'ત્રિદંડી' ના વેષને ધારણ કર્યો છે. તાત્પર્યમાં એકે તેમનાં હૃદયમાંથી પૂર્વના સંસ્કાર ભસ્મીભૂત થયાં ન હતાં, પણ કર્મસંયોગે આચાર-વિચારનું પાલન કરવામાં ઢીલાશ આવી ગઇ હતી. (સૂ૦૧૧)

મૂલનો અર્થ—' **तए णं एगया** ' ઇત્યાદિ. કોઈ એક સમયે સંસારના સંતાપ સમૂહનો નાશ કરનારા નાભિનન્દન શ્રીઋષભદેવ ભગવાન વિહાર કરતા કરતા વિનીતા નગરીમાં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. બાર જાતની પરિષદા (શ્રોતાગણ) અહિં ભગવાનની વાણી સાંભળવા એકાગ્રતાપૂર્વક બેસે છે. ભગવાનની વાણી દરેક જીવોને પોતપોતાની ભાષામાં પરિણત થઇ જાય છે. ભગવાનની અમોઘવાણી પૂરી થયાં બાદ ભરતચક્રવર્તી ભગવાનને પ્રશ્ન કર્યો કે હે મંગલમય ભગવન્! આપના સમવસરણમાં કોઈ એવો જીવ છે કે જે આગામી કાલે બલદેવ, વાસુદેવ, ચક્રવર્તી કે તીર્થંકર થાય?

ભગવાન પ્રત્યુત્તર આપતાં બોલ્યાં કે હે ભરત! સમોસરણમાં કોઇ એવો જીવ નથી. પરંતુ પરિષદની બહાર તારા પુત્ર મરીચિ 'ત્રિદંડી' પણે રહેલો છે. તે કાલાનુસાર આ અવસર્પિણીમાં આ જ ભરતક્ષેત્રના પોતનપુર નગરમાં 'ત્રિપૃષ્ઠ' નામનો પ્રથમ વાસુદેવ થશે, ત્યાર બાદ પશ્ચિમ મહાવિદેહમાં, મૂકાનગરીમાં 'પ્રિયવ્રત' નામનો ચક્રવર્તી થશે. અંતમાં આજ ભરત ક્ષેત્રમાં મહાવીર નામનો અંતિમ તીર્થંકર થશે. આ પ્રમાણે સાંભળી ભરત મહારાજા સમોસરણથી બહાર નીકળી મરીચિની સમીપ જઇ બોલવા લાગ્યા—'હે ત્રિદંડી પરિવ્રાજક! તમારા આવા પ્રકારના વેષને વંદન કરવું મારે નથી કલ્પતું, પણ તમો આ જ અવસર્પિણીમાં આ જ ભરત ક્ષેત્રમાં પોતનપુર નામના નગરમાં ત્રિપૃષ્ઠ નામના વાસુદેવ થવાના છો. પછી અપરવિદેહમાં મૂકા નામની નગરીમાં પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થવાના છો અને આ જ ભરત ક્ષેત્રમાં મહાવીર નામના અંતિમ તીર્થંકર પણ થવાના છો. માટે ભાવી તીર્થંકરના રૂપમાં તમને વંદન કરું છું.

પિતાના આવા વચન સાંભળતાં મરીચિના હૃદયમાં પાપનો સમૂહરૂપ કુલમદ પ્રવેશ કર્યો. જેમ પક્ષી પોતાના માળામાં પ્રવેશ કરે છે તેમ જ કુલ આદિના મદ, અવસર પામીને મનુષ્યમાં પ્રવેશ કરી જાય છે.

મરીચિને કુલમદ ઉભો થયો ને સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ કરાવવા વાળું સમસ્ત દુઃખનું ઉત્પાદક એવું 'અભિમાન' રૂપી વિષપાન મરીચિએ કર્યું. તે હર્ષિત થઈ નાચવા-કુદવા લાગ્યો ને બોલવા લાગ્યો કે અહો! મારું કુલ કેવું ઉત્તમ છે! જેમાં મહાન્ ઋદ્ધિવાળા, મહાન્ દ્યુતિવાળા, મહાન્ પ્રભાવવાળા, મહાન્ બલવાળા અને મહાન યશવાળા, તથા ચોસઠ ઇંદ્રો દ્વારા તથા અન્ય દેવો અને દેવીઓ દ્વારા વંદિત, ત્રણ લોકના નાથ, ધર્મરૂપી શ્રેષ્ઠ ચાતુરંતચક્રના પ્રવર્ત્તક ઋષભજિન મારા પિતામહ છે, અને જે કુલમાં પ્રધાન ચક્રરત્નવાળા, સમુદ્રસહિત

પૃથ્વી ઉપર એકછત્ર શાસન કરવાવાળા, નવનિધિઓથી ભરપૂર એવા કોષ (ખજાના) વાળા, બધાને સંતોષ આપનાર, ષટ્‌ખંડના અધિપતિ, મનુષ્યોમાં સિંહસમાન ભરતચક્રવર્તી મારા પિતા છે. અને હું શત્રુઓનું મર્દન કરનાર, સિંહની સમાન ગર્જવાવાળો, અતિ બળવાન્‌, પ્રિય દર્શનવાળો, વિમલકુલમાં જન્મેલ, અજેય, રાજસમાજમાં શ્રેષ્ઠ, શ્રીવત્સના ચિહ્નથી યુક્ત, ત્રણ ખંડનો સ્વામી, પુરુષોમાં ઉત્તમ એવો ત્રિપૃષ્ઠ નામનો પ્રથમ વાસુદેવ પોતનપુરમાં થઇશ. અને ફરી હું અપરવિદેહની મૂકા નગરીમાં પ્રખર દિનકર (સૂર્ય) ની સમાન પ્રતાપવાળો, પૂર્વે કીધેલ તપના પ્રભાવથી સંપન્ન, પૂર્વસંચિત સુખોને પામનાર, મનુષ્યોમાં વૃષભ સમાન, વિપુલ વિખ્યાત કીર્તિવાળો, શરદઋતુના નવીન મેઘોની સમાન મધુર ગંભીર અને સ્નિગ્ધ ગર્જનાવાળો, બધા મનુષ્યોને સંતોષ આપનાર, મારા પિતાને સદૃશ પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી થઇશ. વધારે શું કહું ! આ જ અવસર્પિણીકાલમાં પુરૂષસિંહ, પુરૂષવરપુંડરીક, નિર્મલકુલમાં ઉત્પન્ન, મહાસત્વશાળી, સ્વયંભૂરમણ સાગરની સમાન ગંભીર, ચંદ્રમાંથી પણ અધિક નિર્મલ, સૂર્યથી પણ અધિક પ્રકાશ કરવાવાળો મહાવીર નામનો અંતિમ તીર્થંકર થઇશ.

મારા પિતામહ તીર્થંકરોમાં પ્રથમ તીર્થંકર છે, મારા પિતા ચક્રવર્તીઓમાં પ્રથમ ચક્રવર્તી છે અને હું વાસુદેવોમાં પ્રથમ વાસુદેવ થઇશ. હું ભરતક્ષેત્રની અપેક્ષાએ આ અવસર્પિણીકાલમાં અપરવિદેહની મૂકા નગરીમાં છહ ખંડનો નાથ જગત્પ્રિય 'પ્રિયમિત્ર' નામનો ચક્રવર્તી થઈશ. ફરી હું આ ચોવીસીમાં ચોવીસની સંખ્યાને પૂરી કરનાર ચરમ તીર્થંકર થઇશ.

આ પ્રકારે ભુજાઓને ફટકારી–ફટકારીને જોર જોરથી સિંહનાદ કરતો અને વાર વાર નાચતો તે મરીચિએ જાતિકુલ આદિના મદને પ્રભાવે નીચગોત્ર ઉપાર્જન કર્યું.

હેય અને ઉપાદેયનો વિવેક જેનામાંથી અદૃશ્ય થયો છે. તે 'તત્વ' નો નિશ્ચય કરી શકતો નથી. અહંતારૂપી વાટિકમાં જ્ઞાનગુણરૂપી નવપલ્લવ પ્રગટ થતાં નથી. અભિમાનરૂપી વિષમ વિષની જ્વાલાઓથી ગ્રસેલ મનરૂપી વૃક્ષમાં જ્ઞાનનો પલ્લવ ઉગતો નથી. જીવોના મનોગગનરૂપ આંગણામાં થોડો પણ માનરૂપી મેઘનો ઉદય થાય તો હૃદયરૂપ ભૂમિમાં તૃષ્ણાની વિષવેલ તત્કાલ ઉગી જાય છે. તે તૃષ્ણા જ્ઞાનાદિ ગુણોને આવા પ્રકારે નષ્ટ કરી દે છે જેમ હિમ કમળોને નષ્ટ કરી નાખે છે. તે તૃષ્ણા મદિરાની માફક દુસ્ત્યજ મોહને ઉત્પન્ન કરે છે, અને અપાર સંસારને વધારે છે.

આ પ્રકારે અહંકારને વશીભૂત અને વિવેકને ભૂલી ગયેલ મરીચિએ પોતાના આત્માને તે જ પ્રકારે દુઃખજનક સંસારમાં ફસાવી લીધો, જેમ વ્યાધ પક્ષીને જાલમાં ફસાવી લે છે. આ પ્રકારે અનર્થોનો ભંડાર, વિશાલ કુલમાં જન્મ લેવાના મદનો આશ્રય લઇ મરીચિએ તે જ સમયે નીચ ગોત્રનો બંધ કરી લીધો. (સૂ૦૧૨)

ટીકાનો અર્થ—કોઇ એક સમયે ગ્રામાનુગ્રામ વિચરતાં, તરણતારણ, દુઃખ સમૂહના વિનાશક એવા ભગવાન ઋષભદેવ, અયોધ્યા નગરીમાં સપરિવાર પધાર્યા. દેવ, દેવી, મનુષ્ય, મનુષ્યણી, તિર્યંચ, તિર્યંચણીએ પોતપોતાની ભાષાઓના શબ્દોમાં, ભગવાનનો ઉપદેશ સાંભળ્યો. તીવ્રવૈરાગ્યમય અને પરમશીતળતાવાળી વીતરાગ–વાણી સાંભળી ભરતચક્રવર્તી અતિપ્રસન્ન થઇ 'સ્વઆત્માર્થે' આદિનાથ ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યાં ને ભગવાનને પ્રશ્ન પૂછયો કે હે ભગવન્! આ સમવસરણમાં એવો કોઇ જીવ છે કે જે આગામીકાલે બલદેવ, વાસુદેવ ચક્રવર્તી કે તીર્થંકર રૂપે ઉત્પન્ન થશે. ભવ્ય જીવોને તારવામાં કોઇ માર્ગદર્શન આપે તેવો પ્રભાવિક આત્મા જગતના પડ પર આવશે કે કેમ ? શ્રી ભગવાને કહ્યું કે–હે ભરત! આ સમવસરણમાં તો નહિ પણ સમવસરણની બહાર ત્રિદંડીનો વેષ ધારણ કરનાર તારો પુત્ર મરીચિ છે. તે વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર. આ ત્રણે પદવીનો ધારક બની આ ચોવીસીમાં ચરમ તીર્થંકર તરીકે પૂજાશે.

ભગવાનના આવા વચનો સાંભળી ભરતચક્રવર્તીએ સમવસરણની બહાર જઇ 'ત્રિદંડી' ને ભાવી તીર્થંકર તરીકે નમસ્કાર કરી સર્વ હકીકતની તેને જાણ કરી. જાણ થતાં જ ત્રિદંડીનો આત્મા 'મદ' થી ઘેરાઇ ગયો ને 'જગતની શ્રેષ્ઠ પદવીઓ ભાવીકાલમાં મેળવશે' તે સાંભળી જાતિ અને કુલમદના અંકુરો તેનામાં ફૂટવા લાગ્યાં, જે આત્મોન્નતિ મેળવી હતી તે ક્ષણવારમાં 'અહંભાવ' ને લીધે ખોઇ બેઠો ને ચતુર્ગતિની ચોપાટ ખેલવાની બાજી શરૂ કરી દીધી. 'અહંકાર–અભિમાન–અહંભાવ–અહંતા–મમત્વ ભાવ' આ સઘળા પર્યાયવાચક શબ્દો છે. તમામનો અર્થ એક જ છે. આ મુખ્ય દુર્ગુણ તમામ નાના મોટા દુર્ગુણોને નોતરે છે. ને 'અહંભાવ' ને મધ્યબિન્દુમાં રાખી આત્માને સર્વાંશે ફોલી ખાય છે. આત્માર્થી પુરુષને સમયે સમયે પોતાનો સૂક્ષ્મ ઉપયોગ રાખી આ દુર્ગુણમાંથી છુટવાને પ્રયત્નશીલ રહેવું યોગ્ય છે. જગતના સર્વોત્કૃષ્ટ પદાર્થોથી માંડી દેહ સુધીના પદાર્થોને આ જીવે અહંભાવે કે મમત્વભાવે પકડયાં છે. માટે જ્ઞાનીઓનું કથન એ જ છે કે 'હુંપણું' ની ભાવનાને છોડે, એટલે તમામ કલ્પનાઓ અને કાલ્પનિક સુખો ઇચ્છાઓ છુટી જશે.

ભગવાન ઋષભદેવ 'ચાતુરન્તચક્રવર્તી' કહેવાતાં, કારણ કે ચારેગતિનો અંત લાવવાનું સાધન તેમને મોજુદ હતું. દાન, શીલ, તપ અને ભાવ રૂપી ચાર ધર્મના દ્વારો તેમણે ઉઘાડયાં હતાં, ચાર કષાયોની ચોકડીને તેમણે નિર્બીજ કરી નાખી હતી, ચાર દિશાઓ સુધી પ્રસરેલા લોકના પરમાણુએ પરમાણુ તેમના જ્ઞાનમાં પ્રકાશતાં હતાં તેથી તેઓ સ્વપરપ્રકાશક તરીકે રહી તે દૃષ્ટિએ પણ 'ચાતુરન્ત' કહેવાતાં. દાન–શીલ–તપ અને ભાવ જેનામાં એકાકારરૂપે પરિણમી રહ્યાં હતા, જેનામા ઉપરનાં ચતુષ્ટયો સ્વાભાવિક ગુણ તરીકે તરી આવતાં હતાં. જેથી પણ તેઓ 'ચાતુરન્ત' કહેવાતાં.

જન્મ–જરા–મરણનો જે દ્વારા નાશ થાય છે તેને 'ચક્ર' કહે છે. આ પ્રમાણે ચાર ગતિનો અંત કરવાવાળા, ચાર કષાયોથી રહિત અને ચાર અવયવ (ક્ષાયિકભાવ-ક્ષાયિકચારિત્ર–કેવલજ્ઞાન–કેવલદર્શન) વાલા હોવાથી પ્રભુને 'ચક્રવર્ત્તી' તરીકે સંબોધવામાં આવે છે.

'ચાતુરન્તચક્રવર્તી' તો કદાચ વાગજાલીયા અને મિથ્યાવાદીઓ પણ ઘણી વખત બની શકે છે, એટલે ભગવાનને 'ધર્મવરચાતુરન્તચક્રવર્ત્તી' કહ્યાં છે. 'ધર્મ' શબ્દ લગાડવાથી જગતમાં વર્તતા મિથ્યા ધર્મો નહિ પરંતુ

જે 'ધર્મ' અનંત અપેક્ષાવાદી અને નયવાદી હોય તેમ જ સઘળા ધર્મો તેમાં અપેક્ષાપૂર્વક સમાઈ જતાં હોય તે 'સ્યાદ્વાદપણા' ને 'ધર્મ' કહેવામાં આવે છે. અને ભગવાને આ અપેક્ષાયુક્ત ધર્મની ઘોષણા કરી છે; માટે તેમને 'ધર્મવરચાતુરન્તચક્રવર્ત્તી' કહ્યાં છે.

છખંડ પૃથ્વી પર જેનું શાસન ચાલતું હોય, જેના ખજાનામાં નવે નિધિ હાજર હોય, જેને સર્વ દુશ્મનોને નાશ કરવાવાળું ચક્ર મળ્યું હોય, છએ ખંડ આપબળે પ્રાપ્ત કર્યાં હોય, વિદ્યાધરોએ જેને, મરણ સુધી જરા પણ કરમાય નહિ તેમ જ જીવન પર્યન્ત યુવાવસ્થા, લાવણ્યતા સાથે ટકી રહે તેવું સ્ત્રીરત્ન આપ્યું હોય. તે જ 'ચક્રવર્તી' કહેવાય. એવા ચક્રવર્તી મારા પિતા છે.

ફરી હું પોતનપુરમાં સિંહ સમાન ગર્જવા વાળો, મહાબલી, સુંદર સ્વસ્તિક ચિહ્નવાળો, ત્રણ ખંડનો અધિપતિ 'ત્રિપૃષ્ઠ' નામનો વાસુદેવ થઈશ. આટલું જ નહિ, ત્યાર બાદ હું અપર વિદેહની મૂકા નગરીમાં ચક્રવર્તી પણ થઈશ. કોશ અને દંડ આદિના પ્રભાવથી મારો પ્રતાપ અત્યંત પ્રખર સૂર્યના પ્રતાપની સમાન થશે. પૂર્વ-ભવમાં કીધેલ તપનો પ્રભાવ મને પ્રાપ્ત થશે. હું પૂર્વજન્મના સંચિત સુખોને પ્રાપ્ત કરીશ. મનુષ્યોમાં ઉત્તમ ગણાઈશ. દશે દિશાઓમાં મારો યશ ફેલાશે. શરત્કાલના મેઘની સમાન મધુર ગંભીર અને સ્નિગ્ધ મારી ધ્વનિ થશે. બધા લોકોને મારાથી સંતોષ પ્રાપ્ત થશે. હું પોતાના પિતાની સમાન જ પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી બનીશ.

વધારે શું! આ જ ભરત ક્ષેત્રમાં, આ જ અવસર્પિણી કાલમાં, રાગદ્વેષ રહિત શુભ અશુભ મલિનતાઓ સિવાયનો, અદ્‌ભુત આત્મપરાક્રમી, મહાન વૈરાગ્યવાન્ કેવલ-જ્ઞાન-દર્શન ઉપયોગવાળો, ચરમ તીર્થંકર પણ થઈશ.

સર્વ તીર્થંકરોમાં મારા દાદા પ્રથમ તીર્થંકર છે, સર્વ ચક્રવર્તીઓમાં મારા પિતા પ્રથમ ચક્રવર્તી છે, અને હું વાસુદેવોમાં પ્રથમ વાસુદેવ બનીશ. આ પછી હું પશ્ચિમ મહાવિદેહની મૂકા નગરીમાં છ ખંડનો નાથ, જગતમાં આનંદ કરવાવાળો પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી થઈશ. આટલું જ નહિ, પણ ત્યાર પછી હું કાલક્રમથી આ જ ચોવીસીની પૂર્તિ કરવાવાળો એટલે ચોવીસમી સંખ્યાને પૂર્ણ કરવાવાળો ચરમ તીર્થંકર થઈશ.

આ પ્રમાણે કહેતા, તથા ભુજાઓ ફટકારતા, તથા જોર જોરથી સિંહનાદ કરતા એવા મરીચિએ નીચ ગોત્રનું ઉપાર્જન કર્યું. ભગવાન ઋષભદેવનો પૌત્ર, ચક્રવર્તી ભરતનો પુત્ર અને પોતે જૈન ધર્મમાં નિષ્ઠા ધરાવનાર હોવા છતાં પણ મરીચિએ નીચગોત્રકર્મનો બંધ બાંધી લીધો. એમાં આશ્ચર્યની કોઇ વાત નથી. કારણ કે જે માણસ હેય અને ઉપાદેયના વિવેકથી વિકલ હોય છે તે વાસ્તવિક વાતનો નિર્ણય કરતો નથી, કરી શકતો નથી. જાતિ, કુલ વગેરેનું અભિમાન ભારે ઉગ્ર વિષ છે. જ્યારે મનરૂપી વૃક્ષ એ અભિમાનની જવાળાથી જળવા લાગે છે ત્યારે એ મનરૂપી વૃક્ષમાં જ્ઞાનની કુંપણો ફૂટી શકતી નથી. તેનો સાર એ છે કે અભિમાન જ્ઞાનનો પૂરેપૂરી રીતે નાશ કરી નાખે છે.

અભિમાનનું ખરાબ પરિણામ શાસ્ત્રકાર ફરીથી બતાવે છેઃ—જીવોનાં મનોગગન રૂપી આંગણામાં એટલે કે હૃદયરૂપી ક્ષેત્રમાં સહેજ પણ અભિમાનરૂપી મેઘનો ઉદય થાય તો તે હૃદય ક્ષેત્રમાં તુરત જ તૃષ્ણારૂપી વિષની

વેલ ઉગી નીકળે છે. એટલે કે અભિમાન તૃષ્ણાનો જનક છે. જેવી રીતે હિમસમૂહ કમલવનનો નાશ કરી નાખે છે. તેવા રીતે તે તૃષ્ણા જ્ઞાનાદિગુણોના સમુદાયને મૂળમાંથી જ નાશ કરી નાખે છે. તેનો આશય એ છે કે જેવી રીતે હિમના સમૂહથી કમળોનાં વનનો નાશ થાય છે તેવી જ રીતે અભિમાનથી જ્ઞાન વગેરે ગુણ-સમૂહનો નાશ થાય છે. તદુપરાંત તે તૃષ્ણા મદિરાની જેમ અપરિહાર્ય મોહના સમૂહની જનની છે, અને અપાર સંસારની વૃદ્ધિ કરનાર છે. સારાંશ એ છે કે જેમ સુરાપાન કરવાથી મનુષ્ય મોહમય તથા ચાર-ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરનાર બને છે તે જ પ્રમાણે તૃષ્ણાથી પણ બને છે.

આ રીતે કુલ-મદનો આશ્રય લઇને હેય-ઉપાદેયના વિવેક રહિત મરીચિએ પોતાના આત્માને દુઃખ-જનક સંસારમાં એવી રીતે ફસાવ્યા કે જેવી રીતે પારધી પોતાની જાળમાં પક્ષીઓને ફસાવી લે છે. આ રીતે ચાર ગતિ-રૂપ સંસાર-ભ્રમણ વગેરે અનર્થોના ભંડારરૂપ ઉચ્ચ કુળમાં જન્મ લેવાના અભિમાનનો આશ્રય લઈને મરીચિએ ભરતના મુખથી ભવિષ્યમાં પોતે વાસુદેવ વગેરે થશે, એવી વાત સાંભળવાને સમયે જ નીચ ગોત્રનો બંધ બાંધ્યો. (સૂ૦૧૨)

નીચ ગોત્ર બાંધ્યા પછી મરીચિનું શું થયું ? તે કહે છે. 'तए णं' ઇત્યાદિ.

મૂળનો અર્થ—ઋષભદેવ ભગવાન મોક્ષ પધાર્યા બાદ પણ મરીચિ ભવ્યજીવોને પ્રતિબોધ આપીને અવાર-નવાર દીક્ષાને માટે ભગવાનના સાધુઓ પાસે મોકલતો. કોઇ એકવેળા મરીચિના શરીરમાં ખાંસી ૧, શ્વાસ-દમ ૨, જવર ૩, દાહ ૪, કુક્ષિશૂલ ૫. ભગંદર ૬, હરસ-મશા ૭, અજીર્ણ ૮, નેત્રરોગ ૯, મસ્તકવેદના ૧૦, અરુચિ ૧૧, આંખની વેદના ૧૨, કાનની વેદના ૧૩, કંઠની વેદના ૧૪, ઉદર-પેટની વેદના ૧૫, કોઢ૧૬ આ સોલે રોગ ફાટી નીકળ્યાં, આથી તેમના મનમાં વિચાર આવ્યો કે વ્યાધિથી મુક્ત થયા બાદ કોઇએક ને શિષ્ય બનાવું તો ઠીક ! જે મારી સેવા-ચાકરી કરે ને વૃદ્ધાવસ્થામાં સાર-સંભાળ રાખે.

આ પ્રકારે વિચારતો હતો તેવા સમયમાં કોઇ એક ધર્મ-અભિલાષી કપિલ નામનો પુરુષ આવી ચઢયો. મરીચિએ તેને જૈનધર્મનું યથાર્થ વર્ણન કરી તેની સાર્થકતા સમજાવી. ઉપદેશ સાંભળી કપિલે પ્રશ્ન કર્યો, કે જો જૈનધર્મ સર્વોત્તમ છે, તો તેનું આચરણ તમે કેમ નથી કરતાં ? જવાબમાં મરીચિએ કહ્યું, કે હે કપિલ ! આર્હત ધર્મનું ઉપદેશેલું આચરણ મારાથી અમલમાં મૂકી શકાતું નથી, તે આચરણ ઘણું કઠિન છે ને મારી કાયરતાને લીધે તેમ બની શકાતું નથી. ત્યારે કપિલે બીજો પ્રશ્ન કર્યો કે શું તમારા પંથમાં 'ધર્મ' નથી કે તમારે જૈન-ધર્મના ઉપદેશનો આશ્રય લેવો પડે છે ?

મરીચિ શિષ્ય બનાવવાની લાલસાને રોકી શકયો નહિ. તેથી તેણે અવળી રજુઆત કરી કહ્યું કે હે કપિલ ! જૈન માર્ગમાં જેવો 'ધર્મ' છે તેવો ધર્મ મારા પંથમાં પણ છે.

આ સાંભળી કપિલ મરીચિનો શિષ્ય બન્યો, 'જૈન ધર્મના માર્ગમાં અને મારા માર્ગમાં બન્નેમાં સમાનતા છે' આ પ્રકારની મિથ્યા પ્રરૂપણા અને ઉપદેશનું આલોચન, પશ્ચાત્તાપનું પ્રાયશ્ચિત્ત અથવા પ્રતિક્રમણ નહિં કર-વાથી મરીચિએ દીર્ઘસંસારનું ઉપાર્જન કર્યું, મરીચિ ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય પૂરું કરી, મૃત્યુસમયે અણશણ કરી, ચોથા ભવમાં પાંચમાં દેવલોકે દશસાગરોપમની સ્થિતિવાળો દેવ તરીકે ઉત્પન્ન થયો. (સૂ૦૧૩)

ટીકાનો અર્થ—મરીચિ વ્યવહારમાં સાધુ તરીકે જુદુ આચરણ આચરી રહ્યો હતો, છતાં તેમની શ્રદ્ધા,

નિર્ણય અને જ્ઞાન કેવળિ ભાષિત અને પ્રરૂપિત હતું. ભગવાન નિર્વાણ પધાર્યા બાદ પણ દીક્ષાપર્યાય માટે કોઈ પણ આગંતુકને પ્રભુના શિષ્યો પાસે જ મોકલતો, કોઈક સમયે પોતાને સોલે રોગ ફાટી નીકળ્યા છે ને કોઈ સેવા-ચાકરી કરનાર શિષ્ય હોય તો ઠીક એમ ભાવ થવાથી કપિલ નામના વ્યક્તિને દીક્ષા આપી શિષ્ય તરીકે અંગીકાર કર્યો. કપિલે દીક્ષા ગ્રહણ કર્યાં પહેલાં જૈન પંથ અને મરીચિના પંથ વચ્ચેનો ભેદ સમજવા પ્રયાસ કર્યો. મરીચિએ એવી યુક્તિ-પ્રયુક્તિથી સમજાવ્યું કે જૈન ધર્મ અને અમારા માનેલા ધર્મના ઉપદેશ વચ્ચે કોઇ અંતર નથી. ફક્ત બહારના આચાર-વિચારો પૂરતો જ ફરક જણાય છે, તેથી મારો પંથ સ્વીકારી શિષ્ય થવામાં કોઈ પણ પ્રકારનો મોક્ષમાર્ગમાં બાધ આવતો નથી, આ સમજાવટના પરિણામે કપિલ તેમનો આજ્ઞાંકિત ચેલો બની શુશ્રૂષા કરવા લાગ્યો. ને ત્યાર બાદ મરીચિ કાળકરી પાંચમા બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયો. (સૂ૦૧૩)

## બ્રહ્મલોકવાસિ દેવનામક ચતુર્થો ભવઃ । / કૌશિકનામકઃ પશ્ચમો ભવઃ ।

હવે પાંચમો ભવ કહેવામાં આવે છે—

મૂલાર્થ—'**तए ण से**' ઈત્યાદિ. ત્યાર બાદ દેવનો ભવ-આયુષ્ય-સ્થિતિ પૂર્ણ થયા બાદ પાંચમાં ભવમાં તેમનો જીવ પૃથ્વીના રત્નમય આભૂષણની સમાન કોલ્લાક નામના સન્નિવેશમાં બ્રાહ્મણને ઘેર પુત્રપણે ઉત્પન્ન થયો. આ પુત્રનું આયુષ્ય ચોરાસી (૮૪) લાખ પૂર્વનું હતું. માતા-પિતાએ તેમનું નામ 'કૌશિક' રાખ્યું. બાલ્યાવસ્થા વ્યતીત થયાં બાદ યુવાવસ્થા પ્રાપ્ત થઇ. તે યુવાવસ્થામાં ઘણો તીવ્ર બુદ્ધિવાળો અને મહાન તેજસ્વી હતો. તેની બુદ્ધિ અને ચતુરતા ઘણી હતી. આ બુદ્ધિમત્તાનો ઉપયોગ તેણે અન્યાયી રીતે ધન ઉપાર્જન કરવામાં કર્યો. અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓમાં જેમ જેમ કાબેલ થતો ગયો, તેમ તેમ ધૂર્તવિદ્યામાં પારંગત બનવા લાગ્યો. સમસ્ત જીવન આવી રીતે નીકળી ગયું, તેમ જ તેમાં ઓત-પ્રોત રહ્યો છતાં તે આવા દુષ્કર્મની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના મૂઢ દશામાં મરણ પામી કીટ-પતંગ આદિ અનેક હલકી જાતિની તિર્યંચ યોનિયોમાં ભવ-ભ્રમણ કરવા લાગ્યો. આવા ક્ષુદ્ર ભવો અનેક થયા, તેની ગણત્રી શાસ્ત્રોએ લીધી નથી. એમ જ આગળના ક્ષુદ્ર ભવો પણ સમજી લેવા. (સૂ૦૧૪)

ટીકાનો અર્થ—'**तए णं से**' ઇત્યાદિ. આગામી આયુષ્યમાં જીવ, ગતિ-જાતિ-સ્થિતિ-અવગાહના-અનુભાગ ને પ્રદેશ એ છએ બોલો બાંધે છે. તે અનુસાર નયસારનો જીવ દેવલોકમાં છએ બોલ બાંધીને અવતર્યો હતો. ત્યાંના દીર્ઘકાલના સુખોનો રસાસ્વાદ લઇ અહિં મૃત્યુ લોકમાં ભરતખંડમાં પૃથ્વીની શોભારૂપ એવા કોલ્લાક નામના સન્નિવેશમાં બ્રાહ્મણને ઘેર એંસી લાખ પૂર્વની આયુષ્યવાળો થઇને તે જન્મ્યો હતો. તેનું નામ ગોત્ર-અનુસારે 'કૌશિક' રાખવામા આવ્યું. અગાઉ બ્રાહ્મણોમાં ગોત્રને નામે જયેષ્ઠ પુત્રનું નામ પાડવાનો રિવાજ હતો. આ બાળકનું આયુષ્ય એંસી લાખ પૂર્વનું હતું. ચોરાસી લાખ વર્ષને ચોરાસી લાખથી ગુણો તો જે ગુણાકાર આવે તે પૂર્વાંગ કહેવાય, એવા ચોરાસી લાખ પૂર્વાંગનો એક પૂર્વ થાય, એમ ચોરાસી લાખ પૂર્વોનું તેનું આયુષ્ય હતું.

કૌશિકે પોતાની બુદ્ધિનો ઉપયોગ લોકોને છેતરી પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવવામાં જ કર્યો. જે જાતનું ધન આવ્યું હોય તે જ રસ્તે તે ધન ખરચાઈ જાય છે. જીવનધન પણ તેણે ખોટી રીતે ખરચી નાખ્યું. અમુલખ

માનવજીવન એળે ગયું, ને મરણ વેળાએ પણ જીવન સુધારી લેવાની સદ્બુદ્ધિ તેને ન સૂઝી. જેનો જીવનકાળ છેવટ સુધરે તે જ ખાટી ગયો કહેવાય; પણ કોઇ ભાગ્યશાળીને જ ઘરના માણસો સંસ્કારી મળે છે કે મરણ-પથારીએ તેનું જીવન સુધારી આપે, બાકી અજ્ઞાનીઓ તો, મરનાર પાસે અનેક પ્રકારની પસાસંબંધી કાકલુદી-બોલ-રોદણુ વિગેરે રોઇ, મરનારને પોતાના ક્ષુલ્લક સ્વાર્થને ખાતર દુર્ગતિમાં ઘસેડી લઇ જાય છે. સંસ્કારી કુટુંબો તેની પાસે કોઇ જાતની સાંસારિક વાત નહિ કરતાં, તેના ભૂતકાળના જીવન પર દૃષ્ટિપાત કરાવે છે, ને થયેલ ભૂલોનું સ્મરણ કરાવી પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્તરૂપી અમૃતના ઘૂંટડા પાય છે, ને કોઇ પણ પ્રકારની વાસના-રહિત બનાવી પ્રભુસ્મરણમાં તેનું મન જોડી તેનું સમાધિમરણ કરાવે છે. ધન્ય છે આવા સંસ્કારી કુટુંબોને અને તેના સભ્યો ને! અત્યારે તો લાખોમાંથી કોઇક જ આવા નિકળતા હશે.

તદનુસાર કૌશિકને પણ જીવન સુધારનાર અંતિમકાળે પણ કોઈ મલ્યું નહિ, ને ત્યાગવ્રત પણ કાંઇ થઇ શકયું નહિ, તેના પરિણામે તે પશુ-પક્ષી-કીડા-પતંગ આદિ હલકી ગતિઓમાં જઇ ભ્રમણ કરવા લાગ્યો. આવા ક્ષુલ્લક ભવો એટલા બધા થાય છે કે જે ગણ્યા ગણાય નહિ, માટે તે પરિભ્રમણ અગણ્ય છે, તેથી ગણનાપાત્ર ભવો કે જે સત્તાવીશ છે તેનું નિયોજન શાસ્ત્રબદ્ધ થયું છે. (સૂ૦૧૪)

## પુષ્પમિત્રનામકઃ ષષ્ઠો ભવઃ ।

હવે છટ્ઠા ભવને કહે છે—

મૂલનો અર્થ—'एवं' ઈત્યાદિ. અનેક યોનિયોમાં જન્મ-મરણ કર્યા બાદ, અકામ-નિર્જરાએ અશુભ કર્મોના ઘસારા થયા પછી, શુભ કર્મોના ઉદયે છટ્ઠા ભવમાં, સ્થાનપુર નગર મધ્યે, બ્રાહ્મણ કુળની અંદર, પુષ્પમિત્ર-શર્મા નામે બોંતેર લાખ પૂર્વનું આયુષ્ય બાંધી બ્રાહ્મણ તરીકે નયસારનો જીવ અવતર્યો. આ ભવમાં સદ્વિચાર, વાણી, વર્તન અને યમનિયમો યુક્ત તે પુષ્પમિત્રશર્મા જિનધર્મની અનુમોદના દ્વારા પોતાનું જીવન ન્યાય અને નીતિ-યુક્ત ગાળ્યું. તેથી તે અહિંથી મરીને સાતમા ભવમાં સૌધર્મદેવલોકે મધ્યમસ્થિતિના દેવ તરીકે ઉત્પન્ન થયો. (સૂ૦૧૫)

## સૌધર્મદેવનામકઃ સપ્તમો ભવઃ ।

ટીકાનો અર્થ— **'एवं'** ઈત્યાદિ. કીડી-કીટક આદિના હલકી કોટીના તિર્યંચના આયુષ્યોમાં અકામનિર્જરાએ અશુભ કર્મોનો સમૂહ ઘણા વિસ્તારે ઓછો થાય છે, તેથી હળવો થતો થતો ઉંચો આવે છે. તે અનુસાર નયસારનો આત્મા ઘણી યોનિયોમાંથી પસાર થયા બાદ કઠોર જીવનોના કડવા અનુભવો અને નીચ કોટીનું સ્થૂલ વાતાવરણ છોડયા પછી પૂર્વના શુભપરિણામોના ઉદયે ગણનાલાયક પાંચ ભવો પૂરા કર્યા પછી, છઠા ભવમાં સ્થાનપુરનગરે બ્રાહ્મણ-કુળમાં બોંતેર લાખ વર્ષનાં આયુષ્યનો જોગ મેળવી, બ્રાહ્મણ તરીકે તે જન્મ્યો. ત્યાં તેનું નામ કુલ અને જાતિ અપેક્ષાએ 'પુષ્પમિત્રશર્મા' રાખ્યું. આ 'જીવન' માનવજીવન હતું. અને સુગુરુની સંગતે તે જીવનને સર્વયોનિઓના જીવન કરતાં શ્રેષ્ઠ માનવા લાગ્યો, કારણ કે આ જીવનના ખાટા-મીઠા અનુભવો જ્ઞાન દ્વારા આત્માને મળે છે. અને જ્ઞાન એ તેનો સ્વભાવ છે. એટલે સ્વભાવ દ્વારા નક્કી કરેલાં નિર્ણયો આત્મામાં બીજરૂપે રહે છે. તાત્વિક-દૃષ્ટિએ જીવ, અજીવ, પુણ્ય, પાપ આદિ જીનભાષિત નવ તત્વો યથાર્થ છે. અને પારિણામિક-દૃષ્ટિએ સમ-સંવેગ આદિ ભાવોએ આત્માના ગુણો છે. તે બન્ને દૃષ્ટિનો સુમેળ કરી, બુદ્ધિપૂર્વક તેનું શ્રદ્ધાન કરી, 'જૈન-ધર્મ સંસારના કટુક અને તીવ્ર દુઃખોમાંથી છોડાવનાર છે.' એમ જાણી તેની પ્રશંસા કરવા લાગ્યો, મરણવેળાએ પણ એ ભાવોનું મનન અને પરિણમન કરતો મરીને સાતમે ભવે સૌધર્મદેવલોકમાં મધ્યમસ્થિતિવાળો એટલે પલ્યોપમથી ઉપર અને બે સાગરોપમથી ઓછી સ્થિતિવાળો દેવ થયો. (સૂ૦૧૫)

## અગ્નિજ્યોતિર્નામકઃ અષ્ટમો ભવઃ ।

હવે આઠમો ભવ બતાવવામાં આવે છે—

મૂલ અને ટીકાનો અર્થ—**'तए णं से'** ઈત્યાદિ. સાતમા ભવનું દેવ-આયુષ્ય ભોગવ્યું. દેવના ભોગો જીવન સુધી અણકરમાયેલા રહેવાવાળા હોય છે, ને દેવો તેમાં રાતદિવસ મગ્ન રહે છે, જ્યારે ચ્યવવાના સાઢા છ મહિના બાકી રહે છે ત્યારે તેને તમામ ઝાંખુ અને શુષ્ક લાગે છે, વાતાવરણ નીરસ જેવું જણાય છે, મન આકુલ-વ્યાકુલતાથી ઉગ્ર રહે છે, કયાંય ચેન પડતું નથી. ત્યારે તે દેવ પોતાના ભવપ્રત્યયી અવધિજ્ઞાનથી જુએ છે અને તેને જણાય છે કે મારું મૃત્યુ નિઃશંકપણે ઝપાટાબંધ આવી રહ્યું છે. આથી આઘાત અનુભવે છે. 'મૃત્યુ લોકમાં મને માતા-પિતાના સડેલાં, ગંધાઈ ગયેલાં, કોહાઇ ગયેલાં, શુક્ર અને શોણિતનો આહાર કરવો પડશે ને ગર્ભના અંધાર કોટડીમાં નવ નવ માસ સુધીનું જીવન નિરાધાર પણે સહન કરવું પડશે. એ તીવ્ર આંચકાથી તેનું જીવન ભ્રમિત અને રસ વિનાનું થઈ જાય છે. છેવટ પોતાની આયુષ્યનો બંધ પૂરો કરી દેવલોકમાંથી આવે છે. આ પ્રમાણે નયસારનો જીવ પણ દેવનું આયુષ્ય વિતાડી આઠમે ભવે વિચિત્ર-નામના સન્નિવેશમાં ચોસઠ ૬૪ લાખ પૂર્વનું આયુષ્ય લઇ અગ્નિજયોતિ બ્રાહ્મણ તરીકે જન્મ્યો. આ જીવનમાં સંસાર કડવો જણાવાથી 'ત્રિદંડી પરિવ્રાજક' થયો (સૂ૦૧૬)

અગ્નિજયોતિ બ્રાહ્મણ કાળ કરીને કયાં ઉત્પન્ન થયો, તે કહે છે- **'नवमे'** ઈત્યાદિ.

## ઈશાનદેવલોકસમ્બન્ધી નવમો ભવઃ ।

મૂલ અને ટીકાનો અર્થ—ત્યાંનું આયુષ્ય પુરુ થયે કાલ કરી નવમે ભવે ઇશાન દેવલોકમાં દેવ તરીકે નયસારનો જીવ ઉત્પન્ન થયો. આ દેવનું મધ્યમ અર્થાત્ કાંઈક અધિક બે સાગરોપમથી ઓછું અને કાંઇક અધિક એક પલ્યોપમથી અધિક આયુષ્ય હતું (સૂ૦૧૭)

## સનત્કુમાર દેવલોક સમ્બન્ધી દશમો ભવઃ ।

ઈશાન દેવલોકથી ચ્યવી સુંદર નામના નગરમાં અગ્નિભૂતિ બ્રાહ્મણ તરીકે જન્મ્યો. અહિંનું આયુષ્ય છપ્પન ૫૬ લાખ પૂર્વનું હતું. આ ત્રિદંડી થઇ કાલમાસમાં કાલ કરી સનત્કુમાર દેવલોકમાં ઉત્પન્ન થયો. અગ્નિભૂતિના ભવની ગણતરી કરવામાં નથી આવી. તેથી સનત્કુમાર દેવલોકનો ભવ જ દશમો ભવ ગણવામાં આવ્યો છે, માટે દશમો ભવ કહે છે—'**तए णं से**' ઇત્યાદિ.

મૂલ અને ટીકાનો અર્થ—ઈશાન દેવલોકથી ચ્યવીને અગ્નિભૂતિના ભવને પૂરું કરી પછી તે નયસારનો જીવ દશમે ભવે ત્રીજા સનત્કુમાર દેવલોકમાં મધ્યમ સ્થિતિ–સાત સાગરોપમથી ઓછી અને બે સાગરોપમથી અધિક સ્થિતિ–વાળા દેવ–પણે ઉત્પન્ન થયો. (સૂ૦૧૮)

## ભારદ્વાજ-માહેન્દ્રકલ્પિક દેવનામકૌ એકાદશદ્વાદશભવૌ ।

ત્યાર બાદ જે થયો તે કહે છે—'**तओ चुओ**' ઈત્યાદિ.

મૂલ અને ટીકાનો અર્થ—સનત્કુમાર દેવલોકની આયુ ભવ અને સ્થિતિનો ક્ષય થયે ત્યાંથી ચ્યવીને નયસારનો જીવ અગીયારમાં ભવે શ્વેતાંબિકાનગરીમાં વિદ્યાસંપન્ન ભારદ્વાજ નામના બ્રાહ્મણ તરીકે આવ્યો. એનું આયુ અહિં ચુમાલીશ ૪૪ લાખ પૂર્વનું હતું. આ બધો આયુ એણે ત્રિદંડી તાપસ અવસ્થામાં રહીને જ પૂરું કર્યું. ત્યાંથી યથાસમયે મરીને બારહમેં ભવે માહેન્દ્ર–નામના ચોથા કલ્પમાં મધ્યમસ્થિતિ–કાંઈક અધિક સાત સાગરોપમથી ઓછું કાંઈક અધિક બે સાગરોપમથી વધારે સ્થિતિ–વાળો દેવ થયો. (સૂ૦૧૯)

હવે તેરમો અને ચૌદમો ભવ કહેવામાં આવે છે—'**तओ चुओ**' ઇત્યાદિ.

## સ્થાવરવિપ્રબ્રહ્મલોક સમ્બન્ધિદેવનામકૌ ત્રયોદશચતુર્દશૌ ભવૌ ।

મૂલનો અર્થ—ત્યાંનો જન્મ પૂરો કરીને અનેક યોનિયોમાં વારંવાર ભ્રમણ કરીને તેરમા ભવે રાજગૃહ નગરીમાં સ્થાવર નામનો બ્રાહ્મણ થયો. અહિં પણ પરિવ્રાજક થયો. ચોવીશ લાખ પૂર્વનું આયુષ્ય પૂરું કરી કાળ આવ્યે કાળ કરી ચૌદમાં ભવમાં પાંચમાં બ્રહ્મલોક નામના દેવલોકમાં મધ્યમસ્થિતિવાળા દેવ-પણે ઉત્પન્ન થયો. (સૂ૦૨૦)

ટીકાનો અર્થ—**'तओ चुओ'** ઈત્યાદિ. માહેન્દ્ર દેવલોકમાંથી ચવીને નયસારનો જીવ કીડા પતંગ આદિ અનેક નાની–મોટી યોનિઓમાં જન્મ ધારણ કરતો તેરમા ભવે રાજગૃહ નામની વિખ્યાત નગરીમાં સ્થાવર નામનો વિપ્ર થયો. અહિં પણ ત્રિદંડીપણું સ્વીકાર્યું. ચોવીસ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી ત્યાંથી મરીને ચૌદમે ભવે પાંચમા કલ્પમાં દેવપણે જન્મ્યો. આ દેવનું આયુષ્ય મધ્યમસ્થિતિવાળું એટલે સાત સાગરોપમથી અધિક અને દશ સાગરોપમથી ઓછું હતું. (સૂ૦૨૦)

## વિશ્વભૂતિમહાશુક્રકલ્પદેવનામકૌ પંચદશષોડશૌ ભવૌ ।

તેરમાં ચૌદમાં ભવને કહીને હવે ગણવા યોગ્ય પન્નરમો ભવ કહેવામાં આવે છે—**'तओ चइत्ता'** ઈત્યાદિ.

મૂલ અને ટીકાનો અર્થ—દૈવી સુખોનો રસાસ્વાદ લઇ પછી અનેક ભવોમાં ભ્રમણ કરતાં પન્નરમેં ભવે રાજગૃહ નગરીમાં વિશ્વનંદી રાજાના નાના ભાઇ વિશાખભૂતિ યુવરાજની ધારણી નામની દેવીની કુક્ષિમાં પુત્રરૂપે જન્મ્યો. માતાપિતાએ તેનું નામ 'વિશ્વભૂતિ' રાખ્યું. તેના જન્મથી માતાપિતા ઘણા આનંદિત થયાં. યુવાવસ્થામાં તે પોતાના અંતઃપુરની સાથે પુષ્પકરંડક નામના ઉદ્યાનમાં ક્રીડા કરવા લાગ્યો.

વિશ્વનંદી રાજાને વિશાખનંદી નામનો પુત્ર થયો. આ પુત્રનો જન્મ, વિશાખભૂતિને યુવરાજ બન્યા પછી થયો. કોઈ એક દિવસે યુવરાજના પુત્ર વિશ્વભૂતિને બાગમાં સ્વેચ્છાએ ક્રીડા કરતો વિશાખનંદીની માતાએ જોયો. જોતાંજ હૈયામાં ઈર્ષ્યાનો અગ્નિ પ્રજ્વલિત થયો. કોપાયમાન થઇ કોપગૃહમાં ગઇ. રાજાએ તેને પ્રસન્ન કરવા ઘણો પ્રયાસ કર્યો પણ સર્વ પ્રયાસ વ્યર્થ ગયા. તે ગુસ્સામાં ને ગુસ્સામાં ભભૂકી ઉઠી કે આવા મોટા રાજ્ય અને લાવ-લશ્કરથી અમને શો ફાયદો? આવું સામ્રાજ્ય અસ્તિત્વમાં છે. છતાં પણ મારો પુત્ર વિશાખનંદી, યુવરાજના પુત્ર જેટલાં પણ સુખાસ્વાદો લઇ શકતો નથી. જ્યારે આપની હૈયાતિમાં જો આવી અમારી દશા હોય તો આપની કાયમી ગેરહાજરીમાં અમારી દશા કેવી કલ્પવી? તમે તો તેના પુત્રના હાથમાં છે.

આવું સાંભળી રાજાએ પ્રધાનને બોલાવ્યો ને કહ્યું કે 'અમારા વંશમાં એવો રિવાજ છે કે કોઇથી અભિગત ઉદ્યાનમાં બીજો કોઈ તેનો સુખાનુભવ કરી શકે નહિ. આ ઉદ્યાનમાં યુવરાજનો પુત્ર વાસ કરી રહેલ છે તો તેને કેવી રીતે ખાલી કરાવવો ?' અમાત્યે ઉપાય સૂઝાડયો કે 'હું અહિંથી એવો બનાવટી પત્ર રવાના કરૂં છું, કે રાજ્યના સીમાડે આપણો કોઇ દુશ્મન રાજા ચડી આવ્યો છે તેને મહાત કરવા રાજા જાતે સૈન્ય લઈ જાય છે' આ પત્ર વિશ્વભૂતિને પહોંચાડવામાં આવ્યો ને તેણે મનોમંથન કરી વિચાર્યું કે હું યુવાન અને શક્તિશાળી છું છતાં મહારાજા વૃદ્ધપણે યુદ્ધ ચડે તે વ્યાજબી નથી. તેથી વિશ્વભૂતિ પોતે મહારાજાને જતાં અટકાવી સૈન્યના મોખરે ચાલી નીકળ્યો. (સૂ૦૨૧)

ત્યારબાદ જે થયું તે કહે છે—'**तए णं विसाहनंदी**' ઈત્યાદિ.

મૂલનો અર્થ—વિશાખનંદી રાજકુમાર, તે ઉદ્યાનને ખાલી જોઇ ત્યાં ક્રીડા કરવા લાગ્યો. યુદ્ધે ચડેલો વિશ્વભૂતિ કોઈપણ દુશ્મનને ન જોવાથી પાછો આવ્યો, ને પાછા આવતાં પુષ્પકરંડક ઉદ્યાનમાં જેવો તે પ્રવેશદ્વારે આવ્યો કે તરત જ ત્યાં ઉભા રહેલ દ્વારપાલોએ તેને દાખલ થતાં અટકાવ્યો ને સમાચાર આપ્યા કે 'હે સ્વામિન્! આ બગીચામાં રાજકુમાર વિશાખનંદી આનંદમહોત્સવ માણવા માટે આવ્યા છે અને તેનો ઉપયોગ તેમના માટે અબાધિતપણે સ્થાપિત થયો છે.' આ માયાવી બોલવું સાંભળી વિશ્વભૂતિ બધી વાતને પામી ગયો, ને મનમાં સમજી ગયો કે મને દગા–ફટકાથી દૂર કરવામાં આવ્યો છે. આવો દાવપેચ તેની સામે અજમાવવામાં આવ્યો તેથી તે બહુ દુઃખી થયો ને કોપિત થઇ ઉદ્યાનના કિનારામાં રહેલા કપિત્થ (કોઠા) ના ઝાડોને મુઠી મારી મારીને હલાવ્યા તેથી કપિત્થ-ફળો (કોઠાઓ તૂટી તૂટીને બગીચામાં પડવા લાગ્યા તેથી તે બગીચો ભરાઈ ગયો. આવી રીતે પોતાનો પરાક્રમ બતાવીને કહેવા લાગ્યો કે જેવી રીતે હું કપિત્થ–ફલોને (કોઠાઓ) ને પાડયા છે તેવી જ રીતે તમારા મસ્તકને પણ પાડી નાખવાનું મારામાં સામર્થ્ય છે પણ મોટા પિતાજી એટલે મારા પિતાના મોટા ભાઇ રાજા વિશ્વનંદીના મોટાપણાનો વિચાર કરીને હું એવું નથી કરતો; નહિતર હે રાજકુમાર! જરૂર તને બતાવી આપત કે આ ઉદ્યાનમાં કેવું રહેવાય છે? ખેદ સાથે વલાપો કાઢવા લાગ્યો કે તમો લોકોએ કપટ કરીને મને ઉદ્યાનમાંથી બહાર કાઢયો છે. ઘણા આશ્ચર્યની વાત તો એ છે કે સ્વજનો પણ પોતાના ક્ષુદ્ર સ્વાર્થને વશ થઇ જુઠો વ્યવહાર આચરે છે. ધિક્કાર છે આવા કામભોગોને! શાસ્ત્રકારો દાંડી પીટીને કહે છે—

**"सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा।**
**कामे पत्थयमाणा य, अकामा जंति दुग्गइं" ॥१॥**

કામભોગ શલ્યસમાન છે, કામભોગ આશીવિષ–સર્પ સમાન છે, કામભોગોને સેવવાવાળા દુર્ગતિમાં જાય છે, એટલું જ નથી પણ તેનો વિચાર કરનાર પણ માઠી ગતિને પ્રાપ્ત કરે છે (૧)

'માટે કામભોગ વૃથા છે, નીચ ગતિઓનું મૂલ છે,' આવા પ્રકારે વચનો ઉચ્ચારી બગીચાના પ્રવેશદ્વારેથી જ પાછો વળ્યો. આ દુર્ઘટનાનો નિરંતર વિચાર આવવાથી તેનું મન ચકડોળે ચડયું. સંસારની અસારતાની તેને સમજણ પડી. તે વિચારવા લાગ્યો કે કામભોગની લાલસાએ માનવ, પિતા–પુત્રનો સંબંધ પણ ભૂલી જઈ એક બીજાની ગરદન મારતાં પાછું વળી જોતો નથી. કેવી જગતની વિચિત્રતા ?'

ઉપરોક્ત વિચાર–વમળે ચડતાં, સંસાર ઉપરથી મોહ–પડલ ઓછું પડતાં, વૈરાગ્યને પામ્યો. વિરક્તિ–ભાવ જાગવાથી આર્યસંભૂત સ્થવિર પાસે દીક્ષા ગ્રહણ કરી ત્યાગી થયો.

આ વિશ્વભૂતિ અણગાર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ધારક બની, છટ્ઠ અટ્ઠમ આદિ તપશ્ચર્યાને આદરતાં વિચરવાં લાગ્યાં. (સૂ૦૨૨)

ટીકાનો અર્થ—'तए णं विसाहनंदी' ઇત્યાદિ. વિશ્વભૂતિના યુદ્ધને માટે ચાલ્યા ગયા પછી વિશાખનન્દી રાજકુમાર તે પુષ્પકરંડક ઉદ્યાનને ખાલી માનીને ત્યાં ક્રીડા કરવા લાગ્યો. ત્યાં યુદ્ધને માટે ગયેલા વિશ્વભૂતિએ ત્યાં દર્શાવેલા સ્થાને વિરોધી રાજાને ન જોયો ત્યારે તે પુષ્પકરંડક ઉદ્યાનમાં પાછો ફર્યો. ત્યાં દંડધારી દરવાનોએ વિશ્વભૂતિને આમ કહીને રોકયા: "સ્વામી! અંદર પ્રવેશ કરશો મા; કારણ કે આ ઉદ્યાનમાં વિશાખનન્દી રાજકુમાર ક્રીડા કરે છે. દરવાનના રોકવાના વચનો સાંભળીને વિશ્વભૂતિ સમજી ગયો કે મને કપટથી પુષ્પકરંડક ઉદ્યાનમાંથી બહાર કાઢવામાં આવ્યો છે. અહીંથી મને કાઢવાને માટે જ રાજાએ યુદ્ધના સમાચાર મોકલ્યા હતા. ખરેખર તો સીમાડા નજીકના કોઇ પણ રાજા યુદ્ધ કરવા ઇચ્છતો ન હતો. ત્યારે સ્વજનો દ્વારા કરાયેલ અનિષ્ટના કારણે કોપાયમાન થયેલા વિશ્વભૂતિએ બગીચાની બાજુનાં ઘણા ફળોના ભારથી ઝુકી પડેલાં કોઠાનાં વૃક્ષોને મુઠીઓ મારી મારીને તોડી નાખ્યાં.

મૂઠીઓના પ્રહાર લાગવાથી વૃક્ષો હલવા લાગ્યાં અને તેમના ફળ તૂટી તૂટીને નીચે પડવા લાગ્યાં. કોઠાનાં ફળોથી ઉદ્યાનની જમીન છવાઇ ગઇ. આ પ્રમાણે પોતાનું પરાક્રમ બતાવીને વિશ્વભૂતિએ કહ્યું, "જે રીતે મેં આ કોઠાનાં ફળોને નીચે પાડયા તેજ રીતે તમારાં શીસો પાડવાની તાકાત પણ મારામાં છે. પણ દાદાજી–પિતાજીના મોટાભાઇ–રાજા વિશ્વનન્દીની મહત્તાનો વિચાર કરીને એમ કરતો નથી. તમે લોકોએ કપટ કરીને મને ઉદ્યાનમાંથી બહાર કાઢયો છે. ઘણું જ આશ્ચર્યની વાત છે કે સ્વજન પણ સ્વાર્થના કાદવમાં ફસાઇને આવું અયોગ્ય વર્તન કરે છે. અથવા એમાં આશ્ચર્ય પણ શું છે? કામ–ભોગમાં આસકત મનુષ્ય બધું જ કરી શકે છે. એ કામ–ભોગોને

ધિક્કાર છે અનેકવાર ધિક્કાર છે. આ કામ–ભોગ જ સર્વ મુશ્કેલીઓનું મૂળ છે. તેથી જ કહ્યું છે કે:—

"सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे पत्थयमाणा य, अकामा जंति दुग्गइं ॥ १॥

આ કામભોગ એટલે કે ઇન્દ્રિયોનાં વિષય, શબ્દ વગેરે શલ્યો છે. જેમ શરીરની અંદર ઘૂસી ગયેલી બાણની અણી દરેક પળે પીડા પહોંચાડે છે, એમ આ કામભોગ પણ પીડાકારી છે. તથા એ કામભોગ વિષનાં જેવાં છે. જેમ ખાધેલું ઝેર જીવનનો અન્ત લાવે છે. એજ પ્રમાણે કામભોગ ધર્મજીવનનો નાશ કરે છે. વળી એ કામભોગ સાપ જેવાં છે. જેમ સાપ કરડે તે મનુષ્ય મરણને શરણ પામે છે એજ રીતે કામભોગથી ડંસાયેલ મનુષ્ય પણ મોતનો મહેમાન બને છે. એ કામભોગોની ભયંકરતા તો એથી સાબીત થાય છે કે કામોની અભિલાષા કરનારા, કામભોગ પ્રાપ્ત ન થવાં છતાં પણ, ફક્ત અભિલાષા કરવા માત્રથી જ દુર્ગતિ પામે છે. આવી સ્થિતિમાં કામભોગના ઉપાર્જન, રક્ષણ અને ઉપભોગનું તો કહેવું જ શું ? તેનો આશય એ છે કે કામભોગની અભિલાષા વગેરે રાગ–દ્વેષનું મૂળ હોવાથી તથા કષાય–વર્ધક હોવાને કારણે પાપમય છે.

તેથી એ કામભોગ વ્યર્થ છે. આ રીતે કામભોગોની નિંદા કરીને તથા "કામભોગ નરકાદિ–દુર્ગતિયોનું કારણ છે." એવો મનમાં નિશ્ચય કરીને વિશ્વભૂતિ ત્યાંથી નીકળી ગયાં. તેમનામાં સંવેગ પેદા થઇ ગયો–મુક્તિની અભિલાષા ઉત્પન્ન થઇ ગઇ. તેઓ કષાયની કલુષતારહિત ભાવના સાથે આર્યસંભૂત નામના સ્થવિર મુનિની પાસે દીક્ષિત થયાં.

દીક્ષા લીધાં પછી વિશ્વભૂતિ અણગાર ઈર્યાસમિતિથી યુક્ત થયાં. એટલે કે જીવોની રક્ષાને માટે યુગ્ય-પ્રમાણ (ધૂંસરીના માપની) ભુમિ ઉપર નજર રાખીને ચાલનાર થયાં. મૂળમાં વપરાયેલ "યાવત્" શબ્દથી ભાષા-સમિતિસહિત, એષણાસમિતિસહિત, આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિતિસહિત, પરિષ્ઠાપનાસમિતિસહિત, મનઃસમિત, વચનસમિત, કાયસમિત તથા મનોગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિથી યુક્ત તથા ઇન્દ્રિયોને ગોપન કરનારા" આટલું વધારે ગ્રહણ કરવું જોઇએ. હિત, મિત, પથ્ય અને સત્ય ભાષા બોલનારને ભાષા–સમિત કહેવાય છે. આધાકર્મ વગેરે દોષોથી રહિત ભિક્ષાની ગવેષણા કરનાર એષણાસમિતિથી યુક્ત કહેવાય છે. વસ્ત્ર વગેરે ઉપકરણ તથા પાત્રને ઉઠાવવા તથા રાખવામાં જે યતનાવાળા હોય છે તે આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિત કહેવાય છે. અહીં મધ્યમણિ–ન્યાયથી વચ્ચેના શબ્દનો આગળ અને પાછળ બન્ને જગ્યાએ સંબંધ થઈ જાય છે, એ વિષય પ્રમાણે "ભાંડ–માત્ર" શબ્દોનો આદાન (ગ્રહણ કરવું–ઉઠાવવું) ની સાથે પણ સંબંધ છે, અને નિક્ષેપણા( મૂકવું )ની સાથે પણ સંબંધ છે. પરિષ્ઠાપનાસમિતિનું પૂરૂં નામ "ઉચ્ચાર–પ્રસ્રવણ–શ્લેષ્મ–શિંઘાણ-જલ્લ–પરિષ્ઠાપનિકા–સમિતિ" છે. ઉચ્ચાર એટલે કે મળ, પ્રસ્રવણ એટલે કે મૂત્ર, શ્લેષ્મ એટલે કે કફ, જલ્લ એટલે કે પસીનાનો મેલ, શિંઘાણ ( નાકનો મેલ ) એ બધાંને પરઠવામાં યતનાવાળાને પરિષ્ઠાપનિકાસમિત કહેવાય છે. તેઓ મનઃસમિત એટલે કે શુભ મનની પ્રવૃત્તિ કરનારા, વચનસમિત એટલે કે સત્ય, મધુર અને નિરવદ્ય વચન બોલનારા, તથા કાયસમિત એટલે જીવહિંસા વગેરે દોષોથી બચીને કાયાની પ્રવૃત્તિ કરનારા થયાં.

વિશ્વભૂતિ અણગાર મનોગુપ્તિમાન પણ થયાં. મનોગુપ્તિ ત્રણ પ્રકારની છે: (૧) આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન ઉત્પન્ન કરનાર કલ્પનાઓના સમૂહનો વિયોગ હોવો તે પહેલી મનોગુપ્તિ છે. (૨) શાસ્ત્રને અનુસરનારી, પરલોકની

સિદ્ધિ કરનારી મધ્યસ્થતારૂપ પરિણતિ બીજી મનોગુપ્તિ છે. (૩) શુભ અને અશુભ બન્ને પ્રકારના માનસિક વ્યાપારના નિરોધથી ચિરકાળ સુધી અભ્યાસ કરાયેલ યોગથી ઉત્પન્ન થનારી, વિશિષ્ટ અવસ્થામાં પ્રાપ્ત થનારી આત્મસ્વરૂપમાં રમણરૂપ પરિણતિ ત્રીજી મનોગુપ્તિ છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે:—

"विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् ।
आत्मारामं मनस्तज्ज्ञै,-र्मनोगुप्तिरुदाहृता ॥१॥"

બધા પ્રકારની કલ્પનાઓથી મુક્ત થઈને સમત્વમાં ( સમતા–અવસ્થામાં ) સારી રીતે રહેલાં મનનું આત્મામાં રમણ કરવું એ મનોગુપ્તિ છે.

તે મુનિ વચનગુપ્ત એટલે કે મૌનનું અવલમ્બન રાખનારા તથા કાયગુપ્ત એટલે શરીરની ગમન (જવું) આગમન ( આવવું ) પ્રચલન, સ્પન્દન–હલનચલન વગેરે ક્રિયાઓનો નિરોધ કરનારા પણ થયાં. કાયગુપ્તિ બે પ્રકારની છે. (૧) ચેષ્ટાનિવૃત્તિ (૨) યથાગમ ચેષ્ટાનિયમનરૂપ. કાયોત્સર્ગ વગેરે કરીને પરિષહો સહન કરતાં કરતાં કાયાને નિશ્ચલ કરી લેવી એ ચેષ્ટાનિવૃત્તિરૂપ કાયગુપ્તિ છે. ગુરુ મહારાજની આજ્ઞા લઈને શરીર અને સંસ્તારકની પ્રતિલેખના, પ્રમાર્જના વગેરે સમયોચિત ક્રિયાઓનું સંપાદન કરતાં શયન, આસન વગેરે કરવું જોઈએ. તેથી જ ગુરુની આજ્ઞાથી શયન, આસન, નિક્ષેપ, આદાન વગેરેમાં સ્વતંત્ર ચેષ્ટાનો ત્યાગ કરવો તે બીજી કાયગુપ્તિ છે. કહ્યું પણ છે–

"उपसर्गप्रसङ्गेऽपि, कायोत्सर्गजुषो मुनेः ।
स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ॥१॥
शयनासननिक्षेपाऽऽदानसंक्रमणेषु च ।
स्थानेषु चेष्टानियमः, कायगुप्तिस्तु सा स्मृता ॥२॥"

ઉપસર્ગના અવસરે પણ કાયોત્સર્ગનું સેવન કરનારા મુનિનાં શરીરની સ્થિરતા કાયગુપ્તિ કહેવાય છે. (૧)

શયન, આસન, નિક્ષેપ, આદાન અને સંક્રમણ–ચાલવું.–ફરવું–વગેરે ક્રિયાઓમાં ચેષ્ટા એટલે કે પ્રવૃત્તિનું નિયમન એ બીજી કાયગુપ્તિ કહેવાઈ છે. (૨)

તથા તે મુનિ મન, વચન, કાયની ગુપ્તિથી યુક્ત હોવાને કારણે ગુપ્ત હતાં. એટલે કે માનસિક, વાચિક, અને કાયિક અસંયમનાં સ્થાનોથી રક્ષિત હતાં. તેમણે ઇન્દ્રિયોને પોત–પોતાના વિષયોમાં પ્રવૃત્તિ કરતી રોકી દીધી હતી તેથી તેઓ ગુપ્તેન્દ્રિય હતાં, ગુપ્તબ્રહ્મચારી હતાં એટલે કે જીવન પર્યન્ત મૈથુનના ત્યાગી હતાં–પૂર્ણ બ્રહ્મચારી હતાં. એ બધાં ગુણોથી સંપન્ન બનીને તે મુનિ છઠ, અઠમ વગેરેની ઘોર તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતાં વિચરતાં હતાં. (સૂ૦૨૨)

તે પછી જે બન્યું તે કહે છે—'तओ' ઈત્યાદિ.

મૂલનો અર્થ—'તપ'ના પ્રભાવે તેજોલબ્ધિ આદિ અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થઇ. આવા લબ્ધિસંપન્ન વિશ્વભૂતિ અણગાર એકવાર આચાર્યની આજ્ઞા લઈ એકાકી વિચરતાં મથુરાનગરીમાં પહોંચી ગયાં. તે સમયે રાજકુમાર વિશાખનંદી કોઈએક રાજકન્યાનું પાણિગ્રહણ માટે ત્યાં આવ્યો હતો. રાજમાર્ગ ઉપર તંબુના ડેરા ઉભા કરવામાં આવ્યાં હતાં. માસખમણના પારણે ભિક્ષાર્થે તે રાજમાર્ગ ઉપર વિશ્વભૂતિ અણગારનું આવવું થયું. વિશ્વભૂતિ અણગારને તેના પૂર્વપરિચિત માણસોએ ઓળખી લીધાં, ને પોતાના સ્વામી વિશાખનંદીને પણ ઓળખાવ્યાં વિશ્વભૂતિને દેખતાં જ વિશાખનંદીમાં શત્રુતાનો ભાવ પ્રગટ થયો.

આ વખતે કોઈ નવ પ્રસવવાલી ગાયે મુનિને ધક્કો માર્યો ને મુનિ ધરતી પર ગબડી પડયાં. આ દૃશ્ય જોઈ વિશાખનંદી ખડખડાટ હસી પડયો ને મશ્કરી કરવા લાગ્યો. કલબલતાં અણગાર ઉઠયાં ને વ્યંગમાં વિશાખનંદીએ કહ્યું કે—અરે ભિક્ષુક! મહાન કોઠાના ફળોને પાડનાર તારું બળ કયાં ગયું કે આવી દુર્બળ ગાયના ધક્કા માત્રથી તું ઊંધો પડી ગયો?'

મુનિએ આંખો ઉઘાડી જોયું તો વિશાખનંદી જણાયો. તેને પોતાનું બળ દાખવવા ક્રોધિત થઇ ગાયને, તેના બે શિંગડા પકડી, ઉંચી કરી નાખી. સિંહ ગમે તેટલો દુર્બળ બને તો પણ તેની શક્તિ છાની રહેતી નથી. કયાં સિંહ ને કયાં શિઆળીયું! કયાં મેઘલી રાતનો ગાઢ અંધકાર અને કયાં સહસ્રરશ્મિ સૂર્ય! શું આગિયો સૂર્ય સમાન પ્રકાશ કરી શકે?

આ જોઈ વિશાખનંદી શરમાયો. વિશ્વભૂતિ મુનિને નિશ્ચય થયો કે હું સંસાર છોડી સાધુ થયો છતાં આ દુષ્ટ મારા ઉપરની વેરવૃત્તિને ભૂલ્યો નથી. આવું વિચારી મનમાં નિયાણું કર્યું કે મેં જે કોઇ તપ-નિયમ-સંયમ-બ્રહ્મચર્ય વિગેરે સેવન કર્યું હોય તો તે બધા સુવ્રતોનું ફલ આ દુશ્મનને વિદારી નાખવામાં આગામીભવે મળે તેમ ઇચ્છું છું.

આ નિદાનનો પશ્ચાત્તાપ કે આલોચના અગર પ્રતિક્રમણ કર્યા વિના એક માસનું અણશણ કરી, કાલ આવ્યે કાલ કરી, વિશ્વભૂતિ સોળમાં ભવમાં 'મહાશુક્ર' નામના સ્વર્ગમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવ થયાં. (સૂ૦૨૩)

ટીકાનો અર્થ—'तओ' ઇત્યાદિ. તપસ્યા કર્યા પછી તપના પ્રભાવથી આમર્શૌષધી-વગેરે તથા તેજોલેશ્યા વગેરે અનેક પ્રકારની લબ્ધિઓથી યુક્ત વિશ્વભૂતિ અણગાર કોઇ વખતે આચાર્યની આજ્ઞા લઇને એકાકિ-વિહાર-પ્રતિમાથી વિચરતાં વિચરતાં મથુરા નગરમાં પહોંચ્યા. એ જ અવસરે રાજકુમારીનું પાણિગ્રહણ કરવા માટે રાજકુમાર વિશાખનન્દી પણ ત્યાં આવેલ હતો. વિશાખનન્દીએ રાજમાર્ગની નજીકના મહેલમાં નિવાસ કર્યો હતો. વિશ્વભૂતિ અણગાર પારણાને દિવસે મથુરા નગરીમાં ભિક્ષાને માટે ફરતાં ફરતાં એ જ રાજમાર્ગ પરથી જઇ રહ્યાં હતાં. વિશ્વભૂતિ અણગારને જોઈને વિશાખનન્દીના માણસોએ પોતાના માલિક એટલે કે વિશાખનન્દીને તેમનો પરિચય કરાવી દીધો. તેમણે

કહ્યું, "આ ભિક્ષાને માટે ફરનારા વિશ્વભૂતિ અણગાર છે." આ પરિચય મેળવીને વિશાખનન્દી તેમને પોતાના શત્રુની જેમ જોવા લાગ્યો. એવામાં એક તુરત વિયાયેલી ગાયે મુનિ વિશ્વભૂતિને ધક્કો મારીને ભૂમિ પર પછાડયાં. મુનિ પડતાં જ વિશાખનન્દી તથા તેના માણુસો મોટેથી ખડખડાટ હસી પડયાં. ઉઠીને મુનિ જવા લાગ્યા તો વિશાખનન્દીએ મહેણું મારતાં કહ્યું: "હે ભિક્ષુક, કોઠાનાં ફળોને નીચે પાડી નાખનારૂં તારૂં પેલું બળ કયાં ગયું?" ભાવાર્થ એ કે આવી નિર્બળ ગાયના સામાન્ય ધક્કાથી તું પડી ગયો. ધિક્કાર છે તારા બળને!

જ્યારે વિશાખનન્દીએ આ રીતે આક્ષેપભર્યાં વચનો કહ્યાં ત્યારે મુનિએ તેની તરફ જોયું. તેઓ ઓળખી ગયાં કે આ વિશાખનન્દી છે. વિશ્વભૂતિ મુનિ તેના આક્ષેપને સહન કરી શકયાં નહીં. તેથી જ તેમણે પોતાના બન્ને હાથથી તે ગાયને શિંગડાના અગ્રભાગથી પકડીને ઊંચી ઉપાડી લીધી.

તેમાં નવાઈ પામવાની કોઇ વાત નથી. વિચાર કરો સિંહ ગમે તેટલો નિર્બળ થયો હોય છતાં શું શિયાળ તેના કરતાં વધારે બળવાન હોઇ શકે છે? શું અંધકાર પ્રકાશને ઓળંગી શકે છે? શું ખદ્યોત-આગિયું સૂર્યની બરાબરી કરી શકે છે? ના, કદીપણ એવું બની શકતું નથી. વિશાખનન્દી વિશ્વભૂતિ અનગારનું ગાયને ઉંચકી લેવાનું પરાક્રમ જોઈને શરમિન્દો થયો.

"આ દુષ્ટ સ્વભાવવાળો વિશાખનન્દી આટલો બધો સમય પસાર થવા છતાં પણ મારા તરફ વેર-વૃત્તિ રાખે છે." આ જાતનો વિચાર આવતાં જ મુનિએ નિયાણું બાંધ્યું: "જો મારાં તપ, નિયમ, અને બ્રહ્મચર્યપાલનનું કોઇ પણ ફળ મને મળવાનું હોય તો ભવિષ્યકાળમાં હું વિશાખનન્દીનો ઘાતક બનું!"

ત્યારબાદ વિશ્વભૂતિ મુનિએ સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના જ સાઠ ભક્ત અનશનથી છેદીને એટલે કે એક મહિનાના અનશન કરીને મૃત્યુ સમય આવતાં કાળ પામ્યાં અને સોળમાં ભવમાં મહાશુક્ર નામના દેવલોકમાં સત્તર સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં દેવરૂપે ઉત્પન્ન થયાં. (સૂ૦૨૩)

## ત્રિપૃષ્ઠનામકઃ સપ્તદશો ભવઃ ।

હવે સત્તરમો ભવ કહેવામાં આવે છે.—'तए णं ઇત્યાદિ.'

મૂલનો અર્થ—દેવલોકનો આયુ, ભવ અને સ્થિતિ પૂરી કરી સત્તરમા ભવે, ભરતખંડમાં પોતનપુર નગર મધ્યે પ્રજાપતિ નામના રાજાની રાણી મૃગાવતીની કુક્ષિમાં પુત્રપણે નયસારનો જીવ ઉત્પન્ન થયો. આ જીવ ગર્ભસ્થાને પ્રવેશતાં માતાએ સાત સ્વપ્નાઓ અનુભવ્યાં. સાત સ્વપ્નાં જે માતાને નિદ્રાવસ્થામાં દેખાય છે, તે માતાના ઉદરમાં આવેલ જીવ 'વાસુદેવ' નો પદવીધારક હોય છે એમ નિશ્ચયપણે શાસ્ત્રોક્ત કથન છે. વાસુદેવના મોટા ભાઈ 'અચલ' નામના બલદેવ હતા. ઉત્પન્ન થતાં જ તે બાળકને પાછળના ભાગમાં એટલે પીઠમાં ત્રણ પાંસળીયો હતી એટલે તેમના માતાપિતાએ તેમનું નામ 'ત્રિપૃષ્ઠ' રાખ્યું. માતાપિતાને આ બાળક ઘણું લાડકોડવાળું હતું. 'ત્રિપૃષ્ઠે' બાલ્યાવસ્થા પસાર કરી યુવાવસ્થામાં પ્રવેશ કર્યો.

હવે અહિં પૂર્વભવનો વૈરી વિશાખનન્દીનો જીવ અનેક નાની મોટી યોનિયોમાંથી પસાર થઇ શંખપુર નામના ગામ પાસે આવેલાં તુંગગિરિમાળાનાં તુંગ પહાડમાં સિંહપણે ઉત્પન્ન થયો. આ સિંહ શંખપુર શહેરને ઉપદ્રવ કરવા લાગ્યો. આથી ત્રિપૃષ્ઠે બાહુયુદ્ધ કરીને તે સિંહને વિદારી નાખ્યો. શંખપુર શહેર અને રાજ્યનો

ધણી અશ્વગ્રીવ સાથે તેને યુદ્ધમાં ઉતરવું પડયું. અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠને મારી નાખવા તેના ઉપર ચક્ર ફેંકયું, પણ તે જ ચક્રવડે ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવનું માથું ઉડાવી દીધું. તે સમયે દેવદુંદુભી સાથે દેવઘોષણા થઇ કે 'ત્રિપૃષ્ઠ પ્રથમ વાસુદેવ તરીકે જાહેર થયાં છે.' વાસુદેવે ત્રણ ખંડ જીતી તેના પર પોતાનું આધિપત્યપણું સ્થાપિત કર્યું. તેમનામાં અતુલ-બળ હતું. જેના આધારે એક કરોડ મણની શીલાને પણ હાથ વડે જમીન પરથી ઉંચકી લીધી. (સૂ૦૨૪)

ટીકાનો અર્થ—'तए णं' ઇત્યાદિ. ત્યારે દેવસંબંધી આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય થતાં મહાશુક્ર નામના દેવ-લોકમાંથી આવીને સત્તરમા ભવમાં નયસારનો જીવ ભરતક્ષેત્રની અંદર પોતનપુર નામનાં નગરમાં પ્રજાપતિ રાજાની મૃગાવતી નામની રાણીના ઉદરમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. ચૌદ મહાસ્વપ્નોમાંથી માતાને સાત સ્વપ્નાં આવ્યાં. તેથી સૂચના મળી ગઈ કે તે વાસુદેવ થશે. નવ માસ ઉપર કેટલાક વધુ દિવસો પૂરા થતાં તેનો જન્મ થયો. તેના મોટા ભાઈ અચલ નામના બળદેવ હતાં. જન્મ વખતે વાસુદેવને ત્રણ પૃષ્ઠકરંડક હતાં એટલે કે પીઠના ભાગમાં ત્રણ ઊંચાં અસ્થિભાગ (હાડકાં) હતાં. તે કારણે માતા–પિતાએ તેનું નામ ત્રિપૃષ્ઠ રાખ્યું. તે મા–બાપને ઘણો વહાલો હતો. ધીમે ધીમે બાલ્યાવસ્થા પૂરી કરીને તે યૌવનાવસ્થાએ પહોંચ્યો.

ત્રિપૃષ્ઠના જન્મ પછી તેના પૂર્વભવના શત્રુ વિશાખનન્દીનો જીવ કીટ, પતંગ વગેરે અનેક યોનીમાં ભમી–ભમીને શંખપુરની પાસે આવેલા તુંગગિરિમાં સિંહરૂપે ઉત્પન્ન થઇને શંખપુરમાં ઉપદ્રવ કરતો હતો. એક વખત તે સિંહને ત્રિપૃષ્ઠે પૂર્વભવના નયાણાના પ્રભાવથી બાહુ–યુદ્ધમાં મારી નાખ્યો. ત્યારબાદ એકવાર અશ્વગ્રીવ નામના પ્રતિવાસુદેવની સાથે ત્રિપૃષ્ઠને યુદ્ધ થયું તે યુદ્ધમાં ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવનું માથું તેણે જ ફેંકેલા ચક્રથી છેદી નાખ્યું. ત્યારે દેવોએ ઘોષણા કરી કે "આ ત્રિપૃષ્ઠ પ્રથમ વાસુદેવ થયો." આ ઘોષણા પછી બધા રાજા તેને અધીન થઈ ગયાં. ત્રિપૃષ્ઠે અર્ધા ભરતક્ષેત્રનું રાજ્ય પ્રાપ્ત કર્યું. વાસુદેવ ત્રિપૃષ્ઠે એક કરોડ મણના વજનની કોટિ-શિલા પોતાની ભુજાઓ વડે ઉપાડી લીધી. (સૂ૦૨૪)

ત્યારબાદ ત્રિપૃષ્ઠનું શું થયું તે કહે છે—'तए णं' ઇત્યાદિ.

મૂલનો અર્થ—કોઇ એક સમયે ત્રિપૃષ્ઠ વાસુદેવના શયનભવનમાં રાત્રીના વખતે નાટયપ્રયોગો ચાલી રહ્યાં હતાં. વાસુદેવે શય્યાપાલકને આજ્ઞા કરી હતી કે 'મને ઊંઘ આવે કે તરતજ તમારે નાટયપ્રયોગો બંધ કરી દેવા' આ પ્રકારનો હુકમ આપી નિદ્રાવશ થઈ ગયાં. નાટય પ્રયોગમાં ચાલતું સંગીત ઘણું રસમય બનવાથી શય્યાપાલક તે શ્રવણ કરવામાં એકાકાર થઇ ગયો ને આસક્તપણાને લીધે સ્વામીની આજ્ઞા ચૂકી ગયો. સ્વામી નિદ્રાધીન થઇ જવાથી પોતે નિર્ભય થયો અને મંડળીને રુકાવટ નહિ કરતાં પ્રોત્સાહન આપી જલસાનો કાર્યક્રમ ચાલુ રખાવ્યો.

ઇન્દ્રિયોનું ગૃદ્ધિપણું થવાથી જીવ મૂર્ચ્છિત થાય છે ને ભાન ભૂલી નહિ કરવાનું કરી બેસે છે. સંગીતના

અવાજને કારણે વાસુદેવની ઊંઘ ઉડી ગઇ ને નાટકમંડળીને પૂછયું કે 'કોની આજ્ઞાથી હજુસુધી તમારો ક્રમ ચલાવ્યે જાઓ છો ?' નાયકે પ્રત્યુત્તર આપ્યો કે 'હે સ્વામિન્ ! શય્યાપાલકની આજ્ઞા-અનુસાર અમે વર્તીએ છીએ.'

આ સાંભળી ત્રિપૃષ્ઠ ક્રોધથી ધમધમી ઉઠયો ને ઉકળતા શીશાનો રસ શય્યાપાલકના કાનમાં રેડાવ્યો.

વાસુદેવના ભવે પ્રચંડ પાપો કરી, ચોરાસી લાખ વર્ષનું આયુષ્ય પૂરું કરી, અઢારમા ભવે સાતમીનરકમાં તેત્રીસ [૩૩] સાગરોપમની સ્થિતિ પ્રાપ્ત કરી નયસારનો જીવ નારકીપણે ઉત્પન્ન થયો. (સૂ૦૨૫)

ટીકાનો અર્થ—'तए णं' ઇત્યાદિ. વાસુદેવને આજ્ઞા પળાવવાનો 'હૂંકાર' હોય છે. જે કોઇ તેની આજ્ઞા ન માને તેને તીવ્ર દંડની શિક્ષા કરે છે. ઇન્દ્રિયોનું અતિગૃદ્ધિપણું પરિણામે દુઃખદાયક છે. તેનો દાખલો શય્યાપાલકમાંથી આપણને મળી આવે છે. શ્રવણ ઇન્દ્રિયના સુખને અતિ વહાલુ ન કર્યું હોત તો તેની આ દશા ન થાત ! એકેક ઇન્દ્રિયના સુખના અંતે દુઃખ જ ભાસે છે તો પાંચ ઈન્દ્રિયોના સુખ માટે રાત દિવસ તલસતા માનવી, કયા કયા દુઃખોને અનુભવશે તેની કલ્પના કરતાં પણ થથરાટ છૂટે છે ! માટે ભગવાને કહ્યું છે કે "હે માનવ ! તારી પાંચે ઇન્દ્રિયોની શક્તિ પરાર્થે વેડફી નહિ નાખતાં, તારી પ્રવૃત્તિને આચરણ તરફ વાળ, અને સ્વરૂપાર્થે તેનો ઉપયોગ કર.'

વળી સ્પષ્ટતાથી જ્ઞાનીઓએ કહ્યું છે કે 'જેવા જેવા રસે સુખાસ્વાદ મેળવશો તેવા તેવા રસે જ દુઃખાસ્વાદ પ્રાપ્ત કરશો.'

શય્યાપાલકને પણ તેવું જ થયું. શય્યાપાલક વાજીંત્રોની ધ્વનિમાં અને અભિનેત્રીઓના નાચમાં તદ્દરૂપ થઈ જવાથી સ્વામીની આજ્ઞાનું તેને વિસ્મરણ થઈ ગયું. પોતે વાસુદેવનો શય્યાપાલક છે એવું પદવીનું અભિમાન પણ તે અનુભવવા લાગ્યો. સ્વામીની ગેરહાજરીમાં પોતે સ્વામી છે એવું રૂપ દર્શાવી નાટકમંડળીને આગળ ચાલવા આદેશ આપ્યો. મોટા માણસોના સંબંધમાં આવનારાઓને આવી જ જાતનું "હુંપણું" આવી જાય છે, ને તેથી અન્ય પર દમામ અને દોર ચલાવવા મંડી જાય છે. પણ જ્યારે ભાંડો ફૂટે ને મોટા માણસો તેના સંબંધમાં આવનારાઓ સાથે કેવા આદરભાવ રાખે છે તે સમય જતાં જણાઇ આવે ત્યારે જ ખરી સ્થિતિનું ભાન થાય છે.

શય્યાપાલકની બાબતમાં પણ તેમ બન્યું ને આજ્ઞાનું ઉલ્લંઘન થતાં તેના સ્વામીએ તેના અનાદરપણાના ગુન્હાની શિક્ષા કાનમાં શીશું રેડીને કરી. માટે ઉપરી અધિકારીનો ગેરલાભ નહિ લેતાં, પોતા ઉપર આવેલી ફરજ અદા કરવી તે જ શ્રેયસ્કર છે.

શય્યાપાલક જાણતો હતો કે ત્રણ ખંડના અધિપતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં શું પરિણામ આવશે ? છતાં પુદ્ગળાનન્દી જીવ પોતાની વાસનાને રોકી શકયો નહિ ! આવી દશા દરેક પુદ્ગળાનન્દી જીવોની હોય છે.

ઇન્દ્રિયાધીન જીવ વિષમ સ્થિતિને પ્રાપ્ત કરે છે. એકેક ઇન્દ્રિય સુખમાં રાચતો જીવ, જેમકે હરણ, પતંગ ભ્રમર, માછલી અને હાથી કેવા દુઃખદ પરિણામો સેવે છે ! તો પાંચે ઈન્દ્રિયોના સુખમાં રાચતો જીવ કઇ દશા અનુભવશે ? મુખ્ય કારણ એ છે કે જીવ બહાર સુખ શોધે છે પણ કસ્તુરીમૃગની જેમ અંદર પડેલાં સુખને શોધતો નથી. કસ્તુરીમૃગ કસ્તુરીની ગંધે ગંધે કસ્તુરી મેળવવા ઠેકઠેકાણે આથડે છે. છેવટ કસ્તુરીની લાલસાએ પારધીના હાથે પકડાય છે ને માર્યો જાય છે, પણ પોતાના ડુંટામાં રહેલી કસ્તુરીને શોધતો નથી.

આ પ્રમાણે જ જીવમાત્ર સુખની શોધમાં ને શોધમાં જ રખડતો રહ્યો છે ને ભવેભવમાં પુદ્ગળના સુખો પછવાડે આથડી રહી, અનંત દુઃખોને વેદી રહ્યો છે. છતાં પોતાના અંતરમાં રહેલાં સુખને ઓળખતો નથી. જ્ઞાનીઓએ કહ્યું છે કે "હે જીવ! ભૂલ મા, તને સત્ય કહું છું. સુખ અંતરમાં છે. તે બહાર શોધવાથી નહિ મળે. અંતરનું સુખ અંતરની સ્થિતિમાં છે, સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થો સંબંધીનું આશ્ચર્ય ભૂલ, સ્થિતિ રહેવી બહુ મુશ્કેલ છે, નિમિત્તાધીન ફરી ફરી વૃત્તિ ચલિત થઈ જાય છે. એનો દૃઢ ઉપયોગ રાખવો જોઈએ. એ ક્રમ યથાયોગ્ય ચાલુ રાખીશ તો તું મુંઝાઇશ નહિ. નિર્ભય થઇશ." હે જીવ! તું ભૂલમાં વખતે વખતે ઉપયોગ મુકી કોઇને રંજન કરવામાં, કોઇથી રંજન થવામાં, અથવા મનની નિર્બળતાને લીધે અન્ય પાસે મંદ થઇ જાય છે, એ ભૂલ થાય છે તે ન કર."

મધુર સ્વર સાંભળવાની લાલચમાં હરણ પારધિઓ વડે પકડાય છે (૧). રૂપના મોહમાં તણાઇ જવાથી પતંગીઊ આગમાં ઝંપલાવે છે, અને બળીને ખાખ થાય છે (૨). ગંધ મેળવવાની ઇચ્છાએ, ભમરો ફૂલ તરફ આકર્ષાય છે અને પરિણામે સંધ્યાકાળે બીડાઇ જઇ હાથીનો કોળીયો થઈ જાય છે (૩). જીભને વશ થનારી માછલી લોઢાના સળીયા પર, વીંટાળેલા માંસની ગોળીઓને ખાવા જતાં કાંટો મોઢામાં લે છે ને અંતે મરી જાય છે અને માછીમારો તેને લઈ જાય છે (૪). હાથી હાથણીને સ્પર્શ કરવા દોડે છે પણ હાથણીને બદલે ખાડા ઉપર પાટીયા ગોઠવી તેના ઉપર રાખેલી લાકડાની કૃત્રિમ હાથણીને અડવા જતાં, સ્વયં પોતાના ભાર વડે લાકડાં તુટી જતાં, ખાડામાં પડી મરી જાય છે, ને મારાઓ તેના દંતુશળો કાઢી લે છે. આ જીવો ફકત એક જ ઇન્દ્રિયને પોષવા જતાં આ હાલતને પામે છે તો જેની પાંચે ઇન્દ્રિયો મુક્ત રીતે વહે છે તેની તો શું સ્થિતિ કલ્પવી?

## અપ્રતિષ્ઠાનનારક નામકોઽષ્ટાદશો ભવઃ ।

શય્યાપાલકના કમોતનો વિચાર કરી, વિવેકી જનોએ ઇન્દ્રિયાધીન સુખોથી પાછા હટવું જોઇએ.

વાસુદેવ ત્રિપૃષ્ઠે પણ મહાન ક્રોધના પરિણામે અને પૌદ્ગલિક સુખની તીવ્ર લાલસાએ, અનેક પાપાચારો કર્યાં જેના પરિણામે અધમમાં–અધમ એવા સાતમે નરકે જઇને પડયો. માટે ક્રોધના પરિણામોનો વિચાર કરી કષાયમાંથી હટી જવા યત્નશીલ રહેવું જોઇએ. જગતના કોઇપણ સુખના પ્રત્યાઘાતરૂપે દુઃખ જ છે. એવો અનુભવ જ્ઞાને સમજાય છે. આવી સમજણ અજ્ઞાનીને તો હોતી જ નથી પણ વિચારવંત માણસે પોતાના જીવનકાળ દરમ્યાન જરૂર અનુભવ્યું હશે. સામાન્ય દુઃખ ભોગવવું આકરું થઇ પડે છે, તો સાતમી નરકનું દુઃખ કેવું હશે? તેનો વિચાર માત્ર જ આપણને અકળાવી મૂકે છે. જે માનવ દુઃખના સાચા સ્વરૂપને ઓળખી ગયો હશે. તે જ તેના મૂળભૂત કારણોની તપાસ કરી પાપમાં જતાં જરૂર અટકશે. (સૂ૦૨૫)

## સિંહનામકઃ એકોનવિંશતિતમો ભવઃ ।

ત્યાર પછી તે કઈ પર્યાયમાં ગયો તે કહે છે-'' 'तए णं ' ઇત્યાદિ.

મૂલ અને ટીકાનો અર્થ—સાતમી નરકનું આયુષ્ય ખતમ કરી નયસારનો જીવ ઓગણીસમે ભવે કોઈ એક ગાઢ અટવીમાં સિંહ તરીકે ઉત્પન્ન થયો. (સૂ૦૨૬)

## ચતુર્થનારક રૂપો વિંશતિતમો ભવઃ ।

મૂલનો અર્થ—'तए णं ઇત્યાદિ. સિંહ મરીને વીશમાં ભવે ચોથી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો. (સૂ૦૨૭)

ટીકાનો અર્થ—વ્યાખ્યા સ્પષ્ટ છે. અહીં એટલું સમજવું જોઈએ કે સિંહ,પશુઓમાં શ્રેષ્ઠ અને સૌથી વધારે ક્રૂર પ્રાણી ગણાય છે. તે નિકૃષ્ટભાવે વર્તતા ચોથી નારકી સુધી જઇ શકે છે. તેના ઘાતકી પરિણામોના પ્રત્યાઘાતરૂપે ઉત્પન્ન થતું દુઃખ ચોથી નારકી જેટલું જ હોય છે.

પુણ્ય અને પાપ બન્ને જીવ અને અજીવના ' સૂક્ષ્મ રેડીઓ એકટીવ ભાવો ' 'વિકૃત પરિણમન' છે. આ ભાવો ( તેજોમય દશા ) માં એવા પ્રકારની શક્તિ રહેલી છે કે પ્રગટપણે ઉત્પન્ન થતાં પુણ્યરૂપી ભાવો નવીન રુચિકર સૃષ્ટિ પેદા કરે છે. અને પાપભાવો અરુચિકર સૃષ્ટિને પેદા કરે છે. જેમ એટમબોંબ ફુટતાં રેડીઓ એકટીવ રજકણો છુટા પડી, કાંઇક વસ્તુઓને બાળી ભસ્મ કરી નાખે છે. ને જે ઠેકાણે આગરૂપે વરસ્યો હોય, તે ભૂમિના ખરાબ પદાર્થોને વિજળીબળે બાળી કાળે કરી તે ભૂમિને ફલદ્રૂપ બનાવે છે. તેવી રીતે પાપના ફલરૂપ દુઃખો ભોગવી આત્મા પોતાનાં નિકૃષ્ટ સ્વભાવને ફેરવે છે. તેનું ઉદાહરણ એ છે કે નિગોદમાંથી ચાલ્યો આવતો જીવ દુઃખના અનુભવો કરીને પોતાનો સ્વભાવ મનુષ્ય પર્યાયને મળતો ઘડી નાખે છે.

સિંહના નિકૃષ્ટ પારિણામિક ભાવોનું ફળ ચોથી નરક સુધીના દુઃખો જેટલું જ હોય છે. એમ શાસ્ત્રકારોએ આ વાક્ય ' **सिंहो जाइ चउत्थि** ' ઉપરથી બતાવ્યું છે. (સૂ૦૨૭)

હવે ગણુનાલાયક એકવીસમા ભવનું કથન કરવામાં આવે છે—'तए णं' ઇત્યાદિ.

મૂલનો અર્થ—ચોથી નરકમાંથી છુટી, તિર્યંચ મનુષ્ય આદિના ભવ ભ્રમણુ કરી ફરી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી એકવીસમા ભવે અપરવિદેહ ક્ષેત્રની મૂકા નામની રાજધાનીમાં, ધનંજય રાજાની ધારણી રાણીની કુક્ષે, નયસારનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો. ગર્ભમાં આવતાં માતાને શ્રેષ્ઠ ચૌદ સ્વપ્નો લાધ્યાં. જન્મબાદ, વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવવામાં આવ્યાં. સૂતિકર્મ અને જાતકર્મની સંસ્કારવિધિ કરવામાં આવી. બારમા દિવસે માતાપિતાએ તેમનું નામ 'પ્રિયમિત્ર' પાડયું. તેના પાલન માટે પાંચ ધાવમાતાઓ રાખવામાં આવી. બાલ્યાવસ્થા વ્યતીત થયાં બાદ, યુવાવસ્થામાં આવ્યા પછી, તે સ્વબલે છખંડનું રાજ્ય મેળવી, ચક્રવર્તી બન્યાં. (સૂ૦૨૮)

ટીકાનો અર્થ—'तए णं' ઈત્યાદી. આ નારકીનું આયુષ્ય પૂરું કરી અનેક ભવ ભ્રમણોમાં નારકીને લાયક કર્મો બાંધી, ફરી તે કર્મો ભોગવવાને નારકીમાં ઉત્પન્ન થયો.

તે નયસારનો જીવ પાપભાવો આદરી, તેના મુકતે હિસાબે બદલા (દેણા) આપી, નરકમાંથી છુટી, એકવીસમા ભવે પશ્ચિમ વિદેહક્ષેત્રમાં, પૂર્વંગત ભવોમાં આદરેલ પુણ્ય ભાવોના ફલ ચાખવા મૂકા નામની નગરીમાં ધનંજય રાજાને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો. એકલા પુણ્યના ફળોનો ભોગવટો કરવારૂપ 'ચક્રવર્તી' પદ હાથમાં આવ્યું જેમ ત્રણખંડ ઉપર વર્ચસ્વ ધારણ કરી કોઈપણ જીવ વાસુદેવ બને છે તેમ છખંડ ઉપરનું આધિપત્ય બેસાડી ચક્રવર્તી બને છે.

ચક્રવર્તીનું સુખ સંસાર અપેક્ષાએ અસીમ હોય છે. ગર્ભમાં આવતાં જ વિવિધ પ્રકારના સુખોની સામગ્રી એકઠી થતી જાય છે. પુણ્યવંતા જીવ જ્યારે આવે છે, ત્યારે સુખોની સામગ્રી લઇનેજ આવે છે. તે આ પ્રમાણે–

**"खेत्तं वत्थुं हिरण्णं च पसवो दासपोरुसं ।**
**चत्तारि कामखंधाणि तत्थ से उववज्जइ ॥१॥**
**मित्तवं नायवं होइ, उच्चागोए य वण्णवं ।**
**अप्पायंके महापन्न, अभिजाए जसो बले" ॥२॥** (उत्तरा. अ. ४–गा. १७–१८)

અર્થાત્—સમકિતીદેવ, પોતાના સ્થાનકે રહેતાં થકાં, આયુષ્ય ક્ષય થએથી ચવીને મનુષ્યની યોનિ પ્રત્યે, દશ અંગે સંપૂર્ણ જન્મે છે. ક્ષેત્ર–જમીન, વાસ્તુ–ઘર–મહેલ (૧), હિરણ્ય–સોનું–રુપું (૨), પશુ–ઘોડા હાથી (૩), દાસ–દાસદાસી, પૌરુષ–પાયદલ (૪), એ ચાર પ્રકારના લાવલશ્કર–આ વધુ જ્યાં હોય ત્યાં જન્મે છે, આ બધા મળીને એક અંગ થયું ૧, મિત્રવંત ૨, સ્વજનવંત ૩, ઉચ્ચગોત્રના ધણી ૪, રૂપવંત ૫, નીરોગ ૬, મહાપ્રજ્ઞાવંત ૭, વિનયવંત ૮, યશવંત ૯, બલવંત એટલે કાર્ય કરવામાં સામર્થ્યવાળા ૧૦, હોય છે. (૨)

તદનુસાર નયસારના જીવે અહીં આવીને જન્મ લીધો, સર્વત્ર ખુશ–ખુશાલીભર્યાં દૃશ્ય જોવાથી માતા–પિતાએ તેનું નામ 'પ્રિયમિત્ર' રાખ્યું.

ધનવંત અને શાસનપતિઓને ત્યાં બાળકને વિવિધ રીતે પોષવા અને વિવિધ પ્રકારના ઉચ્ચ સંસ્કારો પાડવા, ઉપમાતાઓ રાખવામાં આવે છે. આ ઉપમાતાઓ 'ધાવ-માતાઓ' તરીકે ઓળખાય છે. આ માતાઓ પોતાને સોંપાએલ બાળકોની માતા તરીકે જ તમામ રીતે વર્તન કરે છે. તેઓનો માન-મરતબો પણ તે ઘરમાં સારો અને આદરણીય હોય છે.

પાંચ ધાવ માતાઓના કર્તવ્ય આ પ્રમાણે હોય છે—(૧) મજ્જનધાત્રી-આ માતા બાળકને સારી રીતે નવરાવે-ધોવરાવે છે. (૨) મંડનધાત્રી આ માતા બાળકને શણગાર આદિ ધારણ કરાવે છે. (૩) ક્રીડાધાત્રી-આ માતા બાળકને અનેક રીતે રમાડી હસતું રમતું રાખે છે. (૪) અંકધાત્રી-આ માતા બાળકને પોતાના ખોળામાં લઈ રડતું છાનું રાખે છે. (૫) ક્ષીરધાત્રી-આ ધાવમાતા બાળકને ધવરાવે છે. આ માતાઓના જેવા સંસ્કારો હોય તેવા સંસ્કારો આ બાળકમાં ઉતરે છે. એમ માનસશાસ્ત્ર કહે છે. આ પ્રકારે તે પાંચ ધાવમાતાઓ વડે પળાતો તે 'પ્રિયમિત્ર' બીજના ચંદ્રમાની માફક વધવા લાગ્યો, અને બાલ્યાવસ્થાને ઓળંગી યુવાવસ્થામાં આવ્યો. ત્યારબાદ તે ષટખંડનો અધિપતિ ચક્રવર્તી થયો. (સૂ૦૨૮)

હવે બાવીસમો ભવ બતાવે છે—'**तए णं से**' ઇત્યાદિ.

## પોટ્ટિલનામકો દ્વાવિંશતિતમો ભવઃ ।

મૂલનો અર્થ—સર્વ સત્તાધીશ ચક્રવર્તી બની, નયસારનો જીવ પ્રિયમિત્ર, પોતાની પ્રજાનું પાલન યોગ્ય રીતે કરતો વિચરે છે. સાથે સાથે ચક્રવર્તીના અનુપમ ભોગ પણ ભોગવતો વચરી રહ્યો છે.

કોઇ એક સમયે મૂકા નગરીના ઉદ્યાનમાં 'પોટ્ટિલાચાર્ય'નો ધર્મોપદેશ શ્રવણ કરી રાજાને વૈરાગ્ય પ્રાપ્ત થયો. દૃઢવિચારતા હોવાને કારણે પોતાના પુત્રને રાજગાદી પર બેસાડી, તે આચાર્યની સમીપે દીક્ષા ધારણ કરી સાધુ બન્યો. આ પ્રિયમિત્ર મુનિ, એક કરોડ વર્ષો સુધી દીક્ષા પર્યાય પાળી, ઉત્કૃષ્ટ તપની આરાધના કરી, ચોરાસી [૮૪] લાખ પૂર્વનું આયુષ્ય પૂરું કરી, કાળ આવ્યે કાળ કરી, સાતમા શુક્ર દેવલોકમાં દેવરુપે અવતર્યો.

દેવલોકનું આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય થયા બાદ અનેક ભવોમાં 'નયસાર'નો જીવ ઉત્પન્ન થયો. ગણત્રી યોગ્ય બાવીસમા ભવે વત્સ નામના દેશમાં, કોશામ્બી નગરીની અંદર, પોટ્ટ નામના રાજાની રાણી પદ્માવતી દેવીના પેટે પુત્રરુપે અવતર્યો.

જ્યારે ગર્ભમાં હતો ત્યારે માતાપિતાએ દુષ્કાલ પ્રસંગે ભૂખે મરતી જનતાના પેટ ભર્યાં તેથી તેનું નામ માતા-પિતાએ 'પોટ્ટિલ' રાખ્યું. બાલવય પૂર્ણ થયા બાદ, યૌવન અવસ્થા પ્રાપ્ત થયે, બોતેર કલામાં પ્રવીણ થયો.

યુવાનીના આરે પહોંચેલો આ 'પોટ્ટિલ' બારીમાં બેઠો બેઠો નગરની શોભા જોઇ રહ્યો હતો. તેવામાં, રાજમાર્ગ પર જતાં, દોરા સહિત મુખ વસ્ત્રિકા ધારણ કરેલાં એવા કોઈ એક મુનિને જોયાં. આ મુનિનો દેખાવ એવો હતો કે જાણે જ્ઞાનના નિધાન હોય, અને સૌમ્ય પ્રકૃતિવાળા તથા તપશ્ચર્યા આદિ કડક ક્રિયાના પાળવાવાળા હોય! મુનિનું સૌમ્ય અને શાંત મુખારવિંદ જોઇ પોટ્ટિલને વૈરાગ્ય આવ્યો, અને વિષયો તરફની રુચી ઉડી ગઇ.

તે મુનિની પછવાડે ઉદ્યાનમાં ગયો, ધર્મદેશના સાંભળી, આ સુદર્શન નામના મુનિ પાસે, પ્રવ્રજ્યા ગ્રહણ કરી. (સૂ૦૨૯)

ટીકાનો **અર્થ—'તપ ણં'** ઇત્યાદિ. ત્યારબાદ પ્રિયમિત્ર પોતાની પ્રજાનું સારી રીતે પાલન કરતા તથા ચક્રવર્તિની લક્ષ્મીનો ઉપભોગ કરતાં એકવાર મૂકા નગરીનાં બાગમાં આવેલ પોટ્ટિલાચાર્યની ધર્મદેશના સાંભળીને સંવેગવાન થઇને મોક્ષનો અભિલાષી થયો. પુત્રને રાજગાદી પર બેસાડીને પોટ્ટિલાચાર્યની પાસે તેણે દીક્ષા લીધી. પછી તે પ્રિયમિત્ર મુનિ કરોડ વર્ષો સુધી આકરાં તપ કરીને ચોર્યાસી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવીને કાલ માસમાં (મૃત્યુ અવસરે) કાળ પામીને શુક્ર નામનાં સાતમાં દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો.

આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય થતાં દેવલોકથી ચ્યવીને તેણે અગણિત (અનેક) ભવ કર્યાં. પછી (ગણત્રીને યોગ્ય) બાવીસમાં ભવમાં તે વત્સ દેશની કૌશામ્બી નગરીમાં પોટ્ટ નામના રાજાની પદ્માવતી નામની રાણીની કૂંખે પુત્રરૂપે ઉત્પન્ન થયો. નવમાસ પર કેટલાંક દિવસો પસાર થતાં તેનો જન્મ થયો.

અહીં મહાશુક્ર દેવલોકનો ભવ અને એ સિવાયનાં બીજાં અનેક ભવો અવિવક્ષિત છે એટલે કે ગણત્રીમાં લેવાયાં નથી.

જ્યારે આ બાળક ગર્ભમાં હતો ત્યારે તેણે સુકાળ વગેરે દ્વારા બધી પ્રજાનું પોષણ કર્યું હતું. એટલે કે તેના રાજ્યમાં કોઇ ભૂખ્યું રહેતું ન હતું. તે કારણે માતા-પિતાએ તેનું નામ "પોટ્ટિલ" રાખ્યું. પોટ્ટિલ રાજકુમાર બાલ્યાવસ્થા પસાર કરીને યુવાવસ્થાએ પહોંચ્યો, અને બોંતેર કળાઓમાં નિપુણ બન્યો. તે એક વાર પોતાના મહેલના ઝરૂખામાં બેસીને શહેરની શોભાનું નિરીક્ષણ કરતો હતો, ત્યારે તેણે એક મુનિને જોયાં. તેઓ રાજમાર્ગ પર જતાં હતાં. તેમના મુખ પર દોરા સાથે મુહપત્તી બાંધેલી હતી. તેઓ જ્ઞાનના ભંડાર હતાં, અને અનશન વગેરે બાર પ્રકારનાં તપ તથા ચારિત્રની ખાણ હતા. મુનિને જોઇને રાજકુમારને સંવેગ પેદા થયો. પાંચે ઇન્દ્રિયોના શબ્દ વગેરે વિષયોમાં તેનો જે માનસિક વેગ હતો તે દૂર થઇ ગયો. એટલે કે તે વિષયોથી વિમુખ બની ગયો. ત્યારબાદ ઉદ્યાનમાં જઇને અને ધર્મશ્રવણ કરીને તે દીક્ષિત થયો. (સૂ૦૨૯)

ત્યાર બાદ તેમણે જે કર્યું તે કહે છે—'**તપ ણં સે**' ઇત્યાદિ.

મૂળનો અર્થ—ત્યાર બાદ પોટ્ટિલ મુનિએ આકરાં તપ, અને સંયમની આરાધના વડે તથા વારંવાર વીસ સ્થાનકોનું સેવન કરીને સ્થાનકવાસિત્વની (સ્થાનકવાસીપણાની) આરાધના કરીને, નિરંતર માસખમણની તપસ્યા કરીને. એક કરોડ વર્ષ સુધી ઉગ્ર તપ કર્યું! ચોર્યાસી લાખ પૂર્વનું સમગ્ર આયુષ્ય ભોગવીને, શુભ ધ્યાન અને પ્રશસ્ત અધ્યવસાય સાથે કાળ-માસમાં કાળ પામીને, તેવીસમાં ભવમાં સહસ્રાર નામનાં દેવલોકનાં સર્વાર્થ નામનાં વિમાનમાં ઓગણીસ સાગરોપમની સ્થિતિવાળાં દેવરૂપે ઉત્પન્ન થયાં (સૂ૦૩૦)

## સર્વાર્થસિદ્ધવિમાનવાસિદેવનામકસ્ત્રોયવિંશતિતમો ભવઃ ।

ટીકાનો અર્થ—'तए णं' ઈત્યાદિ. દીક્ષા લીધા પછી પોટ્ટિલ મુનિએ અનશન આદિ બાર પ્રકારનાં ઘોર તપની આરાધના કરી. સંયમ–તપની આરાધના કરતાં, અર્હદ્-ભક્તિ, સિદ્ધભક્તિ, પ્રવચનભક્તિ આદિ વીસ સ્થાનોની પણ આરાધના કરી. એ રીતે સ્થાનકવાસિત્વની આરાધના કરીને દીક્ષાના દિવસથી શરૂ કરીને નિરંતર માસખમણની તપસ્યાથી કરોડ વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા કરીને, ધર્મધ્યાન અને પ્રશસ્ત આત્મ–પરિણામ સાથે કાળ–માસમાં કાળ પામીને, તેવીસમાં ભવમાં, સહસ્રાર નામનાં દેવલોકમાં, સર્વાર્થ નામનાં વિમાનમાં, ઓગણીસ સાગરોપમની સ્થિતિ-વાળાં દેવરૂપે જન્મ લીધો. અહીં એ સમજી લેવું જોઈએ કે પોટ્ટિલ મુનિએ એક કરોડ (૧૦૦૦૦૦૦૦) વર્ષ સુધી સંયમનું પાલન કર્યું. દીક્ષાના દિવસથી શરૂ કરીને તેમણે જીવ્યાં ત્યાંસુધી નિરંતર માસ–માસખમણની તપસ્યા કરી. તેથી છન્નું લાખ, છાંસઠ હજાર, છસો છાંસઠ (૯૬૬૬૬૬૬) વર્ષ, આઠ માસ, એક દિવસનો તપસ્યાનો સમય થયો. તેનાં માસખમણ અગીયાર (૧૧) કરોડ ૬૦ લાખ (૧૧૬૦૦૦૦૦૦) થાય છે. પારણાંના દિવસો અગીયાર કરોડ નવાણું લાખ, નવાણું હજાર, નવસો નવાણું (૧૧૯૯૯૯૯૯૯) થાય છે. એ દિવસોના ત્રણ લાખ, તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ. (૩૩૩૩૩૩) વર્ષ, ત્રણ માસ, ઓગનત્રીસ (૨૯) દિવસ થાય છે. "समवायाङ्गसूत्र" માં કહ્યું છે—

"समणे भगवं महावीरे तित्थयरभवग्गहणाओ छट्ठे पोट्टिलभवग्गहणे एगं वासकोडिं सामण्णपरियागं पाउणित्ता सहस्सारे कप्पे सव्वट्ठविमाणे देवत्ताए उववण्णे"–इति

શ્રમણ ભગવાન મહાવીર, તીર્થંકર ભવગ્રહણ કર્યા પહેલાં છઠ્ઠા પોટ્ટિલના ભવમાં એક કરોડ વર્ષ સુધી શ્રમણ–પર્યાય પાળીને સહસ્રાર દેવલોકનાં સર્વાર્થ નામના વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયાં.

આ કથન વડે પશ્ચાનુપૂર્વીથી છઠ્ઠો ભવ તે પોટ્ટિલનો ભવ જ્ઞાત થાય છે. અને પૂર્વાનુપૂર્વીથી એ જ બાવીસમો ભવ થાય છે. તેથી બાવીસમો ભવ તે પોટ્ટિલનો ભવ અવશ્ય કહેવો જોઈએ. આ શાસ્ત્ર–વચનનો અનાદર કરીને જેમણે બાવીસમાં ભવમાં બીજું નામ કહેલ છે, તે આગમથી વિરૂદ્ધનું છે. (સૂ૦૩૦)

હવે ચોવીસમા ભવનું નિરૂપણ કરે છે—'तए णं से' ઇત્યાદિ.

## વિમલનામકશ્ચતુર્વિંશતિતમો ભવઃ ।

મૂળનો અર્થ—દેવનું આયુષ્ય, ભવ અને સ્થિતિ પૂરા કરી ત્યાંથી ચ્યવીને ચોવીસમાં ભવમાં ભરતક્ષેત્રના શાલ્વદેશમાં રથપુર નામના નગર મધ્યે 'પ્રિયમિત્ર' નામના રાજાની 'વિમળા' નામની રાણીના ઉદરમાં પુત્રરૂપે નયસારનો જીવ આવ્યો.

માતા–પિતાએ તેનું નામ 'વિમલ' રાખ્યું. બાલ્યાવસ્થા પસાર કરી યુવાવસ્થાને પામતાં પિતાએ રાજ્યા-

ભિષેક કરાવ્યો. પૃથ્વી પર રાજ્ય કરતાં કોઇ એક વખત રાજા ક્રીડા કરવા વનમાં ગયો. ક્રીડા દરમ્યાન કોઇ એક હરણને પારધિની જાળમાં ફસાયેલો જોયો. મરણાન્તદશા જોઇ રાજાએ હરણને જાળમાંથી બચાવી લીધો ને રાજ્ય ભરમાં અમારી ઘોષણા કરી કે–અહિંસા એ જ ઉત્તમ વસ્તુ છે. કહ્યું પણ છે—

"कल्लाणकोडीकारणी, दुहगइदुहनिट्ठवणी,
संसारजलतारणी, एगंत होइ जीवदया" ॥१॥
एवं खु नाणिणो सारं, जं न हिंसइ किंचणं।
अहिंसा समयं चेव, एवावंत वियाणिया. ॥२॥

અર્થાત્–ક્રોડો કલ્યાણની કરનારી, દુર્ગતિ અને દુઃખને દૂર કરનારી, તથા સંસાર સમુદ્રથી તારનારી એવી એક જીવદયા' જ છે (૧)

એ પ્રમાણે જ્ઞાનીનો સાર એ છે કે કિંચિત માત્ર પણ હિંસા ન કરે અને અહિંસાથી સમતા થાય છે, એમ જાણીને જ્ઞાની પુરુષ કોઇ પણ જીવને પીડા ઉપજાવે નહિ. (૨)

ઉપરોક્ત ભાવનાવાળો 'આદેશ' વિમલ રાજાએ પ્રજાને કહ્યો અને આખા રાજ્યમાં હિંસા નહિં કરવાનું ફરમાન જાહેર કર્યું. પોતાની ભાવના પણ એ હતી કે દયા તમામ પુણ્યનું મૂલ છે. 'જીવદયા' સર્વશાસ્ત્રસંમત છે. દયાની બાબતમાં કોઈનો પણ વિરોધ નથી. 'દયાધર્મ' સમાન કોઇ અન્ય ધર્મ નથી. ચિંતામણિ સમાન અમૃત ફળ દેનાર એકજ સાધન 'દયા' છે. કલ્પતરુ સમાન ઈચ્છિત ફળ દેનારી છે. માગ્યા મેહ વરસાવનાર કામધેનુ સમાન છે, દયાધર્મી દુર્ગતિઓનો નાશ કરી, અણમોલ એવા માનવ ભવને પ્રાપ્ત કરે છે. માનવભવમાં દયાથી વિભૂષિત થયેલ જીવ, મોક્ષનગરીમાં સુખેથી પહોંચી જાય છે. તે કારણે 'દયા' ને શાશ્વત સુખ આપનારી કહેવામાં આવી છે. (સૂ૦૩૧)

ટીકાનો અર્થ—'तए णं से' ઈત્યાદિ. સ્વર્ગમાંથી ચ્યવી દક્ષિણ ભરતમાં આવેલા શાલ્વ નામના દેશમાં રથપુર નગરના પ્રિયમિત્ર રાજાની રાણીને પેટે નયસારનો જીવ અવતર્યો. માતા–પિતાએ તેનું નામ 'વિમલ' રાખ્યું. યુવાવસ્થા પ્રાપ્ત થતાં રાજ્ય પર બેસી ન્યાયયુક્ત શાસન કરવા લાગ્યો.

પર્યટણ પર જતાં કોઇ એક પારધી વડે પકડાએલ હરણને દયાદૃષ્ટિ વડે જાળમુક્ત કર્યો. જાળમુક્ત થતાં હરણ આનંદથી નાચવા લાગ્યો ને કુદકાં ભરતો વનમાં સ્વૈર વિહાર કરવા ઉપડી ગયો.

હરણનો આનંદ જોઇ, રાજાએ મનમાં ગાંઠ બાંધી કે 'અભયદાન' સર્વદાનોમાં શ્રેષ્ઠ છે. તેથી રાજ્યમાં પડહો બજાવી પ્રજાને વિદિત કર્યું કે કોઇ પણ જાતની હિંસા મારા રાજ્યમાં ન થવી જોઇએ. 'દયા' જેવો કોઈ ધર્મ નથી, 'દયા' ઉપરજ સર્વ શાસ્ત્રોના સિદ્ધાંતો નક્કી થયાં છે, ને તે પ્રમાણે નાની મોટી દયાના પ્રકારો સમાજમાં ઉપસ્થિત થયાં છે. બુદ્ધનો દયાધર્મ માનવ અને પશુ–પક્ષીની કક્ષા સુધી પહોંચ્યો છે, પણ ભગવાન મહાવીરનો

'દયાધર્મ' પંચેન્દ્રિયથી નીચે જઇ એકેન્દ્રિય સુધી પહોંચી ગયો છે. વ્યવહારમાં જેટલી બની શકે તેટલી દયા જે કોઇ પાળે છે તે પણ સિદ્ધાંત તરીકે તો ભગવાન મહાવીરના 'सुहप्पिया दुहप्पडिकूला'—ઈત્યાદિ દયાપાઠને જ અપનાવે છે.

આ માટે જ 'પ્રશ્ન વ્યાકરણ સૂત્ર'ના પ્રથમ સંવર દ્વારમાં કહ્યું છે—

"एसा सा भगवई अहिंसा, जा सा भीयाण विव सरणं, पक्खीणं पिव गगणं, तिसियाणं पिव सलिलं, खुहियाणं पिव असणं, समुद्दमज्झे व पोयवहणं, चउप्पयाणं व आसमपयं, दुहट्टियाणं व ओसहिबलं अडवीमज्झे व सत्थगमणं, एत्तो विसिट्ठतरिया अहिंसा, जा सा पुढवी-जल-अगणि-मारुय-वणस्सइ-बीय-हरिय-जलचर-थलचर-खहचर-तस-थावर-सव्वभूय-खेमकरी"—

આ ભગવતી અહિંસા-દયા-માતા ભયભીતોને શરણરૂપ છે. પક્ષિઓને આકાશ સમાન આધારભૂત છે, તરસ્યાંને પાણી સમાન છે, ભૂખ્યાંને ભોજન સમાન છે. ડુબતાંને જહાજ સમાન છે, નિરાશ્રિતોને આશ્રમ સમાન છે, દુઃખીઓને દીલાસા સમાન છે. રોગીઓને ઔષધ સમાન છે. વનમાં ઘેરાએલાને સથવારા સમાન છે, એટલું જ નહિ; પરંતુ પૃથ્વીકાય, અપકાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય, બીજ, લીલ-ફૂલ, જલચર, સ્થલચર, ખેચર, ત્રસ, સ્થાવર આદિ સમસ્ત પ્રાણિઓને ક્ષેમકર્તા કલ્યાણકર્તા અને આનંદકર્તા છે."

દયા ચિંતામણિની સમાન ચિંતિત ફલ દેનાર છે. કલ્પલતાની સમાન અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવે છે. કામધેનુની સમાન ઇચ્છાઓની પૂર્તિ કરે છે. દયાના વિષયમાં વધારે શું કહેવાનું. ધર્મોમાં ઉત્તમ દયા ધર્મનું પાલન કરતા થકા શુદ્ધ હૃદય જીવ રૂપી પથિક, દેવ મનુષ્ય તિર્યંચ નારકરૂપ ચાર ગતિવાળા સંસારરૂપી વિકટ અટવીમાં વિદ્યમાન ચોરાસી લાખ જીવયોનિ રૂપ દુર્ગમ માર્ગથી બચીને મોક્ષનો સાધક હોવાથી સમસ્ત જીવો દ્વારા અભિલાષા કરવા યોગ્ય એવા મનુષ્ય ભવરૂપી શુભ સ્થાનને પ્રાપ્ત કરી લે છે. અભિપ્રાય એ છે કે દયાવાન્ જીવ નિયમથી મનુષ્યભવનો ભાગી હોય છે.

મનુષ્યભવમાં દયાગુણથી વિભૂષિત જીવને મુક્તિરૂપી રમણી પોતાની તરફ આકર્ષિત કરી લે છે. મુક્તિની તરફ આકૃષ્ટ થયેલ જીવ શાશ્વતસુખ-મોક્ષસુખનો ભાગી બની જાય છે. (સૂ૦૩૧)

હવે નયસારનો પચીસમો ભવ કહે છે—'एवं दयाभावेणं' ઇત્યાદિ.

## નન્દનામકઃ પઞ્ચવિંશતિતમો ભવઃ ।

મૂલનો અર્થ—દયાભાવથી ભાવિત આત્માવાળો નયસારનો તે જીવ વિમળ રાજા મરણ આવ્યે, કાળ કરી, પચીસમાં ભવમાં, છત્રા નામની નગરીમાં, જીતશત્રુ રાજાની રાણી ભદ્રાદેવીના ઉદરમાં, પુત્રરૂપે અવતર્યો. શુભદિન અને શુભ મુહૂર્ત જોઇ માતા-પિતાએ તેનું નામ 'નંદ' રાખ્યું.

નંદકુમાર, બાલ્યાવસ્થામાં બીજના ચંદ્રમાની માફક વૃદ્ધિ પામવા લાગ્યો. યુવાનીના ઉંબરે પહોંચતાં, માતા-પિતાએ તેનો રાજ્યાભિષેક કર્યો. ન્યાય-નીતિ સાથે, પ્રજાનું યોગ્ય પાલન કરવા લાગ્યો. ચોવીસ લાખ વર્ષો સુધી રાજ્ય સુખ ભોગવી, વૈરાગ્યવાન બની, પોટ્ટિલાચાર્યની પાસે દીક્ષા ગ્રહણ કરી દીક્ષિત થયો. (સૂ૦૩૨)

ટીકાનો અર્થ—'एवं दयाभावेण' ઇત્યાદિ. કરુણાશીલ સ્વભાવ જેનો થઇ ગયો હતો તેવા નયસારના જીવે, વિમળ રાજાના ભવે મૃત્યુ સમયે શાંતરસે પરિણમી દેહત્યાગ કર્યો હતો. મરણ સમયે જેના ભાવ, શુભ રીતે વહન કરતાં હોય, તે આગામી ભવે પણ શાંત રસ લઈને જ જન્મે છે. તે અનુસાર છત્રા નામની નગરીમાં જીતશત્રુ રાજાની રાણી ભદ્રાદેવી પણ કરુણાનો નિધિ હતી, તેની જ કુક્ષિમાં તે જન્મ્યો. ગર્ભ જો પુણ્યશાળી હોય તો ગર્ભ સ્થાન પણ પુણ્યવંતુ અને કરુણારસથી ભરેલું મળે છે.

વીરરસ શૃંગારરસ આદિ નૌ રસો વર્તે છે. પણ સર્વ રસોમાં કરુણ રસ શ્રેષ્ઠ ગણાયો છે, કારણ કે કરુણાથી ભરપૂર થયેલા જીવમાં, અનંત ગુણોનો વાસ થાય છે. અનંત પ્રકારની સિદ્ધિયો પેદા થાય છે. સર્વ દુશ્મનો દુશ્મનાવટ છોડી મિત્રતા મેળવવા ચાહે છે.

નંદરાજા કરુણામય હતો, એટલે કોઇનું પણ દુઃખ ક્ષણવાર જોઇ શકતો નહિ. તેથી જ પ્રજાનું દુઃખ વેઠવામાં રાત–દિવસ મગ્ન રહેતો. 'દયા' સાથે રાજ્ય ચલાવવાની 'રાજનીતિ' પણ હોવી જોઇએ. 'રાજનીતિ'ના ચાર પ્રકાર છે. (૧) સામ, (૨) દાન, (૩) ભેદ, (૪) દંડ.

(૧) 'સામનીતિ' એટલે સમજાવીને સમજણપૂર્વક પ્રજા અને અધિકારીઓ પાસેથી કામ લેવું તે. દાખલા દલીલો–ઉદાહરણો–દષ્ટાંતો પૂર્વક તેમજ લાગવગ અગર પંચ–પંચાયત મારફત કામ પાર પાડવું તેને 'સામ' કહે છે. 'સામ'નો વાસ્તવિક અર્થ 'શાંતિ' થાય છે. તે સૂચન કરે છે કે શાંતિપૂર્વક જ્યાં સુધી કામ લેવાય ત્યાં સુધી લેવું તે 'સામ નીતિ' છે. (૨) બીજી નીતિ 'દાન' છે, જો શાંતિપૂર્વક કોઈ પણ પ્રકારના ખખડાટ સિવાય કામની પૂર્ણાહુતિ નહિ થતી હોય તો, 'દાન' નીતિ અમલમાં મૂકવી પડે છે. 'દાન' એટલે આડખિલી ઉભી કરનાર વ્યક્તિઓને કાંઇક પણ વસ્તુ આપી કામને સરેતોલ ઉતારવું. તે આ દાન કોઈ ખરાબ કામમાં નહીજ પણ પ્રજાના હિતમાં આડા આવતાં માનવીઓને કોઇપણ પ્રકારની લાલચ અથવા આડકતરી સહાયતા અથવા કામની બક્ષીશ,

અથવા મહેનતાણું આપવું તે. આ નીતિ ફક્ત શુભ કાર્યોની અટકાયત કરનાર વ્યક્તિઓને શાંત કરવા પૂરતીજ મર્યાદિત રાખવામાં આવે છે. (૩) ત્રીજી રાજનીતિ 'ભેદ'ની છે. રાજ્યનું ઈચ્છા-અનુસાર કામ પસાર પડતું ન હોય, ને ઉપરોક્ત નીતિઓ નકામી જાતી હોય, ત્યારે રાજા વર્ગ વચ્ચે, પ્રજા-પ્રજા વચ્ચે, જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે, ધર્મ-ધર્મ વચ્ચે, કુટુંબ-કુટુંબ વચ્ચે, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ભેદ ભાવ-તટસ્થભાવ ઉંચનીચ પણુાના ભાવ વિગેરે અનેક પ્રકારની ભેદની દિવાલો ખડી કરી દે છે, અને અમુક વર્ગોને પોતાના પક્ષમાં લઇ ધારેલું કામ પાર પાડે છે. (૪) 'દંડ' આ ચોથી નીતિ રાજકાજમાં ઉપયોગી છે. જયારે પહેલી ત્રણ નીતિ નિષ્ફલ જાય છે, ત્યારે જ આ નીતિનો આધાર, રાજાઓને લેવો પડે છે.

આવી નીતિનું પાલન કરી નંદરાજા પ્રજાને પોતાની સંતાનની માફક સર્વ રીતે સુખી કરતો ચોવીસ લાખ વર્ષો સુધી રાજ્યના સુખો ભોગવ્યા. ત્યાર પછી 'રાજ્ય સુખો દુઃખથી ભરેલાં અને કંટાળાજનક હોય છે' તેમ જયારે તેને લાગવા માંડયું ત્યારે રાજ્યના વૈભવો અને ઇન્દ્રિયોના સુખો, તેને અરુચિકર થવા લાગ્યાં. અણુગમતી ભાવનાઓથી છૂટવા મનોમંથન કરતો હતો. "ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવલ જ્ઞાન" આ અનુસાર તે 'સંત' ની ભાવના અહર્નિશ ભાવ્યા કરતો, ને 'ભાવેલ ભાવના જરૂર ફલે છે' તે કથન મુજબ પૂજ્ય પોટ્ટિલાચાર્યનો સમાગમ તેને મલી રહ્યો, ને તેના ઉપદેશથી મન દ્રવિત થઈ દીક્ષા અંગીકાર કરવા તરફ તે લલચાયો. ને પરિણામે દીક્ષિત થઇ આત્મકલ્યાણમાં જોડાયો.

ભગવાનની વાણીએ ગૃહસ્થને 'બાર ભાવના'નું સ્વરૂપ, હમેશા દિવસના પ્રભાતે, અગર રાત્રીના સમયે ભાવવાનું કહ્યું છે. 'કયારે આ પરિગ્રહની જાળમાંથી મુક્ત થાઉં? કયારે સંસાર છોડી સાધુ થાઉં? કયારે સર્વ કર્મનો નાશ કરી કેવળ જ્ઞાનને વરું? આ ભાવના શ્રાવકના હૃદયમાં સોંસરી ઉતરી ગયેલી હોય તો જ તે શ્રાવકની કક્ષામાં ગણાય છે, એવો શાસ્ત્રનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

ગૃહસ્થાવાસમાં રહેતાં થકાં પણ, નંદરાજા આ 'ભાવના'ઓનું રટણ અને મનન કર્યા કરતો, તેના પરિણામે સાધુ પુરુષનો યોગ્ય સમાગમ મળી ગયો. જેમ 'સોનામાં સુગંધ મળે' તેમ તેમની ભાવનાઓ, વ્યક્તરૂપે પ્રગટ થઈને 'સ્વદયા' કે સ્વપરિણતિ તરફ ઢળી ગઇ (સૂ૦૩૨)

નંદરાજા અણગાર-અવસ્થા પામીને શું કર્યું? તે કહે છે— 'तएणं' ઇત્યાદિ.

મૂળનો અર્થ—પાંચ સમિતિ અને ત્રણગુપ્તિ-રૂપ આઠ પ્રવચન માતાનું શરણું લઈ નયસારનો જીવ નંદરાજા ઇન્દ્રિયોનું ગોપન કરવાવાળા બન્યા, ગુપ્તબ્રહ્મચારી થયા, જીતેન્દ્રિય અને કષાયરહિત બનવા લાગ્યા, મિથ્યાત્વરૂપી શલ્યને દૂર કરનારા થઈ, રાગદ્વેષને જીતવા કટિબદ્ધ થયા, આર્ત અને રૌદ્ર ધ્યાનને છોડવા લાગ્યા, ચાર વિકથાઓને છાંડી, મન, વચન અને કાયાના દુષ્પ્રણિધાનથી છૂટા થયા, ધર્મનો ઉદ્યોત કરવા લાગ્યા, પરિષહો અને ઉપસર્ગોને સ્વભાવયુક્ત બનાવી તેના પર વિજય મેળવવા મંડયા, સત્તર પ્રકારના સંયમમાં સ્થિરતા કરવા

દૃઢ થતા ગયા, પાંચ પ્રકારના સ્વાધ્યાયોમાં રક્ત થયા, છકાયની રક્ષામાં દક્ષ બન્યા, સાત પ્રકારના ભયમાંથી વિમુક્ત થવા લાગ્યા, આઠ મદ છુટવા લાગ્યાં, બ્રહ્મચર્યની નવવાડોને શુદ્ધતા–પૂર્વક આચરવા લાગ્યા, દશ યતિધર્મનું પાલન કરતા થયા, અગ્યાર અંગના જ્ઞાતા બન્યા, બાર પ્રકારના તપનું આચરણ કરવા લાગ્યા, સત્તર પ્રકારે સંયમથી વિભૂષિત થયા, બાવીસ પરિષહોને જીતવા લાગ્યા, અર્હદ્ભકિત આદિ વીસ સ્થાનકની આરાધના કરતાં, અનેક પ્રકારે આત્મગુણોની ખિલાવટ કરતાં, દ્રવ્યે અને ભાવે અનુરૂપપણાને મૂર્ત્તસ્વરૂપ આપતા થકા, સ્વયં બળે અને પરાક્રમે, આત્મજ્યોત જગાવતા 'તીર્થંકર–નામ–ગોત્ર કર્મ' ઉપાર્જન કર્યું (સૂ૦૩૩)

ટીકાનો અર્થ—'तए णं'ઇત્યાદિ આ 'નંદ' અણુગાર. કેવા પ્રકારના તપોનું આચરણ કરતાં, ઇર્યાસમિતિ આદિ સમિતિ અને મનોગુપ્તિ આદિ ગુપ્તિઓને કેવી રીતે અમલી બનાવતાં, ગુપ્ત બ્રહ્મચર્યનું પાલન કેવી રીતે થતું, તે વધુ વિવરણ. તેમના 'વિશ્વભૂતિ' નામના પંદરમાં 'ભવ'માં થઇ ચુકયું છે.

આ ઉપરાંત 'મુનિપણા'માં તેમણે પાંચે ઇન્દ્રિયો પર ખૂબ કાબુ મેળવ્યો હતો. 'કષાયો'ને પણ કાબુમાં લઇ નિર્બીજ જેવા બનાવી દીધાં હતાં. ચારે કષાયો ઉપશાંત પડયાં હતાં. માયા, નિદાન, અને મિથ્યા દર્શન આ ત્રણે શલ્યોથી રહિત થયાં તેથી ભવભ્રમણ અને આત્મભ્રાન્તિ નિઃસત્વ બની ગયાં હતાં.

રાગ–દ્વેષના પરિણામો દુઃખકર્તા છે, એમ જાણી તેને ટાળવા પુરૂષાર્થ કરવા લાગ્યાં, આત્મા પરના લક્ષે સુખ ઇચ્છે તે ભ્રમણા જ છે. એમ નક્કી કરી વાસ્તવિક સુખની પછવાડે દિવસો કાઢવા લાગ્યા, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ આત્માની આકુળતા વ્યાકુળતા છે, એમ સમજી તે ટાળવાં લાગ્યાં, ને ધર્મધ્યાનમાં સ્થિર થઇ શુકલ ધ્યાન પર જવા પ્રયાસ કરવા લાગ્યાં.

આહારસંજ્ઞા-ભયસંજ્ઞા–મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા આદિના વિચારો નિર્મૂળ કરવા લાગ્યાં. 'સંજ્ઞા' એટલે ઈચ્છા. આ ઇચ્છાઓ સર્વ દુઃખનું મૂળભૂત કારણ છે. એમ જાણી તેનો જેટલો બને તેટલો ત્યાગ કરવા તત્પર રહેતાં.

સ્ત્રી–કથા, ભક્ત–કથા, રાજ–કથા અને દેશ–કથાઓને તો તેમણે નેવે ચડાવી દીધી હતી. મન–વચન અને કાયાના અશુભ વ્યાપારોથી તદ્દન વિમુક્ત થયાં હતાં. ધર્મમાં તત્પર હતા. દેવ–મનુષ્ય અને તિર્યંચ કૃત ઉપસર્ગોને સહન કરવામાં આનંદ માણતાં.

વાંચન, પૂછવું, વાંચેલું યાદ કરવું, વાંચેલ ઉપર વિચાર કરવો, અને ધર્મકથાઓનું રટણ કરવું. આ 'સ્વાધ્યાય'ના પાંચ પ્રકાર શાસ્ત્રોક્ત છે, તે હમેશાં અમલમાં મૂકતાં હતાં. છએ કાયાના જીવોની દયા પાળવા ઉદ્યમવંત રહેતાં. રોગ આદિ અવસ્થામાં પણ સાવદ્ય ઔષધ-ભેષજ નહીં કરતાં ઇહલોકભય, પરલોકભય, આદાન-ભય, અકસ્માતભય, આજીવિકાભય, મરણભય, અપયશભય. આદિ સાતે પ્રકારના ભયોને દૂર કરતાં આઠ મદને તેમણે ચકચુર કર્યા હતાં. નવ પ્રકારની વાડોનું અવલંબન લઇ 'બ્રહ્મચર્ય વ્રત' ને શુદ્ધપણે પાળી રહ્યાં હતાં.

બ્રહ્મચર્યની નવવાડો આ પ્રમાણે છે—

(૧) સ્ત્રી–પશુ–નપુંસક રહિત ઠેકાણામાં રહેવું. (૨) સ્ત્રીની કથા વાર્તા કરવી નહિ, સ્ત્રીના આસને બેસવું નહિ. (૪) સ્ત્રીનું રૂપ નિરખવું નહિ. (૫) સ્ત્રી રહેતી હોય ત્યાં ભીંતને આંતરે રહેવું નહિ. (૬) પૂર્વની ક્રીડા સંભારવી નહિ. (૭) પ્રતિદિન કારણવગર ઘી–દૂધ, મશાલાવાળા આહાર–પાણી લેવા નહિ. (૮) અતિ આહાર કરવો નહિ. (૯) શરીરનો શોભા કરવી નહિ. આ 'બ્રહ્મચર્ય' વ્રતને સારી રીતે નિભાવવાના સાધનો છે.

ક્ષમા, નિર્લોભીપણું, કપટરહિતપણું, માનરહિતપણું, લઘુભૂત–દ્રવ્યભાવે હલકું રહેવું, સત્ય, સંયમ, બાર પ્રકારના તપ કરવા, ત્યાગ અને બ્રહ્મચર્ય વ્રત, આ દશ યતિ ધર્મો છે. તેમાં 'નંદ' અણગાર સ્થિત હતાં.

સર્વગુણસંપન્ન એવા વીશ સ્થાનકના અહર્નિશ આરાધક 'નંદ' અણગારે સ્થાનકવાસીપણું આરાધીને તે ભવમાં તીર્થંકર–નામ–ગોત્ર ઉપાર્જન કર્યું ને ભવભ્રમણની શૃંખલા–સાંકળને તોડી–વછોડી નાખી, અક્ષયપદને ટૂંક સમયમાં પ્રાપ્ત કરવા સર્વ પ્રકારનો મસાલો તૈયાર કર્યો. (સૂ૦૩૩)

આ પ્રકારે વિવિધ પ્રકારની તપશ્ચર્યાની સાથે વીશ થાનકોની આરાધના કરીને તીર્થંકર નામ ગોત્રનું ઉપાર્જન કરવાવાળા તે મુનિએ જે કર્યું તે કહે છે—'अह य' ઈત્યાદિ.

**મૂલનો અર્થ**—ઇન્દ્રિયોને જીતવાવાળા, દમનશીલ, ઉપશાંત ચિત્તવાળા નંદમુનિએ અંત સમયે નીચે પ્રમાણે આરાધના કરી—

(૧) કાળ–વિનય વિગેરે આઠ પ્રકારના જ્ઞાનાચાર પૈકી કોઈપણ એક આચારમાં, અથવા સમસ્ત આચારોમાં, જે કોઈ અતિચાર લાગ્યો હોય, તેને ધિક્કારું છું, નિંદા કરું છું.

(૨) નિઃશંકિત આદિ આઠ દર્શનના આચારોમાં, જો કોઇ અતિચાર લાગ્યો હોય તો તેનો મન–વચન કાયથી પરિત્યાગ કરું છું.

(૩) પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચન માતાના ચારિત્રાચારમાં, જે કોઈ અતિચાર લાગ્યો હોય, તે સર્વને મન–વચન–કાયાથી નિંદું છું.

(૪) બાહ્ય અને આભ્યંતર ભેદવાળા બાર પ્રકારના તપાચારનું આચરણ કરતાં, જે કોઈ અતિચાર લાગ્યો હોય, તેને પ્રતિક્રમું છું.

(૫) ધર્મનું આચરણુ સેવતાં કોઇપણ પ્રકારની શકિત રૂંધી હોય, તો તે વીર્યાચારના અતિચારની મન વચન કાયાથી નિંદા કરું છું.

(૬) લોભ અથવા મોહને લઇને, જે કોઈ સૂક્ષ્મ યા બાદર પ્રાણીની વિરાધના કરી હોય તો તેની ક્ષમા માંગું છું.

(૭) હાસ્ય-ભય-ક્રોધ અથવા લોભ વિગેરે કારણો દ્વારા અલ્પ કે અધિક જુઠું બોલાયું હોય, તો તેની આત્માની સાક્ષીએ, કેવળીની સાક્ષીએ ગર્હણા કરું છું.

(૮) રાગ-દ્વેષથી અલ્પ અથવા ઘણું, સચિત્ત અથવા અચિત્ત, એકાંતમાં અગર સમૂહમાં રહીને, જે કાંઈપણ ચીજ વસ્તુ અલ્પ કે બહુ મૂલ્યવાળી હોય તે, આજ્ઞા સિવાય ગ્રહણ કરી હોય, તો તેનો પરિત્યાગ કરું છું.

(૯) પૂર્વે દેવ-મનુષ્ય-તિર્યંચ સાથે મન-વચન-કાયાથી મૈથુન સેવવાની ભાવના કરી હોય, કરાવી હોય, અગર અમલમાં મૂકી હોય તો તે સર્વ પ્રકારના નવ કોટીના દોષની નિંદા કરું છું.

(૧૦) પૂર્વ કાળે લોભ અને દ્વેષથી પ્રેરાઇને, ધન-ધાન્ય-ઝવેરાત-સોનું-રૂપું-મકાન-વિગેરે અચેત વસ્તુઓ, તેમજ દાસ-દાસી આદિ સચેત ચીજો, અલ્પ અગર બહુમૂલ્યવાળી વસ્તુઓ ગ્રહી હોય, અથવા પરિગ્રહ કર્યો હોય, તે સર્વ દોષોની મન-વચન-કાયાના નવ પ્રકારથી, દુગુંછા કરૂં છું.

(૧૧) સ્ત્રી-પશુ-દાસ-દાસી-ધન-ધાન્ય-ઝવેરાત-સુવર્ણ-ચાંદી-ભવન-વસ્ત્ર આદિમાં મમતાભાવ કર્યો હોય તો તે મમતાભાવને ત્યાગું છું.

૧૨ રસનેન્દ્રિયને વશ થઇ રાત્રીના સમયે, આહાર આદિનું સેવન કર્યું હોય તો તેની મન-વચન કાયાના યોગથી આલોયણા કરૂં છું.

(૧૩) ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ, કલહ, અભ્યાખ્યાન-પરની ઉપર આળ ચડાવવું, પૈશુન્ય-ચાડી, અને પરપરિવાદ-અન્યની નિંદા વિગેરેમાંથી કોઇ એકનું અથવા સર્વનું આચરણ કર્યું હોય, તો તેનો પશ્ચાત્તાપ જાહેર કરું છું.

(૧૪) કષાયયુકત થઇ એકેન્દ્રિય જીવથી માંડી પંચેન્દ્રિય જીવો સુધીના કોઇપણ જીવના પ્રાણ લીધાં હોય, પ્રાણ જાય ત્યાં સુધી માર માર્યો હોય, અથવા સૂક્ષ્મ પ્રહાર પણ કર્યો હોય, અથવા દ્રવ્ય અને ભાવ હિંસા બન્ને કરી હોય, મન વચન-કાયાથી અથવા ત્રણ પૈકી કોઇપણ યોગ દ્વારા પીડા આપી હોય, પરિતાપના દીધી હોય, ઉપદ્રવ કર્યો હોય, એક સ્થાનેથી ઉપાડી અન્ય સ્થાને મૂકયાં હોય, કઠોર વચનથી મેણાં-ટોણાં માર્યાં હોય, દેવ-તિર્યંચ-મનુષ્યની વિરાધના કરી હોય, તો તે સર્વ જીવોની ક્ષમા યાચું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. ભવિષ્યમાં આવું અકાર્ય નહિં કરું તેના પ્રત્યાખ્યાન-પચ્ચખાણ-કરું છું !

(૧૫) આજથી હું સર્વ જીવો તરફ સમભાવની દષ્ટિથી જોઉં છું-હું સમદર્શી થાઉં છું, એટલે તમામ જીવોને મારા સરખા માનું છું.

(૧૬) રૂપ-યૌવન-ધન-કનક-અને સગાંવહાલાંનો સંબંધ, સાગરના મોજા સમાન ચંચળ છે. વિજળીના ચમકારા જેવો ચપળ છે, અને ઝાંડના પાંદડા પર પડેલાં ઝાકળના બિંદુ સમાન અસ્થિર છે. માટે કોણ વિવેકીજન આમાં લલચાશે ? એટલે કોઇ નહિ.

(૧૭) જન્મ-જરા-મરણુ-આધિ-વ્યાધિથી ઘેરાયેલ સંસારી જીવોને, અર્હંતભાષિત ધર્મ સિવાય કોઇ શરણભૂત નથી.

(૧૮) ઋણાનુબંધને લીધે સૌ કોઈ આવી મળે છે. પુણ્યનો શુભયોગ થતાં પરાયા પણુ સ્વજન અને મિત્ર બની જાય છે, ને પાપને ઉદય થતાં સ્નેહીઓ પણુ દુશ્મન થઈ પડે છે. માટે આ જીવનો કોઇપણુ સ્વજન કે પરજન નથી. જ્યારે આવી સ્થિતિ છે ત્યારે કોણુ વિવેકી આમાં મન લગાડશે, એટલે કોઇ નહિ.

(૧૯) જીવ એકલો આવ્યો છે અને એકલો જાય છે. સાથે પૂર્વે બાંધેલા કર્મસમૂહો લઈ જાય છે. શુભાશુભ કર્મો સિવાય, કાંઇપણુ સાથે જતું નથી. પોતાના કર્મો ઉદય આવ્યે સુખદુઃખનો અનુભવ સ્વયં કરે છે. બીજા કોઇપણુ સુખદુઃખના ભાગીદાર બનતાં નથી.

(૨૦) તાત્વિકદ્દષ્ટિથી જુઓ તો દીપક જેવું સાફ જણાશે કે શરીર અને આત્મા બન્ને ભિન્ન પદાર્થો છે. ઘર અને ઘરના માલિક જેવો સબંધ તરી આવે છે. જ્યારે શરીર અને આત્મા ભિન્ન છે. તો ધન-ધાન્ય પરિવાર આદિ આત્માથી અત્યંત ભિન્ન છે ! આવું દીવા જેવું જાણુવા છતાં, મોહને લીધે પ્રાણી શરીર વિગેરેમાં આસકત બને છે, ને મિથ્યાત્વ ભાવનાને લીધે શરીરને જ 'આત્મા' માનવા લાગે છે.

આ શરીર હાડકાં, મેદ, ચરબી, માંસ રુધિર, સ્નાયુ, મળ અને મૂત્રથી પરિપૂર્ણ છે. નવ દ્વારો દ્વારા અહર્નિંશ આ શરીરમાંથી અશુચિ ઝર્યા કરે છે. તો કયો બુદ્ધિમાન પુરુષ આ શરીરને પોતાનું માને ? પરંતુ મોહનો મહિમા અપાર અને અગોચર છે. આ શરીરની સ્થિતિ પૂરી થયે ભાડાનું મકાન જેમ ખાલી કરવું પડે છે તેમ આ શરીરને પણુ મૂકી દઇ ચાલી નીકળવું પડે છે. આ શરીરનું ગમે તેવું પાલન જતના કરો, તો પણુ નાશ પામવાનું જ છે, કારણુ કે તેનો સ્વભાવ વિનાશશીલ છે.

દેવ કે જેનું શરીર, હાડ માંસ વિનાનું કંચનવર્ણું છે, તેમજ દીર્ઘકાળ એટલે પલ્યોપમ સાગરોપમ સુધી ટકવાવાળું છે, છતાં અંતે તો તે શરીરને પણુ મૂકવું પડે છે, તો આ થોડા કાળ સુધી નભવાવાળા શરીરની શી વાત કરવી ?

ધીર અને વીર પુરુષોને એવી રીતે તેનો ત્યાગ કરવો ઘટે છે, કે ફરી વખત, શરીરની ઉત્પત્તિ ન થાય, મરણુ પણુ એવી રીતે થવું જોઇએ કે ફરીથી મરવું ન પડે !

(૨૧) કરુણાસાગર-વિશ્વબંધુ-અર્હંત ભગવાનનું મને શરણું હજો ૧. અશરીરી ચૈતન્યઘન એવા સિદ્ધ

ભગવાનનું મને શરણું હજો ૨. નિઃસ્વાર્થ ભાવે જગતવાસી જીવ જંતુઓની રક્ષા કરવાવાળા સાધુ-સાધ્વીનું મને શરણું હજો. ૩. રાગદ્વેષરહિત કેવળી પ્રરૂપિત ધર્મનું મને શરણું હજો ૪.

આ ચાર શરણાં જ મારા વાસ્તવિક શરણાં છે, ને તે મારા પરંપરાના દુઃખોને હરવાવાળા છે!

(૨૨) આજથી જીનવાણી મારી માતા છે, નિર્ગ્રન્થ ગુરુ મારા પિતા છે. જીનદેવ મારા દેવ છે, જીનભાષિત ધર્મ મારો સાચો ધર્મ છે. સાધર્મી મારા ભાઈ-ભાંડુ છે. આ સિવાય સર્વ કોઇ બંધનરૂપ છે.

(૨૩) વર્તમાન ચૌવીસીના ચોવીસ તીર્થંકરોને તેમ જ ભરત ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં થવાવાળા જિનેશ્વર દેવોને નમસ્કાર કરૂં છું, વંદન કરૂં છું, અને તેમની પર્યુપાસના કરૂં છું, કારણ કે તેઓ કલ્યાણમય અને મંગલમય છે. દેવ તેમજ જ્ઞાનસ્વરૂપી છે. આ દેવો, મનુષ્યના કલ્પવૃક્ષ સમાન છે. તેઓનો બોધ, સંસાર-સાગર તરવા માટેજ ઉપદેશાએલો છે. (૧)

જેમણે ભવપરંપરાથી ઉપાર્જેલ કર્મના દળને શુકલલેશ્યા અને શુકલધ્યાનરૂપી અગ્નિ વડે ભસ્મીભૂત કર્યાં છે. એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરૂં છું. (૨)

સંસારના દુઃખોથી ભયભીત થયેલ જીવોને ભયમુકત કરવામાં જે સર્વદા તત્પર છે, જેઓએ ભય ટાળવા જીનવાણીને ધારણ કરી છે, જેઓ જ્ઞાનાચાર-દર્શનાચાર-તપાચાર અને વીર્યાચારનું પાલન કરવામાં અજોડ સામર્થ્ય બતાવે છે, તેવા આચાર્ય ભગવાનને નમસ્કાર કરું છું. (૩)

સમસ્ત શ્રુત-આગમોને જેઓએ યથાવત્ ગ્રહણ કર્યાં છે, સકલ-આગમ-જ્ઞાનથી સંપન્ન છે, તેમજ શ્રુતનું અધ્યયન કરાવવા તત્પર છે. તેવા ઉપાધ્યાય ભગવાનને નમસ્કાર કરું છું. (૪)

અનંત ભવોનો અંત કરવાવાળા, સાધુના સત્યાવીસ ગુણોથી વિરાજીત, અઢાર હજાર શીલાંગરથ-શીલના અંગરૂપી રથને ધારણ કરવાવાળા સાધુજીને નમસ્કાર હજો.! (૫)

આ પાચ નમસ્કાર જીવના જીવનનો સાર છે, સમસ્ત પાપોના સમૂહને કાટવાવાળો છે, સકલ મંગલોમાં શ્રેષ્ઠમંગલ છે.

(૨૪) આજથી સર્વ પ્રકારના સાવદ્ય (પાપકારી) યોગનો જીવન પર્યંત મન-વચન-કાયાથી ત્યાગ કરૂં છું. તેની સાથે ચારે પ્રકારના આહારને પણ છોડું છું. અંતિમ શ્વાસોશ્વાસ સુધી આ શરીરનો પણ પરિત્યાગ કરૂં છું. (સૂ૦૩૪)

ટીકાનો અર્થ—ઉપશાંત ચિત્તવાળા મુનિ નંદે નીચે લખ્યા મુજબ, અંતિમ આરાધના કરી—

(૧) કાલ-વિનય આદિ આઠ પ્રકારના જ્ઞાનાચારમાં જે કોઇ અતિચારનું સેવન કર્યું હોય તેની ગર્હા કરૂં છું.

કાલ ૧, વિનય ૨, બહુમાન ૩, ઉપધાન ૪, અનિહ્નવ ૫, સૂત્ર ૬, અર્થ ૭, તદુભય [સૂત્ર અને અર્થ

બન્ને ] ૮. આ જ્ઞાનાચારનો ભાવાર્થ આ પ્રમાણે છે—

(૧) કાલ-એટલે અગ્યાર અંગ વિગેરેનું સાંભળવું, પઠન-પાઠન કરવું વિગેરે માટે જે સમયની મર્યાદા બાંધી હોય તે સમયેજ તેનું અધ્યયન થઇ શકે, બીજા કોઇ સમયે નાહ. આ 'કાલાચાર' છે.

૨ વિનય-ગુરુની સેવા કરી. તેનું સન્માન કરી, તેને વંદના-નમસ્કાર કરીને, સૂત્ર-સિદ્ધાંતનું અધ્યયન કરવું જોઇએ. આ 'વિનયાચાર' છે

૩ બહુમાન-સૂત્ર અને તેના અર્થ તેમજ ભાવાર્થ માટે શિષ્યને ઘણું માન હોવું જોઇએ. સૂત્રનું પઠન પાઠન, ભક્તિ અને બહુમાન-પૂર્વક થવું જોઇએ જેથી કરી જ્ઞાનની ધારા પ્રગટે, આ 'બહુમાનાચાર' છે.

૪ ઉપધાન-અંગ-ઉપાંગ રૂપ આગમોનો અભ્યાસ ચાલુ હોય તે દરમ્યાન શિષ્યે આયંબિલ, ઉપવાસ, વિગયત્યાગ આદિ થઇ શકે તે પ્રકારની તપશ્ચર્યા કરવી જોઇએ. આથી સૂત્રનું વાસ્તવિક જ્ઞાન પરિણમે છે. આ 'ઉપધાનાચાર' છે.

૫ અનિહ્નવ-જેની પાસે શાસ્ત્રનો અભ્યાસ થયો હોય, તેનું નામ ખાનગી ન રાખવું તેમજ ન છુપાવવું આ 'અનિહ્નવાચાર' છે.

૬ સૂત્ર-મૂળપાઠ. 'સૂત્ર' એટલે સિદ્ધાંત કે આગમ અથવા સૂત્ર ગમે તે નામે 'શાસ્ત્ર' બોલાતુ હોય તે શાસ્ત્રના મૂલપાઠને 'સૂત્ર' થી સંબોધવામાં આવે છે. તેનું સીખવું આ 'સૂત્રાચાર' છે.

(૭) અર્થ-સૂત્રના મૂલ પાઠનો અર્થ સમજવો તે આ 'અર્થાચાર' છે.

(૮) તદુભય-મૂલપાઠ અને તેનો અર્થ શીખવો તે આ 'તદુભયાચાર' છે.

આ આઠ જ્ઞાનાચારમાં સાધુ-સાધ્વીને દોષ આવવા સંભવ છે એમ જાણી નંદ અણગારે અંતિમ સમયે તેનું આલોચન કર્યું ને પાપમાંથી મુક્ત થયાં.

(૨) નિઃશંકિત આદિ આઠ દર્શનાચારની સ્પષ્ટતા આ પ્રમાણે છે.

(૧) નિઃશંકિત, (૨) નિષ્કાંક્ષિત, (૩) નિર્વિચિકિત્સા, [૪] અમૂઢદષ્ટિ, (૫) ઉપબૃંહણ, [૬] સ્થિરીકરણ, (૭) વાત્સલ્ય, [૮] પ્રભાવના.

૧—નિઃશંકિત એટલે વીતરાગ વાણીમાં કોઈપણ પ્રકારની શંકા લાવવી ન જોઈએ. કારણ જેણે રાગ અને દ્વેષ તથા વિકાર અને વિકૃતિભાવનાનો સર્વથા ક્ષય કર્યો છે તેને કાંઇપણ છુપાવવાનો રહેતું નથી, તેથી જે યોગ્ય અને સ્થિત હોય તેજ દર્શાવે છે, માટે આવા આપ્ત પુરુષોના વચન, નિઃશંકપણે માનવા જોઇએ.

૨—'નિષ્કાંક્ષિત' એટલે અન્ય દર્શનો તેમજ અન્ય ધર્મના પંથોને ગ્રહણ કરવા ઇચ્છા ન કરવી તે.

કારણ અન્યના આડંબરો, છટા. દેખાવો, બાહ્ય શૈલી, આચાર વિચારની દાંભિકતાને લઈ અણસમજુ તેમજ અધૂરા જ્ઞાનવાળો જીવ સાચી વસ્તુને છોડી ખોટીને વળગે છે. પરિણામે 'इतो भ्रष्टस्ततो भ्रष्टः' જેવી સ્થિતિ ઉત્પન્ન થાય છે, માટે અન્ય મતની આકાંક્ષા વિના જે કાંઈ તેને સાંપડયું હોય તેમાંથી સારભૂત ગ્રહણ કરી આત્માને ગવેષવો.

૩–'નિર્વિચિકિત્સા'–આગમનો અર્થ યુક્તિ-પ્રયુક્તિથી સમજાયો હોય છતાં તેમાં અથવા તેના ફલમાં સંદેહ અગર શંકા ન લાવવી તે આગમના અર્થ અને ભાવાર્થ ઘણી રીતે સમજાય છે, સમજ્યા પછી તેમાં શંકા નહિ લાવવી.

૪–'અમૂઢદષ્ટિ' —કુતિર્થીઓનું દાખલા-દલીલોમાં સામર્થ્યપણું જોઇ તેમાં નહિ અંજાઇ જવું. એટલે વીતરાગ ધર્મમાં અવિચલ રહેવું.

૫–'ઉપબૃંહણ'—સાધર્મીજનોની સેવા ચાકરી કરવી, તેમજ તેમાં રહેલાં ગુણોની પ્રશંસા કરવી તે.

૬–'સ્થિરીકરણ' ધર્મથી ચલિત થનારને યુકિતપ્રયુકિતથી સમજાવી ઠેકાણે લાવવો તેમજ કોમલ વચનો દ્વારા પુનઃ ધર્મમાં સ્થિર કરવો તે.

૭–'વાત્સલ્ય'—સાધર્મી ભાઇઓને ભોજન-વસ્ત્ર આદિ આપી તેનું યોગ્ય સન્માન કરવું તે. વાત્સલ્ય એટલે એકજ ધર્મના અનુયાયીઓ અંદરો અંદર પ્રેમ અને સૌજન્યતાથી વર્તે તે.

૮ 'પ્રભાવના' ધર્મકથા, પ્રતિવાદીઓ ઉપર વિજય. દુષ્કર તપશ્ચર્યા, સૂત્ર-સિદ્ધાંત આગમનો ફેલાવો કરવો, તેમ જ ધર્મની જ્યોત હમેશા જાગતી રહે તેવા કાર્યો કરવા તે.

નંદ અણગાર અંતિમ સમયે આત્માની સાક્ષીએ જાહેર કર્યું કે ઉપરના આચારોમાં જે કોઇ દોષ લાગ્યો હોય તેની નિંદા કરૂં છું.

નંદ અણગારે વળી આત્મસાક્ષીએ ઉમેર્યું કે આજસુધી આ ભવમાં પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભવમાં, કુદેવ, કુગુરુ અને કુધર્મની સદ્દહણા. પરૂપણા, ફરસના, સેવનાદિક સંબંધી પાપ દોષ લાગ્યાં હોય, તે સર્વ મિથ્યા થાઓ!

અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, અવ્રતપણે. કષાયપણે, અશુભયોગે કરી. પ્રમાદે કરી, અપછંદ અવિનીતપણું મેં કર્યું હોય તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

શ્રી અરિહંત ભગવંત વીતરાગ કેવળજ્ઞાની મહારાજની. શ્રી ગણધરદેવની. શ્રી આચાર્યની, શ્રી ધર્માચાર્યની, શ્રી ઉપાધ્યાયની. શ્રી સાધુ–સાધ્વીની, શ્રાવક શ્રાવિકાની. સમદષ્ટિ સાધર્મી ઉત્તમ પુરૂષોની, શાસ્ત્ર-સૂત્ર પાઠની. અર્થ–પરમાર્થની. ધર્મ સંબંધી, અને સકલ પદાર્થોની અવિનય, અભક્તિ. અશાતનાદિ કરી, કરાવી અનુમોદી, મન-વચન-કાયાએ કરી. દ્રવ્યથી, ક્ષેત્રથી. કાલથી અને ભાવથી. સમ્યક્‌પ્રકારે વિનય, ભકિત, આરાધના, પાલના, સ્પર્શના, સેવનાદિરૂક યથાયોગ્ય અનુક્રમે નહિ કરી, નહીં કરાવી, નહીં અનુમોદી તે મને ધિક્કાર ધિકકાર, વારંવાર મિચ્છા મિ દુંક્કડં. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો, હું મન—વચન–કાયાએ કરી ખમાવું છું.

(૩) પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ ચારિત્રાચારના અતિચારની નિંદા કરું છું. (૪) બાહ્ય અને અભ્યં-

તર સામર્થ્યને નહિ છુપાવતાં આઠ પ્રકારના જ્ઞાનાચારમાં, આઠ પ્રકારના દર્શનાચારમાં, આઠ પ્રકારના ચારિત્રાચારમાં અને બાર પ્રકારના તપાચારમાં શક્તિ અનુસાર પરાક્રમ કરવો તે વીર્યાચાર છે. આ વીર્યાચારના અતિચારોની નિંદા કરું છું.

(૬) છક્કાયપણે મેં છક્કાય જીવની વિરાધના કરી, પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેન્દ્રિય, તેન્દ્રિય, ચૌરેન્દ્રિય. પંચેન્દ્રિય, સંજ્ઞી. અસંજ્ઞી, ગર્ભજ, ચૌદ પ્રકારે સંમૂર્છિમ આદિ, ત્રસ સ્થાવર જીવોની વિરાધના કરી, કરાવી, અનુમોદી, મન-વચન-અને કાયાએ કરી, ઉઠતાં, બેસતાં, સુતાં, હાલતાં, ચાલતાં, વસ્ત્ર-ઉપકરણો ઉઠાવતાં, મૂકતાં, લેતાં, દેતાં, વર્તતા, વર્તાવતાં, અપડિલેહણા-દુપડિલેહણા સંબંધી, અપ્રમાર્જના-દુષ્પ્રમાર્જના સંબંધી, અને આહાર વિહાર આદિ નાના પ્રકારના ઘણા કર્તવ્યોમાં, સંખ્યાતા અસંખ્યાતા અને નિગોદ આશ્રયી અનંતા જીવોના જેટલા પ્રાણ લૂંટયા, તે સર્વ જીવોનો હું અપરાધી છું. નિશ્ચયે કરી બદલાનો દેણદાર છું. સર્વ જીવ મને માફ કરો. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો. દેવસીય, રાઈય, પાક્ષિક, ચૌમાસા અને સાંવત્સરિક સંબંધી વારંવાર મિચ્છા મિ દુક્કડં, વારંવાર ક્ષમાવું છું, તમે સર્વે ખમજો, તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું છએ કાયના જીવોના વર બદલાથી નિવૃત્તિ પામીશ અને અતિચારરહિત અહિંસાને પાળીશ, સર્વ ચૌરાસી લાખ જીવયોનિને અભયદાન દઈશ તે દિવસ મારો પરમ-કલ્યાણમય થશે.

(૭) ક્રોધવશે, માનવશે, માયાવશે, લોભવશે, હાસ્યવશે, ભયવશે ઇત્યાદિક કરી મૃષા વચન બોલ્યો. નિંદા

વિકથા કરી, કર્કશ, કઠોર, માર્મિક ભાષા બોલી, ઈત્યાદિક અનેક પ્રકારે જુઠું બોલ્યો, બોલાવ્યું, બોલતાં પ્રત્યે અનુમોદ્યું તે સર્વ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે સર્વથા પ્રકારે અતિચારરહિત હું મૃષાવાદનો ત્યાગ કરીશ. તે દિવસ મારો પરમકલ્યાણમય થશે.

(૮) અણદીધી વસ્તુ લીધી, નાના પ્રકારના કર્તવ્યોમાં ઉપયોગસહિતે અને ઉપયોગરહિતે અણદીધેલી વસ્તુઓ ગ્રહણ કરી, કરાવી, કરતાં પ્રત્યે અનુમોદના, મન-વચન-કાયાએ આપી, તથા ધર્મસંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, શ્રી ભગવંત ગુરુ દેવોની આજ્ઞા વગર કર્યા તે, મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

પૂર્વભવોમાં અને આ ભવમાં ગૃહસ્થપણે અણદીધી વસ્તુ ચોરી કરીને લીધી, વિશ્વાસઘાત કરી થાપણુઓ લીધી, પરસ્ત્રી, પરધન હરણ કર્યાં તે મોટી ચોરી લૌકિકવિરુદ્ધની, તથા અલ્પચોરી તે ઘરસંબંધી, નાના પ્રકારના કર્તવ્યોમાં ઉપયોગસહિત અને ઉપયોગરહિતે ચોરી કરી, કરાવી, કરતાં પ્રત્યે અનુમોદી તે, મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે અતિચાર રહિત આ 'વ્રત'ને પાળીશ, ને અદત્તાદાનનો ત્યાગ કરીશ. તે મારો પરમકલ્યાણમય દિન થશે.

ભાવાર્થ—જેને 'વ્રત' હોય તેને જ 'અતિચાર'ના દોષોનું આલોચન હોય છે એમ નથી, પણ સર્વને તે દોષોથી મુક્ત થવાનું છે. 'વ્રત' વિનાને તો 'અનાચાર' દોષ આવે છે, માટે 'વ્રત' અંગીકાર કરી 'અનાચાર'ના દોષો ટાળવાં જોઇએ. છદ્મસ્થ અવસ્થાવાળા વ્રતી જીવોને 'વ્રત' માં કાંઈક સ્ખલના થઇ જાય છે. તે દોષને અતિચાર કહે છે. તે અતિચારનું પ્રતિક્રમણુ કરતાં દોષો મટી જાય છે તો 'વ્રત' શુદ્ધ બને છે. 'વ્રત' માં ચાર દોષ લાગવા સંભવે છે. (૧) અતિક્રમ (૨) વ્યતિક્રમ (૩) અતિચાર (૪) અનાચાર. 'અતિક્રમ' એટલે 'વ્રત'ના ખંડનમાં વિચાર સ્ફુરી આવવો તે ૧, 'વ્યતિક્રમ' એટલે ખંડન માટે સાધન-સામગ્રી તૈયાર કરવી તે ૨, ખંડન કરવા માટે સજ્જ થઇ ઉપડવું તેને અતિચાર કહે છે. ૩, અહિં સુધી પ્રયાણુ થાય છે માટે તેને 'અતિચાર' કહેલ છે. 'અનાચાર' ચોથે પગથિયે જો તે ચડયો હોત તો 'વ્રત' સમૂળગું ભાંગીને ભુક્કો થઈ જાત. પરંતુ 'અતિચાર'ની ભૂમિકાએ પહોંચતાં, તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો, તેથી અતિક્રમ-વ્યતિક્રમ અને અતિચારનો પસ્તાવો કરતો થકો સન્માર્ગીજીવ પાછો વળે છે. આવો રુડો જીવ, ફરીથી અતિચારને નહિ આદરતાં 'વ્રત' માં સ્થિર રહે છે.

(૯) મૈથુન સેવવામાં મન, વચન, અને કાયાના યોગ પ્રવર્તાવ્યાં, નવવાડ સહિત બ્રહ્મચર્ય પાળ્યું નહિ, નવવાડમાં અશુદ્ધપણે પ્રવૃત્તિ કરી પોતે સેવ્યું. બીજા પાસે સેવરાવ્યું, સેવનાર પ્રત્યે ભલું જાણ્યું, તે મન, વચન, કાયાએ કરી મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું નવવાડ સહિત બ્રહ્મચર્ય આરાધીશ, સર્વથા પ્રકારે કામવિકારોથી નિવર્તીશ, તે દિવસ મારો પરમકલ્યાણમય થશે મનુષ્ય, દેવ અને તિર્યંચ સંબંધી મૈથુન સેવવાના નવ-નવકોટિએ મેં પચ્ચખાણ કર્યા છે. તેમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય તેની નિંદા, ગર્હણા કરું છું.

(૧૦) સચિત્ત પરિગ્રહ તે દાસ, દાસી, દ્વિપદ, ચૌપદ આદિ, અચિત્ત પરિગ્રહ-મણિ, પત્થર આદિ અનેક પ્રકારે છે. સોનું, રુપું, વસ્ત્ર, આભરણ આદિ અનેક વસ્તુ અચિત્ત છે. તેમાં મમતા, મૂર્છા, પોતાપણું પૂર્વભવે આ ભવે કર્યું, ક્ષેત્ર આદિ નવ પ્રકારના બાહ્યપરિગ્રહ, અને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહને ધાર્યો, ધરાવ્યો, ધારણ કરતાં પ્રત્યે અનુમોદ્યો, તથા રાત્રિભોજન, અભક્ષ્ય આહાર આદિ સંબંધી, પૂર્વ ભવોમાં, ઉપરોક્ત પાપો સેવ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે ! કે જે દિવસે હું સર્વથા પ્રકારે શરીર, પુસ્તક, પાના. પોથી, શિષ્યો, વિગેરેની મમતાનો ત્યાગ કરી બધા પ્રપંચોથી નિવર્તીશ, અને દ્રવ્યે ભાવે નગ્નભાવ-મુંડભાવનું સેવન કરીશ. તે દિવસ મારો પરમ-કલ્યાણમય થશે.

(૧૧) સ્ત્રી, પશુ, દાસ, દાસી, ધન, ધાન્ય, હિરણ્ય, સુવર્ણ, ભવન, વસ્ત્ર, આદિમાં જો મમત્વભાવ કીધો હોય તો તે બધાનો ત્યાગ કરું છું.

(૧૨) જીહ્વેન્દ્રિયને વશીભૂત થઈ જો મેં રાત્રિમાં અશન-પાન-ખાદ્ય-સ્વાદ્ય-રૂપ ચાર પ્રકારના આહારનું સેવન કર્યું હોય તો તેની મન-વચન અને કાયાથી નિંદા કરું છું.

(૧૩) હિંસા આદિ ૫. અને ક્રોધ ૬, માન ૭, માયા ૮. લોભ ૯, રાગ ૧૦, દ્વેષ ૧૧, કલહ ૧૨, અભ્યાખ્યાન ૧૩, પૈશુન્ય-(ચાડી કરવી) ૧૪, પર પરિવાદ-બીજાની નિંદા ૧૫, રત્યરતિ ૧૬, માયામૃષા ૧૭ મિથ્યાદર્શનશલ્ય ૧૮ આ અઢાર પાપોમાં કોઇ પણ પાપનું આચરણ કર્યું હોય તો તે બધાનો મન. વચન અને કાયાથી પરિત્યાગ કરું છું.

ભાવાર્થ—ક્રોધ-ક્રોધે કરી પોતાના આત્માને અને પરના આત્માને, તપાયમાન કર્યા, દુઃખિત કર્યા, કષાયી કર્યા, તે મને ધિક્કાર ધિક્કાર! વારંવાર મિચ્છા મિ દુક્કડં. (૧)

માન—માન એટલે અહંભાવ સહિત ત્રણગારવ ને આઠ મદ આદિ કર્યા તે, મને ધિક્કાર, ધિક્કાર! (૨)

માયા—સંસાર-સંબંધી તથા ધર્મ-સંબંધી અને કર્તવ્યોમાં માયા-(કપટ) કરી તે મને ધિક્કાર! (૩)

લોભ—મૂર્છાભાવ કર્યો, આશા તૃષ્ણા વાંછાદિક કર્યા, તે મિચ્છા મિ દુક્કડં! (૪)

રાગ—મનગમતી વસ્તુઓમાં સ્નેહ કર્યો. તે મિચ્છા મિ દુક્કડં. (૫)

દ્વેષ-અણગમતી વસ્તુ જોઇ દ્વેષ કર્યો તે મને ધિક્કાર! (૬)

કલહ—અપ્રશસ્ત વચન બોલી ક્લેશ ઉપજાવ્યાં તે મને ધિક્કાર! (૭)

અભ્યાખ્યાન—અછતાં આળ દીધાં, તે મને ધિક્કાર! (૮) પૈશુન્ય—પરની ચાડી ચુગલી કરી, તે મને ધિક્કાર!

પરપરિવાદ—બીજાના અવર્ણવાદ બોલ્યો, અને તેની અનુમોદના કરી તે મિચ્છા મિ દુક્કડં. (૧૦)

રત્યરતિ—પાંચ ઇન્દ્રિયોના તેવીસ વિષયો, બસો ચાલીસ ૨૪૦ વિકારો છે. તેમાં મનગમતામાં રતિ કરી, અણગમતામાં અરતિ કરી અથવા આરંભાદિ અસંયમ, પ્રમાદમાં રતિભાવ કર્યો કરાવ્યો; અનુમોદ્યો. સંયમ-તપ આદિમાં અરતિભાવ કર્યો કરાવ્યો અનુમોદ્યો. તે મને ધિક્કાર ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. (૧૧)

માયા-મૃષા—કપટસહિત જુઠું બોલ્યો તે મિચ્છા મિ દુક્કડં. (૧૨)

મિથ્યાદર્શનશલ્ય—શ્રી જિનેશ્વર દેવના માર્ગમાં શંકા, કાંક્ષાદિક વિપરીત પ્રરૂપણા કરી, કરાવી, અનુમોદી તે મને ધિક્કાર, ધિક્કાર. (૧૩)

હિંસા આદિ પાંચ, અને ક્રોધ આદિ તેર, આ પ્રકારે અઢાર પાપસ્થાનક તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જાણતાં અજાણતાં મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં અનુમોદ્યા, અર્થે, અનર્થે, ધર્મઅર્થે, કામવશે, મોહવશે, સ્વવશે, પરવશે કર્યો, દિવસે, રાત્રે, એકલા કે સમૂહમાં. સૂતાં અથવા જાગતાં. આ ભવમાં, પહેલા સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભવોમાં પરિભ્રમણ કરતાં આજ દિન પર્યંત રાગ, દ્વેષ, વિષય, કષાય, આળસ, પ્રમાદાદિક પૌદ્ગલિક પ્રપંચ, પરગુણ પર્યાયને પોતાના માનવારૂપ વિકલ્પે કરી ભૂલ કરી, જ્ઞાનની વિરાધના કરી, દર્શનની વિરાધના કરી, તપની વિરાધના કરી, શુદ્ધશ્રદ્ધા, શીલ, સંતોષ, ક્ષમાદિક નિજ સ્વરૂપની વિરાધના કરી, ઉપશમ, વિવેક, સંવર, સામાયિક, પોષધ, પ્રતિક્રમણ, ધ્યાન, મૌનાદિનિયમ, વ્રત, પચ્ચખાણ, દાન, શીલ તપાદિની વિરાધના કરી, પરમકલ્યાણકારી આ બોલોની આરાધના પાલના આદિક, મન, વચન, કાયાથી કરી નહિ, કરાવી નહિ, અનુમોદી નહિ. તે મને ધિક્કાર, ધિક્કાર. વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મહામોહનીય કર્મબંધના ત્રીસ સ્થાનકને મન, વચન કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; શીલની, નવવાડની, આઠ પ્રવચન માતાની વિરાધનાદિક, ત્રણ અશુભ લેશ્યાના લક્ષણોની અને બોલોની વિરાધના કરી, ચર્ચા વાર્તા, વ્યાખ્યાનમાં શ્રી જીનેશ્વર દેવનો માર્ગ લોપ્યો, ગોપવ્યો, નહિ માન્યો, અછતાની સ્થાપના કરી પ્રવર્તાવ્યો, છતાંની સ્થાપના કરી નહી, ને અછતાંનો નિષેધ કર્યો નહિ, છતાંની સ્થાપના અને અછતાંને નિષેધ કરવાનો નિયમ કર્યો નહિ, કલુષતા કરી, તથા છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધના બોલ ૧, છ પ્રકારના દર્શનાવરણીય બંધના બોલ ૨, બાઈસ પ્રકારે વેદનીય બંધના બોલ ૩, છ પ્રકારે મોહનીય બંધના બોલ ૪. સોળ પ્રકારે આયુબંધના બોલ ૫, અઠ્યાવીસ પ્રકારે નામકર્મ બંધના બોલ ૬, આઠ પ્રકારે ગોત્રકર્મ બંધના બોલ ૭, પાંચ પ્રકારે અંતરાય કર્મ બંધના બોલ ૮, અને આઠ કર્મની અશુભપ્રકૃતિ બંધના પંચાવન કારણે કરી; વ્યાંસી પ્રકૃતિ અશુભની બાંધી; બંધાવી, અનુમોદી મને કરા, વચને કરી, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર ધિક્કાર !

એક એક બોલથી માંડી કોડાકોડી યાવત્ સંખ્યાત, અસંખ્યાત અને અનંતા બોલમાં જાણવા યોગ્ય જાણ્યું નહિ, આદરવા યોગ્ય આદર્યું નહિ, અને છાંડવા યોગ્ય છાંડયું નહિ તે મને વારંવાર ધિક્કાર હજો,

હે જીનેશ્વર વીતરાગ ! આપની આજ્ઞા આરાધવામાં જે જે પ્રમાદ કર્યો, એક અક્ષરના અનંતમાં ભાગમાત્ર કોઈ સ્વપ્નમાત્રમાં પણ આપની આજ્ઞાથી ઓછિ અધિકે વિપરીત પણે પ્રવર્ત્યો, તેની હું વારંવાર આત્માની કેવલીની સાખે નિંદા-ગર્હા કરું છું.

(૧૪) કષાયથી કલુષિત થઇને મેં એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રય અને પચેન્દ્રિય જીવોને 'हताः' હણ્યાં હોય 'परितापिताः' મન, વચન અને કાયા વડે પીડા પહોંચાડી હોય, 'उपद्रुताः' ઉપસર્ગ કર્યો હોય અને 'स्थानात् स्थानं संक्रामिताः' એક સ્થાનથી બીજા સ્થાન પર સંક્રમિત કર્યા હોય એટલે કે જીવોને પોતાનાં સ્થાનથી ભ્રષ્ટ કર્યાં હોય, 'उद्धर्षिताः' પરુષ (કઠોર) વચનો વડે ભર્ત્સના કરી હોય, તથા દેવ, મનુષ્ય અને તિર્ય-ચોની વિરાધના કરી હોય તો તે બધાને હું ખમાવું છું તેથી તે બધાં મને ક્ષમા પ્રદાન કરે, અને હું પ્રતિજ્ઞા

કરૂં છું. હવે પછી એવું કરીશ નહીં. આ અકરણ (ન કરવાના) ભાવથી હું તેનો ત્યાગ કરૂં છું.

(૧૫) હવે પછી હું છ જીવનિકાયના સમસ્ત જીવોને સમભાવથી જોઇશ. મારા જેવાં સમદર્શીને માટે સર્વે જીવો બન્ધુનાં જેવાં છે.

(૧૬) રૂપ, યૌવન, ધન, કનક, અને પ્રિયજનેનો સમાગમ આંધીથી ક્ષુબ્ધ થયેલાં સાગરની લહેરોના જેવો ચપળ છે. અને કુશની અણી પર રહેલાં ઝાકળના બિન્દુની જેમ અસ્થિર છે.

(૧૭) જન્મ, જરા, મરણ તથા વિવિધ પ્રકારની આધિયો (માનસિક વ્યથાઓ) અને વ્યાધિયો (જ્વર આદિ રોગો) વડે પીડિત પ્રાણીઓના જન્મ, જરા, મરણ વગેરેથી ઉત્પન્ન થયેલા સંતાપના સમૂહરૂપી પર્વતનું વિદારણ કરવામાં કુલિશ (વજ્ર) નાં જેવાં તીર્થંકર ભગવાનના દ્વારા કથિત ધર્મના સિવાય ત્રાણ કરવાં કે શરણ દેવા માટે બીજું કોઇ શક્તિમાન નથી.

૧૮) કોઇ નિમિત્ત મળતાં જે સ્વજનો છે તે પરજન બની જાય છે અને પરજન, સ્વજન બની જાય છે. આ સંસારમાં કોઈ આપણું નથી અને પરાયું પણ નથી. જો આ સ્થિતિ છે તો કયો વિવેકવાન તેમનામાં જરા પણ મન લગાડશે. ! એટલે કે કોઇ નહિ લગાડે.

(૧૯) જીવ એકલો જ પોતે કરેલાં કર્મોની સાથે જન્મે—અને મરે છે. તેની સાથે કોઇ આવતું પણ નથી અને જતું પણ નથી. પોતાનાં કર્મો વડે ઉદયમાં આવેલાં સુખ કે દુઃખનો અનુભવ કરે છે. બીજું કોઇ પણ તેને સુખ કે દુઃખ પહોંચાડી શકતું નથી.

(૨૦) વાસ્તવિક વિવેકદૃષ્ટિથી જોવામાં આવે તો શરીર અને આત્મામાં ગૃહ અને ગૃહસ્વામીના જેવી અત્યન્ત ભિન્નતા છે એજ પ્રમાણે ધન, ધાન્ય, પરિવાર વગેરે પણ આત્માથી ઘણાં જ ભિન્ન છે. છતાં પણ મોહ-વડે મૂર્ચ્છાભાવ પામેલ મૂઢ પ્રાણી, શરીર આદિમાં નકામાં આસક્ત રહે છે. તેઓ જાણતાં નથી કે શરીર ભિન્ન છે અને આત્મા પણ ભિન્ન છે. આ શરીર અસ્થિ, (હાડ) મેદ, માંસ, રુધિર, સ્નાયુ (નસો), મૂત્ર અને મળથી પરિપૂર્ણ છે. તેમાંથી નવ દ્વારો દ્વારા અશુચિ પદાર્થો ઝરતાં રહે છે. એવાં અશુચિના ભંડાર શરીર પર કયો બુદ્ધિશાળી (ડાહ્યો) મોહિત થશે ? પણ મોહનો મહિમા અપરંપાર છે, જેને વશીભૂત થઇને મનુષ્ય એ જાણી શકતો નથી કે અવધિ પૂરી થતાં ભાડાનાં મકાનનાં જેવાં અતિશય પ્રિય આ શરીરને અવશ્ય છોડવું પડે છે. આ શરીરનું લાલન—પાલન કરવાને માટે સેંકડો પ્રયત્નો કરાય છતાં પણ તે તો નાશવંત જ છે. દેવશરીર પલ્યોપમ અને સાગરોપમ સુધી રહેનારાં હોય છે, પણ એક દિવસ તેને પણ છોડવું પડે છે તો પછી આપણાં શરીરની તો ગણત્રી જ શી આવાં ક્ષણસ્થાયી શરીર પર કયો વિવેકવાન પુરુષ મોહ ધારણ કરશે ? તેથી જ ધીર પુરુષોએ શરીરનો એવી રીતે ત્યાગ કરવો જોઇએ કે ફરીથી શરીરની ઉત્પત્તિ જ ન થાય. એ રીતે મરવું જોઇએ કે ફરી કદી મરવું જ ન પડે.

(૨૧) ૧ કરુણાના સાગર, વિશ્વના બંધુ, અર્હંત ભગવાન મારે માટે શરણ થાઓ. ૨—અશરીર (શરીર રહિત) જીવઘન એટલે કે કાન, નાક આદિનાં છિદ્રો ભરાઇ જાય છે. વચ્ચે ખાલી જગ્યા રહેતી નથી. તેથી જીવ-પ્રદેશમય સિદ્ધ ભગવાન મારે માટે શરણ થાઓ. ૩-નિઃસ્વાર્થ ભાવે જગતના જીવોની રક્ષા કરનારા સાધુ-મુનિ રાજ મારે માટે શરણ થાઓ. ૪—જેમાં રાગ—દ્વેષને માટે કોઇ સ્થાન નથી એવો કેવળિ—પ્રરૂપિત ધર્મ મારે માટે શરણ થાઓ. દુઃખ હરનારા અને મોક્ષનાં કારણ એ ચાર શરણ મારે માટે હો.

[૨૨] આજથી હવે જિનવાણી મારી માતા છે. નિર્ગ્રન્થ ગુરુ મારાં પિતા છે. જિનદેવ મારાં દેવ છે. જિનભાષિત ધર્મ મારો ધર્મ છે. અને સાધર્મી મારાં બન્ધુ [ભાઇ] છે. એમના સિવાય આ સંસારમાં બીજાં બધાં બન્ધનનાં જેવાં છે.

[૨૩] આ ચોવીસીમાં અવતીર્ણ ઋષભદેવ આદિ તીર્થંકરોને. તથા ભરત. ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યમાન જિનેશ્વર દેવોને હું વંદન કરૂં છું-નમન કરૂં છું. તેમની ઉપાસના કરૂ છું. કારણ કે તેઓ કલ્યાણમય અને જ્ઞાનસ્વરૂપ છે. 'जन-संकल्प-कल्पतरु' એટલે મનુષ્યોની અભિલાષા પૂરી કરવામાં કલ્પવૃક્ષ સમાન, તીર્થંકર નમસ્કાર-તીર્થંકર ભગવાનને લક્ષ્ય કરીને કરેલાં નમસ્કાર છે. આ તીર્થંકર નમસ્કાર સર્વ શાસ્ત્રોનો સાર-તત્વ છે, તેના વડે સસારી જીવોને બોધિની પ્રાપ્તિ થાય છે અને જન્મ, જરા, મરણરૂપ સંસારનો અન્ત આવે છે ૧

શુકલધ્યાનરૂપી અગ્નિથી અનેક ભવોમાં ઉપાર્જિત કર્મ રૂપી ઇંધનને ભસ્મ કરી દેનારા એટલે કે ધ્યાનના પ્રભાવથી અનેક ભવોમાં ઉપાર્જિત કર્મોના સમૂહનો નાશ કરનારાં ભગવાન સિદ્ધોને હું નમન કરૂં છું ૨.

તથા પ્રાણીઓના સંસારસંબંધી ભયનો નાશ કરવામાં તત્પર હોવાને કારણે જેમણે પ્રવચન-જિનવચનોને ધારણ કર્યાં છે તથા જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર તપઆચાર અને વીર્યાચારના ભેદથી પાંચ પ્રકારના આચારનું પાલન કરવાને સમર્થ છે તે આચાર્યોને હું નમન કરૂં છું ૩

તથા જેમણે સમ્યક્ પ્રકારે સમસ્ત શ્રુતોનું અધ્યયન કર્યું એટલે કે જે બધા આગમોના જ્ઞાનવાળાં છે એવાં ઉપાધ્યાયોને હું નમન કરૂં છું. ૪.

તથા જેમણે વિવિધ પ્રકારની ભાવનાથી લાખો ભવોનો અન્ત કરી નાખ્યો છે અને જે સાધુના સત્તાવીશ ગુણોમાં કુશળ છે. તથા અઢાર હજાર શીલાંગરૂપી રથને ધારણ કરે છે, તે સાધુઓને નમન કરૂં છું ૫.

પૂર્વોક્ત આ પાંચ નમસ્કાર એટલે કે અર્હન્ત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુઓને કરાયેલાં નમસ્કાર જગતમાં જે નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ છે તે બધાંના જીવનનો સાર છે. એટલે કે સમસ્ત જીવોના ઉદ્ધારક છે, પાપો એટલે કે જ્ઞાનાવરણ આદિ આઠ કર્મોનો વિનાશ કરનારા છે અને દ્રવ્ય-ભાવ રૂપ સર્વ મંગળોના અગાર (ગૃહ) છે.

(૨૪) આજથી હું બધાં પ્રકારના સાવદ્ય યોગોને જીવનભરને માટે મન, વચન, કાયાથી ફરીથી ત્યાગું છું. વળી ચાર પ્રકારના આહારનો પરિત્યાગ કરૂં છું અને અંતિમ શ્વાસોચ્છ્વાસના સમયે શરીરનો પણ ત્યાગ કરું છું. (સૂ૦૩૪)

ત્યાર પછી નન્દ મુનિએ જે કર્યું તે કહે છે—'**एवं से**' ઇત્યાદિ.

મૂળનો **અર્થ**--આ રીતે તે નન્દ મુનિએ ૧-દુષ્કર્મોની નિન્દા, ૨-પ્રાણી માત્રની સાથે ખમતખામણ, ૩-ભાવના, ૪-ચાર શરણનું ગ્રહણ કરવું, ૫-પાંચ નમસ્કાર અને ૬-અનશન એ છ પ્રકારની આરાધનાઓનું આરાધન કરીને ક્રમપૂર્વક પોતાના ધર્માચાર્યને, સાધુઓને અને સાધ્વીઓને ખમાવ્યા. આ પ્રમાણે એક લાખ વર્ષ સુધી નિરન્તર માસખમણની તપશ્ચર્યાની સાથે અતિચારરહિત સાધુ-પર્યાય એટલે કે સંયમનું પાલન કરીને, એક માસની

સંલેખનાથી પોતાના આત્માને ભાવિત કરીને, અનશનથી સાઠ ભક્ત છેદીને એટલે કે એક માસ સુધી અનશન કરીને, આલોચના–પ્રતિક્રમણ કરીને, પચ્ચીશ લાખ વર્ષનું સમગ્ર આયુષ્ય પૂરું કરીને, નન્દ મુનિએ કાલ–માસમાં કાળ કર્યો. (સૂ૦૩૫)

ટીકાનો અર્થ—'एवं से' ઇત્યાદિ. આ રીતે નન્દ મુનિએ છ પ્રકારની આરાધના એટલે કે મોક્ષમાર્ગને અનુકૂળ વૃત્તિ આરાધી, જેવી કે ૧–દુષ્કર્મનિન્દા, ૨–ખમતખામણા–પોતે બીજાને ક્ષમા આપવી અને બીજાં તરફથી પોતે ક્ષમા લેવી. ૩–ભાવના (અનુપ્રેક્ષાઓનું ચિન્તન), ૪–અર્હંત, સિદ્ધ, સાધુ તથા ધર્મ એ ચારનું શરણ સ્વીકારવું, ૫–પંચ-નમસ્કાર [પાંચ પરમેષ્ઠીને નમન કરવું], ૬–અનશન કરવું. એ છ આરાધનાઓનું સમ્યક્ રીતે આરાધન કરીને ક્રમ પ્રમાણે પોતાના ધર્માચાર્ય પોટ્ટિલાચાર્ય તથા બીજા સાધુઓ તથા સાધ્વીઓની ક્ષમાયાચના કરી.

આ રીતે એક લાખ વર્ષો સુધી નિરન્તર નિરતિચાર શ્રમણપર્યાયનું પાલન કરીને એક માસની સંલેખના ધારણ કરી. અનશનથી સાઠ ભક્તોનું છેદન કર્યું. આલોચના કરી, પ્રતિક્રમણ કર્યું. અને પચ્ચીસ લાખ વર્ષનું કુલ આયુષ્ય પૂરું કરીને કાલ–માસમા કાળ પામ્યા.

અહીં આ વાત ધ્યાન દેવા લાયક છે-નન્દ મુનિની દીક્ષા પર્યાય એક લાખ વર્ષની હતી. અને તે એક લાખ, વર્ષનો સંપૂર્ણ સમય તેમણે નિરન્તર માસખમણનો તપસ્યા કરવામાં જ ગાળ્યો હતો. તપસ્યાનો સમય છન્નું હજાર છ સો, છાંસઠ વર્ષ, આઠ માસ અને એક દિવસનો (૯૬૬૬૬ વર્ષ ૮ માસ એક દિવસ) હોય છે. તેનાં અગીયાર લાખ સાઠ હજાર મહિના (૧૧૬૦૦૦૦) થાય છે. તેથી માસખમણ પણ અગીયાર લાખ સાઠ હજાર થયાં. પારણાંનાં દિવસો અગીયાર લાખ, નવાણું હજાર, નવસો નવાણું (૧૧૯૯૯૯૯) થયાં. એ દિવસોનાં ત્રણ હજાર ત્રણસો તેત્રીસ વર્ષ, ત્રણ માસ, ઓગનત્રીસ દિવસો (૩૩૩૩ વર્ષ ૩ માસ ૨૯ દિવસ) થાય છે. (સૂ૦૩૫)

## પ્રાણતકલ્પિકદેવનામકઃ ષડ્વિંશતિતમો ભવઃ ।

નન્દ મુનિ કાળ કરીને જ્યાં ગયા અને ત્યાં જેવું ઐશ્વર્ય ભોગવ્યું. તે તથા તેમનો છવ્વીસમો ભવ દર્શાવવા માટે શાસ્ત્રકાર કહે છે—'तए णं से' ઈત્યાદિ.

મૂળનો અર્થ—નન્દ મુનિ કાળ પામીને છવ્વીસમા ભવમાં પ્રાણત નામનાં દેવલોકમાં. પુષ્પોત્તરાવતંસક નામના વિમાનમાં મહાન્ ઋદ્ધિના સ્વામી દેવના રૂપમાં ઉત્પન્ન થયા. ત્યાં તેમનું મસ્તક મુગટથી મંડિત હતું, કાન કુંડળોથી શોભતાં હતાં. તેમના વક્ષસ્થળ પર લાંબો હાર શોભતો હતો. કંઠપ્રદેશ મોતીઓની માળાઓથી વ્યાપ્ત હતો. તેમણે દિવ્ય વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તે શ્વેત વાદળોમાં ચમકતી વિજળી જેમ ચમકતાં હતાં. તેમની બન્ને આંખો નિશ્ચલ, (સ્થિર) મત્સ્ય–યુગલના જેવી હતી. (કારણ કે દેવોની પલકો પડતી નથી) તેમની વીસ સાગરોપમની સ્થિતિ હતી, એ દેવની ઉત્પત્તિના વખતે કલ્પવૃક્ષો ઉપરથી ફૂલોની વૃષ્ટિ થઈ, દેવ-દુંદુભિઓનો અવાજ થયો. ઝીણાં ઝીણાં જળબિન્દુઓની વર્ષા કરતો તથા નન્દન વનના ફૂલોના પરાગને ઉડાડતો શીતળ, મંદ અને સુગંધિત પવન વાવા લાગ્યો. તે દેવ જયારે પોતાની ઉપરના દેવદૂષ્ય (વસ્ત્ર) ને ખસેડીને બેઠાં ત્યારે અકસ્માત્ પોતાના પાસે રહેલાં વિમાનો અને દેવ–વૃન્દને જોઇને આશ્ચર્યચકિત થયાં. તર્ક–વિતર્કમાં પડેલાં એવા તે વિચાર કરવા લાગ્યાં—આ બધુ મને કયા તપ–સંયમ આદિ રૂપ ધર્મના પ્રભાવથી મળ્યું છે, પ્રાપ્ત થયું છે અને મારી સામે

આવ્યું છે? ત્યારે તેમણે પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો. અવધિજ્ઞાનનો ઉપયોગ કરતાં જ તેમને પોતાના પૂર્વ સમયના વૃત્તાન્તનું સ્મરણ થયું, ત્યારે તે મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યાં, અહા! આર્હત ધર્મનો પ્રભાવ કેટલો બધો અદ્‌ભુત છે! એજ ધર્મના પ્રભાવથી મને આવી વિશાળ અને દિવ્ય દેવઋદ્ધિનો લાભ મળ્યો છે, પ્રાપ્ત થઇ છે, એ મારી સામે આવી છે. આ બધા દેવો એકત્ર થઈને મારા સેવકો થઈને અહીં આવ્યા છે."

તેજ સમયે આવેલા તે દેવો હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યા. 'હે સ્વામી! હે જગદાનન્દ! હે જગત-મંગલ-જનન! આપનો જય હો, આપનો વિજય હો. આપ સુખપૂર્વક ચિરકાળ સુધી અહીં બિરાજો. આપ અમારાં સ્વામી છો, યશસ્વી અને રક્ષક છો. આ બધી દિવ્ય સંપત્તિ આપની જ છે.'

ત્યાર બાદ તે દેવ પોતાના સુંદર વિમાનમાં વિવિધ પ્રકારના દિવ્ય દેવ-ભોગોને ભોગવે છે. આ રીતે તે દેવ ત્યાં વીસ સાગરોપમના આયુષ્ય સુધી, ભાવી તીર્થંકર થવાના હોવાથી નિર્મોહ-અનાસક્ત થઇને દેવલોકને યોગ્ય સુખનો અનુભવ કરતાં ત્યાં રહ્યાં (સૂ૦૩૬)

ટીકાનો અર્થ—'तए णं से' ઈત્યાદિ. તે નન્દ મુનિ છવ્વીસમાં ભવમાં, પ્રાણુત નામના દશમાં દેવલોકમાં પુષ્પોત્તરાવસંતક નામનાં વિમાનમાં વીસ સાગરોપમનાં આયુષ્યવાળાં મહાન ઋદ્ધિ ધારણ કરનારા દેવરૂપે ઉત્પન્ન થયાં. ઉત્પત્તિના સમયે તે દેવનું સ્વરૂપ આ પ્રકારનું હતું-તેમનું મસ્તક મુગટ વડે શોભાયમાન હતું. તેમના બન્ને કાન કુંડળો વડે શોભાયમાન હતા. વક્ષસ્થળ પર લટકતો લાંબો હાર શોભતો હતો. મોતીઓની માળાઓ વડે તેમની ડોક વ્યાપ્ત હતી. તેમણે દિવ્ય વસ્ત્રો ધારણ કર્યાં હતાં. સફેદ વાદળોમાં જેમ વિજળી દેદીપ્યમાન થાય છે, એજ પ્રમાણે તેઓ દેદીપ્યમાન હતાં અને પલકારાં નહીં પડવાને કારણે સ્થિર મત્સ્ય-યુગલનાં જેવાં લોચન-યુગલ (બન્ને નેત્રો) ના ધારણ કરનાર હતાં.

આ વર્ણનનો ભાવાર્થ એ છે કે દેવ જ્યારે ઉપપાત શય્યામાં ઉત્પન્ન થાય છે ત્યારે પૂર્વકથિત વિશેષણો યુક્ત જ ઉત્પન્ન થાય છે.

ઉપપાત-શય્યા પર તે દેવની ઉત્પત્તિને વખતે કલ્પવૃક્ષો ઉપરથી ફૂલોની વૃષ્ટિ થઈ. દુંદુભિઓના નાદથી દસે દિશાઓ ગાજી ઉઠી. બારીક જળબિન્દુઓની વર્ષા કરતી તથા નન્દન વનના ફૂલોની રજને પોતાની સાથે લઇને શીતળ, મંદ અને સુગંધિત વાયુ વાવા લાગ્યો. અહીં જાણવા જેવું એ છે કે દેવોની ઉત્પત્તિને વખતે આવું થાય છે.

ઉપપાત-શય્યાની ઉપર પોતાનાં ઉપરનાં દેવદૂષ્ય વસ્ત્રને ખસેડીને જયારે દેવ બેઠાં ત્યારે અચાનક સામે ઉપસ્થિત વિમાનને, અને શરીર, આભૂષણો અને વસ્ત્રોની અનુપમ દીપ્તિ વડે દેદીપ્યમાન દેવોના સમૂહને જોયો. આ પ્રમાણે પોતાની મહાન ઋદ્ધિ જોઈને તે આશ્ચર્ય-ચકિત થઈ ગયાં, કારણ કે તેમણે આવી ઋદ્ધિ આ અગાઉ કદી પણ જોઈ ન હતી. તે તર્ક-વિતર્કમાં પડીને વિચાર કરવા લાગ્યા-આ સામે નજરે પડતા સમસ્ત વૈભવનો લાભ મને કયા તપ અને સંયમરૂપ ધર્મના પ્રભાવથી થયો? આ સહુ કઈ રીતે મને અધીન થયાં? કેવી રીતે મારી પાસે આવીને ઉપભોગને યોગ્ય બન્યાં? આ પ્રમાણે વિચાર કર્યા પછી તે દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો. એટલે કે અવધિજ્ઞાનથી જોયું. અવધિજ્ઞાનનો ઉપયોગ કરતાં જ તેમને પોતાના પૂર્વભવના સમસ્ત વૃત્તાન્તનું સ્મરણ થઇ આવ્યું. પૂર્વભવના વૃત્તાન્તનું સ્મરણ થતાં તે વિચાર કરવા લાગ્યાં, "અહો! અહૅન્ત ભગવાનના ધર્મનો પ્રભાવ કેટલો બધો છે? એ ધર્મના પ્રભાવથી મને આવી ઉત્કૃષ્ટ, દિવ્ય દેવ-ઋદ્ધિનો લાભ થયો છે, પ્રાપ્તિ થઇ છે, મારે અધીન થઇ છે, અને મારે ભોગવવા યોગ્ય થઇ છે અને આ સામે દેખાતા દેવો મારાં સેવક બન્યાં છે, એકત્ર થઇને મારી પાસે આવ્યાં છે.

દેવ આવું વિચારતાં જ હતાં કે એજ સમયે તે દેવોએ હાથ જોડીને આ પ્રમાણે કહ્યું–"હે સ્વામિન્! હે જગતને આનન્દ દેનારા! હે જગતનું મંગળ કરનારા! આપનો જય હો! વિજય હો! એટલે કે વિશેષરૂપથી આપ વિજયી હો. આપ સુખપૂર્વક ચિરકાળ સુધી અહીં રહો. આપ અમારાં સ્વામી છો, પૂર્વકૃત તપશ્ચરણને કારણે યશસ્વી છો અને અમારૂં રક્ષણ કરનારાં છો. આ બધી સામે દેખાતી દિવ્ય સંપત્તિ આપની જ છે."

સેવક દેવો વડે આ પ્રમાણે સ્તુતિપૂર્વક કહેવાયાં પછી, તે નન્દ મુનિના જીવ દેવરૂપે પોતાના સુંદર વિમાનમાં વિવિધ પ્રકારના દિવ્ય ભોગ ભોગવવા લાગ્યો. વીસ સાગરોપમની સ્થિતિ સુધી, દેવલોકના અનુરૂપ (યોગ્ય) સુખોને ભોગવવા છતાં પણ તે દેવ ભાવી તીર્થંકર હોવાને કારણે અનાસક્ત રહીને ત્યાં રહ્યાં. એટલે કે બાહ્ય વૃત્તિથી દિવ્ય સુખોનો ઉપભોગ કરતાં હતાં પણ આંતરિક વૃત્તિથી અલિપ્ત હતાં. (સૂ૦૩૬)

ઇતિ નયસારાદિ છવ્વીસ ભવોની કથા.

ચુલ્લહિમવતઃ પૂર્વદસ્ય ચ વર્ણનમ્ ।

# મહાવીર નામના સત્તાવીસમા ભવની કથા.

મૂલનો અર્થ—'**અસ્સિં ચેવ**' ઇત્યાદિ. સમસ્ત દ્વીપોમાં 'જંબૂદ્વીપ' નામનો તેજસ્વી દ્વીપ આવી રહેલો છે. આ દ્વીપમાં ભરત અને હેમવંત ક્ષેત્રની સીમાઓને જુદી કરનાર. ચુલ્લહિમવંત નામનો પર્વત આવ્યો છે.

આ પર્વત, પચ્ચીસ યોજન પૃથ્વીમાં ઉંડો છે, સો યોજન ઉંચો છે. ૧૦૫૨/૧૨/૧૯ એક હજાર બાવન યોજન અને એક યોજનના બાર ઓગણીસીઆ ભાગ પહોળો છે. પૂર્વ–પશ્ચિમથી ૫૩૫૦/૧૫૫/૧૯ પાંચ હજાર ત્રણ સો પચાસ યોજન અને એક યોજનના ઓગણીસીયા સાઢા પંદર ભાગ લાંબો છે, તમામ જગ્યાએ સમાન વિસ્તાર-વાળો છે, એટલી બધી ઉંચાઈ છે કે જાણે આકાશને સ્પર્શીનેજ રહેલો હોય! તેને અગ્યાર રત્નમય કૂટો-શિખરો છે. ઉપર મધ્યભાગમાં સુવર્ણના તળીયાવાળું, નાના પ્રકારના મણિથી સુશોભિત કિનારાવાળું, દશ હજાર યોજન ઉંડું, પૂર્વ–પશ્ચિમથી એક હજાર યોજન લાંબું, ઉત્તર–દક્ષિણથી પાંચસો યોજન વિસ્તૃત, એવું 'પદ્મ' નામનું હ્રદ–દ્રહ આવ્યું છે. આ પહાડ ચાઇના રેશમ સમાન ચળકાટવાળો, પીત સુવર્ણમય છે. તેનો કલ્પવૃક્ષોની કતારોથી સુશોભિત પૂર્વ–પશ્ચિમ ભાગ લવણ સમુદ્રને સ્પર્શે છે.

આ ચુલ્લ હિમવંત પર્વતની દક્ષિણ દિશાએ, રાત્રીના ચંદ્રમા સમાન દીપતો ભરત ક્ષેત્રની મધ્યમાં સ્થિત થયેલો, પૃથ્વીના મણિમય આભૂષણો સમાન ચળકતો, અનેક નદ અને નદીઓથી વિંટળાએલ અને સુશોભિત એવો

'પૂર્વ' નામનો દેશ છે. આ દેશની અંદર, ગોષ્ઠ-ગાયોના વાડાઓ ગામો જેવા લાગતાં, આવા ગોષ્ઠોથી તેની પ્રતિષ્ઠા જાજવલ્યમાન જણાતી હતી. ત્યાં ગામડાઓ નગરની જેમ શોભાયુક્ત હતાં, અને નગરો વિદ્યાધરોના નગરો સમાન પ્રતિષ્ઠા પૂરતાં હતાં, ત્યાંની જમીન એવી તો રસાળ અને ફળદ્રુપ હતી કે એકવાર વાવેલું ધાન્ય પ્રાયેકરી નષ્ટ થતું નહિ. ઉપર ઉપરથી લૂણી લેવાયાં બાદ પણ તે છોડવાઓ વારંવાર અન્ન આપતાં, ત્યાં સુષમાકાલમાં જન્મેલા માણસોની માફક સુખી, નીરોગી. કલેશ અને ભય રહિત દીર્ઘાયુ, સંતોષી, ભદ્રિક પ્રકૃતિવાળા તેમજ ધાર્મિક લાગણીવાળા માણસો નિવાસ કરતા હતા, ત્યાંની શ્રેષ્ઠ ભૂમિ ઘણી ઉર્વરા એટલે ઉપજાઉ હતી. ત્યાં બાદલાઓ પણ સમય સમય પર વરસાદ લાવતા હતા. (સૂ૦ ૧)

ટીકાનો અર્થ—'**अस्सिं चेव**' ઇત્યાદિ. જૈન શાસ્ત્રોના કથન મુજબ, આખો લોક ચૌદ રાજુનો છે, તેમાં અધોલોક સાતરાજુથી ઊણો અને ઊર્ધ્વલોક સાત રાજુથી અધિકો છે. આ બન્ને લોકની વચ્ચે ત્રીચ્છો લોક છે. આ લોક મર્ત્યલોક તરીકે પણ ઓળખાય છે. અહિંયા અસંખ્યાતા દ્વીપ અને અસંખ્યાતા સમુદ્રો છે. આ બધા વલયાકાર છે, એટલે ચુડલી આકારે છે દરેક દ્વીપને ફરતો એકેક સમુદ્ર છે, અનુક્રમે દ્વીપ અને સમુદ્ર એક બીજા કરતાં બમણા થતાં જાય છે. તમામ દ્વીપ અને સમુદ્રોની વચ્ચમાં 'જંબૂદ્વીપ' આવેલ છે. તમામ દ્વીપોમાં તે વધારે રમણીય છે.

આ દ્વીપની અંદર ચુલ્લ હિમવાન નામનો પર્વત છે. આ પર્વત પીલા સોનાનો છે, તે સો યોજન ઉંચો, પચ્ચીસ યોજન ઉંડો, એક હજાર બાવન યોજન બાર કળાનો પહોળો છે, તે પૂર્વ-પશ્ચિમથી પાંચ હજાર તીન સો પચાસ યોજન અને ઓગણીસીયા સાઢા પંદર ભાગ (૫૩૫૦/૧૫ાા/૧૯) લાંબી બાહુવાળો છે. મૂલમાં મધ્યમાં અને ઉપરમાં સમાન વિસ્તારવાળો છે. આકાશને સ્પર્શ કરવાવાળા રત્નમય અગીયાર કૂટો-શિખરોથી શોભાયમાન છે. તે પહાડની ઉપર સોનાના તળીયાવાળો, અને નાના પ્રકારની મણિઓ અને સુવર્ણોથી સુશોભિત તટવાળો પૃથ્વીમાં દશ યોજનની અવગાહનાવાળો, પૂર્વ-પશ્ચિમમાં એક હજાર યોજન લાંબો, દક્ષિણ-ઉત્તર પાંચસૌ યોજન ચોડો એવો 'પદ્મ' નામનો હૃદ છે. તેનાથી તે પહાડના ઉપરનો વચલો ભાગ ઘણો શોભાયમાન છે. તે પહાડ સુવર્ણમય છે અને ચીની રેશમની માફક હલકા પીળા રંગવાળો છે. કલ્પવૃક્ષોની કતારોથી શોભિત એવા તેના પૂર્વ-પશ્ચિમના અંતિમ ભાગો પૂર્વ-પશ્ચિમના લવણ સમુદ્રના જલને સ્પર્શ કરે છે.

આ ચુલ્લ હિમવાન પર્વતની દક્ષિણ દિશામાં 'પૂર્વ' નામનો દેશ છે. આ દેશ ઠંડો તેમજ ગરમ નહિ એવો સમધાત છે. ભરત ક્ષેત્રની મધ્યમાં તે આવી રહેલો છે. તેની શોભા અપરંપાર છે. આ દેશમાં અનેક નદ અને નદીઓના વહેણો ચાલી રહ્યાં છે. જેથી ઘણી રીતે સમૃદ્ધિવાન બનેલો છે. નદીઓના પેટાલમાં ખનિજ પદાર્થો દટાએલાં હોવાથી કિંમતી ખાણો નજરે પડે છે. (સૂ૦ ૧)

## क्षत्रियकुण्डग्रामवर्णनम् ।

મૂળનો અર્થ—'**तत्थ**' ઇત્યાદિ. ત્યાં પૂર્વ દિશામાં નગરીઓમાં શ્રેષ્ઠ તથા લક્ષ્મીની લીલાસ્થળી જેવી ક્ષત્રિયકુંડગ્રામ નામની નગરી હતી. સઘળી શિલ્પકળામાં નિષ્ણાત દેવોએ પોતાની ચતુરાઇ બતાવવાને માટેજ બનાવી

હોય એવી તે નગરી દેખાતી હતી. ત્યાંના મકાનો પર જે કનકમય ધજાઓ હતી તે વર્ષાકાળના મેઘના સમૂહમાં વિજળીનો ભ્રમ ઉત્પન્ન કરતી હતી. રાત્રે ખૂબ ઝગમગતા કિરણોવાળા ચન્દ્રમા, ચન્દ્રકાન્ત મણિઓના ખડોથી રચેલા મહેલો પર પ્રતિબિંબિત થઇને કસ્તૂરીથી પરિપૂર્ણ નિરાવરણ (ઢાંકયા વિનાના) ચાંદીના પાત્રના જેવો લાગતો હતો. નગરીને ચારે તરફથી ઘેરી લેતો કોટ એવો લાગતો કે જાણે કોઇ દેવ–કારીગરે પોતાના મહાન શિલ્પકળાના કૌશલ્યને પ્રગટ કરવા માટે જ રચ્યો હોય. બન્ને કિનારા પર પ્રતિબિંબિત થતી રત્નવાળી સીડીઓનાં કિરણો વડે ત્યાંના તળાવ આદિનું પાણી એવું લાગતું કે જાણે કે પાણી ઉપર પુલ રચ્યો હોય. એ નગરીના કોટના ચાંદી, સોનાના કાંગરાં ઉપર રાત્રે ચન્દ્રમાનાં અને દિવસે સૂર્યનાં કિરણો પડતાં હતાં તેથી તે કોટ સુમેરુના જેવો શોભાયમાન થતો હતો, ત્યાંના નિવાસસ્થાનોને સુગંધિત બનાવવાને માટે ત્યાં અગ્નિમાં નાખેલા ધૂપ વડે સુગંધિત પવન વિદ્યાધરોની પત્નીઓના શરીરને સ્પર્શ કરતો અને તેમના મનને અત્યંત આનંદ આપતો હતો. તે નગરીમાં જૈનધર્મ એકચ્છત્ર હતો એટલે કે બધા લોકો જૈનધર્મ જ પાળતાં હતાં. તેથી ત્યાંના મહેલોમાં રહેતી બાળાઓ ક્રીડા કરવાને માટે પાળેલાં પોપટના બચ્ચાંઓને પણ મહામહિમ શ્રી અર્હન્ત ભગવાનની સ્તુતિઓ શીખવાડયા કરતી હતી. તે નગરીની શોભા જોવાને માટે મધ્યાહ્નકાળે સૂર્ય જાણે કે સ્થંભી જતો હતો. ત્યાંના રાજાના મહેલ પર ફરકતી ધજા અમરાવતીને પણ તિરસ્કૃત કરતી હતી અને મધુમય તથા દ્રાક્ષના જેવાં મીઠાં સ્વરોથી ગાતી નાગરિક સ્ત્રીઓ કિન્નરીઓને પણ મહાત કરતી હતી. ॥ સૂ૦ ૨ ॥

ટીકાનો અર્થ—'**तत्थ**' ઇત્યાદિ. તે પૂર્વ નામના દેશમાં બધી નગરીઓમાં શ્રેષ્ઠ, લક્ષ્મીના ક્રીડાગૃહ જેવી એટલે કે સંપત્તિની પુષ્કળતાવાળી, ક્ષત્રિયકુંડગ્રામ નામની નગરી સુશોભિત હતી. તે નગરી વિષે કલ્પના કરે છે–સંપૂર્ણ શિલ્પકળા વડે શોભાયમાન દેવોએ પોતાની ચતુરાઇને અંકિત કરવાને માટે તે નગરીનું નિર્માણ કર્યું હોય, એવું લાગતું હતું. એ નગરીના ભવનો પર સોનાની બનાવેલી ધજાઓના અને કળશોના કિરણો એવા ચળકતા હતા કે જાણે વર્ષાકાળના વાદળોમાં વિજળી ચમકતી હોય ! રાત્રે ઘણા જ વ્યાપ્ત પ્રૌઢ કિરણોથી યુકત ચન્દ્રમા જ્યારે ચન્દ્રકાન્ત મણિઓના સમૂહના ખંડોથી બનેલાં પ્રાસાદો પર પ્રતિબિંબિત થતો ત્યારે કસ્તૂરીથી ભરેલ અને ખુલ્લું રાખેલ ચાંદીનું પાત્ર હોય એવો તે લાગતો.

હવે તે નગરીના કોટ વગેરેનું વર્ણન કરે છે–સોનાની ઇંટો વડે બનાવેલો તથા સુંદર આકારવાળો તે નગરીનો કોટ એવો લાગતો કે જાણે પોતાની શિલ્પકળાની અત્યંત નિપુણતાને બતાવવાની ઇચ્છાથી કોઇ દેવ–શિલ્પીએ બનાવ્યો હોય! સરોવર વગેરેના બન્ને કિનારા પર પ્રતિબિંબિત થતાં રત્નોની સીડીઓના કિરણો વડે સરોવર આદિનું જળ એવું શોભતું કે જાણે જળ ઉપર પુલ બન્યો હોય! કોટની ઉપર ચાદી–સોનાના એક જ હારમાં જે કાંગરાઓ બનાવેલા હતા તેના પર રાત્રે ચન્દ્રમાનું અને દિવસે સૂર્યનું ચળકતું પ્રતિબિંબ પડતું હતું તે કારણે તે કોટ સુમેરુ સમાન દેખાતો હતો. નિવાસગૃહોને સુગંધિત કરવાને માટે ત્યાં અગ્નિમાં નાખેલા ધૂપની ગંધ વડે સુવાસિત પવન જ્યારે વિદ્યાધરીઓના અંગનો સ્પર્શ કરતો ત્યારે તેઓને અત્યંત આનંદ થતો હતો, સાધારણ ગૃહસ્થોની તો વાત જ શી કરવી!. એકચ્છત્રની સમાન જૈન ધર્મ પાલન કરવાવાળી તે ક્ષત્રિયકુંડગ્રામ નામની નગરીમાં ધનવાનોનાં ઘરની બાળાઓ ક્રીડાને માટે પાળેલાં પોપટના બચ્ચાંઓને પણ મહાપ્રભાવશાળી

શ્રી જિનેન્દ્રદેવની સ્તુતિઓ શીખવતી હતી. ભાવાર્થ એ છે કે જ્યારે પોપટના બચ્ચાંઓને પણ અર્હંત ભગવાનની સ્તુતિઓ શીખવાતી તો માનવ-બાળકોનું તો કહેવું જ શું! ત્યાં દરેક ઘરમાં જૈનધર્મનાં સંસ્કાર વ્યાપ્ત હતા અને બાળકોને પણ જિનસ્તુતિઓ શીખવવામાં આવતી હતી. મધ્યાહ્નકાળે સૂર્ય તે ક્ષત્રિયકુંડગ્રામ નગરીની શોભા જોવાની ઇચ્છાથી ક્ષણવાર જાણે કે સ્થંભી ગયો હોય, એવું લાગતું. રાજાના મહેલ પર ફરકતી ધજા અમરાવતી નામની દેવનગરીને તિરસ્કૃત કરતી હોય એવું લાગતું. મધુ વડે સિંચિત દ્રાક્ષના જેવાં મધુર સ્વરોથી ગાતી નગરની સ્ત્રીઓ કિન્નરીઓને પણ શરમાવતી હતી, કારણ કે તેમનાં ગીત કિન્નરીઓ કરતાં પણ વિશિષ્ટ હતાં. ॥ સૂ૦ ૨ ॥

## સિદ્ધાર્થરાજવર્ણનમ્ ।

મૂળનો અર્થ—"तत्थ" ઇત્યાદિ. તે ક્ષત્રિયકુંડગ્રામ નામની નગરીમાં સિદ્ધાર્થ નામના રાજા રાજ્ય કરતા હતાં, તેઓ દાન દેવામાં કુબેર સમાન અને શૂરતામાં વાસુદેવ સમાન હતાં. પ્રજાનું પોષણ કરનારા, સ્વદારસંતોષી, નીતિનું પાલન કરનારા, માનના ધણી, દયાળુ, શીલથી શોભતા, દોષો વિનાના અને ઉત્તમ પુરુષોની સેવા કરવાને સમર્થ હતાં. રાજા સિદ્ધાર્થના અમલમાં ફક્ત રાજહંસ જ સરોગ હતા, એટલે કે સર–તળાવમાં ગમન કરનારા હતા, ચન્દ્રમા જ દોષાકર હતો એટલે કે દોષા–રાત્રિ કરનાર હતો. ભમરાઓ જ મધુ-પ હતાં એટલે કે પુષ્પોનો મધુ–રસ પીનાર હતાં. સર્પો જ દ્વિજિ વ હતાં એટલે કે બે જીભવાળાં હતાં. દીપક જ નિઃસ્નેહ હતાં એટલે કે સ્નેહ–તેલથી વર્જિત હતાં. શત્રુઓનાં હૃદયરૂપી વનો જ ભયના સ્થાનો હતાં અને ગીધો જ માંસભક્ષક હતા. એમના સિવાય કોઈ સરોગ (રોગી), દોષાકર (દોષોની ખાણ) મધુપ (મદ્યપાન કરનાર), દ્વિજિહ્વ (ચાડી ખાનાર), સ્નેહ (પ્રેમ) થી વર્જિત, ભયસ્થાન અને માંસભક્ષક ન હતું. ॥ સૂ૦ ૩ ॥

ટીકાનો અર્થ—'तत्थ' ઇત્યાદિ. તે ક્ષત્રિયકુંડ ગ્રામ નામની નગરીમાં સિદ્ધાર્થ રાજા રાજ્ય કરતાં હતાં. તેઓ ધન અને રત્નોનું દાન કરવામાં કુબેર જેવાં અને પરાક્રમ બતાવવામાં વાસુદેવ જેવાં હતાં. તેઓ પ્રજાનું પોષણ કરનારા હતાં, સ્વદારસંતોષી હતાં, સુનીતિનું પાલન કરતાં હતાં, સ્વધર્મના અભિમાનરૂપ ધનથી સંપન્ન હતાં, કરુણાવાળાં હતાં, સદાચારના આભૂષણથી શોભતાં હતાં અને શ્રેષ્ઠ જનોની સેવા કરવામાં નિપુણ હતાં. આ વિષયમાં કેટલોક વિરોધાભાસ અલંકાર બતાવે છે-મહારાજા સિદ્ધાર્થના રાજ્યશાસનમાં ફકત રાજહંસો જ 'સરોગ' એટલે કે સરો—તળાવોમાં ગ-ગમન કરનારા હતાં, બીજું કોઈ પણ સરોગ એટલે કે રોગી ન હતું. ફકત ચન્દ્રજ દોષાકર હતો એટલે કે દોષા–રાત્રિ કર—કરનાર હતો, બીજું કોઇપણ દોષાકર એટલે કે દોષોની ખાણ ન હતું. ફકત ભમરાઓ જ મધુ-પ એટલે પુષ્પરસ પીનારા હતા. બીજું કોઇ મધુપ એટલે કે મદ્યપાન કરનાર ન હતું. સર્પો જ દ્વિ–જિહ્વ એટલે બે જીભોવાળા હતા બીજું કોઈ દ્વિજિહ્વ એટલે કે ચાડીખોર ન હતું. ફકત દીપક જ નિઃસ્નેહ એટલે કે જેનું તેલ ખાલી થઈ જાય તેવા હતા, બીજું કોઈ નિઃસ્નેહ (પ્રેમહીન) ન હતું. શત્રુઓના હૃદય–વનો જ ભયના સ્થાનો હતાં એટલે કે શત્રુઓના હૃદયમાં જ ભય હતો બીજે કોઇ સ્થળે ભય ન હતો. ત્યાં ગીધો જ માંસાહારી હતા અન્ય કોઈ પણ માંસાહારી ન હતું. (સૂ૦ ૩)

મૂળનો અર્થ—"**तस्स रन्नो**" ઇત્યાદિ. તે રાજા સિદ્ધાર્થની ઈન્દ્રાણીના જેવી ગુણોની ખાણ, ત્રિશલા નામની મહારાણી હતી, તેમના નયનોનું સૌંદર્ય જોઇને લજ્જિત થયેલું કમળ જાણે પાણીમાં ડુબી ગયું, મુખને જોઇને ચન્દ્રમાએ જાણે આકાશનો આશ્રય લીધો અને વાણીની મીઠાશથી લજ્જિત થઈને જાણે કોયલે વનનો આશ્રય લીધો.

મહારાણી ત્રિશલા દોરા સાથે મુંહપત્તી મોઢે બાંધીને ત્રણ વખત સામાયિક અને બે સમય આવશ્યક ક્રિયા કરતી હતી. દીન-હીન જનો પર ઉપકાર કરનારી, પતિવ્રત ધર્મ પાળનારી, ધર્મથી વિચલિત થનારા માણસોના મનમાં ધર્મનો સંચાર કરનારી, ગુરુના વાકયો પર શ્રદ્ધા રાખનારી, ધર્મ પર પ્રેમ રાખનારી અને ધર્મમાં દ્દઢ હતી. કરુણાના કવચ વડે અન્તઃકરણના મર્મનું રક્ષણ કરનારી, નવ તત્ત્વ અને પચ્ચીશ ક્રિયાઓના વિષયમાં કુશળ, બાર પ્રકારના શ્રાવક ધર્મને ધારણ કરનારી, ધર્મના જ સ્વપ્ના જોનારી, ધર્મની આરાધનાને જ પોતાનું કર્તવ્ય માનનારી, બન્ને કુળોને ઉજાળનારી, વિકથાઓનો ત્યાગ કરનારી, સુકથાઓ પર અનુરાગ રાખનારી, શ્રુતના અર્થને પોતે સમજવાવાળી, બીજાથી અર્થને પૂછવાવાળી, તેથી જ વિશેષરૂપથી અર્થનો નિશ્ચય કરનારી અને એ કારણ સંપૂર્ણ રીતે અર્થને પ્રાપ્ત ારી હતી. ॥ સૂ૦ ૪ ॥

ટીકાનો અર્થ— -[illegible] ઇત્યાદિ. તે રાજા સિદ્ધાર્થની, ઇન્દ્રાણીના જેવી, દયા, દાક્ષિણ્ય, ગંભીરતા, ધીરતા, મધુરતા વગેરે ગુણોની ખાણ જેવી ત્રિશલા નામની મહારાણી હતી. તે ત્રિશલા મહારાણીનાં નેત્રયુગલની અસાધારણ શોભા જોઇને લજ્જિત થયેલું કમળ જાણે પાણીમાં ડુબી ગયું. આ ઉત્પ્રેક્ષા અલંકાર છે. જાણે કે કમળનું જળમાં ડૂબવાનું કારણ ત્રિશલાનાં નેત્રયુગલનું દર્શન છે. બીજાં ઈર્ષાળુઓ પણ બીજા લોકોની ઉન્નતિને સહન ન કરી શકવાને કારણે લજ્જિત થઇને પાણીમાં ડૂબી જાય છે. આથી એ દર્શાવવામાં આવ્યું કે તેમના નેત્રોની ઉત્તમ શોભા કમળ કરતાં પણ વધારે હતી.

તેમનાં મુખને જોઇને ચન્દ્રમાએ જાણે આકાશનો આશ્રય લીધો. આ પણ ઉત્પ્રેક્ષા છે ત્રિશલાદેવીનું મુખ જોવાના કારણે જ જાણે કે ચન્દ્રમા આટલે બધે દૂર આકાશમાં ચાલ્યો ગયો છે. બીજા ઈર્ષાળુઓ પણ બીજાની ચડતી જોઇને દૂર ભાગી જાય છે. કહેવાનો આશય એજ કે ચન્દ્રમા કલંકી છે અને ત્રિશલાનું મુખ કલંકહીન છે. તેથી ચન્દ્રે વિચાર્યું કે હું આ મુખની સરખામણીમાં હીન ગણાઇશ. આવો વિચાર કરીને તે જાણે આકાશમાં ચાલ્યો ગયો. આ કથનથી ત્રિશલાના મુખમંડળમાં ચન્દ્રમા કરતાં પણ વધારે નિર્મળતા અને નિષ્કલંકતા દર્શાવવામાં આવેલ છે.

તેમની વાણીની મધુરતાથી લજ્જિત થઇને કોયલ જાણે જંગલમાં ચાલી ગઈ. આ પણ ઉત્પ્રેક્ષા છે. કોયલને જંગલમાં રહેવાનું કારણ ત્રિશલાદેવીના વચનની મધુરતા છે. ત્રિશલાના વચનની મીઠાશની સરખામણીમાં

કોકિલાના વચનની મધુરતા ઓછી છે. આ લજ્જાને કારણે કોયલ જાણે વનમાં ચાલી ગઈ. તે વડે કોયલના અવાજ કરતાં ત્રિશલાદેવીના અવાજની વધારે મધુરતા પ્રગટ થાય છે.

ત્રિશલાદેવી દોરા સાથેની મુહપત્તી, સૂક્ષ્મ અને બાદર જીવોની હિંસા થતી અટકાવવા માટે મુખપર ધારણ કરીને સવારે, બપોરે અને સાંજે સામાયિક કરતી હતી અને પ્રભાતકાળે તથા સાયંકાળે છ આવશ્યક કરતી હતી. વળી તે કેવી હતી? તે કહે છે—

ત્રિશલા મહારાણી ગરીબોને તથા લુલા–લંગડા વગેરે અપંગ લોકોને અન્ન–વસ્ત્રની મદદ કરતી હતી, તથા પતિવ્રતા ધર્મને ધારણ કરનારી હતી, ધર્મથી ચલિત થયેલા લોકોના મનમાં ધર્મનો સંચાર કરતી હતી. શાસ્ત્ર અને ગુરુના વચનો પર શ્રદ્ધા રાખતી હતી, ધર્મ પ્રત્યે અનુરાગવાળી હતી અને ધર્મના માર્ગથી ચલાયમાન ન થનારી હતી. તેના હૃદયનો મર્મ કરુણાના બખતર વડે સારી રીતે સુરક્ષિત હતો. એટલે કે તેનું હૃદય કરુણાવાળું હતું. (૧) જીવ, (૨) અજીવ (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આસ્રવ. (૬) સંવર. (૭) નિર્જરા, (૮) બન્ધ અને (૯) મોક્ષ. એ નવ તત્ત્વો એટલે કે પરમાર્થરૂપ પદાર્થોની તથા પચ્ચીશ ક્રિયાઓની જાણકાર હતી. તે પચ્ચીશ ક્રિયાઓ આ પ્રમાણે છે— (૧) મિથ્યાક્રિયા, (૨) પ્રયોગ ક્રિયા, (૩) સમુદાન ક્રિયા, (૪) ઈર્યાપથિકી ક્રિયા, (૫) કાયિકી ક્રિયા. (૬) અધિકરણ ક્રિયા, (૭) પ્રાદ્વેષિકી ક્રિયા, (૮) પરિતાપનિક ક્રિયા, (૯) પ્રાણાતિપાત ક્રિયા, (૧૦) દર્શન ક્રિયા (૧૧) સ્પર્શન ક્રિયા, (૧૨) સામન્ત ક્રિયા, (૧૩) અનુપાત ક્રિયા, (૧૪) અનાભોગ ક્રિયા, (૧૫) સ્વહસ્ત ક્રિયા. (૧૬) નિસર્ગ ક્રિયા, (૧૭) વિદારણ ક્રિયા, (૧૮) આજ્ઞાપન ક્રિયા, (૧૯) અનાકાંક્ષ ક્રિયા, (૨૦) આરંભ ક્રિયા, (૨૧) પરિગ્રહ ક્રિયા, (૨૨) માયા ક્રિયા, (૨૩) રાગ ક્રિયા, (૨૪) દ્વેષ ક્રિયા, (૨૫) અપ્રત્યાખ્યાન ક્રિયા. ત્રિશલા મહારાણી એ બધી ક્રિયાઓ જાણતી હતી. તેમણે 'ઉપાસક દશાંગ સૂત્ર'માં કહેલા સ્થલપ્રાણાતિપાતવિરમણથી શરૂ કરીને અતિથિસંવિભાગ સુધીના બારે વ્રતો ધારણ કર્યાં હતાં. તે શીલ આદિ ધર્મને ધારણ કરનારી તથા ધર્મનુંજ સ્વપ્ન જોનાર હતી. તે ધર્મની આરાધના કરવાનું જ પોતાનું કર્તવ્ય સમજતી હતી, પિતા અને પતિના કુળને ઉજાળનારી હતી. વિકથાનો ત્યાગ કરનારી અને સુકથા પ્રત્યે અનુરાગવાળી હતી. "**लब्धार्था**" તેણે પોતે શ્રુતનો અર્થ પ્રાપ્ત કર્યો હતો, "**पृष्टार्था**" અરસપરસમાં ઈષ્ટ અર્થ પૂછયો હતો, '**गृहीतार्था**' બીજા લોકોનો અભિપ્રાય સમજીને અર્થ ગ્રહણ કર્યો હતો. તેથી જ તે "**विनिश्चितार्था**" નિશ્ચિત અર્થ જાણનારી હતી, અને "**अधिगतार्था**' સંપૂર્ણ રીતે અર્થને સમજનારી હતી. (સૂ૦ ૪)

## આશ્વિનમાસાગમનમ્ ।

મૂલનો અર્થ—'**तस्सि रायम्मि**' ઈત્યાદિ. સિદ્ધાર્થ રાજા પ્રજાને સંતાન સમજી તેનું પાલન કરતા હતા. સુખના દિવસો વ્યતીત થતાં આશો મહિનો આવી પહોંચ્યો. આ માસમાં ફસલને સારી રીતે જોઇ ખેડુત વર્ગ ઘણો હર્ષિત થયો. વ્યાપારી વર્ગ વ્યાપારની બહુલતાને લીધે ઘણો આનંદી અને ઉમંગી બન્યો હતો. સિદ્ધાર્થ રાજા પોતાની પ્રજાને પ્રસન્ન જોઇ પોતાની જાતને પુણ્યવાન ગણતા. જેમ ચંદ્રમાંને જોઇ સમુદ્ર ઉલટી આવે છે તેમ પ્રજાને જોઇ રાજા હર્ષોન્મત્ત થઇ જતા. (સૂ૦ ૫)

## આશ્વિનામસે સસ્યસંપત્ત્યા રાજ્ઞઃ પ્રજાનાં ચાનન્દઃ ।

ટીકાનો અર્થ—"**तस्सि रायम्मि**" ઈત્યાદિ. ઉરથી ઉત્પન્ન થવાવાલાને 'ઔરસ' કહે છે. સંતાન 'ઔરસ' કહેવાય છે. પ્રજા પણ રાજ્યનું એક અંગ છે. એમ માનવાવાલા સિદ્ધાર્થ રાજા, પ્રજાને સંતાન તરીકે ગણી, તેનું લાલન–પાલન કરતા. જેમ સંતાનના ઉત્કર્ષ માટે પિતા બધું કરી છૂટે છે, તેમ સિદ્ધાર્થ રાજા પ્રજાના ઉત્થાન અર્થે કાંઇ પણ કરવામાં મણા રાખતા નહિ.

આશ્વિન માસ, ખેડુત વર્ગ માટે સુખાકારી ગણાય છે. કારણ કે આ માસમાં વર્ષાઋતુ પુરી થયેલ હોવાથી, તેમજ પાક પાકી ગયેલ હોવાથી, કૃષિકાર પોતાના પાકનું માપ સારી રીતે કાઢી શકે છે. વ્યાપારી પણ વ્યાપાર વધતો જુએ છે. ચોમાસા દરમ્યાન વેપાર સુસ્ત રહે છે, અને આ માસથી તેની વૃદ્ધિ થતી જોઈ આ વર્ગ પણ આનંદ અનુભવે છે. જેમ પિતા પોતાનાં સંતાન વર્ગને આનંદમાં મહાલતો જોઇ, હર્ષથી પુલકિત થાય છે, તેમ સિદ્ધાર્થ પણ પોતાની પ્રજાને આનંદમાં જોઈ ખુશી થવા લાગ્યા. (સૂ૦૫)

## ઋષભદત્તસ્ય દેવાનન્દાયાશ્ચ વર્ણનમ્ ।

મૂલ અને ટીકાનો અર્થ—'**तस्सेव**' ઇત્યાદિ. ક્ષત્રિયકુંડગ્રામની દક્ષિણ બાજુ 'બ્રાહ્મણકુંડપુર નામની એક વસતિ હતી, તેમાં ચાર વેદના જાણકાર અને ચૌદ વિદ્યાઓમાં પારંગત કોડાલગોત્રી ઋષભદત્ત નામના બ્રાહ્મણ રહેતા હતાં. તેમને અતિશય લજ્જાશીલ જાલંધરાયણગોત્રવાળી અને શીલથી પવિત્ર એવી દેવાનંદા નામની પત્ની હતી. (સૂ૦૬)

મૂલનો અર્થ— **'તેણં કાલેણં'** ઈત્યાદિ. તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર, અવસર્પિણી કાલમાં, 'સુષમસુષમા' નામનો આરો વિત્યાબાદ, સુષમા આરો ચાલ્યાં ગયા બાદ, સુષમદુષ્ષમા આરો પસાર થયા બાદ, દુષ્ષમસુષમા નામનો આરાનો ઘણો ભાગ વ્યતીત થયાં બાદ, જ્યારે પંચોતેર વર્ષ અને સાડાઆઠ માસ બાકી રહ્યાં ત્યારે ગ્રીષ્મઋતુના ચોથા મહીને આઠમો પક્ષ જે આષાઢ શુદ્ધ છે તે અષાઢ શુદ્ધની છઠી તિથિમાં, હસ્તોત્તરા નક્ષત્રના યોગે, મહાવિજય ૧, સિદ્ધાર્થ ૨, પુષ્પોત્તર ૩. પ્રવરપુંડરીક ૪. દિશાસ્વસ્તિક ૫, અને વર્દ્ધમાન ૬ એવા જેના છ નામ છે, એવા 'છ' નામવાલા વિમાનથી વીસ સાગરોપમનું આયુષ્ય, ભવ અને સ્થિતિ પૂરી થયે ચ્યવ્યાં. ત્યાંથી ચવીને, ત્રણ જ્ઞાન યુક્ત ભગવાન મહાવીરનો આત્મા. દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં પધાર્યો. શ્રમણ ભગવાન મહાવીર 'હું ચવીશં–ચવું છું' એ જાણતા હતા. પણ 'ચવી રહ્યો છું' તે જાણ્યું નહિ, કારણ કે 'ચ્યવન' સમયનો કાળ ઘણો સૂક્ષ્મ હોય છે. (સૂ૦૭)

ટીકાનો અર્થ— **'તેણં કાલેણં'** ઈત્યાદિ. 'સમય'ની વ્યાખ્યા એ છે કે, 'કાલ' દીર્ઘતા બતાવે છે ત્યારે સમય લઘુતા અને વર્તમાનસ્થિતિ બતાવે છે. જે વખતે જે આરો વર્તતો હોય તે આરાની પણ જે વખતની વાત થતી હોય તે વખતને અનુલક્ષીને, જે વ્યક્તિ, સમાજ કે પદાર્થનું વિવરણ થતું હોય, તે વખત ને 'સમય' કહેવામાં આવે છે.

વર્ષોની સંખ્યા સાગરના બિંદુઓ જેમ અસંખ્ય હોય છે, દરેક આરામાં અસંખ્ય વર્ષોની ગણત્રી કરી, તે ગણત્રી ક્રમે ક્રમે દરેક આરામાં ઓછી અધિક થતી જાય છે.

અવસર્પિણી કાલનો પહેલો આરો 'સુષમસુષમા' ઉત્કૃષ્ટ સુખવાલો, બીજો આરો 'સુષમા' એટલે સામાન્ય સુખમય, ત્રીજો આરો 'સુષમદુષ્ષમા' એટલે સુખ વધારે–દુઃખ અલ્પ એવો, ચોથો આરો 'દુષ્ષમસુષમા' એટલે દુઃખ અને સુખ સામાન્ય, એવા આરાના અંતિમ કાલમાં, નયસારનો જીવ છવ્વીસમા દેવ ભવનું દેવાયુષ્ય પૂરું કરી, સત્યાવીસમે ભવે મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, આ ત્રણે જ્ઞાન સાથે લઇ, દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાં ઉત્પન્ન થયો.

દેવના ભવેથી 'અવતરણ' કરવાનું છે એમ તેઓ અવધિજ્ઞાનને આધારે જાણતા હતાં, 'હું ચ્યવ્યો' એ પણ જ્ઞાનને આધારે જાણ્યું. પરંતુ 'ચવી રહ્યો છું' તે જાણી શકયા નહિ. કારણ કે છદ્મસ્થના ઉપયોગની પ્રવૃત્તિમાં અસંખ્યાતા સમયો ચાલ્યા જાય છે, પરંતુ ચ્યવમાન એટલે ચ્યવન કરતી વખતની અવસ્થાનો કાલ વધારેમાં વધારે ત્રણ કે ચાર સમયનો હોય છે. જીવ પહેલા સમયે દેહને મૂકે છે, ને વચ્ચમાં જતાં એક સમય અગર વિગ્રહ ગતિએ બે સમય લે છે અને ત્રીજા અથવા ચૌથે સમયે તો નિર્ધારિત સ્થાને પહોંચી જાય છે.

'વિગ્રહગતિ' એટલે આડી ગતિ–જીવને એક સ્થાનેથી બીજા સ્થાને જતાં આકાશના પ્રદેશો ઉપર જ વહન કરવાનું હોય છે. જડ અને ચેતન બન્ને પદાર્થો, આકાશના પ્રદેશો ઉપર જ સ્થલાંતર કરે છે. આખા લોકાલોકમાં 'આકાશ' નાજ પ્રદેશો વ્યાપી રહ્યાં છે. કોઇ જીવ સીધા પ્રદેશો ઉપર થઇને જાય છે. કોઇ જીવ જરા આડા જઈ, સીધા પ્રદેશ પર આવી, પોતાનું સ્થલાંતર કરે છે. આવી 'ચાલ'ને 'વિગ્રહ ચાલ' કહે છે. વિગ્રહ ચલનમાં બે સમયનો કાલ જાય છે ત્યારે 'સીધા ચલન'માં એક સમયનો 'કાલ' વ્યતીત થાય છે, અવધિજ્ઞાન. આવા સૂક્ષ્મ બે સમયને

ગ્રહણ કરી શકતું નથી. કારણ કે અવધિજ્ઞાનનો વિષય સૂક્ષ્મ નથી, પણ સ્થૂલ છે તેથી અવધિજ્ઞાન હોવા છતાં ભગવાન મહાવીર પોતાના 'ચ્યવન' વખતની અવસ્થાને જાણી શકયા નહિ. (સૂ૦૭)

## देवानन्दायाश्चतुर्दशमहास्वप्नदर्शनम् ।

## ( ઇતિ દ્વિતીય વાચના )

મૂલનો અર્થ—'जं रयणिं' ઈત્યાદિ. જે રાત્રીએ, ભગવાન મહાવીર દેવનું ગર્ભસ્થાનમાં અવતરણ થયું તે રાત્રીએ દેવાનંદા માતા અર્ધનિદ્રા અવસ્થામાં ચૌદ મહાસ્વપ્નો દેખી જાગ્રત થયા.

આ ચૌદ સ્વપ્નો આ પ્રમાણે છે–(૧) ગજ, (૨) વૃષભ, (૩) સિંહ, (૪) લક્ષ્મી, (૫) માલા, (૬) ચંદ્રમા, (૭) સૂર્ય, (૮) ધ્વજ, (૯) કુંભ, (૧૦) પદ્મસરોવર, (૧૧) સાગર, (૧૨) વિમાન અથવા ભવન, (૧૩) રત્નરાશિ, (૧૪) અગ્નિ. (સૂ૦૮)

ટીકાનો અર્થ—'जं रयणिं' ઇત્યાદિ. ભગવાન મહાવીરનું 'ચ્યવન' જે રાત્રીએ થયું, તે રાત્રીએ દેવાનંદા માતાએ, ચૌદ મહાસ્વપ્નની સ્વપ્નભૂમિકા સ્પર્શી. સ્વપ્નદશા હમેશા અર્ધજાગૃત દશા હોય છે.

પ્રગટપણે બિન અનુભવાએલું અને ઇન્દ્રિયોથી નહિ પૂરું કરાએલું કાર્ય, મનદ્વારા સ્વપ્નમાં પૂરું થાય છે. સ્વપ્નદશામાં 'મન' સર્વ કાર્યો યથાસ્થિત દરેક ક્ષેત્રે સ્પર્શન કરી પૂરાં કરી દે છે. મનોમય ભૂમિકા જાગૃત ભૂમિકાનું પ્રથમ પડલ છે. જે જે ભોગવટો બાકી રહ્યો હોય, તેના ઉદયકાલે, મન તેનો ભોગવટો કરી તે કર્મને ભોગવી ક્ષીણ કરી નાખે છે.

ભગવાન મહાવીર ઉત્કૃષ્ટ પુણ્ય બંધવાળા હોવાથી માતાને પણ ઉત્કૃષ્ટ સુંદરતાવાળા સ્વપ્નો લાધ્યાં. જીવના-પરિણામો માતાના આચાર વિચાર દ્વારા વ્યક્ત થાય છે.

જીવ પાપાનુબંધીવાળો ઉદરમાં આવ્યો હોય તો, માતાને ખરાબ સ્વપ્નાઓ લાધે છે, ને તેનું દૈનિક વ્યવહારૂ કર્તવ્ય પણ અશુભ પ્રવૃત્તિવાળું જણાય છે.

આવા સુંદર સ્વપ્નોનો સુખદ અનુભવ કરતી દેવાનંદા માતા જાગૃત થઇ.

ચૌદ સ્વપ્નોમાં બારમું સ્વપ્ન 'વિમાન અગર ભવન એમ કહેવામાં આવ્યું છે, તેનો અર્થ એ છે કે, તીર્થંકર અથવા ચક્રવર્તી, જો નરકમાંથી નિકળી મનુષ્યગર્ભમાં આવે તો, ગર્ભ ધારણ કરી રહેલી માતા 'ભવન' દેખે છે, અને આ જીવો જો દેવલોકમાંથી ચવીને આવતાં હોય.તો 'વિમાન' દેખે છે. ( સૂ૦૮ )

મૂલનો અર્થ—'तए णं' ઇત્યાદિ. આ સ્વપ્નોનું ફળ જાણવા દેવાનંદા માતા ઉત્સુક થઇ, પોતાના પતિ ઋષભદત્તને કહેવા લાગ્યાં. ઋષભદત્ત બ્રાહ્મણ જ્યોતિષવિદ્યા–હસ્તરેખા–સ્વપ્નદર્શન શાસ્ત્ર વિગેરેના પારંગત હતાં. આ સ્વપ્નોની પૂર્વભૂમિકા પકડી, કડીબંધ વ્યાખ્યાઓનું વિવરણ જોડી કહ્યું કે હે દેવાનુપ્રિયે! તમને ઉદાર કલ્યાણકારી, શિવ–સુખના દેનાર, ધન્ય, માંગલિક, સશ્રીક, હિતકર, સુખકર અને પ્રીતિકર ચૌદ સ્વપ્નો લાધ્યાં છે. જેના પરિણામે આપણને અર્થલાભ, ભોગલાભ, પુત્રલાભ અને સુખલાભ થશે. હે દેવાનુપ્રિયે! તમે નવ મહિના અને સાડાસાત રાત્રી વ્યતીત કર્યા બાદ, સુકુમાર હાથ પગ વાળા, હીનતારહિત પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ, લક્ષણ, વ્યંજન અને ગુણોથી યુક્ત, માન, ઉન્માન અને પ્રમાણથી પૂરો, શુભ આકૃતિવાન, સર્વાંગસુંદર, ચંદ્રમા જેવો સૌમ્ય, કાન્તિ અને લાવણ્યથી ભરપૂર, પ્રિયદર્શની એવા પુત્રને જન્મ આપશો. (સૂ૦૯)

ટીકાનો અર્થ—'तए णं' ઇત્યાદિ. દરેકને સ્વપ્નની ભૂમિકા જાણવાની ઉત્કંઠા હોય છે જ. તેમાં આ તો સર્વોત્તમ સ્વપ્નો હતાં. તેથી દેવાનંદા માતાએ ઘડી એકના વિલંબ સિવાય પોતાના પતિ પાસે જઇ, સ્વપ્નોનું વિવરણ કરી બતાવ્યું.

ઋષભદત્ત સ્વપ્નસૃષ્ટિના વિજ્ઞાનમાં પ્રવીણ હતાં, તેથી ચૌદ સ્વપ્નો વાસ્તવિક હતાં, તેમ તેણે પ્રથમ દેવાનંદાને કહ્યું. માતા જો સવા નવ માસ પૂરા થયે પુત્રને જન્મ આપે તો તે પુત્ર શારીરિક અને માનસિક તંદુરસ્તી લઇને અવતરે છે, એમ ગર્ભ વિજ્ઞાન અને સ્ત્રી સંબંધીનું આરોગ્ય શાસ્ત્ર કહે છે. તે પ્રમાણે હે દેવાનુપ્રિયે! તમને સર્વાંગસુન્દર પરિપૂર્ણ અને દરેક રીતે સુખ આપનારો કલ્યાણકારી પુત્રરત્ન થશે. એમ શાસ્ત્રાભ્યાસે જાણીને કહ્યું.

હથેળી પગ આદિમાં વિદ્યા, ધન, આયુ, વિગેરેની રેખાઓ તથા ચક્ર–ગદા આદિના ચિહ્નો હોય તેને લક્ષણ કહે છે. તલ–મસા વિગેરેના ચિહ્નો શરીર પર હોય છે તેને 'વ્યંજન' કહે છે.

શરીરનું 'માપ' કાઢવા ત્રણ પ્રકારના સાધનો કહેવામાં આવ્યાં છે. (૧) માન–જેનાથી પદાર્થનું માપ કાઢવામાં આવે તે સાધનને 'માન' અગર 'કાટલું' કહે છે. (૨) 'ઉન્માન' ત્રાજવા અંગુલ પ્રસ્થ વિગેરેથી જેનું માપ કાઢવામાં આવે તે ત્રાજવા અથવા અંગુલ પ્રસ્થ વિગેરેને ઉન્માન કહે છે. અથવા 'તોલ' કહે છે. (૩) પ્રમાણ જલથી પૂરેપૂરી ભરેલી કૂંડીમાં કોઈ પુરુષને ડુબાડવામાં આવે ને ડુબાડતાં એક દ્રોણ પાણી બહાર નીકળી જાય તો તે પુરૂષ 'માનોપેત' કહેવાય છે. ઉંચા માનને ઉન્માન કહે છે. અર્ધભાર રૂપ પ્રમાણને પણ ઉન્માન કહે છે, બધા માપને પ્રમાણ કહે છે, અથવા પોતાની આંગળીએથી માપતાં જેનું માપ એક સો આઠ (૧૦૮) આંગળ સુધીની ઉંચાઈ જેટલું હોય તેને પ્રમાણ કહે છે. તે પુત્ર માન, ઉન્માન અને પ્રમાણયુક્ત થશે. તેને મસ્તકથી લઈ પગો સુધીનાં બધા અંગ ઉચિત આકૃતિવાળા હોવાથી સુંદર થશે. તેથી તે સુંદર શરીરવાળો થશે. તેનો આકૃતિ ચંદ્રમાની સમાન સૌમ્ય અને રમણીય થશે. તે કમનીય એટલે જોનારોના ચિત્તને આહ્લાદ પહોંચાડનાર થશે. આ બધી વિશેષતાઓથી યુક્ત થવાને કારણે તેનું રૂપ લાવણ્ય બધાથી ઉત્કૃષ્ટ થશે. 'ઉદાર' આદિ શબ્દોની વ્યાખ્યા આગળ ત્રિશલા મહારાણીના સ્વપ્નોનો વિચાર કરતી વખતે કરવામાં આવશે. (સૂ૦૯)

મૂલનો અર્થ—'तए णं सा' ઇત્યાદિ. આ સ્વપ્નોના સુંદર ફળો સાંભળી, દેવાનંદા માતા હર્ષિત થઇને આનંદથી પોતાના ગર્ભનું વહન કરવા લાગ્યા.

અહિં આખા જંબૂદ્વીપને અવધિ જ્ઞાન વડે જોવાવાળા દેવેન્દ્ર દેવોના રાજા શક્રેન્દ્ર, શ્રમણ ભગવાન મહાવીરના જીવને 'બ્રાહ્મણકુંડગ્રામ' નગરીમાં કોડાલગોત્રી ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની જાલંધરગોત્રી દેવાનંદાની કુખમાં અવતરેલાં જોયાં.

આ જોઇને સિંહાસન ઉપરથી ઉભા થઇ, બે હાથ જોડી, બન્ને હાથો વડે પ્રદક્ષિણા કરી, માથા પર હાથની અંજલી મૂકી, બોલવા લાગ્યા—

અરિહંત ભગવાનોને, ધર્મની શરુઆત કરવાવાળાને, તીર્થ સ્થાપનારને, સ્વયંબોધિને, પુરુષોત્તમને, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં શ્વેતકમલ સમાન, પુરુષોમાં ઉત્તમ ગંધહસ્તી સમાન, લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકહિતકર, લોકદીપક, લોકમાં પ્રકૃષ્ટ ઉદ્દ્યોત કરનાર, અભયદાતા, નયનદાતા. માર્ગદાતા. શરણદાતા, બોધિદાતા, ધર્મદાતા, ધર્મોપદેશક, ધર્મનાયક. ધર્મસારથી, ધર્મચક્રવર્ત્તી, સંસારી જીવોને માટે દ્વીપ સમાન, ત્રાણ, શરણ, પ્રતિષ્ઠારૂપ, અપ્રતિહત-જ્ઞાનદર્શન સ્વરૂપી, છદ્મ-ઘાતી કર્મોથી રહિત, રાગદ્વેષને જીતવાવાળા અને જીતાવવાવાળા, તરણ, તારણ, સ્વયંબોધને પ્રાપ્ત કરનાર અને બીજાને કરાવનાર. પોતે મુક્ત અને બીજાને મુક્ત કરાવનાર. સર્વજ્ઞ, સર્વદર્શી, શિવ, અચલ, અરુજ-રોગરહિત. અક્ષય, અવ્યાબાધ, પુનરાગમન રહિત એવા સિદ્ધિગતિ નામવાળા સ્થાનને પ્રાપ્ત, જીતભયી, એવા જિન ભગવન્તને નમસ્કાર હજો. શ્રમણ ભગવન્ત મહાવીરને નમસ્કાર હજો ! જેનો નિર્દેશ પૂર્વના તીર્થંકરોએ કરેલ છે. અને જે મુક્તિને પ્રાપ્ત કરવાના ઇચ્છુક છે. અહિં રહીને હે ભગવાન ! ત્યાં (ગર્ભમાં) રહેલા આપને વંદન નમસ્કાર કરું છું. ત્યાં રહેલા ભગવાન અહીં રહેલ મારી બાજુ કૃપા દૃષ્ટિ કરી જુઓ.

આ પ્રમાણે કહીને શક્રેન્દ્ર શ્રમણ ભગવાન મહાવીરને વંદના નમસ્કાર કરીને પૂર્વદિશા તરફ મુખ કરી ઉત્તમ સિંહાસને બેઠાં (સૂ૦૧૦)

ટીકાનો અર્થ—'तए णं सा' ઇત્યાદિ. માતા દેવાનંદાને ચૌદ સ્વપ્નો લાધ્યાં બાદ, તેઓશ્રી આનંદ સાથે સુખપૂર્વક ગર્ભવહન કરતાં હતાં. અહિં પણ શક્રેન્દ્ર, પોતાનું આસન ચલાયમાન થયેલું જોઇ. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો. આ અવધિજ્ઞાનની શક્તિ. આખા જંબૂદ્વીપને આવરી લેતી હતી. આ શક્તિ દ્વારા, ભગવાન મહાવીરને, દેવાનંદાની કુક્ષીમાં અવતરેલાં જોઇ તે વિસ્મય પામ્યો.

સહસા, સિંહાસન પરથી ઉઠી વિધિપૂર્વક ભગવાનનું સ્તવન કરી, તેઓશ્રીને અનેક વિશેષણોથી નવાજી, પોતાનું ભક્તાહૃદય, વાત્સલ્યતાપૂર્વક ખાલી કરી, સ્વ–આસને વિરાજયો.

કયા કયા નામોથી અને વિશેષણોથી તેમની ભક્તિ અને બહુમાન કર્યું તે નીચે પ્રમાણે છેઃ—

અરિહન્ત—સ્વ સ્વભાવનું લક્ષ કરી, જેણે આત્મપરિણતિને પોતા તરફ જ વાળી છે. પોતા તરફ આત્મ-પરિણતિ સ્થિર થતાં રાગ–દ્વેષ આદિ વિકારો બળીને નિર્બીજ થયાં છે, એવા અરિહન્ત દેવ, અર્થાત્—રાગ–દ્વેષ વિકાર અને ચાર ઘનઘાતી કર્મો કે જે આત્મસ્વભાવને પ્રગટ થવામાં વિઘ્નરૂપ ગણાય છે, તેનો નાશ કરી અખંડ આત્મજ્યોતિ જેણે જગાડી છે તે 'અરિહન્ત ભગવાન'!

ભગવન્ત—સંપૂર્ણ ઐશ્વર્ય, સંપૂર્ણ ધર્મ, સંપૂર્ણ યશ, સંપૂર્ણ શ્રી–લક્ષ્મી, સંપૂર્ણ જ્ઞાનનું પ્રગટપણું, અને સંપૂર્ણ વૈરાગ્યવંત એવા 'ભગવન્ત'!

આદિકર—પોત–પોતાના શાસનની અપેક્ષાએ તધર્મ અને ચારિત્રધર્મની જેણે શરુઆત કરી છે, તે 'આદિકર'!

તીર્થંકર—'તીર્થ' એટલે તરવાનું સાધન, જે દ્વારા સંસાર–સાગર તરી જવાય છે તેને 'તીર્થ' કહે છે. આવા તીર્થનું સ્થાપન કરનાર તીર્થંકર કહેવાય છે. ચતુર્વિધ સંઘને તીર્થની ઉપમા આપી છે. આ 'સંઘ' ની સ્થાપના કરનાર 'તીર્થંકર' કહેવાય છે.

સ્વયંસંબુદ્ધ—સ્વયં એટલે અન્યના ઉપદેશ વિના જે કોઈ પોતે, સંસારભાવથી ઉદાસીન થઈ, વૈરાગ્યને પામી, જાતે બોધિબીજ પ્રાપ્ત કરે છે. તે 'સ્વયંસંબુદ્ધ' કહેવાય છે.

પુરુષોત્તમ—જ્ઞાનાદિ અનંત ગુણો ધારણ કરવાવાળી વ્યક્તિઓમાં સર્વોત્તમ.

પુરુષસિંહ—પુરુષોમા સિંહ સમાન, અર્થાત રાગ–દ્વેષ આદિ વિકારોને બાળી પોતાના શ્રદ્ધાગુણના બળે, જે ચારિત્રગુણ પ્રગટ કરવામાં સિંહ જેવું સામર્થ્ય પ્રગટાવે છે તે 'પુરુષસિંહ' કહેવાય છે.

પુરુષવરપુંડરીક—'પુંડરીક–કમલ' શ્વેતવર્ણ હોય છે, અને સર્વ કમલની જાતિમાં તે શ્રેષ્ઠ ગણાય છે. તેમાં વળી, તમામ પુંડરીકોમાંથી જે શ્રેષ્ઠ હોય તેને ચૂંટી કાઢતાં તે 'વરપુંડરીક' ગણાય છે. તેમ માનવજાતમાં શ્રેષ્ઠ પુરુષોની વરણી થઇ ગયા બાદ, સર્વશ્રેષ્ઠ માનવની જે ચૂંટણી થાય છે તેની સરખામણી 'વરપુંડરીક કમલ' ની સાથે સરખાવતાં તે 'પુરુષવરપુંડરીક' કહેવાય છે. જેમ પુંડરીકકમલ સર્વ મલિનતાઓથી મુક્ત છે, તેમ ભગવાન પણ શુભ–અશુભ મલિન પરિણામોથી વિમુક્ત છે. જેમ કમલ કાદવમાંથી ઉત્પન્ન થાય છે અને જલથી જ વૃદ્ધિ મેળવે છે, છતાં તે કાદવ અને જલથી ઉપર રહીને 'અલિપ્તપણા' ના ગુણને ધારણ કરે છે, અને બધાઓને શિરોધાર્ય હોય છે, તેમ ભગવાન પણ કર્મરૂપી કીચડમાં ઉત્પન્ન થયાં, ભોગરૂપી જલથી વૃદ્ધિ પામ્યાં, છતાં આ બેઉથી અલિપ્ત છે, અને પોતાના અનુપમ ગુણગણના બળથો સુર–અસુરોને શિરોધાર્ય છે, અને અત્યંત પૂજ્ય હોવાને લીધે પરમસુખના પાત્ર છે. કરી ગુણસંપદાના ભાજન હોવાને લીધે કેવળજ્ઞાન આદિ ગુણોના સદ્ભાવથી

સમસ્ત ભવ્ય જીવોને માટે શિરોધાર્ય છે.

પુરુષવરગંધહસ્તી—સર્વ હાથીઓમાં ગંધહસ્તી શ્રેષ્ઠ ગણાય છે. કારણ કે તેનામાં એવી ગંધ પ્રસરિત હોય છે કે ઘણા માઈલો સુધી તેની ગંધ જાય છે. આ ગંધમાં પણ એક પ્રકારનું 'ઓજસ' હોય છે, જે ઓજસને ફક્ત પ્રાણીઓ જ ઓળખી શકે. તે 'ઓજસ' ના પ્રતાપે કોઈ પણ પ્રાણી તેની પાસે આવી શકતું નથી. ગંધહસ્તીને સિંહ પણ વિદારી શકે નહિ. તેમ ભગવાન પણ સર્વ પ્રકારના માનવ સમૂહોમાં શ્રેષ્ઠ અને પૂજનીય છે. ગંધહસ્તીની સુગંધ પારખીને બીજા હાથીઓ રફૂચક્કર થઈ જાય છે. જે રાજા પાસે ગંધહસ્તી હોય તે રાજા જરૂર વિજયી નિવડે છે. કહ્યું પણ છે—

**"यस्य गन्धं समाघ्राय, पलायन्ते परे गजाः ।**
**तं गन्धहस्तिनं विद्या—न्नृपतेर्विजयावहम्" ॥१॥ इति. ।**

જેમ ગંધહાથીને જોઈ. અન્ય પ્રાણીઓ છુપાઇ જાય છે. તેમ ભગવાનના અતિશયોને જોરે માર, મરકી કોલેરા, ઇતિ–ભીતિ વિગેરે ઉપદ્રવો દૂર ધકેલાઇ જાય છે. જેમ ગંધહસ્તીનો આશ્રય લેનાર વિજયમાળાને પ્રાપ્ત કરે છે, તેમ ભગવાનનો આશ્રય લેનાર મોક્ષરૂપી વિજયને વરે છે.

લોકોત્તમ—ચોત્રીશ અતિશયો અને પાંત્રીશ વાણીના ગુણોના પ્રભાવે ભગવાન લોકમાં ઉત્તમ છે.

અતિશયો એટલે ગુણોની વિશેષતા. આ ગુણો ધારણ કરનાર વ્યક્તિમાં એક અનોખું વ્યક્તિત્વ દૃષ્ટિગોચર થાય છે. આ વ્યક્તિત્વ એવા પ્રકારનું બાહ્યપણે જોવા મળે છે કે–ભગવાન જે સ્થળે વિચરતાં હોય, તે સ્થળથી પચ્ચીસ-પચ્ચીસ યોજન ચારે બાજુ કોઇ પણ પ્રકારનો ઉપદ્રવ નજરે પડે નહિ. ચાલતી વખતે કાંટા–કાંકરા સામે મુખે હોય તે બધા ઉંધે મુખે થઇ જાય. સ્વરાજ્ય તેમ જ પરરાજ્યનો ભય લોકોને વર્તે નહિ. સમવસરણમાં અશોકવૃક્ષ, ઘટાટોપપણે વિકસિત થઇ ઠંડી છાયાનું આરોપણ કરે. ભામંડળ આદિ તેમની આસપાસ દેખાય. ટુંકમાં માનવસમુદાયને આવો 'આત્મા' કોઈ અલૌકિક પ્રભાવવાળો જણાય. તેવી બાબતો ભગવાનના નિવાસ-સ્થાને (સમોસરણ પ્રસંગે) બની જાય છે.

ભગવાનની વાણી પણ પાંત્રીશ પ્રકારના સત્ય વચનના ગુણે કરી યુક્ત હોય છે, તેમજ તેની વાણી, દરેક જીવને પોતપોતાની ભાષામાં પરિણમે છે, ને દરેક પ્રાણી ભગવાનની અમોઘ વાણી દ્વારા વગર પૂછયે પોતાની શંકાનું નિવારણ મેળવી શકે છે. આવો તેના અતિશયો અને વાણીનો પ્રભાવ છે. ભગવાનની પરિષદમાં આવનાર દરેક પ્રાણી પોતાનો વૈરભાવ ભૂલી જાય છે.

લોકનાથ—અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ કરાવી દેવામાં ભગવાનની વાણી નિમિત્તરૂપ છે તેથી તેઓ 'લોકનાથ' તરીકે ઓળખાય છે.

લોકહિત—એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવોની રક્ષા માટે જેણે રસ્તો ઉઘાડી આપ્યો છે માટે 'લોકહિત' પણ કહેલ છે.

લોકપ્રદીપ—ભવ્ય જીવોના સમૂહનો અનાદિ મિથ્યાત્વભાવ દૂર કરી, 'આત્મતત્વ' રૂપ દીપક બતાવ્યો તેથી તેઓ લોકમાં 'દીપક' સમાન છે. દીપક લોકોને સમાન પ્રકાશ અને તેજ આપે છે. છતાં તેનું સુખ અંધ માણસ લઇ શકતો નથી. ફક્ત દેખતો જ આદમી તે પ્રકાશને અનુભવી શકે છે. તેમ ભગવાનના ભાવથી, ભવ્ય જીવો આનંદ પ્રમોદ માણી શકે છે. અને બીજા તેના ભોગવટા ને આનંદથી દૂર ભાગે છે. માટે જ ભવ્યને ઉદ્દેશીને જ 'લોક' શબ્દ લગાડવામાં આવ્યો છે.

લોકપ્રદ્યોતકર—કેવળજ્ઞાનરૂપી પ્રકાશથી સમસ્ત લોકાલોકને દેખી શકાય છે. એ વ્યુત્પત્તિ અનુસાર 'લોક' શબ્દથી લોક અને અલોક બન્નેનું ગ્રહણ કરવામાં આવ્યું છે. લોક–અલોકરૂપ સર્વ પદાર્થોને પ્રકાશિત કરવાવાળા 'લોકપ્રદ્યોતકર' કહેવાય છે.

અભયદય—'ભય' નો અભાવ તે 'અભય'. અક્ષોભરૂપ આત્માની વિશિષ્ટ અવસ્થાને તેમ જ મોક્ષના હેતુરૂપ ઉત્કૃષ્ટ ધર્મને 'અભય' કહે છે. 'અભય' દેવાવાળા 'અભયદય' કહેવાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સર્વ જીવોને, સંકટથી દૂર કરવાવાળી અનુકંપા જેનામાં હોય તે, અભયદય કહેવાય છે.

ચક્ષુર્દય—જગતના સર્વ પદાર્થોને તેના વાસ્તવિક સ્વરૂપમાં ઓળખવાવાળું સાધન તે જ્ઞાન છે. આ જ્ઞાન ચક્ષુ સમાન છે. આવા જ્ઞાનચક્ષુ આપનારને 'ચક્ષુર્દય' કહેવામાં આવે છે.

જેમ કોઇ એક જંગલમાં કે જ્યાં હરણ આદિ પશુઓ પોતાનો વાસ કરી રહેતાં હોય, ત્યાં કોઇ લૂંટારો કોઇ માણસની આંખો પર, પાટા બાંધી ઉંડી ખાઇમાં ગબડાવી દે, તેવામાં કોઇ એક ઉપકારી સજ્જન, તેના પાટા ઉખેડી દેખતો કરે, ને શહેરનો માર્ગ બતાવી તે માર્ગે રવાના કરે, તો તે માણસ કેવા આનંદને પામે? તેમ સંસારરૂપી અરણ્યમાં રાગ–દ્વેષ રૂપી લૂંટારાઓ દ્વારા જેનું આત્મિકધન લૂંટાઇ ગયું છે અને જેના નેત્ર પર ગાઢ અજ્ઞાન અને 'મિથ્યાત્વ' ની છાયા ફરી વળી છે તેવા ભવ્યજીવોને જ્ઞાન–નેત્રના દેવાવાળા ભગવાન 'ચક્ષુર્દય' કહેવાય છે.

માર્ગદય—સમ્યક્જ્ઞાન–દર્શન ચારિત્ર, આ ત્રણ રત્નો મુક્તિપંથના વિધાયક છે. આ પંથને બતાવનાર 'માર્ગદય' કહેવાય છે. અથવા આત્માની વિશિષ્ટ અવસ્થારૂપ 'ક્ષાયિકભાવ' બતાવવાવાળા 'માર્ગદય' કહેવાય છે.

શરણદય—સંસારમાં સર્વ પ્રાણીઓ નિઃસહાય છે. દુઃખના પ્રસંગો ઉપસ્થિત થયે કોઇ કોઈનું ત્રાણ શરણ થતું નથી. પૂર્વકર્મના ઉદયે સૌ સુખ–દુઃખના આ ભોગોને ભોગવે છે. અશુભના ઉદયે જીવ પોતાના પુરુષાર્થ અને જ્ઞાનની ઉણપને લીધે આકુલ–વ્યાકુલ થાય છે. તે આકુલતામાં કોઇ રક્ષણ આપવા સમર્થ થતું નથી, તેવા સમયે ભગવાનનું શરણ શાતામય નિવડે છે, માટે 'શરણદય' કહેવાય છે.

જીવદય—સર્વ જીવોને સંકટમાંથી બચાવવાવાળા, તેમ જ સર્વપ્રાણીઓને 'સંયમ' રૂપી જીવન તરફ પ્રેરવાવાળા જીવનદાતા 'જીવદય' કહેવાય છે.

ધર્મદય—શ્રુત-ચારિત્રરૂપ ધર્મ કે જેના આધારે જીવોની દુર્ગતિઓ સદંતર સ્થંભી જાય છે, એવા ધર્મને સમજાવનારા પ્રભુ 'ધર્મદય' કહેવાય છે.

ધર્મદેશક—પૂર્વોક્ત લક્ષણવાળા ધર્મના ઉપદેશક.

ધર્મનાયક—શ્રુત-ચારિત્રરૂપ ધર્મ અથવા કેવળ 'આત્મ' રૂપ ધર્મના નેતા અગર સ્વામી.

ધર્મસારથી—ધર્મનું વહન કરનાર અગર ધર્મરૂપ રથને ચલાવનાર. જેમ સારથી પથિકને રથદ્વારા ક્ષેમકુશળ-પૂર્વક સ્વસ્થાને પહોંચાડી દે છે, તેમ ધર્મરૂપ રથના વાહક પ્રભુ, ઉન્માર્ગેથી ભવી જીવોને જતાં અટકાવી ધર્મરથ દ્વારા જીવન્મુક્ત બનાવી, મોક્ષરૂપ નગરમાં, સુલભ પણે પહોંચાડી દે છે.

"ધર્મવરચાતુરન્તચક્રવર્તી" દાન, શીલ, તપ અને ભાવ દ્વારા ચારનો એટલે કે નરકાદિક ચાર ગતિયોનો અથવા ચાર કષાયોનો, જેનાથી અન્ત આવે કે જે ચાર ગતિયો અને કષાયોનો અન્ત કરી નાખે તે "ચતુરન્ત" કહેવાય છે. અથવા ચાર વડે એટલે કે દાન, શીલ, તપ અને ભાવ વડે જે અન્ત (રમણીય) હોય તે 'ચતુરન્ત' કહેવાય છે. અથવા ચાર-દાન આદિ જેનો અંત (અંશ) છે તે 'ચતુરન્ત' કહેવાય છે. અથવા દાન આદિ ચાર જેના સ્વરૂપ હોય તેને પણ 'ચતુરન્ત' કહે છે. ચતુરન્ત જ ચાતુરન્ત પણ કહેવાય છે. આ ચાતુરન્ત જન્મ, જરા અને મરણનો ઉચ્છેદ કરવાને કારણે ચક્રના જેવાં છે, અને શ્રેષ્ઠ છે, તેથી તેને "વરચાતુરન્તચક્ર' કહ્યું છે. બન્ને લોકોના સાધક હોવાને કારણ આ (ચક્ર) રાજચક્ર વગેરેનાં કરતા શ્રેષ્ઠ છે. આ 'વરચાતુરન્તચક્ર' ધર્મ જ હોઈ શકે છે- ધર્મ સિવાય બીજું કંઇ પણ નહીં. તેથી બૌદ્ધ આદિ ધર્માભાસોનું નિરાકરણ થઈ જાય છે, કારણ કે તેઓ વાસ્તવિક અર્થોનું પ્રતિપાદન કરનારા ન હોવાથી શ્રેષ્ઠ નથી, "ધર્મવરચાતુરન્તચક્ર" થી વર્તવાનો જેનો શીલ-સ્વભાવ છે, તેઓ "ધર્મવરચાતુરન્તચક્રવર્ત્તી" કહેવાય છે. "ચક્રવર્ત્તી" પદથી અહીં છ ખંડોનું અધિ-પતિપણું સૂચિત કર્યું છે. તે આ પ્રમાણે છે-ઉત્તર દિશાએ હિમવાન્ અને બાકીની દિશાઓમાં ઉપાધિભેદથી ત્રણ સમુદ્ર- એ ચારે સીમાઓનો જે સ્વામી છે, તે 'ચાતુરન્ત' કહેવાય છે. અને ચક્ર-રત્ન રૂપી શસ્ત્રથી જે વર્તે છે-પ્રવૃત્તિ કરે છે તે ચક્રવર્ત્તી કહેવાય છે. જે ચાતુરન્ત પણ હોય અને ચક્રવર્તી પણ હોય, તે "ચાતુરન્ત-ચક્રવર્તી" છે. ધર્મથી એટલે કે ન્યાયથી જે બીજા રાજાઓ કરતાં શ્રેષ્ઠ હોય, તે "ધર્મવર" કહેવાય છે. ધર્મ શબ્દનો અર્થ અહીં "ન્યાય" થાય છે. અથવા વર (શ્રેષ્ઠ) ચાતુરન્ત (ચાર ગતિયો અથવા કષાયોનો અન્ત કરનારા) ચક્રને "વરચાતુરન્તચક્ર' કહે છે. વરચાતુરન્તચક્રના જેવો જે ધર્મ છે, તે ધર્મવરચાતુરન્તચક્ર કહેવાય છે. તે ધર્મવર-ચાતુરન્તચક્રથી વર્તનારા અથવા તેને વર્તાવનારાને "ધર્મવરચાતુરન્તચક્રવર્ત્તી' કહેવાય છે.

દ્વીપ-સંસાર-સાગરમાં ડુબતાં પ્રાણિઓને માટે દ્વીપના સમાન.

ત્રાણ–કર્મોથી પીડાતા ભવ્ય જનોની રક્ષામાં સમર્થ.
શરણ–ભવ્ય પ્રાણીઓને માટે આશ્રયનું સ્થાન.
ગતિ–અવલમ્બન—સહારા (આધાર).
પ્રતિષ્ઠા–ત્રણે કાળમાં અવિનાશી હોવાને કારણે સ્થિર.
અપ્રતિહત–વર–જ્ઞાન–દર્શનધર–ભિત્તિ–આદિથી ન રોકાવાવાળું શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનાર.
વ્યાવૃત્તછદ્મ–જે આત્માના કેવળજ્ઞાન કેવળદર્શનને ઢાંકી દે, તે ઘાતિક કર્મોનો સમૂહ છદ્મ કહેવાય છે. જેનાથી છદ્મ દૂર જતું રહ્યું હોય તે વ્યાવૃત્તછદ્મ છે.
જિન–સ્વયં રાગ–દ્વેષ રૂપી શત્રુઓને જીતનાર.
જાપક–રાગાદિને જીતવાને માટે તત્પર ભવ્ય જીવગણોને ધર્મદેશના આદિ દ્વારા જીતવાની પ્રેરણા આપનાર.
તીર્ણ–સંસાર–પ્રવાહથી જે પોતે પાર જઇ ચૂકયો છે.
તારક–બીજાઓને તારનારા.
બુદ્ધ–પોતે બોધ પામેલા.
બોધક–બીજાને બોધ દેનાર.
મુક્ત–જે પોતાને કર્મરૂપી પાંજરામાંથી મુકત કરી ચૂકયા છે.
મોચક–બીજાને મુકત થવાની પ્રેરણા કરનારા.
સર્વજ્ઞ–સમસ્ત દ્રવ્યો, પર્યાયો અને ગુણોને સારી રીતે જાણનારા.

સર્વદર્શી–સમસ્ત પદાર્થોના સામાન્ય ધર્મોને જાણનારા. આ બધાં વિશેષણોથી યુક્ત તથા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલાં સિદ્ધ ભગવાનોને નમસ્કાર હો. સિદ્ધિગતિનું સ્વરૂપ શું છે તે બતાવે છે–તેઓ બધી જાતના ઉપદ્રવો વિનાના હોવાથી શિવ એટલે કે કલ્યાણમય છે. તેમા સ્વાભાવિક કે પરપ્રેરણાજનિત હલન–ચલનની ક્રિયા થતી નથી, તેથી અચલ છે. તે અરુજ (રોગ વિનાનું) છે, મુકતાત્માઓને શરીર ન હોવાથી વ્યાધિ થતી નથી અને મન ન હોવાથી આધિ થતી નથી, તેથી તે ગતિ અરુજ છે. તે અનન્ત (અન્ત વિનાની) છે અને અક્ષય (અવિનાશી) છે. દ્રવ્ય અને ભાવથી પીડા ન હોવાના કારણે અવ્યાબાધ છે. તે ગતિમાંથી ફરીથી સંસારમાં આવવું પડતું નથી તેથી તે અપુનરાવૃત્તિ છે. મોક્ષ જઈને આત્મા કદી પણ પાછો આવતો નથી. આ વાત બીજા ધર્મોમાં પણ સ્વીકારવામાં આવેલ છે. ત્યાં કહ્યું છે—

**"न स पुनरावर्तते, न स पुनरावर्तते" इति।**

"તે (મુકતાત્મા) ફરીથી પાછો આવતો નથી, તે ફરીથી પાછો આવતો નથી."

તે વિશેષણોથી યુકત સિદ્ધિગતિ નામનું સ્થાન એટલે કે લોકના અગ્રભાગને જે પામી ગયાં છે અને જેમણે સમસ્ત ભયોને જીત્યાં છે તે જિન દેવોને–સિદ્ધોને નમસ્કાર હો.

શક્રેન્દ્ર આ પ્રમાણે સિદ્ધોને નમસ્કાર કરીને અર્હન્ત ભગવાન મહાવીરને નમસ્કાર કરે છે—નમસ્કાર હો શ્રમણ ભગવાન મહાવીરને, જેમનો પૂર્વવર્તી તીર્થંકરોએ ભાવી તીર્થંકરના રૂપમાં નિર્દેશ કર્યો છે. અહીં જે **'यावत्'** પદ છે તેથી 'આદિકર, તીર્થંકર'થી લઇને 'સિદ્ધગતિનામધેય સ્થાન' સુધીના પદોનો સંગ્રહ કરી લેવો જોઇએ. તથા "અહીં રહેલ, હું (શક્રેન્દ્ર) ત્યાં (દેવાનન્દાની કુખમાં) રહેલ ભગવાનને વંદણા કરૂં છું. ત્યાં રહેલા ભગવાન અહીં રહેલા મને જોવે" એવું કહીને શ્રમણ ભગવાન મહાવીરને વંદણા—નમસ્કાર કરે છે. વંદણા—નમસ્કાર કરીને શ્રેષ્ઠ સિંહાસન પર પૂર્વ દિશામાં મુખ રાખીને બેસી જાય છે. ॥સૂ૦૧૦॥

## શક્રેન્દ્રકૃતગર્ભસંહરણવિચારઃ ।

મૂલનો અર્થ—**'तए णं से'** ઈત્યાદિ. ત્યાર બાદ શક્રેન્દ્ર વિચાર કરવા લાગ્યા કે ભગવાન મહાવીરે બ્રાહ્મણકુળમાં અવતરણ કર્યું તે એક આશ્ચર્યજનક ઘટના છે. કારણ કે અરિહંત, ચક્રવર્તી બળદેવ, વાસુદેવ, મહાન્ પરાક્રમી અને સર્વ શ્રેષ્ઠ મહાપુરુષો છે, આવા મહાપુરુષો વીર્યવાન્ અને પરાક્રમી ક્ષત્રિય કુળોમાં જન્મ લે તે ઉચિત ગણાય છે. ક્ષત્રિયકુળ શિવાયના કુળો હીનપદ અને દરિદ્રવાળા ગણાય છે. તેથી આવા મહાન્ પુણ્ય-શાળી કદાપિ પણ ક્ષુદ્રકુળોમાં આવ્યા નથી, આવતા નથી ને આવશે પણ નહિ, તો આ 'આગમન' કેવું આશ્ચર્ય-જનક છે! આવી આશ્ચર્યજનક ઘટના અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ વ્યતીત થયા બાદ બને છે.

શક્રેન્દ્ર વિચાર મગ્ન થઇ વિચારે છે કે કદાચ આવા મહાપુરુષોને પણ, પૂર્વે નીચગોત્ર બાંધવારૂપ કર્મ-ક્ષય ન થયું હોય, તો તે કર્મના ઉદયે તેમને આવો સંયોગ સાંપડે છે, આવા રૂડા જીવો કુક્ષીમાં ગર્ભ રૂપે રહે છે, પણ તેઓનો યોનિજન્મ થતો નથી.

ત્રિલોકીનાથ શ્રમણ ભગવાન મહાવીરની ઉત્પત્તિ આ બ્રાહ્મણકુળમાં થઈ છે, તો ભૂત, વર્તમાન અને ભાવિ કાળના શકેન્દ્ર દેવેન્દ્રોનો જીત વ્યવહાર છે કે, અર્હંત ભગવાનના જીવોનું ત્યાંથી સંહરણ કરી કોઈ વિશિષ્ટ ઉગ્રકુળ, ભોગકુળ, રાજન્યકુળ, ઇક્ષ્વાકુકુળ, હરિવંશકુળ અથવા જ્ઞાતકુળમાં તેમજ વિશુદ્ધ જાતિકુળમાં તેમનું સ્થાપન કરવું. તો ઉચિત છે કે, તીર્થંકર શ્રમણ ભગવાનનું દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી સંહરણ કરી, ક્ષત્રિયકુંડગ્રામ નગરના જ્ઞાત ક્ષત્રિયોના કુળમાં ઉત્પન્ન થયેલ કાશ્યપગોત્રી સિદ્ધાર્થ ક્ષત્રિયની ભાર્યા વાશિષ્ઠગોત્રવાળી ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં ગર્ભરૂપે હું સ્થાપન કરું.આવો નિર્ણય કરી, તેણે પદાતિ—અનીકાધિપતિ હરિણૈગમેષી દેવને બોલાવ્યો, ને બોલાવી નિમ્નોક્ત પ્રકારે આજ્ઞા આપી—

હે દેવાનુપ્રિય! અર્હંત, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ કદાપિ પણ અંતપ્રાંત આદિ કુળમાં ઉત્પન્ન થાય નહિ, પરન્તુ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરનું દેવાનન્દા બ્રાહ્મણીની કુક્ષિમાં પધારવું થયું છે આ અનુચિત છે, ને આપણો જીત વ્યવહાર છે કે, તે ગર્ભનું ઉત્થાપન કરવું તો તમે બ્રાહ્મણકુળમાંથી સંહરણ કરી ત્રિશળા માતાના ગર્ભમાં તેમને સુખે-સમાધે મૂકી આવો. આ કાર્ય કરતાં ભગવાનના જીવને જરાપણ પરિશ્રમ પીડા કે ખેદ ન થાય તે જોવાનું ભૂળશો નહિં. આ પ્રમાણે આજ્ઞાનું પાલન કરી મને શીઘ્ર જવાબ આપો. (સૂ૦૧૧)

ટીકાનો અર્થ—तए णं से ઈત્યાદિ. શક્રેન્દ્ર દેવરાજે મનથી નક્કી કર્યું કે–'અર્હંત, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ, નિશ્ચયપણે ક્ષુદ્રકુળોમાં, અધમકુળોમાં, તુચ્છ અને અલ્પપરિવારયુક્ત કુળોમાં, જાતિ, ધન વિગેરેથી હીન કુળોમાં, દીન–શોકગ્રસ્ત કુળોમાં, વંશપરંપરાગત રોગિષ્ઠ કુળોમાં, કુટિલ અને વંચક કુળોમાં, નિર્ધન અને કંજૂસ કુળોમાં, ભિખારી અને બ્રાહ્મણ કુળોમાં જન્મે નહિ.

શ્રી શ્રમણ ભગવાન મહાવીરની બાબતમાં બન્યું તે તો એક અકલ્પનીય ઘટના બની ગઈ, અને તેનું કારણ એ કે નીચગોત્રરૂપ બાંધેલાં કર્મોની સ્થિતિનો ક્ષય ન થયો, રસનું વેદન નથી થયું, તે કર્મો ભોગવ્યા નહિ હોય તેથી નિર્જરા થઈ નથી, એમ આ ઉપરથી ફળિત થાય છે.

આવા સર્વોત્તમ પુરુષોનો જન્મ નીચે વર્ણવાએલ કુળોમાં જ હોવો જોઇએ.

(૧) ઉગ્રકુળ–ભગવાન ઋષભદેવે, જ્યારે વર્ણ રચના કરી, ત્યારે 'રક્ષક' તરીકે જે જે ક્ષત્રિયોને નિયુક્ત કરવામાં આવ્યાં હતાં, તે ક્ષત્રિયોના કુળો 'ઉગ્રકુળ' તરીકે ઓળખાય છે.

(૨) ભોગકુળ-ભગવાન ઋષભદેવ દ્વારા 'ગુરુ' તરીકે સ્થાપિત થયેલ ભોગ' નામના ક્ષત્રિયકુળો 'ભોગકુળો' તરીકે ઓળખાય છે.

(૩) રાજન્યકુળ–'મિત્ર' તરીકે જે જે ક્ષત્રિયોને મુકરર કરવામાં આવ્યાં હતાં, તેઓના કુળો 'રાજન્યકુળો' કહેવાય છે.

(૪) ઈક્ષ્વાકુકુળ–આ નામથી પ્રસિદ્ધ થયેલ એક ક્ષત્રિયકુળ જે ભગવાન ઋષભદેવનું કુળ હતું તે.

(૫) હરિવંશકુળ–કોઇ એક વૈરભાવવાળો દેવ, હરિવર્ષક્ષેત્રમાં રહેલ એક યુગલને ભરતભૂમિ પર લઇ આવ્યો. આ 'યુગલ' અહિં જ સ્થાઇ રહી ગયું. તેનો વંશ હરિવંશકુળ ગણાય છે.

(૬) જ્ઞાતકુળ–ઉદાર ચિત્તવાળા ક્ષત્રિયોનો કુળ.

(૭) વિશુદ્ધજાતિકુળ-વિશુદ્ધજાતિ એટલે માતૃપક્ષ, વિશુદ્ધકુળ એટલે પિતૃપક્ષ, એવા સંયુક્ત વિશુદ્ધિવાળા કુળો 'વિશુદ્ધજાતિકુળ' તરીકે ઓળખાય છે.

## હરિણૈગમેષિણં પ્રતિ ગર્ભસંહરણાય શક્રસ્યાદેશઃ ।

ઉપરોક્તકુળાકુળનો વિચાર અને નિર્ણય કરી પોતાની ફરજ સમજી શક્રેન્દ્ર ગર્ભનું સુખે સમાધે સંહરણ કરનાર હરિણૈગમેષી દેવને બોલાવ્યો ને આ પ્રમાણે—મૂળમાં કહ્યા પ્રમાણે 'સંહરણ' કરી ત્રિશલા માતાની કુખે, ભગવાન મહાવીરના જીવનું સ્થાપન કરવા, આદેશ કર્યો. (સૂ૦ ૧૧)

## હરિણૈગમેષિકૃતગર્ભસંહરણમ્ ।

મૂળનો અર્થ—'**तए णं** ' ઇત્યાદિ. આજ્ઞા થયા બાદ આ દેવ શીઘ્રગતિએ ઇશાનકોણમાં ગયો. ત્યાં જઇ વૈક્રિયસમુદ્ઘાત કરી ઉત્તરવૈક્રિયરૂપ ધારણ કરી, દિવ્યગતિથી પ્રયાણ કરી, તિરછા લોકમાં, અસંખ્ય દ્વીપસમુદ્રોની વચ્ચો-વચ્ચે થઇ મધ્યજંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં જ્યાં 'બ્રાહ્મણકુસંગ્રામ' નામનું નગર હતું ત્યાં આવી પહોંચ્યો. તે ગામમાં જ્યાં ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીનું ઘર હતું ત્યાં ગયો. જઇ ભગવાન મહાવીરને અંતરિક્ષ પણે અવલોકી તેમને પ્રણામ કર્યો. માતા દેવાનંદાને ઘેરી નિદ્રામાં 'અવસ્વાપની' નામની વિદ્યાના બળે સુવાડી દીધા !

ત્યારબાદ અશુભ પુદ્ગળના રજકણો દૂર કરી, શુભ પુદ્ગળોનો સમૂહ રચ્યો. આ પછી ભગવાનને વિનંતી કરતો, તેમને કોઇપણ પ્રકારની પીડા અણઉપજાવતો, શ્રમ અને ખેદ નહીં પહોંચાડતો આનંદથી શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા અનુસાર ભગવાન મહાવીરના શરીરને પોતાના કોમળ (હથેળી)માં મૂકયું (સૂ૦૧૨)

ટીકાનો અર્થ—'**तए णं**' ઇત્યાદિ. શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા અનુસાર, હરિણૈગમેષી દેવ ઉતાવળી ગતિએ, ઈશાનકોણમાં ગયો. જ્યારે જ્યારે પોતાના દૈવી શરીરમાં ફેરફાર કરવાનો હોય, ત્યારે દેવો ઇશાનકોણમાં જાય છે. અને તેવા પુદ્ગળના સ્કંધો મેળવી શરીરની વિક્રિયા કરે છે. આ વિક્રિયા એટલે વિશેષતાવાળી ક્રિયા, જે ક્રિયા દ્વારા પોતાનુ વિશિષ્ટ આકૃતિવાળું સૂક્ષ્મ કે સ્થૂળ શરીર બનાવે છે. આ વૈક્રિયલબ્ધિ દેવોને ભવ-આશ્રયી હોય છે. ત્યારે વાસુદેવ જેવાઓને તિરછા લોકમાં, લબ્ધિ આસરી, વૈક્રિયલબ્ધિ હોય છે.

આ દેવ પોતાની વક્રિયશક્તિ દ્વારા, એકદમ આવી, દેવાનંદા માતા પર અવસ્વાપની વિદ્યાનું બળ અજમાવ્યું ને ગાઢનિદ્રામાં તેમને સુવાડી દીધા. ત્યારબાદ ક્ષેમકુશળતાપૂર્વક ભગવાનને ગર્ભમાંથી ઉપાડી લીધા, અને પોતાની હથેળીમાં શાંતિપૂર્વક સુવાડયાં. (સૂ૦૧૨)

મૂળનો અર્થ—'तए णं' ઇત્યાદિ. દેવેન્દ્રના ફરમાન પ્રમાણે, હિતેચ્છુ, શાસનહિતકર હરિણૈગમેષી દેવ, સિદ્ધાર્થ રાજાના ઇંદ્રભવનસમાન રાજમહેલમાં પ્રવેશ કરી, સૌભાગ્યસંપન્ન, સર્વાંગસુંદર અને સુખપૂર્વક સુતેલાં ત્રિશળા રાણી સમીપ આવ્યો.

રાણી સહિત સર્વ સ્વજન-પરિજનોને 'અવસ્વાપની' નિદ્રામાં સુવાડી દીધાં, ત્રિશળા રાણીની કુખમાંથી અશુભ અને દુર્ગન્ધવાળા પદાર્થો અને રજકણો ઉપાડી લઈ, શુભ અને સુખકારી રજકણો દાખલ કર્યાં. શક્રેન્દ્રના હુકમ અનુસાર, અપ્રતિહત દિવ્ય પ્રભાવ વડે, આશોવદ તેરસ ૧૩ ના દિવસે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો ચંદ્રમાની સાથે યોગ થતાં, ત્રિશળા રાણીના ઉદરમાં રહેલ ગર્ભને ઉપાડી, ભગવાનના શરીરને, તે ગર્ભમાં મૂકી દીધું. ત્યારપછી દેવાનંદા બ્રાહ્મણી પાસે જઇ રાણીના ગર્ભને તેની કૂખે મૂક્યો.

આ કાળ અને આ સમયે, શ્રમણ ભગવાન, મતિ-શ્રુત અને અવધિજ્ઞાન યુક્ત હતાં. તેથી 'સંહરણ થશે' એમ જાણતાં હતાં. 'સંહરણ થઇ ગયુ" એ પણ જાણ્યું 'સંહરણ થઈ રહ્યું છે' તે પણ જાણતાં હતાં. કારણ કે 'સંહરણ'નો કાળ અસંખ્યાતા સમયનો હોય છે.

કાર્ય પૂરું થયાં બાદ, આ દેવ, ભગવાન મહાવીર તેમજ તેમની માતા ત્રિશળા રાણીને નમસ્કાર કરી, અંતર્ધાન થયો. શક્રેન્દ્ર પાસે આવી કાર્ય સમાપ્તિની જાહેરાત કરી. (સૂ૦૧૩)

ટીકાનો અર્થ—'तए णं'ઇત્યાદિ. આવા દેવો, ભાવિક અને શાસનની ઉન્નતિ સાધવાવાળા હોય છે. 'સંહરણ'ના કાર્યમાં તેઓ કાર્યસાધક હોય છે. એટલે થોડાજ સમયમાં આવું કપરું કામ પૂર્ણ કરી દે છે.

ઘણા દેવો કુતૂહળ કરવાના ઇરાદાથી, અથવા મૃત્યુલોકમાં પોતાની મહિમા પૂજા કરાવવાની ઇચ્છાથી, અનેક વ્યક્તિઓની માનસિકભૂમિકામાં પલટો લાવે છે. તેમજ સ્વપ્નદર્શન દે છે, અથવા સ્ત્રીઓના ગર્ભનું સંહરણ કરે છે. આવા દેવો મિથ્યાત્વ ભાવવાળા હોવાથી, સુખની લાલસાએ આવા કૃત્યો કરે છે, ત્યારે હરિણગમૈષી દેવ. ફકત આવા કોઇ શભ પ્રસંગે દેવેન્દની આજ્ઞા થયે. આવા કાર્યો. ધર્મની ઉન્નતિ અર્થે જ કરે છે.

'સંહરણ' એટલે સમ્યક્ પ્રકારે હરી લેવું તેમજ દાખલ કરવું તેવો થાય છે. આવા વખતે ગર્ભાધાનમાં રહેલાં જીવો મૂર્ચ્છાવંત હોય છે, કારણ કે ગર્ભનું દુઃખ કલ્પનાતીત હોય છે. જીવના ભૂલકણાં સ્વભાવને લીધે ગર્ભમાંથી આવ્યા બાદ જીવો તે દુઃખોને વીસરી જાય છે. પરંતુ ભગવાન ગર્ભના દુઃખો અનુભવતાં હતાં, છતાં સજાગ હતાં, કારણ કે 'સમ્યક્ત્વભાવ' દ્વારા તેમનું લક્ષ 'આત્મા' પ્રતિ કેન્દ્રિત થયેલું હોઇ આવા દુઃખો તેમને અસર કરી શકતાં નહિ. દાખલા તરીકે આપણને શારીરિક વેદના થતી હોય છતાં. કોઇ વ્યક્તિ આપણું લક્ષ, તેની વાતમાં પરોવી દે ત્યારે જ્યાં સુધી વાતમાં મન પરોવાયેલું રહે ત્યાં સુધી તે દુઃખોની અસર અનુભવાતી નથી. આ બધા દુઃખોનું મૂળ કારણ 'મનોમય' પ્રવૃત્તિ છે.

ભગવાનનું લક્ષ 'અનાત્મક' ભાવો તરફથી છૂટી, 'આત્મભાવ' તરફ વળી ગયું હતું તેથી તેઓ દુઃખને દુઃખ નહીં ગણતા. (સૂ૦૧૩)

## રાજભવનવર્ણનમ્ ।

મૂળનો અર્થ— '**तए णं सा तिसला**' ઇત્યાદિ. ત્રિશલા રાણી જે રાજભવનમાં શયન કરી રહ્યાં હતાં તે રાજભવનનું વર્ણન નીચે મુજબ છે.—

આ રાજભવનના કમાડો છ સુંદર પ્રકારના ઇમારતી લાકડાના બનેલાં હતાં, થાંભલાં વડૂર્ય આદિ વિવિધ પ્રકારની મણિઓથી જડેલાં હતાં. આ થાંભલાં પર રંગબેરંગી ચિત્રો દોરવામાં આવ્યાં હતાં. મણિઓના ચળકાટ વડે આ ચિત્રકળાઓ ઘણી સુંદર ભાત પાડતી હતી. આ થાંભલાંઓની વચ્ચે સુંદર પૂતળીઓની આકૃતિઓ કોતરવામાં આવી હતી. પૂતળીઓના માથા મણિરત્નોથી શણગારવામાં આવેલ હતાં.

મહેલમાં વિવિધ પક્ષીઓને પાળવામાં આવતાં. તેઓની રક્ષા માટે સુંદર જગ્યાઓ નિર્મિત કરવામાં આવેલ હતી.

આ મહેલની સીડીઓ, વિધવિધ ચિહ્નોવાળા અર્ધચંદ્રમાના આકારવાળા રત્નોથી સુંદર અને આકર્ષક બનાવવામાં આવી હતી. સિડીઓના પગથીયા ઉપર સર્વોત્તમ ઘોડાઓની આકૃતિઓ દોરવામાં આવી હતી.

આ ભવનના એક ભાગને 'કનકાલિકા' તરીકે ઓળખવામાં આવતો. આ ભાગ સોનાની ઘૂઘરીઓથી શોભિત કરવામાં આવ્યો હતો. આ રાજભવનમાં અનેક ખંડો અનેક પ્રવૃત્તિઓ માટે રચવામાં આવ્યાં હતાં. અને આ નાના પ્રકારની શોભાથી યુક્ત હતાં.

તેની દિવાલો રત્નજડિત ચિકણી સુવર્ણ રજથી બનેલી હતી. તેના દરવાજા, વિશાળ અને અનુપમ શોભાવાળા હતાં. આ દરવાજા પર, હંસગર્ભક નામના રત્નો જડવામાં આવ્યાં હતાં.

ઇંદ્રકીલો (દ્વારના અવયવ) ગોમેદ મણિયો દ્વારા ચકચકતાં હતાં. ભવનનું 'ચતુષ્કાષ્ઠ' ચોગટ—સુંદર લોહિતાક્ષ મણિઓની શોભાથી ઝગમગી રહ્યું હતું. અને લાલ હોવાને લીધે ગૃહની શોભાને આપી રહ્યું હતું.

આ મહેલના દરવાજાના કમાડો, મરકત અને વજરત્નોના આગળિયાથી શોભામાં અનોખી વૃદ્ધિ આપી રહ્યાં હતાં. પાંચ જાતના રત્નોવાળા તોરણો, આ દરવાજા ઉપર લટકતાં હતાં. ચકચકિત-રત્નો જડિત ચંદરવા બનાવેલા હતા.

આ ભવનમાં, સ્ફટિક રત્નોની 'હંસમાળા' એવી કુશળતાપૂર્વક બનાવવામાં આવી હતી કે આકાશમાં ઉડતી સાચા હંસોની 'હાર' આ 'હાર' પાસે લજ્જા અનુભવતી હતી.

ધીમી ધીમી પવનની લહેરો દ્વારા, સોનાના બારીક તારોમાં પરોવાએલ મણિઓ અને મોતીઓની ઝાલરોથી છત્રીસ પ્રકારની રાગ-રાગણીઓ નિકળતી હતી. આ રાગ-રાગણીઓથી, આખુ ભવન ગુંજીરહ્યું હતું.

આ મહેલને અનુપમ ગેરુ આદિ ધાતુ-પાષાણોથી રંગવામાં આવ્યો હતો. તેનો બાહ્ય ભાગ, સારી રીતે ઘસાયેલ હોવાથી એવો તો સુંદર અને આકર્ષક લાગતો હતો કે જોનાર વ્યક્તિનું પ્રતિબિંબ તેમાં પડતું અને બેહુબ પ્રતિબિંબ દૃષ્ટિગોચર થતું.

દિવાલોનો અંદરનો ભાગ, અનોખા ચિત્રોથી અંકિત કરવામાં આવ્યો હતો. ભવનનું વિશાળ ભોંયતળિયું પાંચ જાતના મણિરત્નોવાળું હતું. તેનો ઉપરનો ભાગ કમલો, લતાઓ અને ફળવાળા વેલોથી અને વિવિધ કળોના ચિત્રોથી શોભિત ચંદ્રોવાવાળો હતો

આ ભવનના પ્રવેશ દ્વારે, મંગળસૂચક સુવર્ણમય કળશો, સુંદર ગોઠવવામાં આવ્યાં હતાં, ને તેમાં કમળો શોભી રહ્યાં હતાં.

સુવર્ણમય દોરીઓમાં પરોવાએલ મણિ અને મોતીની મનોહરમાળા, દ્વારની દિવ્ય શોભા પ્રદીપ્ત કરી રહી હતી. તે ભવન સુગંધિત સુંદર ફૂલોની સમાન મૃદુલ, ઘણી સુંવાળી સારી બનાવટવાળી શય્યાવડે શોભી રહ્યું હતું અને લોકોના ચિત્તને આકર્ષણ કરનાર અને મનને રંજન કરનાર હતું.

કપૂર, લવીંગ, મલયાગિરિનું ચંદન, કૃષ્ણાગુરુ, કુન્દુરુક્ક, લોબાન, અથવા ઉત્તમ ધૂપ વગેરેની સુગંધથી આ મહેલ મઘમઘી રહ્યો હતો. અત્યંત સુગંધિત પદાર્થો દ્વારા, શરીરને ઉત્કૃષ્ટ પૌદ્‌ગલિક સુખ ઉપસ્થિત થતું હતું.

મણિ-રત્નોના પ્રકાશથી, અંધકાર, તે મહેલમાં પ્રવેશ કરી શકતો નહિ. સળગાવેલ ધૂપની ઉઠેલા ધૂમ્ર-પટલો મેઘ-વાદળો-સમાન મનોહર દીસતાં હતાં. વિચિત્ર લાલમણિઓના ઝળઝળાટથી, વિદ્દ્યુત્-સમાન શોભા ઉઠી આવતી હતી.

મૃદંગના ધ્વનિથી મયૂરો પણ નાચી ઉઠતાં હતાં. આ ધ્વનિથી મોરોને, મેઘરાજાના આગમનની ભ્રમણા થઇ આવતી.

ચંદ્રમાની કિરણોના સંયોગવડે ચંદ્રકાંત મણિયોથી જળ ઝરી રહ્યું હતું. આ મહેલની સઘળી શોભા દેવ-વિમાનોની શોભા અને ઋદ્ધિનું પ્રદર્શન કરતી હતી. આ મહેલ સઘળી ઋતુઓમાં સુખજનક હતો. અચિંત્ય ઋદ્ધિ અને વૈભવથી સંપન્ન હતો અને ઉત્કૃષ્ટ પુણ્યશાળી જીવોને નિવાસ યોગ્ય અને શ્રેષ્ઠ હતો.

રાજા સિદ્ધાર્થના આ રાજભવનમાં ત્રિશલાદેવી, સુખપૂર્વક શયન કરી રહ્યાં હતાં. આ શય્યા કેવા પ્રકારની હતી તેનું વર્ણન આ પ્રમાણે છે.

બન્ને પડખે માથુ અને પગ તરફ, લોહિતાક્ષ રત્નોના તકીયા મૂકવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત સુવર્ણ-અંકિત ગાલમસૂરીયા પણ ગોઠવવામાં આવ્યા હતાં. શય્યા, શરીર પ્રમાણ હતી. શિર અને પગ તરફના ભાગો, ઉંચા હતાં, ને વચલો ભાગ જરા નીચા જેવો હતો. જેમ ગંગાનદીના કિનારાની વાળુમાં પગ મુકતાં જ પગ નીચે ધસી જાય છે તે જ પ્રકારે તે શય્યા ઉપર પણ પગ ધસી જતાં હતાં.

આ શય્યા પર ભરતકામવાલા રેશમી વસ્ત્રો આચ્છાદિત હતાં. આ શય્યા, અસ્તરો-(આચ્છાદક વસ્ત્ર), મલક-(પાથરવાનો વસ્ત્ર), નવત-(પાથરવાનો ઊની વસ્ત્ર) કુસક્ત-(એક પ્રકારના પાથરવાનો વસ્ત્ર), લિંબ-(ઘેટાના બચ્ચાની ઊનનો વસ્ત્ર), તથા સિંહકેશર-(ગાળીચા)થી યુક્ત હતી. આ 'મુલાયમતા'નું ધૂળના રજકણો સામે રક્ષણ કરવા, એક સુંદર વસ્ત્ર પાથરવામાં આવતું. તેની પર મચ્છર આદિ જીવજંતુથી રક્ષણ મેલવવા એક મચ્છરદાની રહેતી.

આ મચ્છરદાની, ચર્મવસ્ત્ર જેવી કોમલ, કપાસના રૂ જેવી સુવાલી, બૂર નામક વનસ્પતિ જેવી મુલાયમ ચલકાટવાળી, માખણ જેવી પોચા સ્પર્શવાળી હતી.

આ કાપડ, જોવા માત્રથી પ્રમોદ કરવાવાળું, નેત્રને એકાકાર કરવાવાળું, અને દર્શનીય હતું.

આવી સુખમય શય્યામાં સૂતેલી ત્રિશલા રાણીએ, મધ્યરાત્રિએ, અર્ધનિદ્ર અવસ્થામાં, ઉદાર કલ્યાણમય શિવ સુખકારી, મંગલમય, હિતકર, પ્રીતિકર એવા ચૌદ સ્વપ્નો જોયાં, તેનો નામ નીચે પ્રમાણે—

(૧) ગજ (૨) વૃષભ (૩) સિંહ (૪) લક્ષ્મી (૫) માળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કુંભ-કલશ (૧૦) પદ્મસરોવર (૧૧) સાગર (૧૨) વિમાન-ભવન (૧૩) રત્નરાશિ (૧૪) અગ્નિશિખા. ઉપરના ચૌદ સ્વપ્નોનો સુખદ અનુભવ મલતાં. તે જાગી ઉઠી. (સૂ૦૧૪)

ટીકાનો અર્થ— **'तए णं सा तिसला'** ઇત્યાદિ. ત્યારે હરિણેગમેષી દેવ પાછા ફર્યા પછી, દેવવડે સંહરણ કરાયેલા ગર્ભને ધારણ કરનારી ત્રિશલા ક્ષત્રિયાણીએ અપૂર્વ પુણ્યના પ્રતાપે પ્રાપ્ત થવા લાયક ઉત્તમ ભવનમાં, શય્યા પર સૂતી વખતે ચૌદ મહાસ્વપ્નો જોયાં. તે ભવન કેવું હતું તે બતાવે છે—

તે ભવન સુંદર ષડ્દારુથી લઇને ચંદ્રશાળા સુધીના અનેક વિભાગો વાળું હતું. સુંદર છ કાષ્ઠોને ષડદારુ કહે છે. આ છ કાષ્ઠ ઘરના બારણાંઓનાં કમાડોમાં હોય છે. વૈડૂર્ય આદિ અનેક પ્રકારના મણીઓથી ચિત્રવાળાં, સુવાળાં તથા મનોહર રચનાવાળાં સ્તંભોના અંતિમ ભાગની પાસે કાષ્ઠાદિ વડે બનેલી પુતળીઓ—મનુષ્ય આદિની આકૃતિઓ—થી, મનોહર મણીઓ, સોના અને રત્નોથી શોભતાં શિખરો વડે, હિંસક પ્રાણીઓની શંકાથી વર્જિત કપોતપાલિકા-મહેલ આદિના અગ્રભાગ ઉપર કાષ્ઠ આદિ વડે બનાવેલાં પક્ષીઓનાં નિવાસ સ્થાન વડે વિશાલ અને જુદા જુદા પ્રકારના વજ્ર આદિ મણીઓના સમૂહ તથા અર્ધચંદ્રનાં જેવાં ચલકતાં અનેક પ્રકારના ચિહ્નોવાળાં રત્નો દ્વારા રચેલ સીડીઓની પરંપરા વડે, નિર્યૂહો-દરવાજાની આજુબાજુ દીવાલમાંથી બહાર નીકળી આવતા અશ્વ વગેરેની આકૃતિનાં કાષ્ઠોથી સુશોભિત અંદરના ભાગથી, સોનાની ઘુઘરીઓથી શોભાયમાન કનકાલિકા (ભવનનો એક ભાગ) થી, તથા ચંદ્રશાલા (ભવનનું શિરોગૃહ) થી, તે ભવન સુંદર લાગતું હતું. તે ભવનની દીવાલો સોનાની હતી, અને તેઓમાં રત્નો જડેલાં હતાં. હંસગર્ભ નામનાં રત્નોનાં બનેલાં વિશાળ દ્વારો હતાં. ગોમેદ મણીઓ વડે રચેલ ઇન્દ્રકીલ-દ્વારનો અવયવ વિશેષ હતો. તેની ચૌકઠ (બારણાનું ચોકઠું-ઉમરો) મનોહર લોહિતાક્ષ મણિ વડે બનાવેલી હતી, અથવા તે ઘરની ચૌકઠ મનોહર મંગળ ગ્રહના જેવી સુંદર અને લાલ હતી. મરકત અને વજ્ર મણીઓ વડે બનેલાં કમાડ આગળથી મનોહર લાગતાં હતાં તે પાંચ રંગનાં રત્નો વડે બનાવેલા તોરણોથી શોભતાં હતાં. ત્યાં ચકચકિત તેજવાળાં રત્નોનાં ચંદરવા બનાવેલા હતા. અદ્ભુત રૂપથી ચિત્રેલ સ્ફટિક મણીઓના હંસની હારો આકાશમાં ઉડનારા સાચા-સજીવ હંસો કરતાં પણ અધિક સુંદર લાગતી. મંદ મંદ પવનથી ઝૂલતી અને સુવર્ણમય પાતલાં સૂતરમાં પરોવેલી મણિ-મોતિયોની ઝાલરમાંથી નિકલતી છત્રીસ રાગ-રાગણીઓથી ગુંજતું રહેતું હતું, એટલે કે તે ભવનમાં મધુર અને અસ્ફુટ ધ્વનિ ચાલુ રહેતો હતો. તે સુંદર તથા અનુપમ સોનાની દીવાલોની શોભાને વધારનાર સોનાગેરૂ આદિના રંગો વડે રંગેલું હતું. ભવનનો બહારનો ભાગ તદ્દન શ્વેત, ઘસેલો અને સાવરણી વડે સાફ કરેલો હતો અને અંદરના ભાગમાં અનેક પ્રકારના અદ્ભુત ચિત્રો બનાવેલાં હતાં. તેનું ભોંયતળિયું (ફર્શ) શ્વેત આદિ પાંચ રંગોના વડે બનાવેલું હતું, અને તેની છત

કમળો. ફૂલ વિનાની વેલો. પદ્મનાગ. અશોક, ચંપો, આમ્ર. વાસન્તી. અતિમુક્તક તથા કુન્દ આદિ ફૂલવાળી લતાઓ તથા સુંદર સુંદર પુષ્પોના ચિત્રોથી સુશોભિત હતી. મંગળ-સૂચક સુંદર સોનાના કળશોમાં પુંજીકૃત (ઘણાં એકત્ર કરેલા) તથા પરાગવાળાં કમળોથી ભવનનો દ્વારભાગ શોભતો હતો. સોનાના દોરામાં ગુંથેલી તથા મણિઓ અને મોતીઓથી મનને હરી લેનારી લટકતી માળાઓ દ્વારની શોભા વધારતી હતી. તે ભવન સુગંધથી સુંદર પુષ્પના જેવી કોમલ ખૂબ સુંવાળી અને સુંદર રચનાવાળી શય્યા વડે શોભતું હતું. સ્મરણ કરનારૂં ચિત્ત અને સંકલ્પ-વિકલ્પ કરનારૂં મન કહેવાય છે. તે રાજભવન ચિત્ત અને મન બન્નેમાં ચમત્કાર ઉત્પન્ન કરનારૂં હતું. કપૂર અને લવિંગ, મલય પર્વત પર ઉત્પન્ન થતું ચન્દન-શ્રીખંડ, કૃષ્ણાગુરુ (કાળો અગર)-એક સુગંધિ દ્રવ્ય, કુન્દુ-રુક્ક એક સુગંધિ દ્રવ્ય છે. તુરુષ્કને સિહ્લક પણ કહે છે તે "લોમાન" નામથી પ્રસિદ્ધ છે. અનેક સુગંધિદાર વસ્તુઓના મિશ્રણથી બનેલ દશાંગ આદિ ધૂપ કહેવાય છે. જેની ગંધ વિલક્ષણ પ્રકારની હોય છે. એ બધાં-કપૂરથી લઇને ધૂપ સુધીના સુગંધિ દ્રવ્યોથી ઉત્પન્ન થયેલ સુગંધ વડે મઘમઘાતી ગંધથી તે ભવન મનોહર લાગતું હતું. બધી સુગંધોમાં શ્રેષ્ઠ સુગંધ ત્યાં મહેકી રહી હતી. તે સુગન્ધિત-દ્રવ્યોની ગુટિકા સમાન એટલે કે અત્યન્ત સુગંધીદાર હતું. વૈદૂર્ય આદિ મણીઓના સમૂહનાં કિરણોએ ત્યાંના અંધકારને દૂર કરી નાખ્યો હતો. શ્વેત આદિ પાંચ રંગોના રત્નો વડે તે સુશોભિત હતું. અગ્નિમાં સળગાવતા ધૂપમાંથી ધૂમાડાનો જે પટલ-સમૂહ ઉત્પન્ન થતો હતો તેના વડે તે મેઘ જેવું સુંદર લાગતું હતું. વિલક્ષણ લાલ રંગના પ્રકાશરૂપી સુંદર વિજળીથી તે શોભાયમાન હતું. તેમાં શ્રુતિ-સુખદ (કાનોને સુખ ઉપજાવનાર) મૃદંગનો અવાજ થયા કરતો હતો. તેથી મેઘ-પટલ ન હોવા છતા પણ મૃદંગનો ગંભીર અવાજ સાંભળીને મયૂરોને મેઘનો ભ્રમ થઇ જતો હતો, અને તેઓ નાચવા લાગતાં હતાં. ચન્દ્રમાનો ઉદય થતા ચન્દ્રકાન્તમણિયો વડે જે જળસ્રોત ઉત્પન્ન થતાં હતાં તે જળ તે ભવનમાં હાજર હતું. સ્વસ્તિક, સર્વતોભદ્ર, નન્દ્યાવર્ત્ત આદિ ભવન-કલાઓ વડે તે સુંદર હતું, તેમ જ વધારે સુંદર હતું. પોતાની શોભાથી દેવોના શ્રેષ્ઠ વિમાનને પણ તે મહાત કરતું હતું, એટલે કે તે દેવવિમાન કરતાં પણ અત્યંત સુંદર હતું. હેમંત આદિ બધી (છએ) ઋતુઓમાં તે સુખદાયી હતું. તે ભવન, કલ્પી ન શકાય તથા વર્ણવી ન શકાય એવી વિપુલ ઋદ્ધિવાળું હતું અને પૂર્વોપાર્જિત પુણ્ય ધરાવનાર પુરુષોના નિવાસને માટે યોગ્ય હતું.

આ શ્રેષ્ઠ રાજમહેલમાં ત્રિશલાદેવીએ જે શય્યા પર શયન કર્યું હતું તે શય્યાનું વર્ણન આ પ્રકારે છે.

તે શય્યા શરીરપ્રમાણ ઉપધાનથી શોભાયમાન હતી. તેની બન્ને તરફ લોહિતાક્ષ રત્નના તકિયા મૂકેલા હતા. કનપટી મૂકવાને માટે સોનાના બનાવેલા ઉપધાન (ગાલમસૂરિયા) થી તે યુકત હતી. તેના ઉપર શરીરના માપના તકિયા રાખ્યા હતા. તેનો માથાની તરફનો અને પાગેતની તરફનો ભાગ ઊંચો હતો તેથી વચ્ચેનો ભાગ કંઇક નીચો હતો. જેમ ગંગાના કિનારાની ઝીણી રેતીમાં પગ મૂકતાં પગ અંદર ખૂંચી જાય છે એ જ રીતે શય્યા પર પણ પગ મૂકતાં જ અંદર પેસી જતો. ભાવાર્થ એ કે તે શય્યા ઘણી જ મુલાયમ હતી અને ઘણી જ કોમળ હોવાથી ગંગાના કિનારાની રેતી જેવી હતી.

તથા તે શય્યા પર કસીદાના કામવાળો એક ક્ષૌમદુકૂલ (કપાસ-રૂ, સૂતરનું અથવા અળસીનું બનાવેલું વસ્ત્ર) પાથરેલો હતો. તે શય્યા પર આસ્તરક (અસ્તર), મલક (ઓછાડ), નવત (પાથરવાનું ગરમ વસ્ત્ર), કુસકત (પાથરવાનું વસ્ત્ર), લિંબ (ઘેટાના બચ્ચાની ઉનનું વસ્ત્ર) અને સિંહકેસર (જટિલ કામળ-ગાલીચો) પાથરેલાં હતાં. અહીં "મलक" થી લઈને "लिम्ब" સુધીના શબ્દો દેશીય શબ્દો છે. તે બધા વસ્ત્રોથી તે આચ્છાદિત હતી.

તેના પર ધૂળ લાગી ન જાય તે માટે વસ્ત્ર પણ રાખેલું હતું. મચ્છરદાની બાંધેલી હતી. તે શય્યા ઘણી જ સુંદર હતી. તે આજનિક (ચર્મમય વસ્ત્ર વિશેષ-તે સ્વભાવથી જ કોમળ હોય છે) રૂનાં રેસા, બૂર નામની વનસ્પતિ, નવનીત (માખણ) તથા આક કે સેમલ આદિના રૂના સ્પર્શ જેવી કોમળ હતી. જોનારાનાં મનમાં આનંદ પેદા કરતી હતી. દર્શનીય-નેત્રોને સુખદાયી હોવાથી ફરી ફરીને જોવા લાયક હતી. અભિરૂપ હતી-પ્રત્યેક જોનારની અભિમુખ હતી-તેને જોતા જોતા કોઇ ધરાતું નહીં એટલે કે તે અત્યંત રમણીય હતી. અપૂર્વ શિલ્પકળાના ચમત્કારવાળી હોવાથી તે અસાધારણ સુંદર હતી.

અપૂર્વ પુણ્યશાળી જીવોને શયન કરવા લાયક એવી શય્યામાં સુખપૂર્વક સૂતેલાં ત્રિશલાદેવીએ મધ્યરાત્રે, જ્યારે તે ગાઢ ઉંઘમાં પણ ન હતાં અને જાગતાં પણ ન હતાં, આછી નિદ્રાવસ્થામાં હતાં, ત્યારે આગળ જે કહેવાનાં છે તે હાથી આદિનાં ચૌદ મહાસ્વપ્નો જોયાં. તે શુભ ફળનાં સૂચક હોવાના કારણે ઉદાર હતાં, આરોગ્યજનક હોવાથી કલ્યાણકારી હતાં, શાન્તિજનક હોવાથી શિવરૂપ એટલે કે ઉપદ્રવહારી હતાં. નવીન-નવીન સુખને ઉત્પન્ન કરનારાં હોવાને કારણે ધન્ય-ભાગ્યોદયજનક હતાં. અશુભનું નિવારણ કરનારાં હોવાથી મંગળકારી હતાં, ત્રણ લોકની સમૃદ્ધિનાં કારણ હોવાથી સશ્રીક હતાં. આ લોક-પરલોકની વિપત્તિયોનું નિવારણ કરનારાં હોવાને કારણે હિતકર હતાં, ઇચ્છિત સુખોનાં જનક હોવાથી સુખકારી હતાં. સર્વે માણસોનાં મનમાં અનુરાગ ઉત્પન્ન કરનારાં હોવાથી પ્રીતિકર હતાં. આ પ્રકારનાં ચૌદ મહાસ્વપ્નોને જોઇને ત્રિશલાદેવી જાગી ઉઠયાં તે સ્વપ્નો આ પ્રમાણે છે-(૧) ગજ (૨) વૃષભ (૩) સિંહ (૪) લક્ષ્મી (૫) માળા (૬) ચન્દ્રમા (૭) સૂર્ય (૮) ધ્વજા-પતાકા (૯) કળશ (૧૦) કમળો વાળું સરોવર (૧૧) સાગર (૧૨) વિમાન (૧૩) રત્નોનો ઢગલો (૧૪) ધૂમાડા વિનાનો અગ્નિ. ॥સૂ૦૧૪॥

## ગજસ્વપ્નવર્ણનમ્ ।

### ૧-ગજસ્વપ્ન

મૂળનો અર્થ—"तत्थ खलु तिसला" ઇત્યાદિ.

તેઓમાં સૌથી પહેલાં ત્રિશલા ક્ષત્રિયાણી શ્રેષ્ઠ હાથીને જોવે છે. તે હાથી ચાર દંતશૂળવાળો હતો. તેનું શરીર ઘણું ઉંચું હતું તથા નિર્જળ વિશાળ જળધર (મેઘ), કપૂર, હાર, બરફ, જળ, ક્ષીરસાગર, ચન્દ્રમાનાં કિરણો તથા રજતપર્વતના જેવો સફેદ હતો. તે ઉડતાં, તથા મનોહર ગુંજારવ કરતાં ભમરાઓથી સુશોભિત, સુગન્ધવાળા, મહાજળધારાવાળા કપોળો (ગંડસ્થળો) ને કારણે મનોહર હતો. તે ગજ ઈન્દ્રના હાથી (ઐરાવત) જેવો લાગતો હતો, સુંદર લીલા કરનારો હતો. જળથી પરિપૂર્ણ અને આડમ્બરયુક્ત વિશાળ મેઘોની ગર્જના જેવો ગંભીર અને મનોહર ધ્વનિ (અવાજ) કરનારો હતો, નયનોને આનન્દ દેનારો હતો, શ્રેષ્ઠ હાથીનાં બધાં પ્રશસ્ત લક્ષણવાળો હતો, ઉત્તમ જાંઘોવાળો તથા મંગળ-રૂપવાળો હતો. ॥સૂ૦૧૫॥

ટીકાનો અર્થ—'तत्थ खलु तिसला' इत्यादि. તે ચૌદ મહાસ્વપ્નોમાંથી, ત્રિશલા ક્ષત્રિયાણીએ, પહેલાં સ્વપ્નમાં ગજરાજ જોયો. તે ગજરાજ કેવો હતો તે કહે છે-તે ચાર દંતૂશળવાળો હતો. ઊંચા શરીરવાળો હતો. જળરહિત મહામેઘ,કપૂર,

મોતીઓના હાર, આકળનાં પાણી, ક્ષીરસાગર, ચન્દ્રનાં કિરણો અને ઉત્તમ ચાંદીના પર્વતના જેવા શ્વેત શરીરવાળો હતો. આમ-તેમ ડોલતા તથા મધુર ગુંજારવ કરતા ભમરાઓના સમૂહથી સુશોભિત અને સુગંધીદાર મદધારાથી યુક્ત તેનાં બન્ને ગાલ અત્યન્ત સુંદર લાગતાં હતાં. તેને કારણે તે ઘણો સુંદર લાગતો હતો. તે ઈન્દ્રના સુંદર હાથી (ઐરાવત) જેવો લાગતો હતો. એટલે કે ઉંચાઇ, વિશાળતા તથા ધવલતામાં તે ઐરાવત હાથીના જેવો હતો. તે સુંદર ક્રીડા કરનારો હતો. તેનો અવાજ જળવાળા તથા આડમ્બરવાળા (આકાશમાં છવાનાર) મેઘોની ગર્જના જેવો ગંભીર અને મનોહર હતો. તે આંખોને આનંદ આપતો હતો એટલે કે સુંદર હતો. હાથીનાં બધાં લક્ષણોવાળો હતો. સુંદર જાંઘોવાળો હતો, તથા મંગળકારી હોવાને કારણે મંગળરૂપ હતો. ત્રિશલા ક્ષત્રિયાણીએ આવા ગજને પહેલા સ્વપ્નમાં જોયો. (સૂ૦૧૫)

## વૃષભસ્વપ્નવર્ણનમ્ ।

### ૨-વૃષભ-સ્વપ્ન

મૂળનો અર્થ—'**तओ पुण सा**' ઇત્યાદિ. પહેલા સ્વપ્ન બાદ ત્રિશલા રાણીએ, શ્વેત રંગના કમળપત્રોના સમૂહથી અધિક કાંતિવાળો, કિરણોના સમૂહના પ્રસરણથી ચારેતરફ ફેલાતા પ્રકાશ સમાન, ચમકતી વિજળી સમાન, હૃષ્ટપુષ્ટ, વિશાળ ખાંધવાળો, બારીક, નિર્મળ અને સુકુમાર રોમથી ભરપૂર, મનોહર અંગોપાંગવાળો, સઘન ગોળ, ચિકણા, સુંદર, તીક્ષ્ણ, અને વિશાળ સિંગડાવાળો, શાન્ત, દાન્ત, એક સરખો શોભાયમાન નિર્મળ દાંતોવાળો, વૃષભને લગતાં સર્વગુણસંપન્ન એવો, હિમાલયની ઉપમા આપી શકાય તેવો 'વૃષભ' જોયો. (સૂ૦૧૬)

**ટીકાનો અર્થ—'तओ पुण सा' ઇત્યાદિ. હાથી જોયા પછી બીજાં સ્વપ્નમાં ત્રિશલા દેવીએ વૃષભ જોયો. તે શ્વેત કમળની પાંખડીઓના સમૂહને પણ મહાત કરનારી દેહકાન્તિવાળો હતો. તે પોતાનાં શરીરમાંથી ઉત્પન્ન થતાં પ્રકાશના સમૂહને બધી તરફ ફેલાવી રહ્યો હતો અને તેથી બધી દિશાઓ પ્રકાશિત થઈ રહી હતી. પોતાની કાન્તિને પ્રકાશિત કરતો પુષ્ટ અને વિશાળ ખૂંધવાળો હતો. તેનાં શરીર પરની રૂંવારી ઘણીજ બારીક, સ્વચ્છ, નરમ, અને સુંવાળી તથા** ચકચકિત હતી. તેનાં મુખ વગેરે બધા અંગોપાંગ સ્થિર, સપ્રમાણ, પુષ્ટ અને મુલાયમ હતાં. તેનાં શિંગડાં નકકર, ગોળાકાર, સુંવાળાં, મનોહર, તીણી અણિવાળા અને વિશાળ હતાં. તે શાન્ત અને દાન્ત હતો એટલે કે ઉદ્ધત ન હતો. તેનાં બધા દાંત એક સરખા, સુન્દર અને નિર્મળ હતા. યુગ્યતા-ગાડી સાથે જોડવાની યોગ્યતા, ધુરન્ધરતા (ધૂંસરીને ધારણ કરવા માટેની મજબૂતી) વગેરે વૃષભને યોગ્ય બધા ગુણોવાળો તે હતો, અને પોતાની શ્વેતતા અને ઊંચાઈ આદિને કારણે તે હિમાલય પર્વત જેવો લાગતો હતો. એવા શ્વેત વૃષભને ત્રિશલા દેવીએ બીજાં સ્વપ્નમાં જોયો. (સૂ૦૧૬)

## ૩–સિંહ સ્વપ્ન

મૂળનો અર્થ—'**તओ पुण सा**' ઇત્યાદિ. ત્યારબાદ, ત્રિશલા દેવીએ, સ્વપ્નમાં, સિંહને જોયો. તે કેવો હતો? તે કહે છે કે, જળબિન્દુસમાન, કુન્દના ફૂલ જેવો અને ચન્દ્રમા, હિમ, ગાયના દૂધ સમાન ઉજળો હતો.

તેના પંજા સુંદર, દર્શનીય, સ્થિર, અને ખૂબ 'લાલપ'વાળાં હતાં. તેનું મોઢું, ઉત્તમ દાઢી, જડબા અને દાઢોથી યુકત હતું. તેના હોઠ કમળસમાન કોમળ, અને લાલ રંગના હતાં. તેની જીભ કેશુડાના ફૂલ જેવી લાલ-ધમ પલાશપષ્પ સમાન ચળકાટવાળી. લપલપતી લાંબી, અને તીણી હતી. તેના નેત્રો, સોનીની સોનું ગાળવાની ધકધકતી કૂડી સમાન હતાં, તથા ગોળ અને ચમકદાર હતાં. તે સિંહ પાતળી કમરવાળો હતો. તેની જાંઘ વિશાળ, સ્થૂલ, અને ઘટાદાર હતી. ખાંધ માંસથી ભરપૂર હતી. ગરદન અત્યંત નરમ, શોહામણી અને ચમકદાર કેશ–વાળોથી યુકત હતી. તેનું પૂંછડુ ગોળાકાર, છેડાપર દટ્ટાવાળું, અને હલન–ચલનવાળું હતું. નખ ઘણા તીક્ષ્ણ અને લલાશથાં ભરેલાં હતાં. તે જ્યારે કૂદતો ત્યારે, લાલિત્ય અને કલામય લાગતો.

આકાશમાંથી કૂદતાં ઉપરોકત ગુણોવાળો સિંહને, પોતાના મોઢામાં પ્રવેશ કરતો, ત્રિશલારાણીએ જોયો. (સૂ૦૧૭)

ટીકાનો અર્થ—'**तओ पुण सा**'ઇત્યાદિ. વૃષભનું સ્વપ્ન જોયાં પછી ત્રિશલાદેવીએ ત્રીજા સ્વપ્નમાં સિંહને જોયો. તે સિંહ કેવો હતો તે બતાવે છેઃ– તે સિંહ જળના બિન્દુઓ, કુન્દનાફૂલો, ચન્દ્રમા, હિમ, ગાયના દૂધ, મોતીઓના હાર, તથા સૂક્ષ્મ જળકણના જેવા અત્યન્ત શ્વેત રંગનો હતો. તેનાં બન્ને પંજા રમણીય, દર્શનીય, સ્થિર અને ઘણાજ સુંવાળા હતા. સ્થૂળ, એક બીજી સાથે જોડાયેલી, ઉત્તમ, વાંકી, અને તીણી દાઢોવાળું મોં હતું. તેના હોઠ નિર્મળ કમળ જેવાં કોમળ, મનોહર અને લાલ રંગના હતા. જીભ જપાનાં ફૂલ તથા પલાશનાં ફૂલ અથવા જપાનાં ફૂલ અને પાનના જેવી તથા મહાવર (અલતા)ના જેવી લાલ, કમળની પાંખડી જેવી કોમળ, ચંચળ, લાંબી, લાળવાળી, અને ચપળ હતી. બન્ને આંખો સળગતી આગની વચ્ચે રહેલ મૂષા એટલે કે સોનાને ગાળવાના માટીના પાત્રમાં સુંદર અને ચક્રાકાર ફરતા નિર્મળ સોનાના ટુકડા જેવી, ગોળાકાર, સ્વચ્છ અને વિજળીના જેવી ચળકતી હતી. તેની કટિ (કમર) પાતળી હતી અને જાંઘો વિશાળ, સ્થૂળ અને સુંદર હતી. તેના સ્કંધો ભરાવદાર, વિશાળ અને મનોહર હતા. ડોક–કોમળ, ઘણા બારીક, સુંવાળા, સુંદર અને લાંબા વાળવાળી (કેશવાળી ) હતી. તેની પૂંછડી ગોળ વાળેલી હતી, ઊંચી ઉઠાવેલી હતી, ઘણીજ લાંબી હતી અને ડોલતી હતી. તેના નખનો અગ્રભાગ અતિશય તીક્ષ્ણ હતો. તો પણ તે સિંહમાં ક્રૂરતા ન હતી. તે દેખાવે સૌમ્ય હતો. તેની છલાંગ લીલાયુક્ત તથા સુંદર હતી.

તે આકાશતલમાંથી ઉછળતો હતો અને ત્રિશલા દેવીના મુખરૂપી ગુફામાં પ્રવેશ કરતો હતો. એવા સિંહને ત્રિશલા દેવીએ ત્રીજા સ્વપ્નામાં જોયો (સૂ૦૧૭)

## લક્ષ્મી સ્વપ્ન વર્ણનમ્ ।

### ૪–લક્ષ્મી સ્વપ્ન

મૂલનો અર્થ—'**तओ पुण सा उच्चविराइय**' ઈત્યાદિ. ચોથા સ્વપ્નમાં, ત્રિશલા રાણીએ, લક્ષ્મીજીને જોયાં. આ લક્ષ્મી દેવી, સુશોભિત સ્થાન ઉપર વિરાજ્યાં હતાં. તેમનું મુખ દિવ્ય અને ભવ્ય હતું.

તેના હાથ–પગમાં. સ્વસ્તિક, શંખ, અંકુશ તથા ચક્રની શુભ રેખાઓ હતી. તેની આંગલિઓ કોમલ હતી. તેના બાલ કાળા ભમર જેવા, મેઘસમાન, અરિઠ્ઠાના રંગ જેવા, કાળા રત્ન સમાન, ભેંસના શિંગડા જેવા અને કાજળ સરીખા હતાં. તેનાં નખ લાલધુમ અને વારીક હતાં. તેના ચરણો કાંચવાની પીઠ જેવા પુષ્ટ અને વિશિષ્ટ હતાં. બેઉ ગાલો પર કુંડલ શોભી રહ્યાં હતો. છાતીપર વિશાળ મુકતાહાર અને હમેશાં તાજી રહી શકે તેવી ફૂલની માલા ધારણ કરી હતી. શરીરનો બાંધો ભરાવદાર અને મૃદુ હતો. કેડે મનોજ્ઞમણિઓથી સજ્જ એવો કંદોરો હતો. તેમનો લલાટ પ્રદેશ અર્ધચંદ્રાકાર હતો. વિવિધ પ્રકારના મણિયોવાલો રત્નજડિત હાર. તેમજ વિવિધ આભરણો તેમણે ધારણ કર્યાં હતાં. હાર, અર્દ્ધહાર, રત્નકુંડલ, હેમમાલા, મણિમાલા, કનકમાલા, કંદોરો, તિલક, ફુલ્લક, સિદ્ધાર્થિકા, કર્ણવાલિકા, ચંદ્ર (ચાંદલું) સૂર્ય (સૂર્યને આકારનું આભૂષણ) વૃષભવકત્રક, તલભંગ, ત્રુટિત, હસ્તમાલક, હર્ષ, કેયૂર, વલય–ચૂડી, પ્રાલંબ, અંગુલીયક–વીંટી, વલાક્ષ, દીનારમાલિકા, પ્રતરક, પરિહેરક (પરિહાર્યક) પાદજાલ, અને ગમન કરતાં મધુર ધ્વનિ કરનાર એવો રત્નોના વિશાલ સમૂહથી જડેલ શ્રેષ્ઠ નૂપુર, ચરણમાલિકા, કનકનિગડ, મકરમુખી નૂપુર (ઝાંઝર) આ બધાં સુંદર આભરણોથી તે શોભાયમાન હતાં. કર અને ચરણ લાલકમલ સમાન કોમલ હતાં. નેત્ર નિર્મલ કમલપત્ર સમાન વિશાલ હતાં. લાંબો અને ભમરાના રંગ જેવો કેશકલાપ હતો. લાવણ્ય,રુપ અને યૌવન છલોછલ ભર્યાં હતાં. સર્વાંગે સુંદર હતાં. ધારણ કરેલા આભૂષણોથી, રાત્રીમાં પણ વગર દીવે અજવાલું આપી રહી હતી. લક્ષ્મી દેવી ઉપશાંત દેખાતાં હતાં. તેના રૂપ રંગ અને લાવણ્યથી દશે દિશાઓ ઉજ્જવલ બની રહી હતી. કમલ પર તેનું આસન હતું. સર્વજનોના હૃદયમાં. તેમની આકૃતિ, આલ્હાદ આપી રહી હતી. વિકસિત કમલ પત્રનાં સમાન તેનાં નયનો હતાં. આવા સ્વરૂપવાળી લક્ષ્મી દેવીને, ત્રિશળા રાણીએ, ચોથા સ્વપ્ને જોયા. (સૂ૦૧૮)

ટીકાનો અર્થ—'**तओ पुण सा उच्चविराइय**' ઇત્યાદિ. સિંહનું સ્વપ્ન જોયાં પછી ત્રિશલા દેવીએ ચોથા સ્વપ્નમાં લક્ષ્મીને જોઇ. તે લક્ષ્મી કેવી હતી તે કહે છે—

ઊંચા અને સુશોભિત સ્થાન પર તેણે પોતાનું આસન બનાવ્યું હતું. એટલે કે તે ઉન્નત અને સજાવટવાળા

સ્થાન પર બેઠી હતી. તેનું મુખ દિવ્ય, નૂતન અને ભવ્ય હતું. તેના હાથ અને પગમાં સાથિયો. શંખ, અંકુશ અને ચક્ર વગેરેની શુભ રેખાઓ અંકિત હતી. તેની આંગળીયોની હાર અત્યંત સુકુમાર–કોમળ હતી. તેની રોમાવલી ઉત્તમ આંજણ, ભ્રમર, મેઘ–સમૂહ, અરિષ્ટ (ખાસ પ્રકારનું કાળું રત્ન), ભેંસનાં શિંગડાં, નીલ અને કાજળના જેવી આભાવાળી–કાળાં, સરખી, મળી ગયેલી, ઘણી બારીક, કોમળ અને ઘણી શોભિતાં હતાં. તેના નખોનો સમૂહ સ્વચ્છ તથા માંખણ જેવો મુલાયમ હતો. ચરણ યુગલ સોનાના બનાવેલા કચ્છપની (કાચબાની) પીઠના જેવા ઊંચા–ભરાવદાર, વિશુદ્ધ તથા સામુદ્રિક શાસ્ત્રમાં વર્ણવેલાં લક્ષણોવાળાં હતાં. તેનું સુંદર કપોલ–મંડલ કુંડળો વડે શોભતું હતું. તેનું વક્ષસ્થળ વિશાળ મોતિઓના હારથી શોભતું હતું અને બધી ઋતુઓમાં ઉત્પન્ન થતાં સુંદર ગંધવાળાં પુષ્પોની માળાથી યુક્ત હતું. તેનાં શરીરરૂપી લતા ઉંચી પુષ્ટ અને કોમળ હતાં એટલે કે તે સર્વાંગ સુંદર હતાં. મનોહર મણીઓના સમૂહના નાના નાના ખડોવાળા સોનાની સેર વડે તેનો કટિ પ્રદેશ શોભતો હતો. તેનું કપાળ અર્ધચન્દ્રમા જેવું હતું. અનેક ચન્દ્રકાન્ત તથા વૈડૂર્ય આદિ મણીઓ. સામાન્ય સુવર્ણ તથા અંક-રત્ન સ્ફટિકરત્ન, અને લોહિતાક્ષ આદિ રત્નો અને ઉત્તમ સુવર્ણના બનાવેલાં ઘરેણાં હતાં, તથા હાર–અઢાર લટનો, અર્ધહાર નવ લટનો, રત્નજડિત કુંડળોની જોડી. ધારણ કરેલી હેમમાળા, મણિમાળા, કનકમાળા (અહીં હેમ અને કનક બન્ને સોનું હોવા છતાં પણ તેમની જાતમાં તફાવત છે) કટિસૂત્ર. તિલક (કપાળે ચન્દન વગેરેનું) ફુલ્લક, (ફૂલના આકારનું એક લલાટે પહેરવાનું ઘરેણુ) સિદ્ધાર્થિકા (ગળાનું સોનાનું ઘરેણું) કર્ણવાળિકા (કાનના ઉપરના ભાગમાં પહેરવાનું કાનનું ઘરેણું) શશી, (ચન્દ્રાકાર આભૂષણ) સૂર્ય (સૂર્યના આકારનું આભૂષણ). તલભંગક (હાથનું ઘરેણું), વૃષભવક્ત્રક (બળદના મુખના આકારનું ઘરેણું), ત્રુટિત (હાથનું ઘરેણું). હસ્તામલક નામનું આભષણ. કેયર (હાથનું આભૂષણ). વળય–કંકણ, પ્રાલમ્બ (ડોકનું આભૂષણ) અંગુઠી, વલાક્ષ (ડોકાનું ઘરેણું) દીનાર-માલિકા (દીનારોની માળા) પ્રતરક (ગોળ–પાનના આકારનું એક આભૂષણ) પરિહાર્યક (એક જાતનું આભૂષણ) પાદજાલ ( પગનું આભૂષણ ) તથા ઘંટિકા ( એક જાતનું ઘરેણું ) કિંકિણી ( પગનું ઘરેણું ) અને રત્નોના વિશાળ સમૂહ વડે જડિત શ્રેષ્ઠ રત્નમય ઉત્તમ નુપુર, ચલનમાલિકા ( પગનું એક ઘરેણું ) કનકનિગડ (બેડીના આકારનું પગમાં પહેરવાનું સોનાનું ઘરેણું) જાલક( પગનું ઘરેણું ). મગરના મુખ જેવા આકારથી શોભતાં નુપુર, આ બધાં આભૂષણો ગતિથી (ચાલવાથી) મધુર અવાજ કરતાં હતાં.

તથા–તેનાં (લક્ષ્મીના) હાથ અને પગ લાલ કમળનાં જેવાં કોમળ હતાં. સ્વચ્છ કમળનાં પાન જેવી બન્ને આંખો વિશાળ હતી. હાથરૂપી પલ્લવો દ્વારા પકડેલા, ભમરાઓના સમૂહ જેવો કાળો લાંબો અને સુંદર કેશ–સમૂહ હતાં. તે મનોહર મુખ, હાથ, પગ, અને નયનવાળી હતી, તથા લાવણ્ય, રૂપ અને યૌવન સંપન્ન હતી. ખૂબ પુષ્ટ સમસ્ત અંગો–ઉપાંગોથી શોભાયમાન હતી. કર યુગલ, ચરણ–યુગલ, મસ્તક, આદિ અંગ–ઉપાંગોમાં પહેરેલા મણિ સમૂહ, સુવર્ણ અને રત્નોનાં બનાવેલાં આભૂષણોના પ્રકાશથી તેણે ઘાટા અંધકારને દૂર કરી નાખ્યો, તે શાંત સ્વરૂપવાળી હતી. પોતાનાં શરીરની સ્વચ્છ કાન્તિ વડે તેણે દસે દિશાઓને પ્રકાશિત કરી દીધી હતી.

સરોવરમાં રહેલાં કમળમાં નિવાસ કરનારી, બધા લોકોના સંકલ્પ-વિકલ્પવાળાં અન્તઃકરણ-મનને તથા સ્મરણ કરનારા અન્તઃકરણ-હૃદયને-બન્નેને અત્યન્ત આનન્દ દેનારી હતી. ઐશ્વર્ય આદિથી સંપન્ન તથા વિકસિત કમળપત્રો જેવાં નેત્રવાળી હતી. એવી લક્ષ્મીને જોઈ (સૂ૦ ૧૮)

## પુષ્પમાલાયુગલ સ્વપ્ન વર્ણનમ્ ।

### ૫-પુષ્પમાળા-યુગલનું સ્વપ્ન.

મૂળનો અર્થ—'**तओ पुण सा**' ઇત્યાદિ. ત્યાર પછી, ત્રિશલા રાણીએ, બે ફૂલની માળાઓ સ્વપ્નમાં જોઈ. આ માળાયુગલ, સરસ નાગ, પુન્નાગ, પ્રિયંગ, પાટલ, મંદિલ, મલ્લિકા, નવમલ્લિકા, યૂથિકા, વાસંતિકા, કુટજ, કોરંટ, કુન્દ, કુબ્જક, કુરબક, કમળ, બકુલ, બન્ધૂક, ચંપક, અશોક, મન્દાર તિલક, કચનાર, આમ્રમંજરી, જાઇ, તથા માલતીના ફૂલોની વિપુલ સુગંધથી ભરપૂર અને મનોહર હતી.

ચતુર્દિશામાં આ માળાની સુગંધ પ્રસરી રહેતી હતી. કાળા-લીલા-પીળા-લાલ-સફેદ વર્ણોથી આ માળા શોભી રહી હતી. તમામ ઋતુઓની સુગંધ અને મનોહરતા, આ માળાયુગલમાં, આવી રહેલી હતી.

'માળા'ની રચના ચિત્ર-વિચિત્ર હતી. દૈવી ફૂલોથી બનેલી હોવાથી પવિત્ર હતી. પરાગના લોભી એવા ભમરાઓ, તે કમળની બહાર તેમજ અંદર, સુગંધની લાલસાએ, તે માળાના પ્રદેશ ઉપર ગુંજારવ કરી રહ્યા હતાં. આ 'માળા' ગંધની તૃપ્તિ કરાવી આપે તેવી તેનામાં વિશેષતા હતી. અને તેની સુગંધ દ્વારા, દશે દિશાઓ, બહેંકી રહી હતી આકાશમાંથી ઉતરતી આ માળાને ત્રિશલા દેવીએ સ્વપ્નમાં જોઈ. (સૂ૦ ૧૯)

ટીકાનો અર્થ—'**तओ पुण सा**' ઇત્યાદિ. લક્ષ્મીનું સ્વપ્ન જોયા પછી પાંચમાં સ્વપ્નમાં ત્રિશલા દેવીએ પુષ્પમાળાનું યુગલ જોયું એટલે કે ફૂલની બે માળાઓ જોઈ. તે પુષ્પમાળાનું યુગલ કેવું હતું તે કહે છે—

તે માળાયુગલ રસથી ભરેલ તથા વિકસિત નાગથી લઇને માલતી સુધીના ફૂલોની ઉગ્ર સુગંધ વડે શોભતું હતું. નાગ અથવા નાગકેસરનાં ફૂલો, પુન્નાગ એટલે કે પુન્નાગનાં ફૂલો, પ્રિયંગુ એટલે કે પ્રિયંગુ વૃક્ષના ફૂલો, પાટલ અથવા ગુલાબનાં ફૂલો, મંદિલ એટલે કે શિરીષના ફૂલો, મલ્લિકા એટલે કે મલ્લીનાં ફૂલો, નવમલ્લિકા એટલે કે નવમલ્લિકાનાં ફૂલો, યૂથિકા એટલે કે જુહીનાં ફૂલો, વાસન્તિકા એટલે કે વાસન્તી લતાના ફૂલો, કર્ણિકા એટલે કે અપરાજિતાનાં ફૂલો, કુટજ એટલે કે ગિરિમલ્લિકાનાં ફૂલો, કોરંટક અથવા કોરંટકનાં ફૂલો, કુન્દ એટલે

કે કુન્દનાં ફૂલો, કુબ્જક એટલે કે શતપત્રિકાનાં ફૂલો, કુરબક એટલે કે લાલ રંગના મહાસહાનાં ફૂલો, કમળ એટલે કે કમળનાં ફૂલો, બકુલ એટલે કે બકુલનાં ફૂલો, બન્ધૂક એટલે કે બન્ધુજીવકનાં ફૂલો, ચમ્પક અથવા ચંપાનાં ફૂલો, અશોક એટલે કે અશોકનાં ફૂલો, મંદાર એટલે કે મંદારનાં ફૂલો, તિલક અથવા શ્રીમદ્ વૃક્ષનાં ફૂલો. કચનાર એટલે કે લાલ રંગનાં એક જાતનાં ફૂલો, સહકાર એટલે કે આંબાની મંજરી, જાતી એટલે કે જાઈનાં ફૂલો, માલતી એટલે કે માલતીનાં ફૂલો, એ બધી જાતના ફૂલો વડે બનેલ હોવાથી એ બધાની અતિશય પ્રશસ્ત ગંધ વડે તે શોભાયમાન હતું. તે બધી તરફ ફેલાતી ગંધથી સુંદર હતું. સરસ, વિકસિત, રમણીય, અને શ્રેષ્ઠ કાળાં નીલાં પીળાં, લાલ, અને સફેદ એ પાંચે રંગોના તથા બધી ઋતુઓનાં સુગંધિત ફૂલોની શોભાયમાન સુંદર અથવા મનોવાંછિત રચનાઓથી અદ્ભુત હતું. એટલે કે તે માળાયુગલમાં બધી ઋતુઓનાં અને બધા રંગોનાં ફૂલો હતાં અને તેની બનાવટ ઘણી સુંદર હતી. તેથી તે જોતાં અદ્ભુત લાગતું હતું. તે દેવલોકનાં ફૂલો વડે બન્યું હતું. તેથી પવિત્ર વિશુદ્ધ હતું. તેની આસપાસ મધુ (પરાગ) ના લોભી, ક્ષોભવાળા, અંદર રહેલા, તથા મધુર અને અસ્ફુટ શબ્દ કરતા ભમરાઓનો સમૂહ ગુંજારવ કરતો હતો. તે ગન્ધથી તૃપ્તિ કરનારૂં હતું. બધા લોકોના મનને હરવામાં ધુરન્ધર-શ્રેષ્ઠ સુગંધથી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઇશાન, અગ્નિ, નૈઋર્ત્ય, વાયવ્ય, ઉર્ધ્વ અને અધો-દિશારૂપ દશે દિશાઓને એટલે કે તેમાં રહેલાં પ્રાણીઓને આનંદિત કરતું તથા આકાશમાંથી નીચે ઉતરતું વિશાળ પુષ્પમાળાયુગલ જોયું (સૂ૦૧૯)

## ચન્દ્ર સ્વપ્ન વર્ણનમ્ ।

### ૬-ચંદ્રમાનું સ્વપ્ન

મૂળનો અર્થ—'**तओ पुण सा**' ઇત્યાદિ. માળાની જોડીને જોયા બાદ, છઠા સ્વપ્નમાં, ત્રિશલા દેવીએ 'ચંદ્ર' ને જોયો. આ 'ચંદ્ર' ગાયના દૂધ જેવો, પાણીના ફીણ સમાન, ચાંદીના કળશ જેવો અને કુન્દપુષ્પ જેવો સફેદ હતો. આવો 'ચંદ્રમા' ચકોર પક્ષીના મનને સુખદાયી અને સર્વના મનને આનંદ ઉપજાવનારો, દિશારૂપી રમણીના દર્પણ સમાન, કુમદને પ્રફુલ્લિત કરવાવાળો, સોળે કળાથી પરિપૂર્ણ હતો. આ ચંદ્રમા રાત્રિનો રાજા અને પતિ ગણાવાથી રાત્રિને નિર્મળ અને આલ્હાદક બનાવતો. રજત-ચાંદીના પહાડના શિખર સમાન શ્વેત સુવર્ણ જેવો

નિર્મલ–મલ વગરનો હતો, એટલે કોઇ પણ પ્રકારની મલિનતા વિનાનો હોવાથી ઉત્તમ દેખાતો. પૂર્ણિમાને દિવસે સોળે કળાઓથી વિકસિત થતાં ચંદ્રમા જેવો આ 'ચંદ્રમા' દેખાતો. દિશાઓમાં વ્યાપેલાં અંધકારને, ઘોળીને પી જનારો હોવાથી તેના પેટાળમાં શ્યામચિહ્ન ચળકાટ મારતું હતું. સાગરના મોજાઓને ઉછાળી ઉછાળીને નીચે પટકતો એવો હતો. વર્ષ, માસ, દિવસ વિગેરેનું જેનાથી વિધાન થાય છે તેવો તે હતો. નક્ષત્રોના સમૂહનો નેતા હતો. અહર્નિશ જેનાથી અમૃત ઝરે છે એવા 'પૂર્ણ ચંદ્રમા' ને ત્રિશલા રાણીએ જોયો. (સૂ૦ ૨૦)

ટીકાનો અર્થ— **तओ पुण सा**' ઇત્યાદિ પુષ્પમાળાના યુગલને જોયા પછી છઠા સ્વપ્નમાં ત્રિશલા દેવીએ પૂર્ણ ચન્દ્રમાને જોયો. પૂર્ણ ચન્દ્રમા કેવો હતો તે કહે છે—

તે પૂર્ણચન્દ્ર ગાયનાં દૂધ, પાણીનાં ફીણ, ચાંદીના ઘડા તથા કુન્દનાં ફૂલ જેવા સફેદ રંગનો હતો. ચકોર એટલે કે ચન્દ્રમાના વિરહથી દુઃખી થનારાં પક્ષીઓનાં મનને પ્રસન્ન કરનારો હતો. બધા લોકોની આંખોને આનંદ દેનારો હતો. દિશારૂપી સ્ત્રીનાં દર્પણ જેવો હતો. ધવલ–કમળો એટલે કે કુમુદોનાં પાનને પ્રફુલ્લિત કરનારી કળાવાળો હતો. તે કારણે તે કુમુદોના સમૂહને વિકસિત કરનારો હતો. રાત્રિની સુષમામાં (પરમ શોભામાં) અત્યન્ત વૃદ્ધિ કરનારો હતો, ચકચકિત ચાંદીના પર્વતનાં શિખર જેવો નિર્મળ હતો, કલધૌત એટલે કે શ્વેત રંગનાં સોનાનાં જેવો સ્વચ્છ હતો. શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ એ બન્નેની મધ્યમાં આવતા પૂર્ણિમાના દિવસે પ્રકાશિત થનારી પૂર્ણ કળાઓ વાળો હતો. દિશાઓના સમૂહમાં છવાયલા ઘાડા અંધકારને પૂર્ણ રીતે પી જવાને કારણે ઉદરમાં પેદા થયેલાં સુંદર શ્યામ રંગનાં ચિહ્નવાળો હતો. સાગરના અત્યન્ત તરલ તરંગોને ઉછાળનારો હતો. વર્ષ, માસ, પખવાડીયું, સપ્તાહ, દિન, રાત આદિનું પ્રમાણ કરનારો એટલે કે ચાન્દ્ર વર્ષ, માસ આદિના વિભાગ કરનારો હતો. નક્ષત્રોનો નાયક–સ્વામી હતો. અમૃત વર્ષાવનારો હતો. આ પ્રકારના વિકસિત પૂર્ણચન્દ્રમા–સોળે કળાવાળા નિશાકરને જોયો. (સૂ૦ ૨૦)

## सूर्य स्वप्न वर्णनम् ।

### ૭-સૂર્યનું સ્વપ્ન

મૂળનો અર્થ—'**तओ पुण सा घणघयार०**' ઇત્યાદિ. 'ચન્દ્ર'ને સાક્ષાત્ સ્વરૂપમાં જોયા બાદ, ત્રિશલા રાણીએ, સૂર્યને

સ્વપ્નમધ્યે જોયો. આ સૂર્યનું વર્ણન કરતાં શાસ્ત્રકાર કહે છે કે સૂર્ય અંધકારના સમૂહને નાશ કરવાવાળો, તેજસ્વી કિરણો યુક્ત, સહસ્ર કિરણોથી દશે દિશાઓને પ્રકાશિત કરવાવાળો હતો.

તેનું તેજ, પોપટની ચાંચ સમાન, પાકેલા બિંબફળ સમાન, ચણોઠીના અર્ધા-ભાગ-સમાન લાલઘુમ, અને ખિલેલા જવાકુસુમ અને કુસુંભના પત્ર અને ફૂલ સમાન લાલ-મંડલવાળો હતો.

આ સૂર્ય જ્યોતિષમંડળનો અધિપતિ હતો. તેના તેજ અને પ્રકાશથી, વનરાજિ નવપલ્લવિત થતી હતી. શીત વાતાવરણને ભેદી શકવા તે સમર્થ હતો.

આ 'સૂર્ય' ના મધ્યબિંદુના આધારે, પ્રખર જ્યોતિષીઓ, જ્યોતિષશાસ્ત્રના લક્ષણો વિગેરે કહી શકતા. આકાશમાં, તે દીપક સમાન, આખા લોકના નેત્ર સમાન, ગ્રહ, નક્ષત્ર, તારાઓના માર્ગનો પ્રવર્તક, હિમને ગાળી નાખે તેવા બળવાળો, મેરુ પર્વતની ચારે બાજુએ ઘુમવાવાળો, વિશાળ મંડલ-યુક્ત ગણાતો.

આ સૂર્ય, ગ્રહો-નક્ષત્ર વિગેરેનો નાયક અને હિમનો નાશ કરનાર હતો. પોતાના હજાર કિરણો વડે 'ચંદ્રમા' વિગેરેના તેજને ફીકું પાડનાર મહાતેજસ્વી હતો અને ગાઢ અંધકારના ચૂરેચૂરા કરવામાં તે પ્રખર પુરુષાર્થી હતો.

આવા ગુણોથી ભરપૂર એવો સૂર્ય, ત્રિશલા રાણીને, સ્વપ્નમાં દેખાયો. (સૂ૦૨૧)

ટીકાનો અર્થ—'**तओ पुण सायणंधयार०**' ઈત્યાદિ. પૂર્ણ ચન્દ્રમાને દેખ્યા પછી સાતમાં સ્વપ્નામાં ત્રિશલા દેવીએ સૂર્યને જોયો. તે સૂર્ય કેવો હતો? તે કહે છે—

ઘાડ અંધકારના સમૂહને દૂર કરવામાં તે આગેવાન હતો, તેનાં કિરણો ઘણા શ્રેષ્ઠ અને તીવ્ર હતાં. હજાર કિરણો પ્રસરાવીને તેણે દિશા-સમૂહને પ્રકાશિત કરી નાખ્યો હતો. તે પોપટની ચાંચ જેવો, સારી રીતે પાકેલા બિમ્બફળ જેવો, તથા ગુંજાફળ (ચણોઠી) ના તળ જેવો લાલ હતો, અને તેનું મંડળ વિકસિત જવાપુષ્પના જેવું તથા કુસુંભનાં ફૂલ-પાન જેવું લાલ હતું. તે જ્યોતિષ્ક દેવોનો ઈન્દ્ર હતો. કમળવનની શોભા વધારવામાં અને વિકસાવવામાં કુશળ હતો. શીતના સમૂહનો નાશ કરવાને સમર્થ હતો. જ્યોતિષ શાસ્ત્રનાં લક્ષણોનો પ્રદર્શક હતો. આકાશ મંડળનો એવો અનોખો દીપક હતો જેમાં તેલ પુરવાની જરૂર રહેતી નહીં અને જેમાંથી ધુમાડો પણ નીકળતો નહીં. સમસ્ત ભુવનો-જગતમાં રહેતાં પ્રાણીઓનાં નયન જેવો હતો. તારા આદિ જ્યોતિષીઓના માર્ગને પ્રવૃત્ત કરનારો હતો. હિમને ઓગાળવાને સમર્થ હતો. સુમેરુ પર્વતની સતત પ્રદક્ષિણા કરનારા વિશાળ મંડળવાળો હતો. મંગળ આદિ ગ્રહોનો નાયક હતો. દિન કરનારો હતો. પોતાનાં હજાર કિરણો વડે ચન્દ્રમા આદિ સમસ્ત ગ્રહોના સમૂહનાં તેજને ઝાંખુ પાડનારો હતો. બીજા બધા ગ્રહોનાં કરતાં અધિક તેજસ્વી હતો. બધી દિશાઓમાં છવાયેલા અંધકારના સમૂહનો નાશ કરનાર અને સુંદર હતો. એવા સૂર્યને જોયો. સૂ૦૨૧)

## ૮–ધ્વજાનું સ્વપ્ન

મૂળનો અર્થ—'**तओ पुण सा जच्च०**' ઇત્યાદિ. સૂર્યના સ્વપ્ન બાદ, ત્રિશલા રાણીએ, સુવર્ણના ઉત્તમ ડાંડા પર રહેલી શોભાથી યુક્ત, શ્વેતકમળ જેવી ધ્વજા જોઇ.

આ 'ધ્વજા' ચંદ્રના કિરણો જેવી શ્વેત અને નિર્મળ હતી. ડાંડાના ઉપરના ભાગમાં સ્થિત હતી. જેમ આકાશને ભેદી નાખવા સિંહ તૈયાર થયો હોય અને તે વખતનું જેવું તેનું વિકરાળ રૂપ પ્રદર્શિત થતું હોય તેવા સિંહનું ચિત્ર આ ધ્વજામાં આલેખાયું હતું.

આ 'ધ્વજા' શીતળ મંદ અને સુગંધિત વાયુના લેરખડાંથી ફરક-ફરક થઇ રહી હતી. તેની ઉંચાઈ આકાશપ્રદેશને સ્પર્શ કરે તેવી હતી. આ 'ધ્વજા' ને જોતાં જ, નયનો નાચી ઉઠે તેવી તે સુંદરતાથી ભરેલી હતી.

લાલ, લીલા, પીળા અને સફેદ રંગોના મોરના પીંછાથી તેનો અગ્રભાગ ચિતરાયેલો હતો. આ ધ્વજાની ચારે તરફ, સુગંધિત પુષ્પોની માળાઓ લટકી રહી હતી. આવા ગુણો-યુક્ત ધ્વજાનું સ્વપ્ન, ત્રિશલા રાણીએ, અનુભવ્યું. (સૂ૦૨૨)

**ટીકાનો અર્થ—'तओ पुण सा जच्च०' ઈત્યાદિ. સૂર્યનું સ્વપ્ન જોયાં પછી આઠમાં સ્વપ્નામાં ત્રિશલા દેવીએ ધ્વજા (પતાકા) જોઇ. તે કેવી હતી? તે કહે છે—**

તે ધ્વજા શ્રેષ્ઠ સોનાના દંડ પર અવલમ્બિત હતી. ઘણી જ ઉત્તમ શોભાવાળી હતી. વિકસિત શ્વેતકમળ, ચકચકિત ચાંદીના પર્વતનાં શિખર, ચન્દ્રમાના કિરણ અને શ્વેત સુવર્ણના જેવી સફેદ, મસ્તક પર રહેલ સુંદર તથા જાણે આકાશ મંડળને ભેદવાને માટે તૈયાર થયેલ સિંહનાં ચિહ્ન વડે શોભાયમાન હતી. શીતળ, મંદ-મંદ વાતા, સુગંધવાળા પવનના કોમળ સ્પર્શથી ફરફરતી હતી. આકાશ-તળનો સ્પર્શ કરતી હતી. જોનારા લોકોના નયનોને આનંદદાયી હતી. અતિશય આનંદરૂપ હતી, એટલે કે તે હૃદયને આનંદ દેનારી હતી. તેનો અગ્રભાગ ઐધ્વ ધરેલાં નીલ રંગનાં લાલ રંગના પીળા રંગનાં. અને શ્વેત રંગનાં કોમળ અને સશોભિત મોરનાં પીછાંઓ વડે અત્યન્ત રમણીય હતો. તેની ચારે તરફ વિવિધ જાતના સુગંધીદાર ફૂલોની માળાઓ લટકતી હતી. (સૂ૦૨૨)

## ૯–પૂર્ણરજત કુંભનું સ્વપ્ન

મૂળનો અર્થ—'**तओ पुण सा**' ઈત્યાદિ. ત્યાર પછી ત્રિશલા રાણીએ, ચાંદીના કુંભનું સ્વપ્ન અનુભવ્યું. આ કુંભ કેવું હતું ? તેનું વર્ણન આ પ્રમાણે છે—

આ કળશ શ્વેતવર્ણો અને શોભાયમાન હતો. સર્વ મંગળમય ચિહ્નોવાળો જણાતો. તેમાં વિમળ કમળોના વિવિધ સમૂહોથી શોભિત થતાં અનુપમ રત્નોથી બનાવેલ સુંદર અને શ્રેષ્ઠ કમળો પર મૂકવામાં આવ્યો હતો. આ કળશ સુગંધિત અને નિર્મળ જળથી ભરેલો હતો. આ કળશને મલયાગિરિના ચંદનથી પણ ઉંચુ સ્થાન ધરાવતાં ચંદનનો લેપ કરવામાં આવ્યો હતો. તેના કંઠે લાલ ચમકતો દોરો બાંધવામાં આવ્યો હતો. અનુપમ શોભાવાળો આ કળશ હતો.

આ કળશ દેવાધિષ્ઠિત હતો. આ 'કળશ' નું મોઢું કમળના ફૂલો વડે ઢાંકેલું હતું. તેની શોભા, આંખને આનંદ આપે તેવી હતી. તેમ જ તેનુ તેજ, અનોખી ભાત પાડે તેવું જાજ્વલ્યમાન હતું. તેના કાંઠલામાં, સર્વ ઋતુઓમાં ઉગતા ફૂલોની માળા આરોપવામાં આવી હતી. આ કળશ પવિત્ર હોવાને લીધે બધા કુલક્ષણોથી રહિત હતો, એટલે સર્વ સુલક્ષણવાળો હતો. હાર અને અર્ધહારથી તેની ગરદન શોભતી હતી, અને મંગલમય હતો, પોતાની આભા–કાંતિથી અંધકારનો નાશ કરવાવાળો હતો. આવા રત્નજડિત રજત–કળશને, ત્રિશલા રાણીએ, નવમાં સ્વપ્નમાં જોયો. (સૂ૦૨૩)

ટીકાનો અર્થ—'**तओ पुण सा**' ઈત્યાદિ. ધ્વજાનું સ્વપ્ન જોયાં પછી નવમાં સ્વપ્નામાં ત્રિશલા રાણીએ રત્નજડિત ચાંદીનો કળશ જોયો.તે કળશ કેવો હતો તે કહે છે–તે શ્વેત વર્ણના ઉત્તમ સોનાના જેવો ચળકતો હતો. તે સમસ્ત મંગળોનો જનક હોવાથી મંગળ-સ્વરૂપ હતો. નિર્મળ કમળોના સમૂહથી શોભતો હતો. અનુપમ રત્નોથી બનેલા સુંદર કમળ પર ગોઠવેલ શ્રેષ્ઠ કમળોનાં ફૂલો પર રાખેલો હતો. સુગંધિત શ્રેષ્ઠ જળ–નિર્મળ અને શુદ્ધ જળ–થી ભરેલો હતો. તેના ઉપર ચંદનનો લેપ કરેલો હતો. તેના ગળામાં લાલ સૂતર બાંધેલું હતું. તની સુષમા–સુંદરતા અનુપમ હતી. તેજ કળશના આશ્રિત દેવ વડે સેવાયેલ હતો. કમળ–પુષ્પોનાં ઢાંકણા વડે ઢંકાયેલ હતો. સૌમ્ય–મનને પ્રસન્ન કરનારી–શોભાનાં ઘર જેવો હતો. અમૃતાંજનની જેમ દર્શકોનાં નયનોને આનન્દદાયક હતો, એટલે કે જેમ અમૃતાંજન આંખોને સુખદાયક હોય છે તેમ તે કળશ પણ આનંદદાયક હતો. તે બધી દિશાઓમાં સંપૂર્ણ રીતે પોતાનું તેજ પ્રસરાવતો હતો, તેથી પોતાના સૌંદર્યની અધિકતાથી સુશોભિત થઈ રહ્યો હતો. બધી ઋતુઓના, ઘણા સુગંધમય ફૂલો વડે કલાત્મક રીતે ગૂંથેલી અનુપમ માળાઓ તેના કંઠનું સુંદર આભૂષણ હતી. તે પુણ્ય–પવિત્ર હતો. તેથી પાપ સમૂહથી રહિત, બધી જાતનાં કુલક્ષણો વિનાનો હતો. તેનું ગળું હાર (અઢાર સેર–લટ નો) તથા અર્દ્ધ હાર (નવ સેર–લટ નો) વડે સુશોભિત હતું. તે મંગળકારી હોવાથી મંગળ–સ્વરૂપ હતો. પોતાના તેજથી અંધકારનો નાશ કરનારો હતો. એવા રત્નજડિત રજતકળશને એટલે કે રત્નોથી જડેલા ચાંદીના કળશને જોયો. (સૂ૦૨૩)

## ૧૦–પદ્મ સરોવરનું સ્વપ્ન.

મૂલનો અર્થ—'**તઓ પુણ સા હીણપીણ૦**' ઇત્યાદિ. તે સ્વપ્નના અનુભવ બાદ, દશમા સ્વપ્ને તેમણે શ્રેષ્ઠ–પદ્મસરોવર જોયું.

આ સરોવરમાં, પાતળા જાડાં, હલકા, ભારે, શાલ, શકુલ, રાજીવ, કાચવા વિગેરે જલચર જીવો તેનું પાણી પી રહ્યા હતાં.

આ સરોવરમાં, પવનથી ઉત્પન્ન થયેલી લહેરીઓ, લહેરાઇ રહી હતી. આ સરોવર, કહલારો (એક પ્રકારનું સુગંધી શ્વેત કમલ), હલ્લક એટલે લાલરંગી કમલ, કુવલય, ઇન્દીવર, કૈરવ, પુંડરીક, કોકનદ વિગેરે કમલોથી સુશોભિત લાગતું.

સૂર્યના તેજસ્વી કિરણોના પ્રભાવે ખિલેલા કમલોના કેશરાઓમાંથી, અતિશય સુગંધિત પરાગકણો ઝરી રહ્યાં હતાં. આ પરાગકણોના રંગ લાલ–પીળા હોવાથી, સરોવરનું પાણી, લાલ–પીળા રંગનું દેખાતું.

પુષ્પોનો 'પરાગ' ઘણો સુંદર અને સુગંધિત હોવાથી ભમરાઓના ટોળે–ટોળા પુષ્પોની આસપાસ ગુંજારવ કરી રહ્યાં હતા.

આ તળાવના કિનારે, વિવિધ પ્રકારના પક્ષીઓ આવાગમન કરી રહ્યાં હતાં. કમલિનીના પત્રો પર બાઝી ગયેલાં પાણીના બિંદુઓ મોતી અને તારા સમાન જણાતાં હતાં. આ સરોવર એક મહાન સાગર જેવું જોવામાં આવતું. કમલોથી તેની શોભામાં વૃદ્ધિ થતી હતી.

સંપૂર્ણ શોભાવાળા કલહંસો, રાજહંસો, બાલહંસો, અને ચકવાઓ, તેમ જ સારસ પક્ષીના જોડલાંઓ, આ સરોવરમાં કલ્લોલ કરતાં હતાં. ત્યાં અનેક દેવ દેવીઓના જોડલાં જે ક્રીડા કરી રહ્યાં હતાં તેને કારણે તેમાં લહેરો ઉછળી રહી હતી.

આ સરોવર, જોનારના મન અને નેત્રોને આનંદ આપનારું હતું. આ સરોવરે પોતાની પ્રભાથી બીજા બધા સરોવરોને તિરસ્કૃત કરી દીધાં હતાં.

આ સરોવરમાં સર્વશ્રેષ્ઠ પદ્મો–કમલોનો વાસ હોવાથી તે 'પદ્મસરોવર' તરીકે ઓળખાતું. એવું પદ્મ-સરોવર ત્રિશલા રાણીએ દસમાં સ્વપ્નમાં જોયું. (સૂ૦૨૪)

ટીકાનો અર્થ–'**તઓ પુણ સા હીણપીણ૦**' ઇત્યાદિ. પૂર્ણ કળશનું સ્વપ્ન જોયાં પછી દસમાં સ્વપ્નામાં ત્રિશલાદેવીએ પદ્મસરોવર જોયું. તે સરોવર કેવું હતું ? તે કહે છે.

દુબળાં અને જાડાં પાઠીન, મદ્ગુર, શાલ, શકુલ, રાજીવ તથા રોહિત આદિ માછલાં તથા મગર, ગ્રાહ,

શિશુમાર, કાચબા વગેરે વગેરે જળચર જીવોનો સમૂહ તે સરોવરનું પાણી પીતો હતો. તે અત્યંત ચપળ તરંગો વડે લહેરાતું હતું. કહ્લારક (એક જાતનાં સુગંધીદાર શ્વેત કમળ)થી, હલ્લક નામનાં લાલ રંગનાં અને ત્રણે કાળમાં વિકસિત રહેતાં કમળોથી, તથા કુવલયો (ચન્દ્રવિકાસી શ્વેત રંગના કમળો) થી, પુંડરીકો (સફેદ કમળો) થી, અને કોકનદોથી (રાતા કમળોથી અને રાતાં કુમુદોથી) તેની શોભા અનુપમ હતી. સૂર્યનાં લાલ કિરણો પ્રસરવાને લીધે વિકસિત થયેલાં કમળોના કેસરોમાંથી ઝરતા અતીવ સૌરભવાળા પરાગ (ફૂલોની રજ) રૂપી રાગ (રંગ) થી તેનું પાણી આછા પીળા તથા લાલ રંગનું લાગતું હતું. ફૂલોના રસનો આસ્વાદ કરવાથી મત્ત બનેલા, આનંદિત થયેલા, મધુર ગુંજારવ કરતા, મધ્યમાં અવર-જવર કરનારા ભમરાઓના સમૂહે ત્યાંનાં કમળોને આવરી દીધાં હતાં. ત્યાં અનેક પ્રકારના હંસ, સારસ, ક્રૌંચ. ચકવા, કુરર (કુજડા) દાત્યૂહ (મધુર સ્વર બોલનારૂં એક પક્ષી) આદિ પક્ષીઓ આમ તેમ ઉડતાં હતાં. કમલિનીઓનાં પાન પર સુશોભિત લાગતા પાણીનાં ટીપાંઓનો સમૂહ મોતીઓ તથા તારાઓનો ભ્રમ ઉત્પન્ન કરતો હતો. અત્યન્ત વિસ્તીર્ણ હોવાના કારણે તથા મોતી આદિ રત્નોવડે ભરેલું હોવાથી તે સાગર જેવું દેખાતું હતું. કમળોનાં સમૂહ વડે તે રમણીય લાગતું હતું. તે બધી જાતની શોભાવાળું અને સુખમય હતું. કલહંસો (વતકો) રાજહંસો (લાલ ચાંચ તથા પગવાળા સફેદ હંસો), બાલહંસો (એક પ્રકારના પક્ષી), ચકવાઓનો સમૂહ, તથા સુંદર સારસ આદિ ગર્વીલાં પક્ષીઓનાં યુગલો તેના પાણીનું સેવન કરતાં હતાં. તેથી તે સરોવર ચંચળ હતું. ઘણા જ દેવ–દેવીઓના યુગલોની ક્રીડાને કારણે તેમાં ઉંચાં મોજાઓ પેદાં થતાં હતાં. તે જોનારાઓના હૃદયને. મનને તથા નેત્રોને આનંદદાયી હતું. પોતાની અસાધારણ કાન્તિ વડે તે બીજા બધાં સરોવરોને મહાત કરતું હતું. ત્રિશલા દેવીએ આ પ્રકારનું કમળોવાળું સરોવર દશમાં સ્વપ્નામાં જોયું. (સૂ૦ ૨૪)

## ક્ષીરસાગર સ્વપ્ન વર્ણનમ્ ।

### ૧૧ ક્ષીરસાગરનું સ્વપ્ન

મૂળનો અર્થ—**‘तओ पुण सा सीयकिरण०’** ઇત્યાદિ. ચંદ્રના અજવાળાથી પણ વધારે ઉજ્વળ નિર્મળ જળના સમૂહવાળો, અનેક મોટા મોટા મગરો, શિશુમારો, તિમિ, તિમિંગિલ, તિમિંગિલગિલ નામવાળા મચ્છોના ઉછળવાથી ઘણો ક્ષુબ્ધ થઈ ગયો છે એવો; અસાધારણ તરંગો વચ્ચે પણ તરવાવાળા જળ–જંતુઓ યુક્ત; અનેક નદીઓના પ્રવાહો જેમાં સામેલ થઇ જેના પાણીની વૃદ્ધિ કરે છે એવો; જેના મધ્ય ભાગમાં, તરંગોની પરંપરા નિયત પ્રમાણે ઉઠી રહી છે એવો; જેના તરંગો, કિનારે અથડાઇ પાછા વળતા પવનના જોરે, ચંચળ લહેરીઓમાં ફેરવાઈ જાય છે એવો; જેના પાણીમાં દૂધ જેવા સફેદ અને મીઠા ફીણો થોકબંધ તરે છે એવો; કીચડરહિત;

મોટી મોટી નદીઓના વેગવાળા સંગમથી પડેલા ખાડામાં, ભરતી થતા પાણી ઉછળી પડતું, ને તે બન્ને સંગમોના લીધે થતાં ઉછાળાનું પાણી, ઘણું રમણીય અને સુંદર દેખાતું એવો જે મધુરજળવાળો ક્ષીરસાગર તેનું સ્વપ્ન, ત્રિશલા રાણીએ. અગ્યારમાં સ્વપ્નમાં જોયું. (સૂ૦ ૨૫)

ટીકાનો અર્થ—'**तओ पुण सा सीयक्किरण०**' ઇત્યાદિ. પદ્મ સરોવરનું સ્વપ્ન જોયા પછી અગીઆરમાં સ્વપ્નામાં ત્રિશલા દેવીએ ક્ષીરસાગરને જોયો. તે કેવો હતો, તે કહે છે—

તે ક્ષીરસાગરનાં નિર્મળ જળનો સમૂહ ચન્દ્રમાનાં કિરણસમૂહથી ચળકતો હતો. વિશાળકાય મગરોના સમૂહો, શિશુમારો (શીંશ નામના જળચરો) ના સમૂહો તથા તિમિ. તિમિંગિલ (તિમિ નામનાં માછલાઓને ગળી જનારા) તથા તિમિંગિલગિલ (તિમિંગિલ નામના મચ્છોને પણ ગળી જનાર) મચ્છો તેમાં ઉપર ઉછળતાં હતાં. એ બધાના ઉછળવાને કારણે તે સાગરમા અસાધારણ લહેરો ઉત્પન્ન થતી હતી તે લહેરોમાં વિવિધ પ્રકારનાં જળજંતુઓ ઉભરાતાં હતાં તે સાગરમાં ઘણી નદીઓનો સંગમ થતો હતો, અને તે સંગમને લીધે તેના પાણીમાં વધારો થતો હતો. તેમાં સર્વત્ર અને બધી તરફ લહેરો પર લહેરો ઉછળતી હતી. તે નાનાં નાનાં તરંગોની છટાવાળો હતો. પ્રબળ પવનના આઘાતથી એક લહેર પેદા થતી, તેમાંથી બીજી લહેર પેદા થતી, એ રીતે લહેરોની પરંપરા પેદા થતી હતી. તે તરંગપરંપરા જઇને કિનારાની સાથે અથડાતી હતી. આ અથડાટથી જે ચંચળ લહેરો ઉત્પન્ન થતી તે પાછી ફરવાથી પાણીમાં ફીણ ઉત્પન્ન થતાં હતા. તે ફીણવાળા જળને લીધે સાગરનો મધ્યભાગ ઘણો જ સુંદર લાગતો હતો. તે સાગર કીચડ વિનાનો હતો. ઘણા જ વેગથી દોડીને મોટા નદીઓ તે સાગરને મળતી હતી. તેમના સંગમને લીધે જે ખાડાઓ પડયાં હતાં તેમાં આવર્ત (ભમરીઓ) ઉઠતાં હતાં. તેમની સાથે મળેલું, ઉછળતું. પાછું ફરતું, અને વેગની સાથે જતું પાણી અત્યંત સુંદર લાગતું હતું. તે ક્ષીરસાગર મીઠાં જળ વડે સરસ લાગતો હતો તથા સુંદર હતો. આ પ્રકારનો ક્ષીરસાગર ત્રિશલા દેવીએ અગીયારમાં સ્વપ્નમાં જોયો. (સૂ૦૨૫)

## દેવ વિમાન સ્વપ્ન વર્ણનમ્ ।

### ૧૨ મું દેવવિમાનનું સ્વપ્ન

'**तओ पुण सा तरुणारुण०**' ઇત્યાદિ. ત્રિશલા રાણીએ બારમાં સ્વપ્નામાં પુંડરીક નામનું દેવવિમાન જોયું. આ દેવવિમાન, ખરા બપોરના પ્રકાશતાં સૂર્યના તેજ જેવું દેદીપ્યમાન હતું.

વિવિધ પ્રકારના ઘુઘરીઓના સમૂહ વડે, મોટો અવાજ નીકળી રહ્યો હતો. તેમાં ચકચકાટ મારતી સુંદર માળાઓ લટકી રહી હતી. વિમાન, દેવોની દિવ્ય ઋદ્ધિ સમાન ગણાતું.

છાપરા ઉપર, સુવર્ણ અને મહામણીઓના પ્રકાશથી, ઘોર અંધકાર નાશ પામતો હતો. આ વિમાનમાં મણિ–રત્નોના હારો લટકી રહ્યાં હતાં.

તેની ગતિ ઘણી વેગવાન હતી. તેના ચારે દ્વારો ઉપર, પાંચવર્ણા રત્નો અને મોતિઓના તોરણો લટકી

રહ્યાં હતાં. એક હજાર આઠ મણિમય થાંભલાની પ્રભા આગળ સૂર્યનું તેજ ઝાંખું પડતું. વિવિધ પ્રકારની શોભા માલૂમ પડતી હતી.

નિર્મલ શંખ, દહીં, ગાયના દૂધનું ફીણ અને ચાંદીના પાટલા સમાન આ વિમાન ઉજ્જવળ હતું. સર્વ પ્રકારના તેજનો સમૂહ ત્યાં રેડવામાં આવ્યો હતો.

આ વિમાનમાં હરણ, મહિષ, સુવર, બકરા, દેડકા, ઘોડા, હાથી, રોઝ, સર્પ, ગેંડા, બેલ નર, તથા મગર આદિ જલચરો, અને કિન્નરો, સુર, ચમર, સિંહ, વાઘ, અષ્ટાપદ, વનલતા, કમળલતા, વિગેરેના ચિત્ર–વિચિત્ર ચિત્રો આલેખવામાં આવ્યાં હતાં, આ ચિત્રો મનને ગમે તેવા અને પ્રમોદકર હતાં.

આ વિમાનમાં, ગંધર્વોના ગાન અને કિન્નરોના નાચ થઈ રહ્યાં હતાં. મેઘના સમૂહોને પણ ગર્જનામાં હરાવી દે તેવી ધ્વનિઓ છૂટતી હતી. આ વિમાનમાં, સર્વોત્કૃષ્ટ મઘમઘાયમાન ધૂપોથી સુગંધ ફેલાઇ રહી હતી. શુભ ચિન્હો પણ અંકિત કરવામાં આવ્યાં હતાં. તે નિરંતર પ્રકાશવાળું અને આનંદદાયક હતું.

વિવિધ પ્રકારની ક્રીડા અને કલાઓની મોજમાં દેવો મગ્ન થયાં હતાં. આવાં હર્ષજનક દૃશ્યથી પણ આ વિમાન શોભી રહ્યું હતું. આવું વિમાન પુણ્યવંતોને માટે જ, સર્જીત થયેલું હોય છે. હીણપુણ્યોને તો આનો હેવાલ પણ સાંભળવો દુર્લભ થઈ પડે છે. (સૂ૦૨૯)

ટીકાનો અર્થ—'**तओ पुण सा तरुणारुण०**' ઈત્યાદિ. ક્ષીરસાગરનું સ્વપ્ન જોયા પછી બારમાં સ્વપ્નમાં ત્રિશલા દેવીએ દેવતાનું વિમાન જોયું. તે દેવવિમાન કેવું હતું, તે બતાવે છે—

તે અત્યન્ત તરુણ એટલે કે મધ્યાહ્નના સૂર્ય–મંડળના જેવું તેજસ્વી હતું. અનેક પ્રકારની મોટી મોટી ઘંટડીઓના સમૂહથી શબ્દાયમાન હતું. તેમાં અતિશય પ્રકાશિત અને લટકતી સુંદર માળાઓ શોભતી હતી. તે દિવ્ય દેવસમૃદ્ધિનો ભંડાર હતું. તે વિમાનના પતરામાં સુંદર સુવર્ણ અને વૈડૂર્ય આદિ મણિગણોનો સમૂહ લગાડેલ હતો, અને તેના પ્રકાશથી ગાઢ અંધકાર દૂર થઇ ગયો હતો. તેમાં જાત જાતના મણિ–રત્નોમાંથી બનાવેલા અનેક પ્રકારના હાર શોભતા હતાં. તેની ગતિ આકાશને પાર કરવાને સમર્થ હતી એટલે કે તે આકાશ–ગામી વિમાન હતું. તેના ચાર દ્વારો પાંચ પ્રકારનાં રત્નોથી તથા મોતીઓના બનાવેલાં તોરણો વડે શણગારેલાં હતાં. વૈડૂર્ય આદિ મણીથી બનેલા એક હજાર આઠ સ્તંભોનાં તેજ વડે તે સૂર્યને પણ મહાત કરતું હતું. તે વિવિધ પ્રકારની શોભાવાળું હતું. સફેદ શંખના જેવો. જમાવેલા દહીંના જેવો, ગાયનાં દૂધનાં ફીણના જેવો તથા ચાંદીના ઢગલા જેવો તેનો પ્રકાશ હતો. તે જાણે અત્યંત પ્રકાશમાન અપાર્થિવ (લોકોત્તર) તેજનો પુંજ હોય તેવું લાગતું હતું. તે હરણ, ભેંસ, ભૂંડ, બકરા, દેડકા, ઘોડા, હાથી, ગવય (ગાયના જેવું રોઝ નામનું જંગલી પ્રાણી), સર્પ, ગેંડા, વૃષભ, નર, તથા મગર આદિ જળચર, કિન્નર (દેવની એક જાત), સુર (દેવ), ચમર (એક જાતનું પશુ), સિંહ, વાઘ, અષ્ટાપદ (સરભ નામનું એક જંગલી પશુ), વનલતા (વનમાં પેદા થતી વેલ), કમળલતા (કમળનાં ફૂલોની વેલ) આદિના અદ્‌ભુત ચિત્રોથી જોનારાઓનાં ચિત્તને સંતોષ આપતું હતું. તેમાં સુંદર તાલ (ગીતકળાની ક્રિયાનું માન) અને

લય (ગીત, વાદ્ય અને ચરણન્યાસ આદિના સમય અને ક્રિયાનું સામ્ય) ના ઉગ્ર ગર્વવાળા ગંધર્વોનાં સંગીતથી જે મધુર સ્પષ્ટતર ધ્વનિ થતો હતો, તે શ્રોતાઓનો આનંદ વધારનાર હતો. વન-ઘન એટલે કે પાણીરૂપી પુંજીવાળા કાળા મેઘોની ગંભીર ગર્જના જેવા સુર-સમૂહના દુંદુભીઓના મનોરમ મધુર અને અસ્ફુટ ધ્વનિથી તે વિમાન દિશાઓના અંતિમ છેડાઓ સુધી મનુષ્યલોકને વ્યાપ્ત કરતું હતું. સળગતા અગ્નિમાં બળનાર અત્યંત ઉત્તમ કાલાગુરુ, કુન્દુરુક્ક તથા તુરુષ્ક (લોબાન) આદિની પ્રસરતી અવર્ણનીય સુગંધથી તે મહેંકી રહ્યું હતું. તેમાં સાથિયા આદિના શુભ ચિહ્નો બનાવેલાં હતા. તે સતત ઝગમગતું હતું અને હર્ષજનક હતું. અનેક પ્રકારની સરસ ક્રીડા-કલાનાં કુતૂહલમાં મગ્ન ઉત્તમ દેવોનાં આસનોથી સુશોભિત હતું. બધા દેવોના ઉત્તમ વિમાનો કરતા પણ તે સુંદર હતું. જેમણે પુણ્ય પ્રાપ્ત કર્યું નથી તેઓને માટે દુર્લભ તથા પુણ્યાત્માને માટે ઘણું જ સુલભ હતું. ત્રિશલા દેવીએ બારમાં સ્વપ્નામાં આવાં પુંડરીક નામના દેવ-વિમાનને જોયું. (સૂ૦૨૬)

## રત્ન રાશિ સ્વપ્ન વર્ણનમ્ ।

### ૧૩ રત્નરાશિનું સ્વપ્ન.

મૂળનો અર્થ—**'तओ पुण सा वज्जवेरुलिय'** ઇત્યાદિ. તેરમાં સ્વપ્ન મધ્યે ત્રિશલા રાણીએ, વજ્ર, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, જ્યોતિરત્ન, અંક, અંજન, જાતરૂપ, અંજનપુલક, રિષ્ટ, ઈન્દ્રનીલ, ગોમેદ, ચન્દ્રપ્રભ, ભુજમોચક, રુચક, સૌગંધિક, પુલક, સ્ફટિક, મરકત, કર્કેતન, સૂર્યકાન્ત, ચંદ્રકાન્ત, પ્રવાલ, વિગેરે અનુપમ રત્નોની રાશિ જોઇ. આ રત્નોની રાશિથી પૃથ્વીતલ, સુશોભિત લાગતું. આકાશ-મંડળ તેજોમય જણાતું, આ રત્નરાશિ, ઘણી ઉંચી હોવાને લીધે, મેરુ પર્વતને પણ મહાત કરવાવાળી હતી. અનાયાસ-વગર પરિશ્રમે મળેલી અને દશેદિશાઓમાં પ્રકાશને ફેલાવનારી હતી. ત્રિશલા રાણીએ તે રાત્રે સ્વપ્નમાં આવા પ્રકારની પૂર્વભવમાં ઉપાર્જિત પુણ્યની રાશિની ગોડે રત્નરાશિ જોઇ. (સૂ૦૨૭)

ટીકાનો અર્થ—**'तओ पुण सा वज्जवेरुलिय'** ઇત્યાદિ. દેવ-વિમાનનું સ્વપ્ન જોયા પછી તેરમાં સ્વપ્નમાં ત્રિશલા દેવીએ રત્નોની રાશિ (ઢગલો) જોઇ. તે રત્ન-રાશિ કેવી હતી, તે કહે છે—

વજ્ર, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, જ્યોતિ, અંક, અંજન, જાતરૂપ, અંજનપુલક, રિષ્ટ, ઇન્દ્ર-નીલ, ગોમેદ, ચન્દ્રપ્રભ ભુજમોચક, રુચક, સૌગંધિક, પુલક, સ્ફટિક, મરકત, કર્કેતન, સૂર્યકાન્ત, ચન્દ્રકાન્ત, પ્રવાલ, વગેરે વગેરે ઉત્તમ રત્નોના સમૂહના પ્રકાશમાન કિરણોના સમુદાયથી ભૂતલને શોભાવતી તથા આકાશમંડળને ઉજ્જવળ બનાવતી, અને અત્યંત ઉંચાઈને લીધે મેરુ પર્વતના જેવી, અનાયાસ પ્રાપ્ત થતી, દશે દિશાઓમાં પ્રકાશ ફેલાવતી. પૂર્વ જન્મમાં ઉપાર્જિત પુણ્યરાશિના જેવી રત્ન-રાશિને જોઇ. (સૂ૦૨૭)

## શિખિ સ્વપ્ન વર્ણનમ્ ।

### ૧૪ અગ્નિનું સ્વપ્ન

મૂળનો અર્થ—'**तओ पुण सा विउल०**' ઇત્યાદિ. ચઉદમાં સ્વપ્નમાં, અત્યંત પ્રશસ્ત, પિંગળરંગના, મધ અને ઘીની અવિચ્છિન્ન ધારાથી સિંચાતા, ધૂમાડા રહિત, ધકધક જળતા, ઉજ્જવળ જ્વાળાઓના સમૂહથી વિરાજીત, નિર્મળ તેજથી રમણીય દેખાતા, તરતમતાવાળા, જ્વાળાઓની માળાઓથી યુક્ત, જ્વાળાઓથી દેદીપ્યમાન, તીવ્ર વેગથી નીચે પડતાં આકાશના ખંડ સમાન, અગ્નિના પુંજને. ત્રિશલા રાણીએ, જોયો (સૂ૦૨૮)

ટીકાનો અર્થ—'**तओ पुण सा विउल०**' ઇત્યાદિ. રત્નરાશિનું સ્વપ્ન જોયાં પછી ચૌદમાં સ્વપ્નામાં ત્રિશલા દેવીએ અગ્નિ જોયો. તે અગ્નિ કેવો હતો, તે કહે છે—

અત્યંત મનોહર, લાલ-પીળા રંગનો, મધ અને ઘીની લગાતાર ધારા વડે સિંચિત કરાએલ, ધૂમાડાથી રહિત, ધગ ધગાટ કરીને જલતો તથા તેજસ્વી જ્વાળાઓના સમૂહ વડે શોભતો હતો. નિર્મળ તેજને લીધે સુંદર લાગતો હતો. તેની જ્વાળારૂપી માળાઓ ક્રમે ક્રમે ઉપરની બાજુ જતી હતી. તે એવી લાગતી હતી કે જાણે અન્યોન્ય મળતી હોય અથવા તો મળવાને માટે તરાપ મારતી હોય! (આ ઉત્પ્રેક્ષા અલંકાર છે) અથવા તે અગ્નિ એવો લાગતો હતો કે જાણે જ્વાળાઓના સમૂહથી પ્રકાશમાન વિશાળ આકાશ-ખંડ નીચે પડતો હોય! તે ઉત્તમ વેગ વાળો અને તેજનું નિધાન હતો. ત્રિશલા દેવીએ ચૌદમાં સ્વપ્નમાં એવા અગ્નિને જોયો (સૂ૦૨૮)

## ત્રિશલયા સ્વપ્ન નિવેદનં સિદ્ધાર્થેન તત્ફલકથનં ચ ।

મૂળનો અર્થ—'**एवं सा तिसला**' ઇત્યાદિ. આ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારનાં એ ચૌદ મહાસ્વપ્નાઓ જોઇને ત્રિશલા ક્ષત્રિયાણી જાગી ઉઠી. તે હર્ષ અને સંતોષ પામી. ચિત્તમાં આનંદિત થઇ. તેના મનમાં પ્રીતિ થઇ. મનમાં અતિશય શુભ ભાવ જાગૃત થયો. હર્ષથી હૃદય ઉભરાવા લાગ્યું. જેમ વર્ષાની ધારા પડવાથી કદમ્બનું ફૂલ વિકસિત થાય છે એજ પ્રમાણે તેના રોમકૂપ વિકસિત થઈ ગયા. તેણે સ્વપ્નનો વિચાર કર્યો. પછી શય્યામાંથી ઉઠી. ઉઠીને ત્વરા વિના, ચપલતા વિના, સ્ખલના વિના, અવરોધ વિના રાજહંસ જેવી ગતિથી જ્યાં સિદ્ધાર્થ ક્ષત્રિય હતાં, ત્યાં આવી, આવીને ઇષ્ટ, કાન્ત, મનોજ્ઞ, મનોરથ સાધક, ઉદાર, કલ્યાણમય, શિવસ્વરૂપ, ધન્ય, માંગલિક, ગુણમય, હૃદયને ગમે તેવા, હૃદયમાં આનંદ ઉત્પન્ન કરનારા, મિત, મધુર અને મંજુલ વચનોથી બોલીને રાજા સિદ્ધાર્થને જગાડયા (સૂ૦૨૯)

ટીકાનો અર્થઃ—'**एवं सा तिसला**' ઇત્યાદિ. આ રીતે એ ગજથી લઇને અગ્નિ સુધીના ચૌદ મહાસ્વપ્નો-ઉત્તમ સ્વપ્નો જોઇને ત્રિશલા ક્ષત્રિયાણી જાગૃત થઈ. તેને હર્ષ અને સંતોષ થયો. તેનું ચિત્ત આનંદિત થઇ ગયું. તેનું ચિત્ત તૃપ્ત થયું. મનમાં પ્રબળ શુભ ભાવ જાગૃત થયો. આનંદોલ્લાસથી હૃદય ખીલી ઉઠયું. વર્ષાની જલધારાના આઘાતથી યુક્ત કદમ્બના ફૂલોની જેમ તેના રોમકૂપ-રોમ ઉગવાના સ્થાન-સ્થૂળ બની ગયાં એટલે કે તેણે રોમાંચ અનુભવ્યો. ભાવાર્થ એ કે જેમ મેઘની ધારાઓના પડવાથી કદમ્બનું ફૂલ વિકસિત કેસરવાળું થઈ જાય છે તેમ સ્વપ્ન જોવાથી તેના રૂંવાટાં ખડા થઈ ગયાં. આ પ્રકારની અવસ્થાવાળી ત્રિશલા દેવીએ સ્વપ્નોનું અનુસંધાન કર્યું-ક્રમ જોડયો. અનુસંધાન કરીને તે પલંગ પરથી ઉઠી. ઉઠીને ઉતાવળ અને શરીરની ચપળતાથી રહિત થઇને સ્ખલનાથી રહિત અપ્રતિહત તથા રાજહંસ જેવી ગતિથી જે ભવનમાં તેના પતિ સિદ્ધાર્થ ક્ષત્રિય હતા, એજ ભવનમાં ગઈ. જઇને સિદ્ધાર્થ રાજાને આગળ જે કહેવામાં આવવાના છે તે ગુણોથી યુક્ત, ઈષ્ટ-ઈષ્ટ અર્થનું કથન કરનારી, કાન્ત-અભિલાષા કરવા લાયક, પ્રિય- પ્રેમ ઉત્પન્ન કરનારી, મનોજ્ઞ-મનને અનુકૂળ, મનોમ-મનોરથને સિદ્ધ કરનારી, ઉદાર-શ્રેષ્ઠ અર્થવાળી, કલ્યાણી-હિતાવહ, શિવ- ઉપદ્રવ વિનાની, ધન્ય, પ્રશંસનીય, માંગલિક-વિઘ્નોનો નાશ કરનારી, સશ્રીક-પ્રસાદ, માધુર્ય આદિ વાણીના બધા ગુણોવાળી, હૃદયગમનીય-સુબોધ હોવાને કારણે હૃદયમાં ગ્રહણ કરાય તેવી, હૃદયપ્રહ્લાદનીય-હૃદયમાં રહેલ કોપ અને શોક આદિનું નિવારણ કરીને મનમાં આનંદ ઉત્પન્ન કરનારી, મિત-અલ્પ શબ્દોવાળી, મધુર-સાભળવામાં સુખદ અને મંજુલ-સુંદર વાણીથી વારંવાર બોલીને રાજા સિદ્ધાર્થને જગાડે છે. (સૂ૦૨૯)

મૂળનો અર્થ—"**तए णं सा**" ઇત્યાદિ. ત્યારબાદ રાજા સિદ્ધાર્થની આજ્ઞા લઈને ત્રિશલા ક્ષત્રિયાણી વિવિધ પ્રકારના મણીઓ, રત્નો અને સુવર્ણની રચના વડે અદ્ભુત લાગતાં ભદ્રાસન પર બેઠી. સ્વસ્થ થઇ, ક્ષોભ રહિત થઈ તથા શુભ આસન પર બેસીને ત્રિશલા દેવી આ પ્રમાણે બોલી-હે નાથ! હું તે (પૂર્વવર્ણિત) શય્યા પર થોડી ઉંઘતી અને થોડી જાગતી અવસ્થામાં, ગજ, વૃષભ આદિ ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગી છું. હે નાથ! એ ચૌદ મહાસ્વપ્નોનું શું ફળ મળશે?

ત્યારે સિદ્ધાર્થ રાજા ત્રિશલા ક્ષત્રિયાણી પાસેથી આ વાત સાંભળીને તથા સમજીને હર્ષ અને સંતોષ પામ્યા. મેઘ-ધારા પડવાથી જેમ કદંબના સુગંધિત ફૂલો વિકસે છે તેમ તેઓ રોમાંચિત થયા. તે ચૌદ મહાસ્વપ્નોનો આશય સમજીને ત્રિશલા ક્ષત્રિયાણી સાથે ઇષ્ટ અને પ્રિય વચનોથી બોલીને આ પ્રમાણે કહેવા લાગ્યા-હે દેવાનુ-પ્રિયે! તમે ઉદાર સ્વપ્નો જોયાં છે. હે દેવાનુપ્રિયે! તમે કલ્યાણકારી, શિવકારી, ધન્ય, માંગલિક, સશ્રીક, આરોગ્ય, સંતોષ અને દીર્ઘાયુ દેનારા સ્વપ્નો જોયાં છે. હે દેવાનુપ્રિયે! તેમના વડે આપણને ધનનો લાભ થશે, ભોગોનો લાભ થશે, સુખનો લાભ થશે, રાજ્યનો લાભ થશે, રાષ્ટ્રનો લાભ થશે. વધુ શું કહું, પુત્રનો પણ લાભ થશે. હે દેવાનુપ્રિયે! આ રીતે પૂરા નવ માસ અને સાડા સાત રાત્રિ-દિવસ પસાર થતાં, તમે આપણા કુળનો કેતુ, આપણા કુળનો દીપક, કુળનો પર્વત, કુળનું ભૂષણ, કુળતિલક, કુળની કીર્તિ વધારનાર, કુળની વૃત્તિ વધારનાર, કુળમાં આનંદ કરનાર, કુળનો યશ વધારનાર, કુળમાં સૂર્યના જેવા, કુળના આધાર, કુલ-પાદપ એટલે કુળના વૃક્ષ સ્વરૂપ, કુળની સંતાનપરંપરા વધારનાર, ભવ્ય જીવોને બોધ દેનાર, ભવનો ભય હરનાર, ગુણ રત્નોના સાગર, પ્રાણીમાત્રનું

હિત કરનાર, સુખ કરનાર, શુભ કરનાર, સુકુમાર હાથ–પગ વાળા, હીનતારહિત પૂરી પાંચ ઇન્દ્રિયો યુકત શરીર વાળા, લક્ષણો વ્યંજનો અને ગુણોવાળા, માન ઉન્માન અને પ્રમાણુથી પરિપૂર્ણ પ્રમાણુસરનાં અંગોની રચનાવાળા, સર્વાંગ સુંદર, ચન્દ્રમાના જેવા સૌમ્ય આકારવાળા. કાન્તિવાળા. પ્રિયદર્શન અને સુરૂપ પુત્રને જન્મ આપીશ (સૂ૦૩૦)

ટીકાનો અર્થ—'**तए णं सा**' ઈત્યાદિ. પતિને જગાડયા પછી, ત્રિશલાદેવીને તેના પતિ રાજા સિદ્ધાર્થે આસન પર બેસવાની આજ્ઞા કરી. ત્યારે તે અનેક પ્રકારના મણીઓ, સુવર્ણ અને રત્નોની રચના વડે અદ્ભુત લાગતાં ભદ્રાસન નામનાં આસન પર બેઠી. ચાલવાને લીધે પેદા થયેલ થાક દૂર થતાં તે સ્વસ્થ થઈ અને તે કારણે ઉદ્વેગ–ક્ષોભ દૂર થવાથી તે વિશ્વસ્ત થઇ. સુખાસન પર બેઠેલી ત્રિશલાએ આ પ્રમાણે કહ્યું—"હે નાથ ? તે (પૂર્વવર્ણિત) શય્યા પર ઉંઘ અને જાગૃતિની અવસ્થામાં ચૌદ મહા સ્વપ્નોને–ગજ, વૃષભ આદિને–જોઇને હું જાગી છું. તો હે નાથ ! મેં જોયેલા ચૌદ સ્વપ્નોનું મને કયું કલ્યાણકારી ફળ મળશે ?

ત્રિશલાદેવીએ આ પ્રમાણે પ્રશ્ન કર્યા પછી રાજા સિદ્ધાર્થ એ વાતને સાધારણ રૂપે સાંભળીને તથા વિશેષરૂપે હૃદયમાં ધારણ કરીને અતિશય સંતોષ પામ્યા. મેઘની ધારાઓ પડવાથી જેમ કદંબનું ફૂલ વિકસે છે તેમ તેઓ પણ પુલકિત થયા. તેમણે ત્રિશલાએ જોયેલાં ચૌદ મહાસ્વપ્નોના અર્થનો વિચાર કર્યો અને પછી ઇષ્ટ અર્થનું નરૂપણ કરનારી તથા પ્રીતિજનક વાણીમાં કહ્યું—હે દેવાનુપ્રિયે ! તમે ઉદાર ઉત્તમ સ્વપ્નો જોયાં છે. આ રીતે હે દેવાનુપ્રિયે ! તમે હિતકારી, શિવકારી, પ્રશંસનીય, મંગળકારી, સશ્રીક–વિવિધ સંપત્તિની પ્રાપ્તિના સૂચક, આરોગ્ય સંતોષ અને દીર્ઘાયુ દેનાર સ્વપ્નો જોયાં છે. હે દેવાનુપ્રિયે ! તેથી આપણને ચોક્કસ અર્થલાભ–મણિ, માણેક સુવર્ણ આદિ ધનનો લાભ થશે. એજ રીતે ભોગોનો–મનોજ્ઞ શબ્દ આદિ વિષયોનો લાભ થશે. સુખ–ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિથી થતાં આનંદનો લાભ થશે. રાજ્ય–આધિપત્યનો લાભ થશે.રાષ્ટ્ર–દેશનો લાભ થશે. આ પ્રમાણે હે દેવાનુપ્રિયે ! પૂરા નવ માસ અને સાડા સાત રાત્રિ–દિવસ પસાર થતાં આપણાં કુળની ધજાના જેવો એટલે કે ઘણો જ અદ્ભુત, કુળને દીપકની જેમ પ્રકાશિત કરનાર, તથા મંગળકારી, કુળમાં મુગટ સમાન શોભા વધારનાર, કુળતિલક–કુળની શોભારૂપ હોવાથી તિલકના જેવો, કુળકીર્તિકર–પોતાના જન્મથી કુળની પ્રસિદ્ધિ કરનાર, કુળવૃત્તિકર–કુળની મર્યાદા કરનાર, કુળમાં આનંદ ઉત્પન્ન કરનાર, કુળનો યશ-સર્વ દિશાવ્યાપી પ્રસિદ્ધિ વધારનાર, કુળને સૂર્યની જેમ પ્રકાશિત કરનાર, કુળના લોગોને માટે આધારભૂત.કુળપાદપ–જેમ વૃક્ષ છાયા આદિ આપીને સંતાપ આદિને દૂર કરી ઉપકાર કરે છે તેમ કુળના ઉપકાર કરવાવાળા, કુળની વંશ–વેલ વધારનાર, ભવ્ય જીવને પ્રતિબોધ દેનાર, સંસાર–જનિત ભયનો નાશ કરનાર, દયા-દાક્ષિણ્ય આદિ ગુણોનો સાગર, સદુપદેશ દઇને બધાં પ્રાણીઓનું હિતકર, સુખકારી, શુભકારી, અત્યંત કોમળ હાથ–પગ વાળા, અહીન–અવિકળ એટલે કે અંગની ખોડ વગેરે દોષો વિનાના, તથા પ્રતિપૂર્ણ યથોચિત પુષ્ટ પાંચે ઇન્દ્રિયો સહિત શરીરવાળા, લક્ષણો–હાથ–પગમાં બનેલી વિદ્યા, ધન, આયુ આદિની રેખાઓ તથા વ્યંજનો–શુભ અશુભને દર્શાવનારા તલ, મસ આદિ ચિહ્નો તથા સૌભાગ્ય અને ઉદારતા આદિ ગુણોવાળા અથવા પૂર્વોક્ત લક્ષણોથી વ્યક્ત થતા ગુણોવાળા, અથવા પૂર્વોક્ત લક્ષણો અને વ્યંજનોના ગુણોવાળા પુત્રને જન્મ આપીશ. રેખા આદિનો વિચાર બીજી જગ્યાએથી જાણી લેવો જોઇએ.

તે પુત્ર માન, ઉન્માન અને પ્રમાણુથી પરિપૂર્ણ સપ્રમાણ શરીર વાળો થશે. જેનાથી પદાર્થનું માપ કરાય તે માન કહેવાય છે, જેમકે ત્રાજવાથી તોળવું, આંગળી આદિ વડે માપવું, અને પાયલી આદિ વડે માપવું. પાણીથી ભરેલો કુંડ

હોય, તેમાં કોઇ પુરુષના પ્રવેશવાથી એક દ્રોણપરિમિત પાણી બહાર નીકળી જાય તો માનવું કે તે પુરુષ માનોપેત છે, ઉર્ધ્વમાનને ઉન્માન કહે છે. અથવા અર્ધાભારરૂપ પરિમાણને ઉન્માન કહે છે. પૂરાં માપને પ્રમાણ કહે છે. અથવા પોતાની આંગળીઓથી એકસો આઠ ૧૦૮ આંગળીની ઊંચાઇને પ્રમાણ કહે છે.

જેમના વડે પ્રાણી ઓળખી શકાય, તે માથાથી લઇને પગ સુધીના અવયવોને અંગ કહે છે. જેનાં અંગ અને ઉપાંગ યોગ્ય રીતે બન્યા હોય તે સુજાત કહેવાય છે. ભાવાર્થ એ કે તે બાળક માન, ઉન્માન, તથા પ્રમાણથી યુક્ત તથા સુજાત અને સર્વાંગ સુંદર શરીરવાળો થશે.

તે ચન્દ્રમાના જેવો સૌમ્ય-રમણીય-જોનારાઓનાં નેત્રોને આનંદ ઉત્પન્ન કરનાર સ્વરૂપ વાળો હશે. કમનીય હશે અને દેખતાં પ્રિય લાગશે. એ બધી વિશેષતાઓ વાળા હોવાને કારણે તે સુરૂપ-સર્વોત્કૃષ્ટ રૂપ-લાવણ્યથી વિભૂષિત થશે. એવા પુત્રનો તમે જન્મ આપશો. (સૂ૦ ૩૦)

ગજ સ્વપ્નફલમ્ ।

## સ્વપ્નોનું વિશેષ ફળ

મૂળ અને ટીકાનો અર્થ—"तत्थ खलु" ઇત્યાદિ એ ચૌદ મહાસ્વપ્નોમાંથી દરેક મહાસ્વપ્નનું આ વિશેષ ફળ મળશે. તે આ પ્રમાણે—

### ૧–ચાર દાંતવાળા ગજસ્વપ્નનું ફળ

" दंतिदंसणेणं " ઇત્યાદિ— ૧) ચાર દાંતવાળા દન્તી (હાથી)ને જોવાથી તે બાળક શૂરવીર અને પરાક્રમી થશે. જેમ હાથી પોતાના દંતશૂળો વડે નદીકિનારાનાં વૃક્ષોને ઉખાડી નાખે છે. એજ રીતે તે વિપુલ તપસ્યા વડે મહાન વિઘ્નરૂપ કષાયોના સમૂહનો નાશ કરશે. (૨) જેમ હાથી લતાઓના સમૂહને ઉખાડીને ફેંકી દે છે, તેજ પ્રમાણે તે વ્રતી વીર ઉગ્ર તપસ્યાથી નરક, તિર્યંચ, મનુષ્ય, અને દેવ ગતિયોમાં ભમવાની પરંપરાનો અન્ત લાવશે. (૩) જેમ પોતાની આગેવાની પ્રગટ કરનાર અને સમરાંગણમાં પરાક્રમ બતાવનાર ગજરાજ ચાર દંતશૂળો બતાવે છે, એજ પ્રમાણે અત્યંત પ્રભાવશાળી દાન, શીલ, તપ, અને ભાવ, એ ચારભેદોથી ભિન્ન ચાર પ્રકારના ધર્મને બાર પ્રકારની પરિષદમાં બતાવશે. (૪) જેમ દિગ્ગજ ચારે દિશાઓને પોતાને આધીન કરે છે, એજ પ્રમાણે ગ્લાનિ રહિત ભાવથી શ્રુત-ચારિત્રરૂપ ધર્મનું નિરૂપણ કરીને તે પણ ચારે દિશાઓને પોતાને આધીન કરશે ।।સૂ૦ ૩૧।।

## વૃષભ સ્વપ્નફલમ્ ।

## ૨-વૃષભના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ—"**उसभदंसणेण**" ઈત્યાદિ. વૃષભનું સ્વપ્ન જોવાથી (૧) જેમ શ્રેષ્ઠ વૃષભ ગાડાની ધૂંસરીને ધારણ કરે છે, તેમ તે ધર્મની ધુરાને ધારણ કરશે. (૨) સારભૂત અને ઉદાર તપ અને સંયમના ભારને વહન કરશે. (૩) શ્રુત-ચારિત્ર-ધર્મરૂપી બાગને અમોઘ ધારા યુક્ત અમૃતની ધારા જેવી વાણીની ધારાથી સીંચશે અને તેને ફૂલ-ફળવાળો બનાવશે. (૪) પવિત્ર-ભરતક્ષેત્રરૂપી ક્ષેત્રમાં સ્વર્ગ અને અપવર્ગની પ્રાપ્તિના કારણરૂપ બોધબીજરૂપ બીજને વાવશે (સૂ૦૩૨)

ટીકાનો અર્થ—'**उसभद्दंसणेणं**' ઇત્યાદિ. વૃષભનું સ્વપ્ન જોવાથી તે બાળક ધર્મરૂપી ગાડાની ધૂંસરીને એજ પ્રમાણે ધારણ કરશે કે જે પ્રમાણે શ્રેષ્ઠ વૃષભ શકટની (ગાડાની) ધૂંસરીને ધારણ કરે છે.તથા તે શ્રેષ્ઠ અને અદ્ભુત બાર પ્રકારનાં તપ અને સત્તર પ્રકારનાં સંયમના ભારને ઉપાડશે. તે શ્રુત-ચારિત્ર-ધર્મરૂપી બાગને પોતાની અમોઘ-નિષ્ફળ ન નિવડ-નારી ધારાથી યુક્ત અમૃતવર્ષા જેવી વાણીની વર્ષા વડે સિંચીને તેને પુષ્પોવાળો તથા ફળોવાળો બનાવશે, એટલે કે તે શ્રુત-ચારિત્ર-ધર્મનો સંવર્દ્ધક થશે. એવો તે, ધર્માત્માઓનું નિવાસસ્થાન હોવાને કારણે પવિત્ર-ભરતક્ષેત્ર-રૂપી ક્ષેત્રમાં સ્વર્ગ અને મોક્ષગતિયોનું સુખ ઉત્પન્ન કરવાના કારણરૂપ સમકિતરૂપી બીજને વાવશે (સૂ૦૩૨)

## સિંહ સ્વપ્નફલમ્ ।

## ૩ સિંહના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ—"**सीहदंसणेणं**" ઇત્યાદિ. સિંહ જોવાથી તે (૧) ત્રણે લોકમાં શૂર, વીર અને પરાક્રમી થશે. (૨) વાદીઓના સમૂહના માનનો નાશ કરનાર થશે. (૩) રાગ-દ્વેષ આદિ દુશ્મનોનો વિજેતા થશે. (૪) ત્રણે લોક પર એક છત્ર શાસન કરશે (સૂ૦૩૩)

ટીકાનો અર્થ—'**सीहदसणेणं**' ઇત્યાદિ. સિંહ સ્વપ્ન જોયાનું ફળ એવું મળશે કે તે બાળક ત્રણે લોકમાં શૂર, વીર અને પરાક્રમી થશે. વાદીઓના સમુદાયના માનનો મર્દક એટલે કે અહંકારનો વિનાશક થશે. રાગ-દ્વેષ આદિ દુશ્મનોનો-એટલે કે જીવોના કાયમના દુશ્મનો રાગ-દ્વેષ આદિ વિકારોનો વિજેતા થશે. ત્રણ લોક ઉપર અખંડ શાસન કરશે, એટલે

કે ત્રણે લોકમાં બીજા તીર્થિકોનાં ધર્મશાસનને નિર્મૂળ કરીને પોતાના ધર્મનું નિષ્કંટક શાસન સ્થાપશે. (સૂ૦૩૩)

લક્ષ્મી સ્વપ્નફલમ્ ।

## ૪–લક્ષ્મીના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ— '**લચ્છીદસણેણં**' ઇત્યાદિ. લક્ષ્મીને જોવાથી તે (૧) સમવસરણરૂપી લક્ષ્મીવાળો થશે. (૨) જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યરૂપ અનંત ચતુષ્ટયની લક્ષ્મીનું વરણ કરશે. (૩) જન્મ, જરા, મરણ, આધિ અને વ્યાધિથી વ્યાકુળ અનાથ ભવ્યોને બોધિબીજરૂપી લક્ષ્મી દઇને સનાથ કરશે. (૪) મોક્ષમાર્ગના આરાધક ભવ્યોને સાદિ, અનન્ત, અક્ષય, અવ્યાબાધ, ધ્રુવ, નિયત, શાશ્વત અને લૌકિક લક્ષ્મીને તિરસ્કૃત કરનારી મોક્ષલક્ષ્મી દેશે (સૂ૦૩૪)

ટીકાનો અર્થ–'**લચ્છીદંસણેણં**' ઇત્યાદિ. લક્ષ્મીનું સ્વપ્ન જોવાથી તે બાળક (૧) સમવસરણમાં દેવો, અસુરો મનુષ્યો અને તિર્યંચો દ્વારા જે લખી જાય–જોવાય એવી લક્ષ્મીથી યુક્ત થશે. (૨) તથા તે જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય એ અનન્ત ચતુષ્ટયરૂપ લક્ષ્મીને વરશે. (૩) તથા જન્મ જરા, મરણ, આધિ (માનસિક વ્યથા) અને વ્યાધિ (રોગ)થી વ્યાકુળ એવા અનાથ ભવ્યોને બોધિબીજરૂપ લક્ષ્મી આપીને સનાથ બનાવશે. (૪) સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્ર-રૂપ મોક્ષ-માર્ગની આરાધના કરનાર ભવ્યોને સાધનન્ત–જ્ઞાનક્રિયા દ્વારા પ્રાપ્ત હોવાથી આદિસહિત અને સર્વકાળમાં અવિનાશી હોવાથી અનન્ત, ક્ષયરહિત હોવાથી અક્ષય, કર્મબાધારહિત હોવાથી અવ્યાબાધ, નિશ્ચળ હોવાથી ધ્રુવ, નિશ્ચિત હોવાથી નિયત, સર્વકાળસ્થાયી હોવાથી શાશ્વત, અને લોકોત્તર હોવાથી લૌકિક લક્ષ્મીને તિરસ્કૃત કરનારી એવી મોક્ષલક્ષ્મી દેશે. (સૂ૦૩૪)

દામદ્વિક સ્વપ્નફલમ્ ।

## ૫–માળાયુગલના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ— "**દામદુગદંસણેણં**" ઇત્યાદિ. બે માળાઓ જોવાથી તે (૧) બે ધર્મોનું–અગારધર્મ અને અનગારધર્મનું નિરૂપણ કરીને ભવ્ય જીવોને વિભૂષિત કરશે. (૨) તીવ્રતર આનંદના જનક જ્ઞાન આદિ ગુણોને કારણે ત્રણ લોકના સમસ્ત જનોનાં હૃદયમાં સ્થાન જમાવશે. (૩) પોતાના આત્મિક ગુણોની સુગંધથી ત્રણે લોકને

સુગંધિત કરશે. (૪) સૌનાં નયનોને આનંદકારી થશે (સૂ૦૩૫)

ટીકાનો અર્થ—'**दामदुगदसणेणं**' ઇત્યાદિ. આ સૂત્રની ટીકા સુગમ છે. (સૂ૦૩૫)

### ચન્દ્ર સ્વપ્નફલમ્ ।

## ૬–ચંદ્રના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ—"**चंददंसणेणं**" ઇત્યાદિ. ચન્દ્રમાને જોવાથી તે બાળક (૧) ભવ્યજનરૂપી કુમુદોના સમૂહોનો વિકાસ કરનાર, (૨) જન્મ, જરા, મરણ આદિથી ઉત્પન્ન થતા સંતાપને દૂર કરનાર, (૩) જિનશાસનરૂપી સાગરની વૃદ્ધિ કરનાર, (૪) અનાદિકાળના મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરનાર, અને (૫) ત્રણે ભુવનને આનંદિત કરનાર થશે (સૂ૦૩૬)

ટીકાનો અર્થ—'**चंददंसणेणं**' ઇત્યાદિ. ચન્દ્રનું સ્વપ્ન જોવાથી તે બાળક (૧) ભવ્યજીવરૂપી કુમુદો-ચન્દ્રવિકાસી કમળોનો વિકાસ કરનાર એટલે કે ભવ્યજીવોને આનંદ દેનાર થશે. (૨) જન્મ, જરા, અને મરણ આદિથી પેદા થતા અપાર સંતાપનું અપહરણ કરનાર થશે. (૩) જિનેન્દ્ર ભગવાનના શાસનરૂપી સાગરની વૃદ્ધિ કરનારો થશે. (૪) અનાદિ કાળથી ચાલ્યા આવતા મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરનાર થશે, અને (૫) ત્રણે લોકના પ્રાણીઓને આનન્દ દેનાર થશે સૂ૦ ૩૬)

### સૂર્ય સ્વપ્નફલમ્ ।

## ૭–સૂર્યસ્વપ્નનું ફળ

મૂળનો અર્થ—"**सूरदंसणेण**" ઇત્યાદિ. સૂર્ય-દર્શનથી તે [૧] લોક-અલોકનો પ્રકાશક, [૨] ભવ્ય-જીવરૂપી કમળોનો વિકાસ કરનાર, [૩] ભવ્યોનાં હૃદયરૂપી ગુફામાં રહેલ, અનંત પ્રચંડ સૂર્યના તીવ્ર કિરણો વડે પણ ન ભેદી શકાય એવા ચિરકાલીન અથવા અનાદિકાલીન મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરનાર, [૪] ધર્મરૂપી ગગનાંગણમાં પ્રત્યક્ષ અતિશય તેજના પુંજ સમાન થશે. (સૂ૦૩૭)

ટીકાનો અર્થ—'**सूरदंसणेण**' ઇત્યાદિ. સૂર્યનું સ્વપ્ન દેખવાથી તે બાળક [૧] પંચાસ્તિકાયરૂપ લોકનો અને તેનાથી ભિન્ન અલોકનો પ્રકાશક એટલે કે નિરૂપણ કરનાર થશે. [૨] તે ભવ્ય પ્રાણીરૂપી કમળોને વિકસિત કરશે. તથા [૩]

ભવ્ય જીવોના અન્તઃકરણરૂપી ગુફામાં રહેનાર, અસીમ પ્રખર સૂર્યના પ્રૌઢ કિરણો વડે પણ જેને ભેદવો અશકય છે, એવા ચિરકાળથી રહેલા, અથવા અનાદિ કાળના-ગાઢ મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરનાર થશે. તથા [૪] જિનશાસનરૂપી આકાશમાં સાક્ષાત્ અતિશય તેજના પુંજ સૂર્યના જેવો થશે. (સૂ૦૩૭)

ધ્વજ સ્વપ્નફલમ્ ।

## ૮-ધ્વજાના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ—"झयदंसणेणं" ઈત્યાદિ. ધ્વજાને જોવાથી શુકલધ્યાનરૂપી ગજરાજ પર સવાર થઈને, સમ્યગ્જ્ઞાન રૂપી મંત્રીથી. ઉપશમ માર્દવ, આર્જવ અને સંતોષ રૂપ ચતુરંગિણી સેનાથી, પંચમહાવ્રતાદિ યોદ્ધાઓથી, અને શમ દમ આદિ શસ્ત્રોથી યુક્ત થઈને તે બાળક મુનિરાજ બનીને અજ્ઞાનરૂપી મંત્રી જેનો સહાયક છે, ક્રોધ, માન, માયા, લોભ જ જેની ચતુરંગિણી સેના છે, જ્ઞાનાવરણીય આદિ જેના યોદ્ધા છે, રાગ-દ્વેષના અસ્ત્ર-શસ્ત્રોથી જે સુસજ્જિત છે, અપ્રશસ્તધ્યાનરૂપી ગજ પર જે સવાર થયેલ છે, એવા મોહરાજાને જીતીને, કેવળ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ, કારણોના ક્રમનો અભાવ થવાથી કદી નાશ ન પામનાર, સમસ્ત લોક અને અલોકને જાણનાર, ત્રિકાળસંબંધી, સ્વભાવ અને પરિણમનના ભેદથી ભિન્ન, અનન્ત પદાર્થોને પ્રત્યક્ષરૂપથી જાણનાર કેવળજ્ઞાન અને કેવળદર્શનથી યુક્ત થઈને, વૈરાગ્યના વાયુથી પ્રેરિત, સ્યાદ્વાદની ધજાને ફરકાવશે. (સૂ૦૩૮)

ટીકાનો અર્થ—'झयदंसणेण' ઈત્યાદિ. ધ્વજાનું સ્વપ્ન જોવાથી તમારો પુત્ર શુકલધ્યાન રૂપી મહાન્ ગજ પર સવાર થઈને, સમ્યગ્ જ્ઞાન રૂપી મંત્રી (પ્રધાન)થી યુક્ત, ક્ષમા, માર્દવ (નમ્રભાવ), આર્જવ (સરળતા) અને સંતોષ રૂપી ચતુરંગિણી સેનાથી યુક્ત, શમ (કષાયોનો નિગ્રહ) અને દમ (ઈન્દ્રિયોનો નિગ્રહ) તથા આદિ શબ્દથી સમિતિ, ગુપ્તિ આદિ રૂપ શસ્ત્રાસ્ત્રો (એટલે કે તલવાર, બાણ આદિ) થી યુક્ત મુનિરાજ બનીને મોહરાજને હરાવશે. અજ્ઞાન મોહરાજનો સહાયક મંત્રી છે. ક્રોધ, માન, માયા અને લોભ તેની ચતુરંગિણી સેના છે. જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ તેના સુભટો છે. તે રાગદ્વેષરૂપી શસ્ત્રો અને અસ્ત્રોથી સજ્જ છે. તે અશુભધ્યાન રૂપ હાથી પર સવાર થયેલ છે.

આ પ્રકારના મોહ-રાજાને જીતીને, કેવળજ્ઞાનને આવૃત કરનારા જ્ઞાનાવરણ કર્મના, તથા ઉપલક્ષણથી દર્શનાવરણ કર્મના ક્ષયથી ઉત્પન્ન થનાર તથા વિનાશના કારણો દૂર થવાથી કદી પણ નાશ ન પામનાર, લોક-ચૌદ રજ્જુ-પરિમિત આકાશખંડને તથા અલોક-લોકથી ભિન્ન સમસ્ત આકાશને જાણનાર ત્રણે કાળ સંબંધી, સ્વભાવથી ભિન્ન તથા પરિણામ-પર્યાયથી ભિન્ન અનન્ત પદાર્થોને પ્રત્યક્ષ રૂપથી જાણનાર કેવળજ્ઞાનથી તથા કેવળદર્શનથી વિભૂષિત થશે. વળી વૈરાગ્યરૂપી વાયુથી પ્રેરિત અનેકાન્તવાદની પતાકાને ફરકાવશે (સૂ૦૩૮)

## ૯–પૂર્ણકળશના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ—"**पुण्णकलसदंसणेणं**" ઈત્યાદિ. પૂર્ણ કળશને જોવાથી, જેમ કળશ નિર્મળ પાણીથી પરિપૂર્ણ હોય છે, તેમ તે બાળક ક્ષમા, શાન્તિ, માધુર્ય, ઔદાર્ય, શૌર્ય, ગાંભીર્ય, ધૈર્ય, માર્દવ, આર્જવ, આદિ ગુણોથી પરિપૂર્ણ હશે. મંગળમય હોવાને કારણે સંપૂર્ણ લોકનું મંગળ કરનાર હશે. બધા લોકોના હૃદય-કમળમાં સ્થાન પામશે. વાણીના પાંત્રીશ ગુણોથી સુશોભિત હશે. લોકમાં અથવા લોકોને માટે સુંદર હશે. શુભ્ર કીર્તિ તથા કેવળજ્ઞાન અને કેવળદર્શનથી વિભૂષિત હશે. જગતનું ચિત્ત હરનાર થશે, સમસ્ત તીર્થિકોમાં પ્રધાન રૂપથી શોભાયમાન થશે અને સઘળા જનોને માટે ઇષ્ટ થશે (સૂ૦૩૯)

ટીકાનો અર્થ—'**पुण्णकलसदंसणेणं**' ઇત્યાદિ. જળથી ભરેલા કળશનું સ્વપ્ન જોવાથી, સ્વચ્છ પાણીથી જેમ કળશ ભરેલો હોય છે. તેમ તે બાળક પણ ક્ષમા, શાંતિ સ્વભાવની મધુરતા, ઉદારતા-દાનશીલતા, શૂરતા-પરાક્રમ, ગંભીરતા-હૃદયની અગાધતા, ધીરતા-પરીષહ અને ઉપસર્ગ સહન કરવાની અડગતા, મૃદુતા-માનનો અભાવ, ઋજુતા-સરળતા વગેરે વગેરે ગુણોવાળો હશે. તે પોતે મંગળમય હશે, તેથી સઘળા લોકોનું મંગળ-જિન કથિત ધર્મની પ્રાપ્તિ રૂપ શુભ-કરનાર હશે, એટલે કે સમીચીન ધર્મનો ઉપદેશક થશે. સમીચીન ધર્મનો ઉપદેશક હોવાને કારણે તે બધા લોકોના હૃદયરૂપી કમળમાં સ્થાન પામશે એટલે કે બધાનો આરાધ્ય થશે. તે વાણીના પાંત્રીસ ગુણોથી પરિપૂર્ણ થશે. તે ગુણ આ પ્રમાણે છે—

(૧) સંસ્કારવત્ત્વ-વાણી સંસ્કારવાળી હોવી-વ્યાકરણ આદિની દૃષ્ટિથી નિર્દોષ હોવી.
(૨) ઉદાત્તતા-સ્વરનું ઉદાત્ત-ઉંચા હોવું.
(૩) ઉપસ્વારોપેતત્વ-ભષામાં ગામડિયાપણું ન હોવું.
(૪) ગંભીરધ્વનિત્વ-વાણી મેઘના અવાજ જેવી ગંભીર હોવી.
(૫) અનુનાદિતા-પ્રતિધ્વનિવાળો અવાજ હોવો.
(૬) દક્ષિણત્વ-ભાષામાં સરળતા હોવી.
(૭) ઉપનીતરાગત્વ—શ્રોતાઓનાં મનમાં બહુમાન ઉત્પન્ન કરનારી સ્વરની વિશેષતા હોવી.
(૮) મહાર્થત્વ—વાચ્ય અર્થમાં મહત્તા હોવી, થોડાજ શબ્દોમાં ઘણો જ અર્થ ભરેલો હોવો.
(૯) અવ્યાહતપૌર્વાપર્યત્વ-વચનોમાં પૂર્વાપર વિરોધ ન આવવો
(૧૦) શિષ્ટત્વ—પોતાના ઈષ્ટ સિદ્ધાંતનું નિરૂપણ કરવું અથવા વક્તાની શિષ્ટતા સૂચિત કરનાર અર્થ કહેવો.
(૧૧) અસંદિગ્ધત્વ—શ્રોતાના મનમાં સહેજ પણ સન્દેહ રહી ન જાય એવી સ્પષ્ટતાની સાથે નિરૂપણ કરવું
(૧૨) અપહૃતાન્યોત્તરત્વ—-વચન નિર્દોષ હોવા જોઇએ જેથી શ્રોતાઓને શંકા-સમાધાન કરવું ન પડે.
(૧૩) હૃદયગ્રાહિત્વ—કઠિન વિષયને પણ સરળ રીતે કહેવો, શ્રોતાઓનાં ચિત્તને આકર્ષિત કરી લેવું.
(૧૪) દેશકાલાવ્યતીતત્વ—દેશકાળને અનુસાર કથન કરવું.

(૧૫) તત્ત્વાનુરૂપત્વ—વસ્તુના વાસ્તવિક સ્વરૂપને અનુરૂપ કથન કરવું.

(૧૬) અપ્રકીર્ણપ્રસૃતત્વ—પ્રકૃત વસ્તુનું યથાયોગ્ય વિસ્તાર સાથે વ્યાખ્યાન કરવું, અપ્રકૃતનું કથન ન કરવું. પ્રકૃતનો પણ અતિશય-વધારે વિસ્તાર ન કરવો.

(૧૭) અન્યોન્યપ્રગૃહીતત્વ—પદો અને વાકયોનો પરસ્પર સંબંધ હોવો.

(૧૮) અભિજાતત્વ-ભૂમિકા પ્રમાણે વિષયનું નિરૂપણ કરવું.

(૧૯) અતિસ્નિગ્ધમધુરત્વ—સ્નિગ્ધતા અને મધુરતાથી યુક્ત હોવું.

(૨૦) અપરમર્મવેધિત્વ—બીજાના મર્મ-રહસ્યને પ્રગટ ન કરવો.

(૨૧) અર્થધર્માભ્યાસાનપેતત્વ—મોક્ષરૂપ અર્થ તથા શ્રુત-ચારિત્ર ધર્મથી યુક્ત હોવું.

(૨૨) ઉદારત્વ—પ્રતિપાદ્ય વિષયનું ઉદાર હોવું, શબ્દ અને અર્થની વિશિષ્ટ રચના હોવી.

(૨૩) પરનિન્દાસ્વાત્મોત્કર્ષવિપ્રયુક્તત્વ—બીજાની નિંદા અને પોતાની પ્રશંસા વિનાના વચન હોવા.

(૨૪) ઉપગતશ્લાઘત્વ—વચનોમાં પૂર્વોક્ત ગુણ હોવાથી તેમનું પ્રશંસનીય હોવું.

(૨૫) અપનીતત્વ—કાળ, કારક, વચન, જાતિ. આદિના વિપર્યાસરૂપ ભાષાસંબંધી દોષો ન હોવા.

(૨૬) ઉત્પાદિતાચ્છિન્નકૌતૂહલત્વ—શ્રોતાઓના મનમાં વક્તા પ્રત્યે કુતૂહલ ચાલુ રહેવું.

(૨૭) અદ્રુતત્વ—બહુ જ જલ્દી ન બોલવું.

(૨૮) અનિતિવિલમ્બિતત્વ-વચ્ચે વચ્ચે રોકાઇને-અટકીને ન બોલવું,વાણીનો પ્રવાહ એક ધારો ચાલુ રાખવો.

(૨૯) વિભ્રમવિક્ષેપરોષાવેષાદિરાહિત્ય—વક્તાના મનમાં ભ્રાન્તિ ન હોવી જોઇએ, તેનું ચિત્ત બીજે ન હોવું જોઇએ, રોષ તથા આવેશ ન હોવો, એટલે કે અભ્રાન્ત ભાવથી ઉપયોગ લગાડીને શાંતિની સાથે ભાષા બોલવી

(૩૦) વિચિત્રત્વ—વાણીમાં વિચિત્રતા હોવી.

(૩૧) આહિતવિશેષત્વ—બીજા પુરુષો કરતાં વચનોમાં વિશેષતા હોવાને કારણે શ્રોતાઓને વિશિષ્ટ બુદ્ધિ પ્રાપ્ત થવી.

(૩૨) સાકારત્વ—વર્ણો, પદો, અને વાકયોનું અલગ અલગ હોવું.

(૩૩) સત્ત્વપરિગૃહીતત્વ—પ્રભાવશાળી અને ઓજસ્વી હોવાં.

(૩૪) અપરિખેદિત્વ—ઉપદેશ દેતાં થાક ન લાગવો.

(૩૫) અવ્યુચ્છેદિત્વ—જ્યાં સુધી પ્રતિપાદ્ય વિષયની સારી રીતે સિદ્ધિ ન થાય ત્યાં સુધી સતત તેની પ્રરૂપણા કર્યે જવી, અધૂરું છોડવું નહીં.

એ પાંત્રીસ ગુણોવાળો હોવાને કારણે તે બાળક લોકમાં અભિરામ થશે. સુંદર થશે, આનંદદાયક થશે. નિર્મળ કીર્તિવાળો થશે. કેવળજ્ઞાન કેવળદર્શનથી વિભૂષિત થશે. જગતનું એટલે કે જગતના જીવોનું ચિત્ત પોતાની તરફ આકર્ષવાને સમર્થ થશે. સંસારના સર્વધર્મપ્રવર્તકોમાં મૂર્ધન્ય (શ્રષ્ઠ) થશે. બધા લોકોને ઇષ્ટ થશે અને પ્રશંસનીય થશે (સૂ૦૩૯)

## ૧૦–પદ્મસરોવરના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ—"**पउमसरोवरदंसणेणं**" ઇત્યાદિ. પદ્મસરોવરને જોવાથી તે પદ્મસરોવર જેવો થશે. જેમ સરોવર નિર્મળ પાણીવાળું હોય છે તેમ તે પણ નિર્મળ મહિમાવાળો થશે. એજ રીતે સરોવરની શીતળતા જેવી શાન્તિથી, મધુરતા જેવા સૌમ્યભાવથી, ગંભીરતા જેવા જ્ઞાનાદિ ગુણોથી, કમલિનીઓ જેવી નિર્મળ ભાવના-ઓથી, મકરંદના જેવી કરુણાથી, ભમરવૃન્દ જેવા ભવ્ય જીવોના સમુદાયથી, તરંગો જેવા સમભાવથી, હંસ આદિ પક્ષીઓના જેવા સંયમિયોથી, પુષ્પવાટિકા જેવા પ્રમોદથી, સ્વાતિનક્ષત્રમાં નીચે પડતાં જળ બિન્દુઓથી પેદા થયેલ મોતીઓવાળી છીપોના જેવા ગણધરોના ઉપદેશ–વાકયો વડે સ્વર્ગ–મોક્ષના સુખ મેળવનાર મુમુક્ષુ જીવોના અંતઃ-કરણો વડે, તે પદ્મસરોવરની જેમ શોભા પામશે. આ રીતે તે સંસારની બધી જીવયોનિમાં ઉત્પન્ન થયેલા જીવોનો આધાર થશે (સૂ૦૪૦)

ટીકાનો અર્થ—**पउमसतेवरदसणेण**' ઈત્યાદિ. પદ્મસરોવરનું સ્વપ્ન જોવાથી તે બાળક પદ્મસરોવરના જેવો થશે. જેમ પદ્મસરોવર નિર્મળ જળવાળું હોય છે તેજ પ્રમાણે તે પોતાના નિર્મળ પ્રભાવવાળો હશે. જેમ પદ્મસરોવર શીતળ-તાવાળું હોય છે તેમ તે શાન્તિથી યુક્ત હશે, એટલે કે પોતે શાંતિમય હશે અને બીજાઓને પણ લોકોત્તર શાન્તિ આપશે. સરોવરનું જળ જેમ મધુર હોય છે તેમ તે પણ સૌમ્ય સ્વભાવથી વિભૂષિત થશે. સરોવર જેમ ગંભીર હોય છે તેમ તે જ્ઞાનાદિગુણોની ગંભીરતાવાળો થશે. જેમ સરોવર કમલિનિયોવાળું હોય છે તેમ તે પચ્ચીસ વિમળ ભાવ-નાઓ વાળો થશે. જેમ સરોવર મકરન્દ (ફૂલોના રસ)થી યુક્ત હોય છે તેમ તે છકાયના જીવોની કરુણાથી યુક્ત થશે. જેમ સરોવર ભમરાઓના સમૂહથી સેવાયેલ હોય છે, તેમ તે ભવ્યોના સમૂહથી સેવાયેલ હશે. જેમ સરોવર લહેરોથી વ્યાપ્ત હોય છે તેમ તે ઇષ્ટ અનિષ્ટ આદિમાં સમતાભાવવાળો હશે. જેમ સરોવર હંસ આદિ પક્ષીઓથી સેવાય છે તેમ તે સાધુઓ વડે સેવાશે. જેમ સરોવર કિનારે રહેલી પુષ્પવાટિકાઓથી શોભે છે, તેમ તે આત્મજ્ઞાન–જનિત પ્રમોદથી વિભૂષિત થશે, જેમ સરોવર સ્વાતિનક્ષત્રમાં વર્ષેલાં જળના બિન્દુઓ વડે ઉત્પન્ન થયેલ મોતીઓ વાળી છીપ વડે યુક્ત હોય છે, એજ રીતે તે તીર્થંકર–પ્રરૂપિત યથાર્થ તત્ત્વનો ઉપદેશ કરનાર ગણધરોના વચનથી થનાર સ્વર્ગ–મોક્ષના સુખથી શોભા-યમાન થનાસ મુમુક્ષુ જીવોના હૃદયથી સુશોભિત હશે. આ પ્રમાણે, એટલે કમળોવાળાં સરોવરની જેમ તે ત્રણે લોકના જીવોને માટે આધારરૂપ થશે ભાવાર્થ એ છે કે જેમ પદ્મસરોવર નિર્મળ જળથી લઇને છીપ સંપુટથી યુક્ત હોય છે તેજ પ્રમાણે તે બાળક પણ નિર્મળ મહાત્મ્યથી લઇને મોક્ષાભિલાષી જીવોનાં હૃદય સુધીની ચીજોથી યુક્ત થશે, અને અહિંસાધર્મનો ઉપદેશ કરીને બધા જીવોનો આધાર થશે. (સૂ૦ ૪૦)

## ૧૧ ક્ષીરસાગરના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ— '**खीरसायरदसणेण** ઇત્યાદિ—ક્ષીરસાગર જોવાથી તે જ્ઞાન આદિ અનન્ત ગુણ–રત્નાની ખાણ થશે. મધુરતા અને ગંભીરતા આદિ ગુણોના સમૂહથી શોભશે. ચન્દ્રમાનાં કિરણો જેવા શુભ્ર અને નિર્મળ યશનો ધારક થશે. સ્યાદ્વાદના ભંગતરંગોના પ્રરૂપક થશે. વિવિધ નયોરૂપી કલ્લોલનો સુંદર ભંગજાળ જેની મધ્યમાં છે, એવા શ્રુતધર્મરૂપી જળથી પરિપૂર્ણ થશે. અનેક પ્રકારની નિર્મળ ભાવનારૂપી નદીઓના સંગમથી વૃદ્ધિ પામેલ અને તે વૃદ્ધિથી ઉત્પન્ન થયેલા ગુણો વડે સમૃદ્ધ પ્રવચનની પ્રરૂપણા કરનારા થશે. સર્વે પ્રાણીઓનો હિતકર્તા હોવાથી અમૃતથી પણ વધારે હિતકારી, અપરિમિત ગુણોથી રમણીય અને મધુરમાં પણ મધુર વાણીવાળો થશે (સૂ૦૪૧)

ટીકાનો અર્થ—'**खीरसायरदंसणेण**' ઇત્યાદિ ક્ષીરસાગરનું સ્વપ્ન જોવાથી તે બાળક જ્ઞાન આદિ અનન્ત ગુણ રૂપી રત્નોની ખાણ થશે. વાણી આદિની મધુરતા તથા અગાધતા આદિ ગુણોના સમૂહથી શોભાયમાન થશે. ચન્દ્રના કિરણોની જેમ પ્રકાશમાન અને નિષ્કલંક યશનો ધારક થશે. સ્યાદ્વાદના ભંગરૂપી તરંગોનો પ્રવર્તક થશે. અનેક પ્રકારના નયરૂપી મહાતરંગોથી સુંદર ભંગજાળ જેના મધ્યમાં રહેલ છે, એવા શ્રુતધર્મરૂપી જળથી ભરેલો થશે. અનિત્યતા, અશરણતા આદિ ભાવનારૂપી નદીઓના સંગમને કારણે ઉત્પન્ન થયેલ વૃદ્ધિથી પ્રાપ્ત થનારા ક્ષમા–પ્રદાન આદિ ગુણોવાળા પ્રવચન–રૂપી જળનો પ્રદર્શક થશે. સમગ્ર લોકોના, જન્મ, જરા, મરણના દુઃખોના વિનાશરૂપ–હિતકર્તા હોવાથી તે અમૃતને પણ મહાત કરનારી, હિત અને અપરિમિત ગુણોના સમૂહવાળી, મધુર–અતિમધુર વાણીથી વિભૂષિત થશે. (સૂ૦ ૪૧)



## ૧૨–દેવ–વિમાનના સ્વપ્નનુ ફળ

મૂળનો અને ટીકાનો અર્થ—"**देवविमाणदसणेणं**" ઇત્યાદિ દેવ–વિમાનનું સ્વપ્ન જોવાથી તે બાળક સમવસરણ તથા અષ્ટ–મહાપ્રાતિહાર્ય રૂપ દ્રવ્યઋદ્ધિવાળો થશે. કેવળજ્ઞાન આદિ ભાવઋદ્ધિથી સંપન્ન હશે. જગતના આધારરૂપ થશે અને દેવો તથા દેવીઓના સમૂહથી વન્દિત થશે. (સૂ૦ ૪૨)

## ૧૩–રત્નરાશિના સ્વપ્નનું ફળ

મૂળનો અર્થ—"**रयणरासिदंसणेणं**" ઈત્યાદિ. રત્ન–રાશિ જોવાથી તે બાળક પ્રાણાતિપાતવિરમણ આદિ સત્યાવીશ અણગારના ગુણો, બાર પ્રકારનાં તપો, સત્તરશો બ્યાશી "**तणावा**" ભેદ–પ્રભેદો સહિત સત્તર પ્રકારના સંયમ અને અઢાર હજાર શીલાંગો આદિ અનેક ગુણરૂપી રત્નોનો રાશિ થશે. તે ઉપરાંત પૂર્વભવમાં ઉપાર્જિત તીર્થંકરનામકર્મ આદિ પુણ્યના સમૂહથી તે તીર્થંકર થશે, તથા (૧) આભિનિબોધિકજ્ઞાનાવરણનો ક્ષય. (૨) શ્રુતજ્ઞાનાવરણનો ક્ષય, (૩) અવધિજ્ઞાનાવરણનો ક્ષય (૪) મનઃપર્યવજ્ઞાનાવરણનો ક્ષય (૫) કેવળજ્ઞાનાવરણનો ક્ષય (૬) ચક્ષુદર્શનાવરણનો ક્ષય (૭) અચક્ષુદર્શનાવરણનો ક્ષય (૮) અવધિદર્શનાવરણનો ક્ષય (૯) કેવળદર્શનાવરણનો ક્ષય (૧૦) નિદ્રાનો ક્ષય (૧૧) નિદ્રાનિદ્રાનો ક્ષય (૧૨) પ્રચલાનો ક્ષય (૧૩) પ્રચલાપ્રચલાનો ક્ષય (૧૪) સ્ત્યાનર્દ્ધિનો ક્ષય (૧૫) સાતાવેદનીયનો ક્ષય (૧૬) અસાતાવેદનીયનો ક્ષય (૧૭) દર્શનમોહનીયનો ક્ષય (૧૮) ચારિત્રમોહનીયનો ક્ષય (૧૯) નરકાયુનો ક્ષય (૨૦) તિર્યંચાયુનો ક્ષય (૨૧) મનુષ્યાયુનો ક્ષય (૨૨) દેવાયુનો ક્ષય (૨૩) ઉચ્ચગોત્રનો ક્ષય (૨૪) નીચગોત્રનો ક્ષય (૨૫) શુભનામનો ક્ષય (૨૬) અશુભનામનો ક્ષય (૨૭) દાનાન્તરાયનો ક્ષય (૨૮) લાભાન્તરાયનો ક્ષય (૨૯) ભોગાન્તરાયનો ક્ષય (૩૦) ઉપભોગાન્તરાયનો ક્ષય (૩૧) વીર્યાન્તરાયનો ક્ષય– ઈત્યાદિ અનેક પ્રકારના ગુણરૂપી રત્નોનો રાશિ થશે, અને શાશ્વત સિદ્ધ થશે (સૂ૦ ૪૩)

ટીકાનો અર્થ—'**रयणरासिदंसणेणं**' ઈત્યાદિ. રત્નોના ઢગલાનું સ્વપ્ન જોવાથી તે બાળક, પ્રાણાતિપાતવિરમણ આદિ સત્તાવીશ પ્રકારના સાધુના ગુણો, અનશન આદિના ભેદવડે બાર પ્રકારનાં તપ, તથા "**तणावा**" નામથી લોકભાષામાં પ્રસિદ્ધ સત્તર સો બયાંશી (૧૭૮૨) ભેદ–પ્રભેદવાળા સત્તર પ્રકારના સંયમરૂપ ગુણોનો રાશિ થશે.

સંયમના સત્તર ભેદ આ પ્રમાણે છે—(૧) પૃથ્વીકાયસંયમ (૨) અપ્કાયસંયમ (૩) તેજસ્કાયસંયમ (૪) વાયુકાયસંયમ (૫) વનસ્પતિકાયસંયમ (૬) દ્વીન્દ્રિયસંયમ (૭) ત્રીન્દ્રિયસંયમ (૮) ચતુરિન્દ્રિયસંયમ (૯) પંચેન્દ્રિયસંયમ (૧૦) અજીવસંયમ (૧૧) પ્રેક્ષાસંયમ (વસ્ત્ર–પાત્ર આદિનું એકવાર પ્રતિલેખન કરવું) (૧૨) ઉપેક્ષા સંયમ(વાર–વાર પ્રતિલેખન કરવું) (૧૩) પ્રમાર્જનાસંયમ (ઉપાશ્રય આદિને પૂંજીને કામમાં લેવા) (૧૪) પરિષ્ઠાપનાસંયમ (મળ, મૂત્ર, જળ આદિ કોઇ પણ વસ્તુને જીવરહિત ભૂમિમાં યતનાની સાથે પરઠવી) (૧૫) મનઃસંયમ (૧૬) વચનસંયમ (૧૭) કાયસંયમ. તથા તે બાળક અઢાર હજાર શીલાંગ રૂપ ગુણોની રાશિ થશે. આ રીતે તે અનેક ગુણરૂપી રત્નોનો રાશિ થશે. તે સિવાય તે પૂર્વભવમાં તીર્થંકરનામગોત્રકર્મના ઉપાર્જન રૂપ પરમ પુણ્યના પ્રભાવથી તીર્થંકર થશે. તથા તે ક્ષીણઅભિનિબોધિકજ્ઞાનાવરણત્વ (આભિનિબોધિકજ્ઞાનાવરણનો ક્ષય રૂપ ગુણ)થી લઇને ક્ષીણવીર્યાન્તરાયત્વ સુધીના પૂર્વોક્ત એકત્રીસ ગુણોમાં ક્ષીણઆભિનિબોધિકજ્ઞાનાવરણત્વ (આભિનિબોધિકજ્ઞાનાવરણનો

ક્ષય)થી લઇને ક્ષીણકેવળજ્ઞાનાવરણત્વ સુધીના પાંચ ગુણ, પાંચ પ્રકારના જ્ઞાનાવરણ કર્મના ક્ષયરૂપ છે. ક્ષીણ-ચક્ષુર્દર્શનાવરણત્વથી લઇને ક્ષીણસ્ત્યાનર્દ્ધિત્વ સુધીના નવ ગુણ, નવ પ્રકારના દર્શનાવરણીયકર્મની ક્ષીણતા-રૂપ છે. ક્ષીણસાતાવેદનીયત્વ અને ક્ષીણઅસાતાવેદનીયત્વ, બે પ્રકારના વેદનીય કર્મની ક્ષીણતારૂપ છે. ક્ષીણદર્શન-મોહનીયત્વ અને ક્ષીણચારિત્રમોહનીયત્વ, એ બે ગુણ બે પ્રકારના મોહનીયકર્મની ક્ષીણતારૂપ છે. ક્ષીણ-નરકાયુષ્કત્વથી લઇને ક્ષીણદેવાયુષ્કત્વ સુધીના ચાર ગુણ, આયુકર્મની ક્ષીણતારૂપ છે. ક્ષીણશુભનામત્વ અને ક્ષીણ-અશુભનામત્વ એ બે ગુણ, બે પ્રકારના નામકર્મની ક્ષીણતારૂપ છે. ક્ષીણોચ્ચગોત્રત્વ અને ક્ષીણનીચગોત્રત્વ એ બે ગુણ, બે પ્રકારના ગોત્રકર્મની ક્ષીણતારૂપ છે. ક્ષીણદાનાન્તરાયત્વથી લઇને ક્ષીણવીર્યાન્તરાયત્વ સુધીના પાંચ ગુણ, પાંચ પ્રકારના અન્તરાય કર્મની ક્ષીણતારૂપ છે. આ એકત્રીસ ગુણ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિના સમયે એક સાથે રહેનારા છે. તે ઉપરાંત બીજા પણ વિવિધ પ્રકારના ગુણો છે તે ગુણરૂપી રત્નોની રાશિ થઇને તે શાશ્વત સિદ્ધ થશે. (સૂ૦ ૪૩)

## નિર્ધૂમાગ્નિ સ્વપ્નફલમ્ ।

## ૧૪-નિર્ધૂમ અગ્નિના સ્વપ્નનું ફળ

મૂલનો અર્થ—**'निद्धूमसिहिं सणेण'** ઇત્યાદિ. નિર્ધૂમ અગ્નિનું સ્વપ્ન જોતાં એમ સમજાય થાય છે કે, આ બાળક, અગ્નિ સમાન પવિત્ર, જાજ્વલ્યમાન, અને પાવન-કર્તા બનશે.

ધ્યાનરૂપી અગ્નિ દ્વારા, અનાદિકાળનું આત્માનું મલિનપણું શોધવામાં આવશે. શુકલ ધ્યાન દ્વારા, ઘનઘાતિ કર્મનો ક્ષય થશે. આ કર્મપડલ દૂર થવાને કારણે, કેવળજ્ઞાન ઉત્પન્ન થશે.

આ સંપૂર્ણ જ્ઞાન દ્વારા, ત્રણે કાળના સમસ્ત પદાર્થોના સ્વભાવને જાણશે. વિવિધ પ્રકારના કઠિન અને કઠિનતર તેમજ કઠિનતમ અભિગ્રહ કરીને અને તે ઉપરાંત નાના પ્રકારનું તપશ્ચરણ આદરીને, જાજ્વલ્યમાન અગ્નિ સમાન, આ બાલક તેજોમય બનશે.

ભવના કારણ ભૂત કર્મોનો ક્ષય કરશે, લેશ્યા-રહિત બનશે, અવિચળ પણ થશે. શુકલ ધ્યાનનો ત્રીજો પાયો પરમ નિર્જરાનું કારણભૂત છે. આ પાયામાં સૂક્ષ્મક્રિયાનો સૂક્ષ્મ અંશ અનિવૃત્તિપણે હોય છે. આ 'પાયા'માં અનન્ત કર્મોનો ક્ષય થાય છે. આ બાળક, ઉપરનાશુકલ ધ્યાનના ત્રીજે પાયે આરૂઢ થશે. ને કર્મકલંકને સદંતર દૂર કરશે.

શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ સાથે, ઉર્ધ્વગતિ રૂપ પરિણમન વાળો પણ થઈ રહેશે.

દેવ-મનુષ્ય-તિર્યંચ દ્વારા, સઘન મેઘની માફક વરસાવવામા આવતી ઉપસર્ગરૂપી ઝડીઓથી પણ, આ બાલકની ધ્યાનરૂપી અગ્નિ બુઝાશે નહિં.

જેમ વાયુ વિનાના સ્થળમાં, અગ્નિ શિખા ઉર્ધ્વગામીજ હોય છે. તેમ આ બાલક પણ ઉર્ધ્વગામી બનશે. (સૂ૦૪૪)

ટીકાનો અર્થ— **निद्धूमसिहिदंसणेणं**' ઇત્યાદિ નિર્ધૂમ (ધુમાડા રહિત) અગ્નિનું સ્વપ્ન જોવાથી તે બાળક પોતે અગ્નિના જેવો પવિત્ર હશે અને બીજાને પવિત્ર કરનારો હશે. ધ્યાનરૂપી અગ્નિ વડે અનાદિ કાળથી ચાલ્યા આવતા જ્ઞાનાવરણીય આદિ આત્મિક મેલને દૂર કરશે. શુકલ ધ્યાનના પ્રભાવથી ઘાતિકકર્મ-મળના સમૂહનો નાશ કરવાથી ઉત્પન્ન થયેલા નિર્મળ કેવળજ્ઞાનના પ્રકાશથી યથાર્થરૂપથી સમસ્ત ભૂત, વર્તમાન તથા ભવિષ્યના ભાવો-પદાર્થોના સ્વભાવને જાણનારો થશે. તથા અનેક પ્રકારના કઠિન, કઠિનતર અને કઠિનતમ અભિગ્રહો (ખાસ નિયમો)નું તથા વિવિધ પ્રકારના ઉગ્ર તપોનું આચરણ કરીને સળગતી અને ધુમાડા વિનાની અગ્નિ જેવો તેજસ્વી થશે. તે સંસાર એટલે જન્મ-મરણના કારણભૂત કર્મોનો ક્ષય કરનાર થશે. અને લેશ્યા (કષાયવાળી યોગની પ્રવૃત્તિ)થી રહિત, અવિચળ, ઉત્કૃષ્ટ નિર્જરાનું કારણ "**सुक्ष्मक्रियाप्रतिपत्ति**" नामनां शुक्ल ध्याननां त्रीजा पायाथी समस्त कर्म मण ३पी કલંકનો ક્ષય કરી નાખશે. વચન અને મનનો નિરોધ થઈ જતાં સૂક્ષ્મ કાયયોગનો નિરોધ ન હોવાથી સૂક્ષ્મ ક્રિયા રહે છે, તેથી તે ધ્યાન સૂક્ષ્મક્રિય કહેવાય છે. તે અવસ્થામા પરિણામોની ધારા તીવ્રતાની સાથે વધતી જ જાય છે, તેથી તે ધ્યાન અનિવર્ત્તનશીલ હોય છે. તે કારણે તે સૂક્ષ્મક્રિય-અનિવર્ત્તિ ધ્યાન કહેવાય છે. તે ધ્યાનથી સર્વે કર્મોનો ક્ષય થઈ જાય છે. આ ધ્યાન વડે તે બાળક પણ આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરશે. એટલે કે આત્માના અસલી સ્વરૂપમાં આવી જશે. ત્યારબાદ તે સિદ્ધિગતિ પરિણામવાળો થશે. દેવ, મનુષ્ય અને તિર્યંચ રૂપી સઘન મેઘોના વડે કરાયેલ અનેક પ્રકારના ઉપસર્ગો રૂપી જળ ધારાઓના વેગથી પણ તેના ધ્યાનની લગની શાન્ત નહીં થાય. જેમ વાયુના સંચાર વિનાની જગ્યાએ રાખેલી અગ્નિશિખા ઉપરની બાજુ વધે છે, એજ રીતે તે પણ ઉર્ધ્વગમનશીલ, થશે એટલે કે સિદ્ધગતિગામી થશે. (સૂ૦૪૪) ઇતિ તૃતિય વાચના

## ત્રિશલાયાઃ સ્વપ્નફલવિષયે વિશ્વાસ પ્રકટનમ્ ।

મૂલનો અર્થ—'**तए णं सा**' ઇત્યાદિ. સિદ્ધાર્થ રાજા પાસેથી, સ્વપ્નફલો જાણી, ત્રિશલા રાણી, ઘણી હર્ષિત અને સંતુષ્ટ થઈ. તેનું ચિત્ત આનંદ પામ્યું. હર્ષ થવાથી હૃદય પણ ફૂલાયુંને મન પ્રફુલ્લિત થયું. બે હાથ જોડી, મસ્તક પર અંજલી કરી, બોલી-'હે સ્વામિન્! તમે કહો છો તે પ્રમાણે છે, ખરેખર સત્ય છે. જરા પણ અસત્ય, નથી. આપનું કથન સંદેહરહિત છે. તેમજ ઇષ્ટકારી છે. સ્વપ્ન અર્થ બરાબર છે. આમ કહીને,

સમ્યક્ પ્રકારે, તેના ફલોને સ્વીકારીને, મણિમય રત્નોથી રચાયેલ ભદ્રાસન ઉપરથી, તે ઉભી થઈ, ચપલતા રહિત ક્ષોભ વિનાની રોકાણ વગરની અને વિલંબ વગરની રાજહંસીની જેવી ગતિથી ચાલતાં ચાલતાં, પોતાના શયનાગારમાં આવી પહોંચી. આવા સર્વોત્કૃષ્ટ ફલો આપનારા મહાસ્વપ્નો, અન્ય પાપ–સ્વપ્નોથી આવરાઇ ન જાય, ભૂંસાઇ ન જાય–માટે રાત્રીનો બાકીનો વખત, દેવ–ગુરુ–ધર્મ સંબંધી કથાઓનું સ્મરણ કરવામાં ગાળી જાગૃત રહી. (સૂ૦૪૫)

ટીકાનો અર્થ—'**तए णं सा**' ઈત્યાદિ. સ્વપ્નોનું ફળ સાંભળ્યાં પછી તે ત્રિશલા ક્ષત્રિયાણી, હર્ષ–સંતોષ પામી તેનાં ચિત્તમાં અપાર આનંદ થયો. હર્ષને લીધે તેનું હૃદય ખીલી ઉઠયું તેણે બન્ને હાથ જોડીને મસ્તક પર આવર્ત કરતા-અંજલી કરીને આ પ્રમાણે કહ્યું–હે નાથ! આપ જેમ કહો છો એવું જ છે. હે નાથ ! આપે જે કહ્યું તે સત્ય છે હે નાથ! આપનું કહેવું અસત્ય નથી. હે નાથ ! આપનું કથન સર્વ શંકાઓથી રહિત છે. અથવા–"આપ જે કહો છો તેમજ છે" આ કથનથી પતિના વચનમાં વિશ્વાસ સૂચિત કરાયો છે. આજ કથનને સ્પષ્ટ રીતે સાબિત કરવાને માટે આગળના પદો આપ્યા છે. "આપે જે કહ્યું તે સત્ય છે" આ કથન દ્વારા વિધિરૂપથી પતિનાં વચનોમાં વિશ્વાસ પ્રગટ કરાયો છે. 'અસત્ય નથી" આ કથન વડે નિષેધરૂપમાં વિશ્વાસ પ્રગટ કરાયો છે. "આપ જે કહો છો તે અસત્ય નથી એટલે કે સત્ય જ છે આ રીતે અસત્યતાનો નિષેધ દર્શાવીને પતિના વચનમાં વિશ્વાસ સૂચિત કરાયો છે. 'આપનું કથન બધી શંકાઓથી રહિત છે" આ કથન દ્વારા સંદેહના અભાવથી વિશ્વાસ સૂચિત કરાયો છે. તથા હે નાથ! આપનું કથન ઇષ્ટ છે. અમારે માટે અભિલષિત (અભિલાષા પૂર્ણ કરનારૂં) છે. હે નાથ! આપનું કથન પ્રતીષ્ટ છે. વારંવાર ઇષ્ટ છે. હે નાથ! આપનું કથન ઇષ્ટ પણ છે અને પ્રતીષ્ટ પણ છે. આપ જે કહો છો તે કથન ચોકકસ સત્ય જ છે.

## ત્રિશલાયાઃ સ્વપ્નાઽપ્રતિઘાતાર્થ જાગરણમ્ ।

આ પ્રમાણે કહીને ત્રિશલા દેવી પોતે જોયેલાં સ્વપ્નોના ફળને સારી રીતે સ્વીકાર કરે છે. સ્વીકાર કરીને રાજા સિદ્ધાર્થની આજ્ઞા મેળવીને તે વિવિધ પ્રકારના વૈડૂર્ય આદિ મણીઓ અને હીરા આદિ રત્નોની રચનાથી અદ્‌ભુત ભદ્રાસન ઉપરથી ઉઠે છે અને ઉતાવળ વિના, શારીરિક ચપળતા વિના, સંભ્રમ વિના, વિલંબ વિના, રાજહંસી જેવી અપ્રતિરુદ્ધ ગતિથી, જયાં પોતાનું શયનગૃહ છે, ત્યાં આવે છે. ત્યાં આવીને "આ ગજ આદિનાં મહાસ્વપ્નો બીજાં અશુભ સ્વપ્નો વડે નાશ ન પામે એટલે કે તેમનું ફળ નાશ ન પામે" એવું વિચારીને તે દેવ, ગુરુ, ધર્મ સંબંધી પ્રશસ્ત અને ધાર્મિક કથાઓ કરીને ધર્મ–જાગરણ કરતી વિચરે છે.

અહીં દેવ, ગુરુ અને ધર્મ સાથે સંબંધ રાખનારી કથાઓ આવી સમજવી જોઇએ—

## દેવકથા ।

દેવકથા—જેમા દાન, લાભ, ભોગ. ઉપભોગ, અને વીર્યાન્તરાય. આ પાંચ અન્તરાય નથી, જેમાં હાસ્ય, રતિ, અરતિ, ભય તથા શોક નથી, હું એવા દેવનું શરણ લઉં છું (૧) જેમાં જુગુપ્સા નથી, કામ નથી. મિથ્યાત્વ નથી અને અજ્ઞાન નથી, જે ધર્મના સાર્થવાહ છે, હું તે દેવનું શરણ લઉં છું (૨). જે અવિરતિ, નિદ્રા. રાગ દ્વેષ એ દોષોથી તદ્દન મુક્ત છે, તે દેવાધિદેવ અર્હન્તનું શરણ હું લઉં છું (૩).

## ગુરૂકથા ।

ગુરુકથા—જે મોક્ષ માર્ગનો ઉપદેશ આપે છે, જે સમિતિ અને ગુપ્તિના ધારક છે, શાન્ત છે, ક્ષાન્ત (ક્ષમાવાન ) છે, દાન્ત છે અને ત્યાગી છે, તે ગુરુનું મને શરણ મળો (૧). જે યતનાને માટે નિરંતર દોરા સાથેની મુહપત્તી મુખ પર બાંધી રાખે છે, જે રાગદ્વેષથી મુકત છે તે ગુરુનું શરણ મને મળો (૨). જે છાશની સાથે મળેલા ચણા આદિ ઠંડા અન્નોને તથા લાડુને સમાન ભાવથી ખાય છે તે ગુરુનું મને શરણ મળો (૩). જે મ તા જીવોની રક્ષા કરવાનો ઉપદેશ આપે છે, જે ધર્મરૂપી કમળને માટે સૂર્ય જેવાં છે એટલે કે ધર્મપ્રભાવક છે, અને જે પગપાળા વિહાર કરે છે, વાહનથી નહીં, તે ગુરુનું મને શરણ મળો (૪)

## ધર્મકથા ।

ધર્મકથા—તીર્થંકર ભગવાન દ્વારા જેનો ઉપદેશ અપાયો છે, જે શુદ્ધ દયામય પ્રવૃત્તિરૂપ છે અને સુખ જેનું ફળ છે, તે જ અમારો ધર્મ છે (૧)

જે ધર્મ હંમેશા સ્વર્ગ અને મોક્ષની ચાવી છે અને જે બોધિબીજ (સમ્યકત્વ)નું આદિકારણ છે, તેજ અમારો ધર્મ છે (૨). ધર્મનું વધારે વર્ણન કરવાથી શો લાભ! મનુષ્ય જે જે વસ્તુની ઇચ્છા કરે છે, તે બધી ઇચ્છિત વસ્તુઓની જેનાથી સારી રીતે પૂર્તિ થાય છે, એજ અમારો ધર્મ છે (૩) (સૂ૦૪૫)

## સિદ્ધાર્થસ્ય કૌટુમ્બિકેભ્ય આજ્ઞાપ્રદાનમ્ ।

મૂળનો અર્થ—**तए णं से सिद्धत्थे** ઇત્યાદિ. ત્યાર બાદ સિદ્ધાર્થ ક્ષત્રિય રાજાએ પ્રાતઃકાળ થતાં પોતાના કૌટુમ્બિક-આજ્ઞાકારી-પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! જલ્દી બહારના આસ્થાનમંડપ-

રાજસભાને આજે વિશેષરૂપથી અત્યન્ત સુંદર બનાવો. તેના પર સુગંધીદાર પાણી છાંટો, વાળો, લીંપો અને સ્વચ્છ બનાવો. પાંચે રંગના સરસ અને સુગંધીદાર ફૂલોના સમૂહના ઉપયોગથી યુકત કરો. સળગતા કાળા અગરુ, શ્રેષ્ઠ કુન્દુરુક્ક, તુરુષ્ક (લોબાન) તથા ધૂપની મહેકી ઉઠતી ગંધ વાયુદ્વારા ફેલાવાથી તેને રમણીય બનાવો, ઉત્તમ સુગંધ વડે સુગંધિત, અને ગંધની ગોટી જેવી કરો અને કરાવો અને મારી તે આજ્ઞાનુસાર કર્યાના ખબર મને પહોંચાડો. ત્યારે તે કૌટુંબિક પુરુષો સિદ્ધાર્થ રાજાએ એમ કહેવાથી હર્ષ અને સંતોષ પામ્યા. અને રાજાના કહેવા પ્રમાણે બહારના આસ્થાન મંડપને પૂર્વોકત પ્રકારનો કરીને અને કરાવીને તેમણે તે આજ્ઞાનુસાર કાર્ય કર્યાના ખબર રાજાને પહોંચાડયા (સૂ૦૪૬)

**ટીકાનો અર્થ— तए णं से सिद्धत्थे'** ઇત્યાદિ. રાત્રિ પૂરી થતા તે પ્રસિદ્ધ રાજા સિદ્ધાર્થે પ્રભાત કાળમાં, ચળકતા સૂર્યનો ઉદય થતાં પોતાના કૌટુંબિક–આજ્ઞાંકિત પુરુષોને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું–હે દેવાનુપ્રિયો ! તમે તરત જ બહારની રાજસભાને આજ વિશેષરૂપથી સજાવો. સુગંધીદાર પાણી–સુગંધમય ઉશીર (ખસ) આદિ દ્રવ્યો વડે સુવાસિત બનાવેલ જળ તેના પર છાંટો. સાવરણી આદિથી કચરો દૂર કરીને તેને સાફ કરો. છાણ આદિથી તેને લીંપો. આ બધું કરીને તેને પવિત્ર–સ્વચ્છ કરો. શ્વેત આદિ પાંચ રંગના રસદાર અને સુગંધીદાર ફૂલોના સમૂહના ઉપ-યોગથી તેને યુકત કરો બળતા કાળા અગરુ, શ્રેષ્ઠ કુન્દુરુક્ક–ચીડા નામનું સુગંધિત દ્રવ્ય, તુરુષ્ક–લોબાન અને ધૂપ–દશાંગ આદિ અનેક દ્રવ્યોના મિશ્રણથી બનતા વિલક્ષણ ગંધવાળા દ્રવ્યની મહેકતી અને હવા દ્વારા ફેલાતી સુગંધથી મનોહર બનાવો. ઊંચી જાતની સુગંધિત ચૂર્ણ–ભૂકી આદિથી યુકત કરો. ગંધદ્રવ્યની ગોટી જેવી કરી નાખો અને તમારા સાથીદારો પાસે એ પ્રમાણે કરાવો. એ પ્રમાણે કરીને તથા કરાવીને મારી એ આજ્ઞા મને પાછી પહોંચાડો એટલે કે મને ખબર આપો કે આપના કહેવા પ્રમાણે રાજસભામાં સર્વ તૈયારી કરી છે. સિદ્ધાર્થ રાજાની આ આજ્ઞા મળવાથી તે કૌટુંબિક પુરુષો હર્ષ અને સંતોષ પામ્યા–અત્યંત ખુશી થયા. તેમણે રાજાના કહેવા પ્રમાણે જ રાજસભાને સ્વચ્છ અને સુંગંધિત કરીને રાજાને 'આપની આજ્ઞા પ્રમાણે બધું કર્યું છે' એવા ખબર આપ્યા (સૂ૦૪૬)

## પ્રભાતવર્ણનમ્ ।

**મૂળનો અર્થ— 'तए णं से सिद्धत्थे''** ઇત્યાદિ. ત્યાર બાદ રાત્રિ પૂરી થઇને પ્રભાત થયું કમળ ખિલી ગયાં, અથવા કમળ એટલે કે હરણનાં નેત્રો ઉઘડી ગયાં, પ્રભાત પાંડુર થઈ ગયું. લાલ અશોકનો પ્રકાશ, પલાશ (કેસુડા), પોપટની ચાંચ, ચણોઠીના અર્ધભાગની રતાશ, બન્ધુજીવક, કપોતના પગ અને આંખો, કોયલનાં લાલ નેત્ર, જપાપુષ્પ, સળગતો અગ્નિ, સુવર્ણકળશ તથા હિંગળાના સમૂહના રૂપથી પણ વધારે રતાશ વડે સુશોભિત, શ્રીયુકત સૂર્યનો ધીરે ધીરે ઉદય થયો. સૂર્યનાં કિરણોના સમૂહે અંધકારનો નાશ કરવાનું શરૂ કર્યું. બાલસૂર્યના પ્રકાશ રૂપી કંકુથી જીવલોક છવાઈ ગયો. નેત્રોના વિષયના પ્રસારથી દર્શનનો વિકાસ થવા લાગ્યો, એટલે કે નેત્રોથી ક્રમશઃ દૂર દૂરના પદાર્થો દેખાવા લાગ્યા. જગતમાં આ પ્રમાણે થતાં, તળાવમાં કમળોનાં વનોને વિકસિત કરનાર, હજાર કિરણોવાળો, દિવસને કરનાર સૂર્ય તેજથી જાજવલ્યમાન થતાં, રાજા સિદ્ધાર્થ શય્યામાંથી ઉઠ્યાં

ઉઠીને બલિકર્મ કર્યું. કૌતુક, મંગળ અને પ્રાયશ્ચિત્ત કર્યું. બધા આભૂષણોથી વિભૂષિત થયા પછી જ્યાં બહારની રાજસભા હતી, ત્યાં જઈને પૂર્વ દિશાની તરફ મુખ કરીને ઉત્તમ સિંહાસન પર બેઠાં (સૂ૦૪૭)

## સિદ્ધાર્થસ્ય આસ્થાનમણ્ડપે સમાગમનમ્ ।

ટીકાનો અર્થ-**तए णं से सिद्धत्थे** ઈત્યાદિ. આસ્થાનમંડપ (રાજસભા) સુસજ્જિત કરવામાં આવ્યો. નવો દિવસ શરૂ થયો રાત્રિ પૂરી થઈ અને પ્રભાત ચળકવા લાગ્યું. કમળ ખિલી ગયાં. કમળોના કોમળ દળ વિકાસ પામ્યા. તથા કમળ એટલે કે હરણોનાં નેત્રો વિકસિત થઇ ગયાં. પ્રભાત પૂર્ણરૂપથી પાંડુર-(પીત-ધવળ) થઇ ગયું. ત્યારબાદ લાલ અશોકની પ્રભા, કેશુડાં, પોપટની ચાંચ, ચણોઠીના અર્ધભાગની રતાશ, બન્ધુજીવક (બપોરિયાનું ફૂલ), કબૂતરના પગ અને નેત્ર કોયલના અતિશય લાલ નેત્ર, જપા (જાસુવણ)નાં ફૂલો, સળગતો અગ્નિ, સુવર્ણ કળશ, અને હિંગળાના ઢગલાના રૂપથી પણ અધિક લાલિમાથી સુંદર શોભાવાળા સૂર્યનો ઉદય થયો. સૂર્યનાં કિરણોનો સમૂહ ફેલાવાથી અંધકારનો નાશ થવાનું શરૂ થયું. બાલ આતપ એટલે કે તત્કાળ ઉત્પન્ન થયેલ સૂર્યના પ્રકાશરૂપી કંકુ વડે જીવલોક છવાઇ ગયો. નેત્રોના વિષયનો વિકાસ થવાથી સ્પષ્ટ દર્શન વધવા લાગ્યું, એટલે કે દૂરની વસ્તુઓ પણ દેખાવા લાગી. લોક જ્યારે આ પ્રમાણે થઇ ગયો ત્યારે તળાવ આદિના કમલિની-વનોને વિકસિત કરનાર સહસ્ર રશ્મિ દિવાકર સૂર્યનો ઉદય થયો, પછી તે સૂર્ય તેજથી દેદીપ્યમાન થઇ ગયો. ત્યારે રાજા સિદ્ધાર્થ શય્યામાંથી ઉઠયા, ઉઠીને તેમણે જળ વડે સ્નાન કર્યું, કાક (કાગડા) આદિને અન્નાદિ બલિ આપ્યો, કૌતુક એટલે કે મષીતિલક આદિ કર્યું. દધિ-અક્ષત આદિરૂપ દુ:સ્વપ્નવિનાશક મંગળ કર્યું, પ્રાત:કર્મ કર્યા પછી સમસ્ત આભૂષણોથી સુશોભિત થયાં અને બહાર જ્યાં ઉપસ્થાનશાળા (રાજસભા) હતી ત્યાં જઇને, પૂર્વ દિશાની તરફ મુખ કરીને શ્રેષ્ઠ સિંહાસન પર બેસી ગયાં (સૂ૦૪૭)

## સ્વપ્નપાઠકાનાં ત્રિશલાયાશ્ચ કૃતે ભદ્રાસનસ્થાપનં, જવનિકાવર્ણન, સ્વપ્નપાઠકાહ્વાનાર્થ કૌટુમ્બિકાન્ પ્રતિ સિદ્ધાર્થસ્ય નિદેશઃ, સ્વપ્નપાઠકાહ્વાનં ચ ।

મૂળનો અર્થ—"**तए णं से सिद्धत्थे**" ઈત્યાદિ. ત્યાર બાદ સિદ્ધાર્થ રાજાએ પોતાનાથી બહુ દૂર પણ નહીં અને બહુ નજીક પણ નહીં એવી જગ્યાએ ઇશાનકોણમાં આઠ ભદ્રાસન મૂકાવ્યાં. તેમને સફેદ વસ્ત્રો વડે આચ્છાદિત કરેલાં હતાં, અને શ્વેત સરસવ તથા અન્ય માંગલિક દ્રવ્યોથી તેમાં શુભકર્મ કરવામાં આવ્યાં. આસન મૂકાવીને વચ્ચે એક પર્દો ખેંચાવ્યો. તે પર્દો અનેક પ્રકારના મણીઓ અને રત્નોથી મંડિત હતો, અતિશય દર્શનીય-રૂપાળો હતો, ઘણો કિંમતી હતો અને ઉત્તમ નગરમાં વણેલો તથા બનેલો હતો. મનોહર અને સેંકડો ચિત્રોવાળો હતો. ઇહામૃગ, વૃષભ, તુરગ નર, મગર, પક્ષી, સર્પ, કિન્નર, રુરુ (એક પ્રકારનું મૃગ) શરભ (અષ્ટાપદ) ચમર (ચમરી ગાય) કુંજર, વનલતા તથા પદ્મલતા આદિની રચનાથી અદ્ભુત લાગતો હતો. તેના છેડા ઉત્તમ સુવર્ણથી સારી રીતે યુકત હતા. પર્દો ખેંચાવ્યા પછી ચાદર તથા કોમળ તકિયા વડે આચ્છાદિત, વિશિષ્ટ અંગોને સુખદાયી એક ભદ્રાસન ત્રિશલા ક્ષત્રિયાણીને માટે ગોઠવાવ્યું. ત્યાર બાદ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું "હે દેવાનુપ્રિયો! તરત જ અષ્ટાંગમહાનિમિત્તનાં સૂત્ર અને અર્થના પાઠકો અને વિવિધ શાસ્ત્રોમાં નિપુણ સ્વપ્નપાઠકોને બોલાવી લાવો, અને બોલાવીને મારી આજ્ઞા-અનુસાર કર્યાના સમાચાર મને પહોંચાડો. રાજા સિદ્ધાર્થ દ્વારા આ પ્રમાણે કહેવાતા કૌટુંબિક પુરુષો હર્ષ અને સંતોષ પામ્યાં. બન્ને હાથ જોડીને મસ્તક પર આવર્ત અને અંજલિ કરીને "હે નાથ! એમ જ થશે". આ પ્રમાણે કહીને રાજા સિદ્ધાર્થની આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કરે છે, ત્યાર બાદ તે કૌટુમ્બિક પુરુષો જ્યાં સ્વપ્નપાઠકોના ઘર હતાં ત્યાં પહોચે છે અને સ્વપ્નપાઠકોને બોલાવે છે (સૂ૦૪૮)

ટીકાનો અર્થ—'**तए णं से सिद्धत्थे**' ઈત્યાદિ. સિંહાસન પર બેઠાં પછી રાજા સિદ્ધાર્થે પોતાનાથી બહુ દૂર પણ નહીં અને બહુ નજીક પણ નહીં, પૂર્વ તથા ઉત્તર દિશાની વચ્ચે ઇશાન કોણમાં, સફેદ વસ્ત્રોથી આચ્છાદિત, તથા શ્વેત સરસવ અને વિઘ્નોનો વિનાશ કરનાર બીજી માંગલિક શુભ સામગ્રીથી યુકત આઠ ભદ્રાસનો મૂકાવ્યા. મૂકાવીને વચ્ચે એક પર્દો તણાવ્યો. તે પર્દો વિવિધ પ્રકારના મણીઓ તથા રત્નો વડે સુશોભિત હતા. તેનો આકાર અત્યંત રમણીય હતો. અથવા તેમાં અનેક પ્રકારની જોવાલાયક સુંદર સુંદર વસ્તુઓ બનાવેલી હતી તે ઘણો કીંમતી હતો અને શ્રેષ્ઠ વસ્ત્ર વણનારા દેશમાં બનેલો હતો. તેમાં મનોહર અને સેંકડો પ્રકારની રચનાઓવાળાં ચિત્રો દોરેલાં હતાં. ઈહામૃગ (વન્ય પશુ), બળદ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, કિન્નર (એક પ્રકારના વ્યન્તર), રુરુ (એક પ્રકારનું મૃગ), અષ્ટાપદ, ચમર (જંગલી ગાય), હાથી, વનમાં પેદા થતી માલતી, યૂથિકા (જૂહી) આદિ લતાઓ, અને કમલિની, એ બધાની વિશિષ્ટરચના વડે તે અદ્ભુત લાગતો હતો. તેના સુંદર વસ્ત્રોની કિનારોના ભાગો ઉત્તમ સુવર્ણથી રચેલ હતાં, અથવા તેના સુંદર છેડાઓમાં ઉત્તમ સુવર્ણ લગાડેલું હતું.

આ જાતનો સુંદર પર્દો ખેંચાવીને, ચાદર તથા કોમળ તકિયાઓથી આચ્છાદિત, સફેદ વસ્ત્રથી આચ્છાદિત, વિલક્ષણ અંગોને સુખ આપનારૂં, અત્યંત કોમળ ભદ્રાસન, ત્રિશલા ક્ષત્રિયાણીને માટે મૂકાવ્યું. આસન ગોઠવાવીને

કૌટુંબિક પુરુષો (આજ્ઞાંકિત પુરુષે)ને બોલાવ્યા, અને બોલાવીને આ પ્રમાણે કહ્યું–હે દેવાનુપ્રિયો ! તમે તુરતજ ધરતીકંપ ૧, ઉત્પાત ૨, સ્વપ્ન ૩, અંતરિક્ષ ૪, અંગોનું ફરકવું ૫, સ્વર ૬, વ્યંજન ૭ અને લક્ષણ ૮; એ આઠ અંગોવાળા મહા-નિમિત્તનાં સૂત્રો અને અર્થના જે પાઠકો છે, તથા જે જ્યોતિષ આદિ વિવિધ શાસ્ત્રોમાં નિપુણ છે, તે સ્વપ્નપાઠકો એટલે કે સ્વપ્નનું ફળ બતાવનારાઓને બોલાવો. મારી આ આજ્ઞા પ્રમાણે કર્યાની સૂચના મને તુરત જ પાછી મોકલો ત્યાર બાદ સિદ્ધાર્થ રાજાની આજ્ઞા પામેલા કૌટુંબિક પુરુષો હર્ષ અને સંતોષ પામ્યા-અત્યંત પ્રસન્ન થયાં. તેમણે બન્ને હાથ જોડીને માથા પર આવર્ત અંજલિ કરીને કહ્યું–" હે સ્વામી ! આપની જે આજ્ઞા છે તે પ્રમાણે જ અમે વર્તશું." આમ કહીને તેમણે સિદ્ધાર્થ રાજાની આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો ! પછી તે કૌટુંબિક પુરુષો જ્યાં તે સ્વપ્નપાઠકોનાં ઘર હતાં ત્યાં ગયા, અને તેમણે સ્વપ્નપાઠકોને બોલાવ્યા. (સૂ૦ ૪૮)

મૂળનો **અર્થ—"तए णं ते सुमिण"**–ઇત્યાદિ. સિદ્ધાર્થ રાજાના કૌટુમ્બિક પુરુષો વડે બોલાવાયેલ સ્વપ્ન-પાઠકોએ હર્ષ તથા સંતોષ પામીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક, મંગળ અને પ્રાયશ્ચિત્ત કર્યાં, હલકા વજનનાં તથા ઘણાં કીમતી આભૂષણોથી શરીરને વિભૂષિત કર્યું. પછી પોતપોતાના ઘેરથી નીકળ્યા અને એકઠા થયાં. એકત્ર થઈને જ્યાં રાજા સિદ્ધાર્થની બહારની ઉપસ્થાનશાળા હતી, જ્યાં રાજા સિદ્ધાર્થ હતા, ત્યાં આવી પહોંચ્યા ત્યાં પહોંચીને "આપનો જય હો, આપનો વિજય હો" એમ કહીને રાજા સિદ્ધાર્થને અભિનન્દન આપ્યાં. રાજા સિદ્ધાર્થે તેમનો સત્કાર અને સન્માન કર્યું. તેઓ પહેલેથી ગોઠવેલાં ભદ્રાસનો પર બેસી ગયાં. (સૂ૦ ૪૯)

## સ્વપ્નપાઠકાનાં રાજદર્શનાય સજ્જનમ્ ।

ટીકાનો **અર્થ—'तए णं ते सुमिण'**–ઇત્યાદિ. સિદ્ધાર્થ રાજાના કૌટુંબિક પુરુષો દ્વારા બોલાવાયેલ સ્વપ્નપાઠકો હર્ષ અને સંતોષ પામ્યા. તેમણે સ્નાન કર્યું કાક (કાગડો) આદિ પક્ષીઓને અન્નાદિ પ્રદાન કર્યું. કૌતુક–મષીતિલક આદિ, મંગળ–દહીં અક્ષત આદિ તથા દુષ્ટ સ્વપ્નોનાં ફળનો નાશ કરનાર પ્રાયશ્ચિત્ત કર્યું. હલકાવજનવાળાં તથા ઘણાં જ કીમતી આભૂષણો વડે શરીર શણગાર્યું. પછી પોતપોતાના ઘેરથી નીકળીને અને એક જગ્યાએ એકઠાં મળીને જ્યાં રાજાની બહારની ઉપસ્થાનશાળા [રાજસભા] હતી, અને જ્યાં રાજા સિદ્ધાર્થ હતા ત્યાં આવ્યા. "જય હો, આપનો વિજય હો !" એવા શબ્દો વડે તેમણે રાજા સિદ્ધાર્થને અભિનન્દન આપ્યાં. ત્યારે રાજા સિદ્ધાર્થે મીઠાં વચનોથી તેમનો સત્કાર કર્યો અને આસન આપીને તેમનું સન્માન કર્યું. પછી તેઓ પહેલેથી જ ગોઠવેલાં આસનો પર બેસી ગયા. (સૂ૦ ૪૯)

## સિદ્ધાર્થકૃતઃ સ્વપ્નપાઠકાનાં સત્કારઃ । સ્વપ્નપાઠક કૃતસ્વપ્નફલનિવેદનં, વસ્ત્રાદિપ્રદાનેન રાજકૃતઃ સ્વપ્ન પાઠક સત્કારઃ ।

મૂળનો અર્થ—"**तए णं से सिद्धत्थे**" ઇત્યાદિ. ત્યાર બાદ રાજા સિદ્ધાર્થે પર્દાની આડમાં ત્રિશલાદેવીને બેસાડયાં. પછી હાથમાં સુવર્ણ, રજત આદિ માંગલિક વસ્તુઓ લઇને અત્યંત વિનયની સાથે તે સ્વપ્નપાઠકોને આ પ્રમાણે કહ્યું—હે દેવાનુપ્રિયો! આજ તે (પૂર્વવર્ણિત) શય્યા પર, મધ્યરાત્રે, સુપ્તજાગરા–થોડી ઊંઘતી અને થોડી જાગતી એવી ત્રિશલાદેવીએ, ગજ, વૃષભ આદિ ચૌદ મહાસ્વપ્નો જોયાં છે. તો હે દેવાનુપ્રિયો! તે ઉદાર, ધન્ય, માંગલિક, સશ્રીક મહાસ્વપ્નોનું વિશેષ ફળ શું હશે?

ત્યારે તે સ્વપ્નપાઠકો સિદ્ધાર્થ રાજાની પાસેથી આ અર્થને સાંભળીને હર્ષ તથા સંતોષ પામ્યા. તેમણે તે મહાસ્વપ્નોને સારી રીતે હૃદયમાં ધારણ કર્યાં. તેમને વિષે વિચાર કર્યો. અંદરોઅંદર મળીને નિર્ણય કર્યો. ત્યારે તે સ્વપ્નપાઠકો તે ચૌદ મહાસ્વપ્નોનો અર્થ પામી ગયા, ગ્રહણ કર્યો, તેમણે એકબીજાને અર્થ પૂછી લીધો, પૂર્ણ રીતે નક્કી કરી લીધો, ઊંડાઈથી સમજી લીધો. ત્યાર બાદ તેઓ રાજા સિદ્ધાર્થની સામે સ્વપ્નશાસ્ત્રોના પાઠોનું ઉચ્ચારણ કરી કરીને આ પ્રમાણે બોલ્યા— હે રાજન્! અમારા સ્વપ્નશાસ્ત્રમાં બોતેર પ્રકારનાં સ્વપ્નો-માંથી ત્રીસ મહાસ્વપ્નો બતાવ્યાં છે. હે મહારાજા! અર્હન્તની માતાઓ તથા ચક્રવર્તીની માતાઓ, જ્યારે અર્હન્ત અને ચક્રવર્તી ગર્ભમાં આવે છે, ત્યારે એ ત્રીસ મહાસ્વપ્નોમાંથી ગજ, વૃષભ આદિનાં એ ચૌદ મહાસ્વપ્નો જોઈને જાગે છે. તેથી હે દેવાનુપ્રિય! ત્રિશલાદેવીએ તે ચૌદ શુભ મહાસ્વપ્નો જોયાં છે. આ પ્રમાણે માંગલિક, ધન્ય, સશ્રીક તથા આરોગ્ય, સંતોષ દીર્ઘાયુ, કલ્યાણ અને મંગળ કરનારાં મહાસ્વપ્નો જોયાં છે. હે મહારાજા! તે સ્વપ્નો જોવાને કારણે ધનનો લાભ થશે, ભોગનો લાભ થશે, સુખનો લાભ થશે, રાજ્યનો લાભ થશે, રાષ્ટ્રનો લાભ થશે, અને હે રાજન્! પુત્રનો પણ લાભ થશે. ત્રિશલાદેવી પૂરા નવ માસ અને સાડા સાત અહોરાત્ર (દિવસ–રાત્ર) પસાર થતાં, કુળપતાકા, કુળદીપક, કુળશૈલ, કુળનાં આભૂષણ, કુળતિલક, કુળની કીર્તિ વધારનાર, કુળની વૃત્તિ-મર્યાદા વધારનાર, કુળમાં આનંદ ઉત્પન્ન કરનાર, કુળનો યશ ફેલાવનાર, કુળને માટે સૂર્ય સમાન, કુળનો આધાર, કુળને માટે તરુ સમાન, કુળની વેલ વધારનાર, સુકુમાર હાથ–પગવાળા, હીનતારહિત પૂરી પાંચે ઇન્દ્રિયોથી યુક્ત શરીરવાળા, લક્ષણો અને વ્યંજનોના ગુણોવાળા અથવા લક્ષણો (શુભ રેખાઓ) વ્યંજનો (મસ, તલ આદિ) તથા ગુણો (ઉદારતા આદિ) વાળા, માન ઉન્માન અને પ્રમાણથી યુક્ત, મનોહર અંગોપાંગથી સુંદર શરીરવાળા ચન્દ્રમાના જેવા સૌમ્ય સ્વરૂપવાળા, કમનીય, પ્રિયદર્શન અને સુંદર રૂપથી સંપન્ન પુત્રનો જન્મ આપશે. તે બાળક બાલ્યાવસ્થા પસાર કરીને વિજ્ઞાનયુક્ત થઇને અને યૌવનને પામીને શૂર, વીર, પરાક્રમી, વિશાળ તથા વિપુલ બળ અને વાહનોવાળો અને ચારે દિશાઓના અન્ત સુધી શાસન કરનાર ચક્રવર્તી રાજાધિરાજ થશે, અથવા ત્રણ લોકનો નાયક ધર્મવરચાતુરન્તચક્રવર્તી જિન થશે. તો હે દેવાનુપ્રિય! ત્રિશલાદેવીએ નક્કી જ ઉદાર, નક્કી જ ધન્ય અને

નક્કી જ માંગલિક સ્વપ્નો જોયાં છે.

ત્યારે રાજા સિદ્ધાર્થ તે સ્વપ્નપાઠકોની તે વાત સાંભળીને એને સમજીને હર્ષ તથા સંતોષ પામ્યા. તેમનું ચિત્ત પ્રસન્ન થયું. હર્ષથી હૃદય ખીલી ઉઠયું. તેમણે સ્વપ્નપાઠકોને કહ્યું-હે દેવાનુપ્રિયો! એમ જ થશે. આપનું કથન સાચું છે. હે દેવાનુપ્રિયો! આપનુ કથન અસત્ય નથી. હે દેવાનુપ્રિયો! આપનું કથન અસંદિગ્ધ (સંદેહ વિનાનુ) છે. હે દેવાનુપ્રિયો! આ કથન ઇષ્ટ છે. હે દેવાનુપ્રિયો! એ ફરી ફરીને ઇષ્ટ છે. હે દેવાનુપ્રિયો! એ ઇષ્ટ અને વિશેષ ઇષ્ટ છે. આપ જે વાત કહો છો તે સાચી છે. આ પ્રમાણે કહીને તેણે તે સ્વપ્નોનો સારી રીતે સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને તે સ્વપ્ન-લક્ષણપાઠકોનો પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી તથા વસ્ત્ર, ગંધ, માળા, અને અલંકારથી સત્કાર કર્યો અને સન્માન કર્યું તથા જીવિકાને યોગ્ય ઘણું પ્રીતિ-દાન દીધું. ત્યાર બાદ તેમને વિદાય કર્યા (સૂ૦ ૫૦)

ટીકાનો અર્થ—"**तए णं से सिद्धत्थे**" ઇત્યાદિ. સ્વપ્નપાઠકો બેસી ગયા પછી સિદ્ધાર્થ રાજાએ ત્રિશલાદેવીને પડદાની પાછળ બેસાડયાં. બેસાડીને સુવર્ણ, રજત, આદિ માંગલિક વસ્તુઓ હાથમાં લઈને અત્યંત નમ્રતાસાથે ભદ્રાસન પર બેઠેલા સ્વપ્ન પાઠકોને આગળ કહ્યા પ્રમાણે વચનો કહ્યાં—હે દેવાનુપ્રિયો! આજે ત્રિશલાદેવી પુણ્યશાળિઓને શયન કરવા લાયક શય્યા પર, મધ્યરાત્રે, જ્યારે ન ગાઢ નિદ્રામાં હતાં કે ન અધિક જાગૃત હતાં. આછી એવી નિદ્રા લઇ રહ્યાં હતાં, ત્યારે રાણીએ ગજ, વૃષભ આદિના ચૌદ મહાસ્વપ્નો જોયાં. તેથી હે દેવાનુપ્રિયો! તે ઉદાર, ધન્ય, મંગળમય અને સશ્રીક (શોભાયુક્ત) મહાસ્વપ્નોનું શું વિશેષ ફળ મળશે?

સિદ્ધાર્થના એ પ્રશ્નો પછી તે સ્વપ્નપાઠકો સિદ્ધાર્થ રાજાની પાસેથી એ વાતને સાંભળીને તથા સમજીને હર્ષ તથા સંતોષ પામ્યા. તેમણે તે મહાસ્વપ્નોનું અવગ્રહણ કર્યું એટલે કે તેમને હૃદયમાં ધારણ કર્યાં. હૃદયમાં ધારણ કરીને ઇહામાં પ્રવેશ કર્યો-અર્થનો વિચાર કર્યો. અરસપરસમાં સ્વપ્નોના અર્થ (ફલ) નો નિર્ણય કર્યો. ત્યાર બાદ નિર્ણય કરીને ગજ, વૃષભ આદિ ચૌદ મહાસ્વપ્નોનો અર્થ તેમણે લબ્ધ (પ્રાપ્ત) કર્યો-પોતપોતાના વિચાર પ્રમાણે પ્રાપ્ત કર્યો, અર્થ ગ્રહણ કર્યો-આપસમાં તર્કવિતર્ક કરીને જાણ્યો, અર્થ પૂછયો-સંશય જ્યાં થયો ત્યાં બીજાની સલાહ લઇને જાણ્યો. તેથી અર્થનો નિર્ણય કરી લીધો-યથાર્થ સ્વરૂપને જાણી લીધું, તેથી અર્થને અધિગત કરી લીધો-આખરે સ્વપ્નના અર્થની ધારણા ચોક્કસ થઈ શકે તે રીતે દઢ રૂપથી જાણી લીધો. પછી રાજા સિદ્ધાર્થની સમક્ષ સ્વપ્નોનું ફળ બતાવનારાં શાસ્ત્રોનું વારંવાર ઉચ્ચારણ કરીને, આગળ કહેવામાં આવે છે તે વચનો બોલ્યા—"હે રાજન્! અમારાં સ્વપ્નશાસ્ત્રમાં બોતેર સ્વપ્નો બતાવ્યાં છે. તે બોતેર સ્વપ્નોમાં ત્રીસ મહાસ્વપ્નો કહેલાં છે. તે ત્રીસ મહાસ્વપ્નોમાંથી અર્હન્તની માતાઓ અને ચક્રવર્તીની માતાઓ, અર્હન્ત ચક્રવર્તીના ગર્ભમાં આવતાંજ ગજ, વૃષભ આદિનાં એ ચૌદ મહાસ્વપ્નો જોઇને જાગે છે. તેથી હે દેવાનુપ્રિય! ત્રિશલાદેવીએ આ પ્રશસ્ત ચૌદ મહાસ્વપ્નો જોયાં છે. આ રીતે હે દેવાનુપ્રિય! માંગલિક, ધન્ય, સશ્રીક, આરોગ્ય, સંતોષ, દીર્ઘાયુ, કલ્યાણ અને મંગળ કરનારાં મહાસ્વપ્નો જોયાં છે. તેથી હે રાજન્! ધનનો લાભ થશે. હે રાજન્! ભોગનો લાભ થશે.

હે રાજન્! રાષ્ટ્ર (દેશ)નો લાભ થશે. હે રાજન્! પુત્રનો લાભ થશે.

"આ રીતે ત્રિશલા દેવી નવ માસ અને સાડા સાત રાત્રિ-દિવસ પસાર થતાં કુળનો કેતુ (પતાકારૂપ,) કુળનો દીપક, કુળને માટે પર્વત જેવા, કુળનું ભૂષણ, કુળતિલક, કુળકીર્તિકર, કુળવૃત્તિ (કુળમર્યાદા કર, કુળનન્દિકર (કુળમાં આનંદ કરનાર), કુળયશસ્કર, કુળસૂર્ય, કુળાધાર, કુળપાદપ, કુળની વંશપરમ્પરાની વૃદ્ધિ કરનાર, સુકોમળ હાથ-પગવાળા, હીનતારહિત પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયોથી યુક્ત શરીરવાળા, લક્ષણ, વ્યંજન અને ગુણોવાળા, માન, ઉન્માન અને પ્રમાણુથી યુક્ત સર્વાંગસુન્દર શરીરવાળો, ચન્દ્રમાના જેવા સૌમ્ય સ્વરૂપવાળા, કાન્ત, દેખવામાં પ્રિય, અને સુંદર રૂપવાળા બાળકનો જન્મ આપશે.

(આ બધા શબ્દોની વ્યાખ્યા એ જ શાસ્ત્રનાં મહાવીર ભવકથાના નવમાં સૂત્રમા કહેલ છે ત્યાં જોઈ લેવી).

તે બાળક બાલ્યાવસ્થા પસાર થતાં, પરિપકવવિજ્ઞાનયુકત થઈને યુવાવસ્થાએ પહોંચીને પરાક્રમી, શત્રુ-મર્દક અને અજેયપરાક્રમવાળો થશે. તેની સેના અને હાથી-ઘોડા આદિ વાહન બધી દિશાઓમાં ફેલાશે. તે સાર્વભૌમ-રાજાધિરાજ-ચક્રવર્તી થશે, અથવા સઘળી ઇન્દ્રિયોનો વિજેતા, ત્રણ લોકનો નાથ, શ્રેષ્ઠ, ધર્મચક્રવર્તી થશે. તેથી હે દેવાનુપ્રિય! ત્રિશલાદેવીએ નક્કી જ ઉદાર સ્વપ્નો જોયાં છે. નક્કી જ ધન્ય સ્વપ્નો જોયાં છે. અવશ્ય મંગલકારી સ્વપ્નો જોયાં છે."

સિદ્ધાર્થ રાજા સ્વપ્નપાઠકો પાસેથી આ અર્થ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હર્ષ તથા સંતોષ પામ્યા. તેમનું ચિત્ત પ્રસન્ન થયું. હર્ષથી હૃદયની કળી કળી ખીલી ઊઠી. તેમણે સ્વપ્નપાઠકોને આ પ્રમાણે કહ્યું—"હે દેવાનુપ્રિયો! વાત એવી જ છે. એટલે કે સ્વપ્નોનું એ જ ફળ મળવાનું છે." આમ કહીને રાજાએ સ્વપ્નપાઠકોનાં વચન પર વિશ્વાસ પ્રગટ કર્યો. એ જ વાતને સ્પષ્ટ કરે છે—"હે દેવાનુપ્રિયો! આપ જે કહો છો તે સત્ય છે. જેવું ફળ આપ બતાવો છો તેવું જ ફળ પ્રાપ્ત થશે." આ રીતે અન્વય (વિધિ) રૂપથી સ્વપ્નપાઠકોનાં કથનની સત્યતા બતાવી. એ જ વાત વ્યતિરેક (નિષેધ) રૂપથી કહે છે—"હે દેવાનુપ્રિયો! આપે કહેલ સ્વપ્નફળ અસત્ય નથી, પણ સત્ય જ છે. હે દેવાનુપ્રિયો! આપનું કથન શંકા વિનાનું છે. હે દેવાનુપ્રિયો! આ સ્વપ્ન ફળ અમારે માટે ઇષ્ટ છે. હે દેવાનુપ્રિયો! આ સ્વપ્નફળ ઘણું જ ઇષ્ટ છે." અત્યંત આદર દર્શાવવા કહે છે—"હે દેવાનુપ્રિયો! આ સ્વપ્નફળ સર્વથા ઇષ્ટ જ છે. આ સ્વપ્નફળની વાત જે પ્રમાણે આપે કહી તે પ્રમાણે યથાર્થ છે."

આમ કહીને રાજા સિદ્ધાર્થે સ્વપ્નપાઠકોનાં કથનનો સારી રીતે સ્વીકાર કર્યો અને સ્વપ્નલક્ષણપાઠકોનો વિપુળ અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમ રૂપ ચાર પ્રકારના આહારથી તથા વસ્ત્ર, ગંધ, માળા, અને અલંકારથી સત્કાર કર્યો. આદરપૂર્ણ વચનો કહીને સન્માન કર્યું. જીવનનિર્વાહને યોગ્ય ઘણું જ પ્રીતિદાન કર્યું. ત્યાર બાદ સ્વપ્નપાઠકોને વિદાય કર્યા. (સૂ૦ ૫૦)

મૂળનો અર્થ—" **तए णं से सिद्धत्थे** " ઈત્યાદિ. ત્યારબાદ સિદ્ધાર્થ રાજાએ જ્યાં ત્રિશલા ક્ષત્રિયાણી પર્દાની પાછળ બેઠી હતી, ત્યાં જઇને ત્રિશલા ક્ષત્રિયાણીને સ્વપ્નપાઠકોના મુખે સાંભળેલું બધું ફળ કહ્યું. ત્યારે તે ત્રિશલા ક્ષત્રિયાણી એ અર્થને સાંભળીને તથા સમજીને હર્ષ તથા સંતોષ પામી. સિદ્ધાર્થ રાજાની આજ્ઞા લઈને, તે ભદ્રાસન પરથી ઉઠીને ત્વરા વિનાની, ચપળતા વિનાની, રાજહંસી જેવી સંભ્રમરહિત ગતિથી જ્યાં પોતાનું ભવન હતું ત્યાં ગઇ અને પોતાના ભવનમાં પ્રવેશ કર્યો.

ત્યાર બાદ બે માસ પસાર થતાં, જ્યારે ત્રીજો માસ ચાલતો હતો ત્યારે ત્રિશલાદેવીને દોહદનો સમય થતાં આ પ્રમાણે દોહદ ઉત્પન્ન થયો-તે માતાઓ ધન્ય છે, પુન્યશાળી છે, કૃતાર્થ છે, કૃતપુન્ય છે, સફળ લક્ષણવાળી છે, સફળ વૈભવવાળી છે, તેમણે જે મનુષ્યજન્મ અને જીવન મેળવ્યાં તે સાર્થક છે, જે મુખ પર દોરા સાથેની મુહપત્તી બાંધીને, તથા હાથમાં પૂંજણી લઇને તથા તે પ્રમાણેના મુખ પર દોરા સાથેની મુહપત્તી બાંધેલ તથા રજોહરણ આદિ ઉપકરણ ધારણ કરનાર શ્રમણ નિર્ગ્રન્થોની પાસે પોતાના પતિની સાથે ધર્મોપદેશ સાંભળતી, સામાયિક-પ્રતિક્રમણ કરતી, સાધર્મીઓની સેવા કરતી, તથા તે પ્રકારના શ્રમણ નિર્ગ્રંથોને નિર્દોષ આહારાદિક દાન દેતી પોતાના દોહદને પૂર્ણ કરે છે. જો હું પણ સિદ્ધાર્થ રાજાની સાથે એ જ પ્રમાણે રહીને દોહદ પૂર્ણ કરૂં તો ઘણું સારૂં.

ત્યાર બાદ રાજા સિદ્ધાર્થે ત્રિશલા ક્ષત્રિયાણીના આ પ્રકારના દોહદને જાણીને તે જ પ્રમાણે તે પૂરો કર્યો. આ પ્રમાણે ત્રિશલાદેવીના વીસ સ્થાનોના વિષયમાં બધા દોહદો રાજા સિદ્ધાર્થે વારંવાર પૂરા કર્યા.

ત્યારે ત્રિશલા ક્ષત્રિયાણી, તે દોહદો પૂરા થતાં પૂર્ણદોહદવાળી થઇ ગયાં, સારી રીતે પૂર્ણદોહદવાળી થઈ ગયાં. દોહદરહિત થઇ ગયાં. તેના દોહદ સત્કારિત અને સન્માનિત થઇ ગયાં. તે, તે ગર્ભની અનુકંપાથી યતનાપૂર્વક ઊભાં થતાં, યતનાપૂર્વક બેસતાં, અને યતનાપૂર્વક સૂતાં હતાં. તે ન વધુ ઠંડો, ન વધુ ગરમ, ન વધુ તીખો, ન વધુ કડવો, ન વધુ ખાટો, ન વધુ મીઠો, ન વધુ ચીકણો, ન વધુ લૂખો, ન વધુ ભીનો અને ન વધુ સૂકો, એવો આહાર લેતાં હતાં. વધારે શું કહીયે? જે આહાર તે ગર્ભને માટે હિત, મિત, પથ્ય હોય, પોષક હોય, દેશકાળને અનુકૂળ હોય એવો જ આહાર લેતાં હતાં. વધારે ચિન્તા કરતાં નહીં ઝાઝો શોક કરતાં નહીં, વધારે દીનતા બતાવતાં નહીં,' ઝાઝો મોહ કરતાં નહીં, વધારે ભય રાખતાં નહીં, વધુ ઉદ્વેગ કરતાં નહીં, વધારે પડતાં ભોજન, આચ્છાદન, ગંધ, માળા અને અલંકારોનું સેવન કરતાં નહીં. તે સુખપૂર્વક તે ગર્ભનું વહન કરવા લાગ્યાં. (સૂ૦ ૫૧)

ટીકાનો અર્થ—'**तए णं से सिद्धत्थे**' ઇત્યાદિ. સ્વપ્નપાઠકોને વિદાય કર્યા પછી જે સ્થાન પર ત્રિશલાદેવી પર્દાની પાછળ બેઠાં હતાં, ત્યાં જઇને રાજા સિદ્ધાર્થે ત્રિશળાદેવીને સ્વપ્નપાઠકોનાં મુખથી સાંભળેલું પૂરેપૂરૂં સ્વપ્નફળ સંભળાવ્યું. રાજા સિદ્ધાર્થના મુખે તે સાંભળીને તથા સમજીને ત્રિશલા ક્ષત્રિયાણી હર્ષ અને સંતોષ પામ્યાં. સિદ્ધાર્થ રાજાની આજ્ઞા લઇને તે ભદ્રાસન પરથી ઉભાં થયાં અને ત્વરા (ઉતાવળ) તથા ચપળતાથી રહિત. અસંભ્રાન્ત અને રાજહંસી જેવી ગંભીર ગતિથી જ્યાં પોતાનું ભવન હતું, ત્યાં પહોંચ્યાં અને પોતાના ભવનમાં પ્રવેશ કર્યો.

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણીને ગર્ભ રહ્યાને બે માસ પસાર થઈ ગયા. ત્રીજો માસ ચાલતો હતો ત્યારે દોહદના કાળના અવસરે તેમને આ પ્રકારનો દોહદ ઉત્પન્ન થયો. તે દોહદ કેવો હતો તે બતાવે છે-તે માતાઓ ધન્ય-ભાગ્યશાળી છે, સપુન્ય-પુન્યશાળી છે, કૃતાર્થ-જેનું જન્માન્તરનું ઇષ્ટસિદ્ધિરૂપ પ્રયોજન સિદ્ધ થયું હોય એવી છે, પૂર્વભવમાં ઉપાર્જિત પુન્યવાળી છે, તેમણે પુન્યરેખા અને જીવનરેખા આદિ સફળ કરેલ છે, અથવા તેમની જીવન આદિ ફળને સૂચિત કરનારી રેખાઓ સ્વયં સફળ થઇ છે. સુપાત્રદાન આદિ શુભ કાર્ય કરવાથી પ્રાપ્ત થયેલ ઐશ્વર્ય અને સંપત્તિ આદિને તેમણે સફળ બનાવેલ છે, તેથી મનુષ્યજન્મ અને મનુષ્યજીવનનાં ફળને સારી રીતે પ્રાપ્ત કર્યું છે, જે મુખ પર દોરા સાથેની મુહપત્તી બાંધીને તથા હાથમાં પૂંજણી લઇને એવા પ્રકારના એટલે કે મુખ પર દોરાસહિતની મુહપત્તી બાંધનાર, અને રજોહરણ તથા પાત્રને ધારણ કરનાર શ્રમણોની પાસે પોતાના પતિની સાથે અર્હંત દ્વારા પ્રરૂપિત ધર્મને સાંભળે છે. બન્ને વખતે વિધિપૂર્વક સામાયિક-પ્રતિક્રમણ કરે છે, અને અન્ન તથા વસ્ત્ર આદિ વડે સાધર્મી લોકોની સેવા કરે છે. જે એવા પ્રકારના એટલે કે—દોરાસહિત મુહપત્તી ધારણ કરનાર. રજોહરણ આદિ ઉપકરણોવાળા શ્રમણ નિર્ગ્રંથોને ચાર પ્રકારના નિર્દોષ આહાર, વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણ દઇને પોતાના દોહદો પૂરા કરે છે. દરરોજ સામાન્ય રૂપે ધર્મકૃત્ય કરનારી, હું પણ જો રાજા સિદ્ધાર્થની સાથે એ જ વિશિષ્ટ રીતે મારા દોહદો પૂરા કરૂં તો કેટલું સારૂં ?

આ પ્રમાણે દોહદ ઉત્પન્ન થયા પછી, સિદ્ધાર્થ રાજાએ ત્રિશલા ક્ષત્રિયાણીના તે દોહદને એ જ પ્રમાણે પૂર્ણ કર્યો. એટલું જ નહીં; પણ રાજા સિદ્ધાર્થે ત્રિશલા ક્ષત્રિયાણીના અર્હદ્‌ગુણગાન, સિદ્ધગુણગાન, પ્રવચનગુણગાન આદિ વીસ સ્થાનકોમાં ઉત્પન્ન થયેલ બધા દોહદોને વારંવાર પૂર્ણ કર્યાં. કયો દોહદ કેવી રીતે પૂરો કર્યો તે વાત પોતાની બુદ્ધિથી સમજી લેવી જોઇએ. પૂર્વોક્ત રીતે દોહદ પૂર્ણ થતાં તે ત્રિશલા ક્ષત્રિયાણી વિનીતદોહદા થયાં એટલે કે તેના દોહદો પૂરાં થઈ ગયાં. તેથી તે સંપૂર્ણદોહદા થઈ ગયાં એટલે કે તેના દોહદ સારી રીતે પૂરાં થઈ ગયાં. ત્યારે તે પરિપૂર્ણ-દોહદા થઇ ગયાં, કારણ કે તેના દોહદોની પૂર્તિ બધી રીતે થઇ ગઇ હતી. વળી તે વિચ્છિન્નદોહદા થઈ ગયાં, કારણ કે દોહદોની પૂર્તિમાં કોઇ ઉણપ ન રહેવાને કારણે તેને તે વિષેની કોઇ અભિલાષા રહી નહીં. તે સત્કારિતદોહદા થઇ ગયા, કારણ કે તેના દોહદોનો સ્વીકાર રાજાએ મધુર વચનોથી કર્યો અને આદર-પ્રેમ સાથે તેની પૂર્તિ કરી તથા તે સંમાનિતદોહદા થઇ ગયાં, કારણ કે રાજાએ તેને ઇચ્છિત વસ્તુ આપી.

## ત્રિશલાયા ગર્ભરક્ષણપ્રયાસઃ ।

આ રીતે દોહદ પૂર્ણ થતાં, ત્રિશલા ક્ષત્રિયાણી ગર્ભના અનુકંપા-રક્ષાને માટે યતનાપૂર્વક ઉભા થતાં, યતનાપૂર્વક બેસતાં, અને યતનાપૂર્વક સૂતાં હતાં. તે ન વધારે ઠંડા. ન વધારે ગરમ, ન વધારે તીખા, ન વધારે કડવો, ન વધારે ખાટો, ન વધારે મીઠો, ન વધારે સ્નિગ્ધ (ચીકણો) ન વધારે લૂખો, ન વધારે ભીનો, અને ન વધારે સૂકો એવો આહાર લેતાં હતાં. વધુ શું કહીએ ? જે આહાર તે ગર્ભને માટે હિત-મેધા-ધારણાબુદ્ધિ વધારનાર, મિત-અધિક ભોજન-ના અભાવે પરિમિત, પથ્ય-આરોગ્યકારી અને પુષ્ટિકારી હતો તથા જે દેહને અનુકૂળ અને કાળને અનુકૂળ હોય તે જ દેશ-કાળને અનુરૂપ, હિત, મિત અને પથ્ય ગર્ભ-પોષક આહાર કરતાં હતાં. તે ત્રિશલા ક્ષત્રિયાણી અતિ ચિન્તા કરતાં નહીં, અતિશોક કરતાં નહીં, અતિ મોહ કરતાં નહીં, અતિભય કરતાં નહીં, અતિઉદ્વેગ કરતાં નહીં અને વધારે પડતું ભોજન, આચ્છાદન, વસ્ત્ર, ગંધ. માળા તથા આભૂષણ આદિનું સેવન કરતાં નહીં આ રીતે તે તે ગર્ભને સુખપૂર્વક વહન કરવા લાગ્યાં.

"વાગ્ભટ્ટ" નામના વૈદ્યક-ગ્રન્થમાં પણ કહેલ છે—"વાયુકારી પદાર્થો ખાવાથી ગર્ભ કુબડો. અંધ. જડ અને ઠીંગણો થઇ જાય છે. પિત્તકારી પદાર્થો ખાવાથી ગર્ભ પડી જાય છે, કે પીળો અથવા કાબરચીતરો થઇ જાય છે. કફકારી વસ્તુઓ ખાવાથી ગર્ભ પાંડુરોગી થાય છે. અતિક્ષારયુક્ત ખોરાકનું સેવન ગર્ભમાં રહેલ બાળકની આંખોનું ઘાતક નીવડે છે. અતિ ઠંડો ખોરાક વાયુને કુપિત કરે છે. અતિ ગરમ ભોજન બળનો નાશ કરે છે. અધિક કામવિકાર ગર્ભના જીવનને હરી લે છે. મૈથુન સેવવાથી તથા યાન (ગાડી આદિ). વાહન (ઘોડા આદિ), માર્ગગમન, સ્ખલન (લપસવું), પતન (પડવું), પીડન (અંગોને દબાવવાં), ધાવન (દોડવું), સંઘટ્ટન (ધકકો કે ટક્કર લાગવી), વિષમ જગ્યાએ શયન, વિષમ સ્થાનમાં બેસવું, ઉપવાસ કરવો, મળ-મૂત્રની હાજતને રોકવી, લૂખું, તીખું અને વધારે પ્રમાણમાં ભોજન લેવું, અતિરાગ, અતિશોક, અતિક્ષારવાળી વસ્તુઓનું સેવન, અતિસાર, ઉલટી, રેચ. હેડકી અને અજીર્ણ, એ કારણોથી ગર્ભ પોતાના બંધનમાંથી મુકત થઇ જાય છે, એટલે કે ગર્ભપાત થઇ જાય છે."

## કુલવૃદ્ધસ્ત્રીણાં ત્રિશલાં પ્રત્યુપદેશઃ ।

ત્રિશલા ક્ષત્રિયાણી રોગ, શોક. મોહ. ભય અને પરિશ્રમ વગેરેથી મુકત થઇને સુખપૂર્વક રહેતાં હતાં. કારણ કે રોગ વગેરે ગર્ભને હાનિકારક હોય છે.

"**સુશ્રુત**" નામના વૈદ્યક ગ્રંથમાં કહેલ છે—"જો ગર્ભવતી સ્ત્રી દિવસે નિદ્રા લે તો ગર્ભસ્થ બાળક પણ ઉંઘણસી અને આળસુ થાય છે, આંખોમાં આંજણ આંજવાથી આંધળો થાય છે, રોવાથી ગર્ભસ્થ બાળકની આંખોમાં

વિકૃતિ આવી જાય છે, સ્નાન અને લેપન કરવાથી ગર્ભસ્થ બાળક કુશીલ થાય છે. તેલ ચોળવાથી કુષ્ઠરોગી થાય છે, નખ કાપવાથી ગર્ભસ્થ બાળક વિકૃત નખવાળો થાય છે. દોડવાથી ગર્ભસ્થ બાળક ચંચળ સ્વભાવનો થાય છે. હસવાથી ગર્ભસ્થ બાળકના દાંત, હોઠ, તાળવું અને જીભ કાળાં પડી જાય છે. વધારે પડતો બકવાદ કરવાથી ગર્ભસ્થ બાળક ઝગડાખોર અને વધારે શબ્દ સાંભળવાથી બહેરો થાય છે. અવલેખન-જમીન ખોતરવાથી ગર્ભ સ્ખલિત થઇ જાય છે. પંખા આદિથી અધિક હવા ખાવાથી બાળક ઉન્મત્ત થાય છે. કુળની વૃદ્ધ સ્ત્રીઓ ત્રિશલાદેવીને એવી શિખામણ આપ્યા કરતાં હતાં. તેઓ આમ પણ કહ્યા કરતાં હતાં— દેવી, તમે ધીરે ધીરે ચાલો, ધીરે ધીરે બોલો, ક્રોધથી બચો, પથ્ય પદાર્થનું જ સેવન કરો, નીવી (ચણિયા કે સાડલાની ગાંઠ) જરા ઢીલી બાંધ્યા કરો, ખડખડાટ હસો મા, ખુલ્લા આકાશ નીચે બેસશો મા અને ધ્યાન રાખો કે ઊંચી-નીચી જગ્યામાં ચાલશો નહીં. (સૂ૦ ૫૧)

મૂળનો અર્થ—'जं पभिइं' ઈત્યાદિ. જયારથી ભગવાન મહાવીરના જીવનું દેવાનંદા માતાની કુક્ષિમાંથી સંહરણ કરી, ત્રિશલાદેવીની કૂખમાં સ્થાપન કર્યું ત્યારથી, કુબેરના આજ્ઞાપાલક મધ્યલોકનિવાસી ત્રિજૃંભકદેવને સિદ્ધાર્થ રાજાના ભવનમાં, સર્વ પુરાણા ખજાનાઓ ઠલવવા, શક્રેન્દ્રે આજ્ઞા કરી દીધી હતી.

આ નિધાનના સ્વામીઓ પાસેથી ઝુંટવી-ઝડપીને લઇને નહિ, પણ જે ધનના સ્વામી મરી ચુકયા હતા, જેનું કોઇ વારસ રહ્યું ન હતું, જેનાં ઘરબાર નાશ થયાં હતાં, જેનાં ગોત્રો પણ જડી શકતાં નહિ તેવી જ વ્યક્તિઓના નકામા થઇ પડેલા ધનના ઢગલાને, આ દેવ, સિદ્ધાર્થ રાજાના ખજાનામાં ઠલવતો.

આ નિધાનો જે જે ગામોમાં, આકરોમાં, નગરોમાં, ખેટમાં, કર્વટમાં, મડંબમાં, દ્રોણમુખમાં, પત્તનમાં, નિગમમાં, આશ્રમમાં, સંવાહમાં, સન્નિવેશમાં, શૃંગાટકમાં (ત્રિકોણ માર્ગમાં), ત્રિકમાં (ત્રણ માર્ગનો સંગમ જ્યાં થતો હોય ત્યાં), ચોકમાં, તથા ચત્વરોમાં (જ્યાં ઘણા રસ્તા ભેગા થતા હોય ત્યાં), ચાર દ્વારવાળા સ્થાનોમા, રાજમાર્ગમાં, ઉજ્જડ ગામમાં, ઉજ્જડ નગરમાં, ગામની નાળિયોમાં, નગરની નાળિયોમાં, દુકાનોમાં, દેવાલયોમાં, સભાસ્થળોમાં, પરવોમાં, અવાડાઓમાં, આરામગૃહોમાં, ઉદ્યાનોમાં, વનોમાં, વનષંડોમાં, શ્મશાનોમાં, સૂના મકાનોમાં, પર્વતની ગુફાઓમાં, શાંતિગૃહોમાં (કિન્નરોના પર્વતની ગુફાઓ માંહેલા ગૃહોમાં), શૈલગૃહોમાં (પર્વત ઉપર બનાવેલ ઘરોમાં) ઉપસ્થાન-ગૃહોમાં (ચોરામાં), ભવનગૃહોમાં (નિવાસઘરોમાં), આ ઉપરોક્ત સ્થાનો ઉપરાંત જ્યાં જ્યાં ધન-દોલત નિષ્ક્રિય અને સ્વામીરહિત થયેલાં હોય તે સર્વને સિદ્ધાર્થ રાજાનાં ભવનોમાં અને ખજાનાઓમાં ભરવા લાગ્યો. (સૂ૦૫૨)

**ટીકાનો અર્થ— जं पभिइं'** ઈત્યાદિ. જ્યારથી શ્રમણ ભગવાન મહાવીરને દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાંથી ત્રિશલા ક્ષત્રિયાણીના ઉદરમાં લવાયા, ત્યારથી કુબેરની આજ્ઞાને ધારણ કરનારા, મધ્યલોકમાં નિવાસ કરનારા, ઘણા ત્રિજંભક નામના વ્યન્તર દેવ, ઇન્દ્રની આજ્ઞાથી, જેમના માલિક નાશ પામ્યા હતા, જેમના સૂચક સ્થંભો (નિશાન) વગેરે નષ્ટ થઇ ગયાં હતાં, જેમના સ્વામીઓનાં ગોત્ર અને ઘર નાશ પામ્યાં હતાં, તેથી જેમના સ્વામીઓનો મૂળમાંથી જ અંત આવી ચૂકયો હતો, જેમના સૂચક સ્થંભ આદિ ચિહ્નો સદંતર ઉખડી ગયાં હતાં, જેમના સ્વામીઓનાં ગોત્ર અને ઘરનો સદંતર ઉચ્છેદ થઇ ગયો હતો, એવાં ઘણા મહાનિધાન લાવીને રાજા સિદ્ધાર્થના ભંડારો ભરવા લાગ્યા. તે ઘણા જ પુરાણા મહાનિધાન નીચે લખેલ સ્થાનોમાં હતાં—

(૧) ગ્રામ– તે વસ્તી, જ્યાં અઢાર પ્રકારના કર લેવાય.

(૨) આકર– સુવર્ણ અને રત્ન આદિ નીકળવાનાં સ્થાનો.

(૩) નગર (નકર)– જ્યાં અઢાર પ્રકારના કર વસૂલ ન કરાતા હોય.

(૪) ખેટ (ખેડા)– ધૂળના કોટથી દોરાયેલી નાની એવી વસ્તી.

(૫) કર્બટ– કુત્સિત નગર.

(૬) મડમ્બ– જેની આસપાસ અઢી કોસ સુધી બીજી વસ્તી ન હોય.

(૭) દ્રોણમુખ– જે વસ્તીમાં જવાનો જળમાર્ગ પણ હોય અને સ્થળમાર્ગ પણ હોય.

(૮) પત્તન–જ્યાં બધી વસ્તુઓ મળી શકતી હોય. પત્તન બે પ્રકારનાં હોય છે–જળપત્તન અને સ્થળ–પત્તન. જળપત્તનમાં નૌકા વડે જ જઇ શકાય છે અને સ્થળપત્તનમાં ગાડી આદિથી જવાય છે. અથવા પત્તન તે વસ્તીને કહેવાય છે કે જ્યાં ગાડી આદિથી જઇ શકાય અને પટ્ટન એ કે જ્યાં ફકત નૌકા વડે જ જઈ શકાય. કહ્યું પણ છે—

"पत्तनं शकटैर्गम्यं घोटकैर्नौभिरेव च ।
नौभिरेव तु यद् गम्यं पट्टनं तत्प्रचक्षते ॥ १ ॥

પત્તન ગાડીઓથી, ઘોડાઓથી અને નૌકાઓથી પણ ગમ્ય હોય છે, પણ જ્યાં નાવથી જ પહોંચી શકાય તે પટ્ટન કહેવાય છે. (૧)

(૯) નિગમ– જ્યાં ઘણી મોટી સંખ્યામાં વ્યાપારીઓ રહેતા હોય.

(૧૦) આશ્રમ– જે સ્થાન તાપસોએ વસાવ્યું હોય અને ત્યાર બાદ બીજા લોકો પણ ત્યાં વસ્યા હોય.

(૧૧) સંવાહ–કિસાનો દ્વારા ધાન્યના રક્ષણ માટે દુર્ગમ ભૂમિમાં બનાવવામાં આવેલાં સ્થાન, કે પહાડીના શિખર પરની વસ્તી, કે અહીં–તહીંથી આવેલ ઘણાખરા વટેમાર્ગુ જ્યાં થોભે તે સ્થાન.

(૧૨) સન્નિવેશ–આવેલા સાર્થવાહો (વણઝારા–વેપારીઓ)ને થોભવાનું સ્થાન.

(૧૩) શૃંગાટક-શિંગોડાના આકારના ત્રિકોણિયા સ્થાન.
(૧૪) ત્રિક-જ્યાં ત્રણ રસ્તા મળતા હોય.
(૧૫) ચતુષ્ક-ચોક-જ્યાં ચાર રસ્તા મળતા હોય.
(૧૬) ચત્વર-જ્યાં ઘણા રસ્તા મળતા હોય.
(૧૭) ચતુર્મુખ-જે સ્થાનોને ચાર દ્વાર હોય.
(૧૮) મહાપથ-રાજમાર્ગ-જે રસ્તેથી રાજાની સવારી નીકળે.
(૧૯) ગ્રામસ્થાન-ઉજ્જડ ગામ.
(૨૦) નગરસ્થાન-ઉજ્જડ શહેર.
(૨૧) ગ્રામનિર્ધમન-ગામનું નાળું-ગટર
(૨૨) નગરનિર્ધમન-નગરનું નાળું.

તદુપરાન્ત તે મહાનિધાનો આપણો (બજારો કે દુકાનો)મા, યક્ષ આદિનાં ઘરોમાં, સભાઓ (જનતાને બેસવાનાં સ્થાનો)માં, પાણીઘરો (હવાડા)માં, આરામો (કદલી આદિ વડે આચ્છાદિત નર-નારીઓનાં ક્રીડાસ્થાનો)-માં, બાગમાં, વનોમાં, વનખંડો (અનેક પ્રકારનાં ઉત્તમ જાતનાં વૃક્ષોના સમૂહો)માં, મસાણોમાં, તથા સૂનાં ઘરોમાં, પર્વતની ગુફાઓમાં, શાન્તિકર્મ કરવાનાં સ્થાનોમાં, શૈલગૃહોમાં, ઉપસ્થાનગૃહો (ચોરા નામથી પ્રસિદ્ધ માણસની હાજરીવાળાં સ્થાનો)માં તથા ભવનગૃહો (કુટુંબી જનોનાં નિવાસસ્થાનો)માં પણ હતાં. તે બધાં સ્થાનોમાં દાટેલા પુરાણા ખજાનાઓને ત્રિજુંભક દેવો લાવીને રાજા સિદ્ધાર્થના ભંડારો ભરવા લાગ્યા.

[ અહીં આટલી બધી સંખ્યાવાળાં સ્થાનોની ગણુના કરવાનો હેતુ એ છે કે આ ધરા "વસુન્ધરા" છે. તેમાં ડગલે ને પગલે ખજાના છે, પણ તે વિશિષ્ટ-પ્રકૃષ્ટ-પુન્યશાળી જીવોને જ પ્રાપ્ત થઈ શકે છે.

## ભગવતો વર્ધમાન ઇતિઃ નામકરણાર્થે તન્માતાપિત્રોઃ સંકલ્પઃ ।

જેમના સ્વામી નાશ પામી ચૂકયા હતા, ઇત્યાદિ કહેવાનો આશય એ છે કે ત્રિજૃંભક દેવોએ અદત્તા-દાનનું સેવન ન કર્યું. પરમદયાળુ ભગવાનના નિમિત્તે કોઈનું પણ ધન-નિધાન લેવાય તો તે ધનવાળાને દુઃખ થાય છે. તેથી એ સ્પષ્ટ કરી દીધું છે કે દેવોએ અસ્વામિક-બીનવારસ ખજાના જ સિદ્ધાર્થનાં ભવનમાં પહોંચાડયાં હતા. ] (સૂ૦૫૨)

મૂલનો અર્થ— 'जं रयणिं' ઇત્યાદિ. જે રાત્રિએ, ભગવાનનું સંહરણ થયું તે રાત્રીએ, ચાંદીની વૃદ્ધિ, જ્ઞાતકુલમાં

થવા લાગી. તે જ પ્રકારે, આ કુલમાં, સોનું, ધન, ધાન્ય, વૈભવ, ઐશ્વર્ય, ઋદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, સત્કાર, સન્માન, પુરસ્કાર, રાજ્ય, રાષ્ટ્ર, બળ, સેના, વાહન, ખજાના, અન્નભંડાર, નગર, અંતઃપુર, જનપદ, યશ, કીર્તિ અને વગેરેની વૃદ્ધિ થઇ ગઇ.

સામાન્ય ધનની વૃદ્ધિ ઉપરાંત, ઉચ્ચ કોટિના દ્રવ્યનો પણ વધારો થતો જોવામાં આવ્યો. આ ઉચ્ચ કોટિનું દ્રવ્ય જેવું કે, રત્ન, મણિ, મોતી, શંખ પરવાળ શિલા, લીલમ, હીરા, માણેક, વૈડૂર્યરત્ન, લોહિતાક્ષરત્ન વગેરે.

મનમાં માતાપિતાને વિચાર સ્ફુરી આવ્યો કે આ બાળક ગર્ભમાં આવતાં જ ધનના ઢગલા થવા મંડયા, દુશ્મનો શરણે આવવા લાગ્યા, સોનું-ચાંદી-રત્નોના અંબાર ખડકાવા મંડયા, રાજ્ય અને રાષ્ટ્ર અસીમપણે વધતાં ચાલ્યાં, માનસિક વિચારો ધાર્મિક અને આધ્યાત્મિક થવા લાગ્યા, મનમાંથી વિકારો જતાં સુવિચારોની હારમાળા આવવા લાગી, માટે આ બાળકના જન્મ વખતે, તેનું નામ 'વર્ધમાન' રાખવું યોગ્ય છે.

આ વિચાર વારંવાર સ્ફુરી આવતાં, તેણે મનમાં ઘર કર્યું, નિશ્ચિત સ્વરૂપ પકડયું, તેના પર વિચારણા ચાલી, મનોમંથન થવા લાગ્યું ને ઉપરનું નામ રાખવા દૃઢ અને પાકો નિશ્ચય થયો. આ 'વર્ધમાન' નામ અનુરૂપ, ગુણયુક્ત, ગુણનિષ્પન્ન હોવાથી, આ જ વિચાર આદરણીય છે એમ રાજા-રાણીએ નક્કી કર્યું. (સૂ૦ ૫૩)

ટીકાનો અર્થ—'**जं रयणिं**' ઈત્યાદિ. જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીરનું સંહરણ થયું, એટલે કે હરિણૈગમેષી દેવ તેમને જ્ઞાતકુળમાં લાવ્યા, તે જ રાત્રિથી જ્ઞાતકુળમાં ચાંદીની વૃદ્ધિ થવા લાગી, સુવર્ણની વૃદ્ધિ થવા લાગી, ધન (ગાય, ઘોડા, હાથી) ની વૃદ્ધિ થવા લાગી, ધાન્ય શાલિ, (સાઠી) વ્રીહિ આદિની વૃદ્ધિ થવા લાગી, વૈભવ-આનંદની વૃદ્ધિ થવા લાગી, ઐશ્વર્ય-ધન-જનના આધિપત્ય)ની વૃદ્ધિ થવા લાગી, ઋદ્ધિ સંપત્તિની વૃદ્ધિ થવા લાગી, સિદ્ધિ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિની વૃદ્ધિ થવા લાગી, સમૃદ્ધિ-વધતી જતી સંપત્તિની વૃદ્ધિ થવા લાગી, સત્કાર (મનુષ્યોએ ઊઠીને માન આપવું)ની વૃદ્ધિ થવા લાગી, સન્માન (બેસવાને આસન આદિ દેવું) ની વૃદ્ધિ થવા લાગી, પુરસ્કાર (બધાં કામોમાં આગેવાન બનાવવો) ની વૃદ્ધિ થવા લાગી, રાજ્ય-શાસનની વૃદ્ધિ થવા લાગી, રાષ્ટ્ર-જનપદની વૃદ્ધિ થવા લાગી, સેનાની વૃદ્ધિ થવા લાગી, રથ આદિ સવારીઓની વૃદ્ધિ થવા લાગી, કોષ-ભંડાર ની વૃદ્ધિ થવા લાગી, ધાન્યના ભંડારોની વૃદ્ધિ થવા લાગી, નગર આદિની વૃદ્ધિ થવા લાગી, અન્તઃપુરના પરિવારની વૃદ્ધિ થવા લાગી, જનપદ (દેશની પ્રાપ્તિ)ની વૃદ્ધિ થવા લાગી, યશવાદની એટલે કે "અહો આ કુળ કેવું પુન્યભાગી છે" આ પ્રમાણે એક દિશામાં ફેલાનાર સાધુવાદની વૃદ્ધિ થવા લાગી, કીર્તિવાદની એટલે કે સર્વદિશાવ્યાપી પ્રશંસાની વૃદ્ધિ થવા લાગી. સ્તુતિવાદ એટલે કે ગુણકીર્તનની વૃદ્ધિ થવા લાગી, તથા વિપુલ ગાય આદિ ધનની વૃદ્ધિ થવા લાગી, સુવર્ણ (ઘડેલ અને ઘડયા વિનાનું સોનું) ની વૃદ્ધિ થવા લાગી, કર્કેતન આદિ રત્નોની વૃદ્ધિ થવા લાગી, ચન્દ્રકાન્ત આદિ મણિઓની વૃદ્ધિ થવા લાગી. મોતીઓની વૃદ્ધિ થવા લાગી, દક્ષિણાવર્ત્ત શંખોની વૃદ્ધિ થવા લાગી, શિલાઓ (સ્ફટિકાદિ શિલાઓ)ની વૃદ્ધિ થવા લાગી, મૂંગો (પરવાળા)ની વૃદ્ધિ થવા લાગી. લાલો (લાલ રંગનાં રત્નો)ની વૃદ્ધિ થવા લાગી, તથા આદિ શબ્દથી ખાંડ, વસ્ત્ર, કંબલ આદિની વૃદ્ધિ થવા લાગી, તથા સત્ એટલે કે વાસ્તવમાં જ વિદ્યમાન છે. ઇન્દ્રજાળ-સંબંધી વસ્તુઓની જેમ કાલ્પનિક નથી એવી ઉત્તમ વસ્તુઓની વૃદ્ધિ થવા લાગી, તથા પ્રીતિ એટલે કે માનસિક સંતોષની અને વસ્ત્રાદિ દ્વારા સ્વજનકૃત સત્કારની વૃદ્ધિ થવા લાગી.

આ કારણે શ્રમણ ભગવાન મહાવીરનાં માતા-પિતાને આ પ્રકારનો આધ્યાત્મિક એટલે કે અંકુરના જેવો આંતરિક વિચાર. પછી ચિન્તિત એટલે કે બે પાન જેમાંથી ફૂટી નીકળ્યા હોય એવા અંકુરના જેવો ફરી ફરીને

સ્મરણરૂપ વિચાર, વળી કલ્પિત એટલે કે પલ્લવિતના જેવો "આમ કરશું" આ પ્રકારનો વ્યવસ્થાપૂર્વક કાર્ય–પરિણત કરવા લાયક વિચાર, પ્રાર્થિત એટલે કે વિકસિતના જેમ ઈષ્ટરૂપમાં સ્વીકૃત વિચાર, મનોગત–મનમાં દઢતાથી રહેલ વિચાર, તથા સંકલ્પ એટલે કે ફલિતની જેમ "એવું જ મારે કરવું જોઇએ" એવો નિશ્ચિત વિચાર ઉત્પન્ન થયો, કે જે દિવસે અમારો આ બાળક ઉદરમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયો છે, ત્યારથી શરૂ કરીને અમે હિરણ્યની યાવત્ પ્રીતિ અને સત્કારની પ્રાપ્તિમાં ખૂબ-ખૂબ વધારો પામી રહ્યાં છીએ. અહીં **यावत्** શબ્દથી સુવર્ણ, ધન, ધાન્ય, વૈભવ, ઐશ્વર્ય, ઋદ્ધિ, સિદ્ધિ, સત્કાર, સમ્માન, પુરસ્કાર, બળ, વાહન, કોષ, ધાન્યભંડાર, પુર, અંતઃપુર, જનપદ, યશવાદ, કીર્તિવાદ, સ્તુતિવાદ, વિપુલ ધન, સુવર્ણ, રત્ન, મણિ, મોતી, શંખ, પરવાળા, લાલ, તથા વિદ્યમાન ઉત્તમ દ્રવ્યને ગ્રહણ કરવાનું છે. એટલે કે આ બધામાં વૃદ્ધિ પામ્યા છીએ. તેથી જ્યારે આપણો આ બાળક જન્મ લેશે, ત્યારે આપણે તેનું આ વૃદ્ધિને અનુરૂપ, ગુણમય અને ગુણનિષ્પન્ન "વર્દ્ધમાન" નામ રાખશું. (સૂ૦૫૩)

## ભગવતો જન્મ ।

મૂળનો અર્થ— **तेणं कालेणं'** ઇત્યાદિ. તે કાલ અને તે સમયે, ગર્ભના નવ મહિના અને સાડી સાત અહોરાત્રિ પૂરેપૂરી વ્યતીત થઇ. તે વખતે ગીષ્મ ઋતુ ચાલતી હતી. તેનો પ્રથમ માસ ફાગણ પૂરો થયો હતો. બીજો માસ ચૈત્ર બેઠો હતો ને તેનો શુકલપક્ષ વીતતો હતો. આ ચૈત્ર માસના શુકલ પક્ષના તેરમા દિવસે, સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ. શુક્ર, શનિ એ સાતે ગ્રહો ઉચ્ચ સ્થાને આવ્યા હતા. ચન્દ્રમાનો યોગ પ્રધાનપણે વરતતો હતો. દશે દિશાઓ નિર્મળ અને ઉજજવળ બની રહી હતી.

સર્વ શુકનો શુભ અને જયવંત હતાં. પ્રદક્ષિણાક્રમપ્રમાણે અનુકૂળ વાયુ, પૃથ્વી પર, મંદ મંદ વહી રહ્યો હતો. તે વખતે, પૃથ્વીએ પણ ધાન્યનો પ્રસવ સારી રીતે કર્યો હતો.

દેશમાં, લોકો આનંદ આનંદ માણી રહ્યાં હતાં. દરેકના મુખારવિંદ ઉપર આનંદની ઝલક છવાઇ રહી હતી. ધન-ધાન્યના સારા પાકને લીધે, લોકો આનંદ-મંગલ વરતાવી રહ્યાં હતાં ને બધા આનંદ અને મોજમજા ઉડાવી રહ્યાં હતાં.

આ વખતે મધ્યરાત્રિનો સમય પસાર થતો હતો. અને હસ્તોત્તરા નક્ષત્રનો ચંદ્રમા સાથે સુયોગ થયો હતો.

આ જ સમયે. આ જ વખતે, ઉપરના સઘળા યોગો શુભ સ્થાને એકઠા થતાં, ત્રણ લોકનો ઉદ્દ્યોત કરનારા, મોક્ષ માર્ગની ધુરાને ધારણ કરનારા, સર્વ જીવને હિતકારી અને સુખકારી, શાંતિકારી, કાંતિના આગાર, ચતુર્વિધ સંઘના નેતા, ઉદાત્ત અને ઉદાર ચિત્તવાલા કઠિન કર્મોને દલવાવાળા, ગુણોના સાગર, એવા સુકુમાર કુમારને ત્રિશલા રાણીએ જન્મ આપ્યો. (સૂ૦ ૫૪)

ટીકાનો અર્થ—'तेणं कालेणं' ઇત્યાદિ. ચોથા આરા રૂપ કાળમાં અને રાજા સિદ્ધાર્થના શાસનના સમયમાં, ત્રિશલા ક્ષત્રિયાણીએ પૂરા નવ માસ અને સાડી સાત રાત્રિ પસાર થતાં ગ્રીષ્મ ઋતુના પહેલા માસ-ચૈત્ર સુદી તેરસને દિવસે એટલે કે ચૈત્રશુકલા ત્રયોદશીને દિવસે, સૂર્યથી માંડીને શનિ સુધીના સાતે ગ્રહો જ્યારે ઉચ્ચ સ્થાને હતા, ચન્દ્રનો યોગ પ્રધાન હતો. દિશાઓ ધૂળ-વર્ષા આદિથી રહિત સૌમ્ય અને ઉજ્જવલ હતી, કારણ કે ભગવાનના જન્મ સમયે સર્વત્ર પ્રકાશ થઈ જાય છે. તથા દિશાદાહ આદિનો અભાવ હોવાથી સ્વચ્છ હતી. શુભસૂચક બધા નિમિત્તોનો જયજયકાર હતો. સુગન્ધિત તથા શીતળ હોવાને કારણે સુખકારી દક્ષિણાવર્ત્ત પવન વાતો હતો. તે એવો સમય હતો કે જ્યારે પૃથ્વી સસ્ય (અનાજ)થી સુશોભિત હતી. તેથી જનપદમાં રહેતા લોકો સુકાળને કારણે આનંદિત હતા અને ઉત્સવ આદિ ઉજવીને ક્રીડા કરવામાં મગ્ન હતા. એવા આનંદમય સમયે મધ્ય રાત્રિના અવસરે હસ્તોત્તરા (ઉત્તરાફાલ્ગુની) નક્ષત્રનો ચન્દ્રમાની સાથે યોગ થતાં, ત્રણ લોકમા પ્રકાશ કરનાર, મોક્ષમાર્ગરૂપ ધર્મની ધુરાને ધારણ કરનાર, કલ્યાણકારી, સુખકારી, સમસ્ત ઉપદ્રવોનું શમન કરનાર, અદ્ભુત રૂપલાવણ્યના ધારક, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચાતુર્વિધ સંઘના નાયક, શ્રેષ્ઠ, મુશ્કેલીથી ક્ષય કરાનાર કર્મ-સમૂહના વિનાશક, દયા, દાક્ષિણ્ય આદિ સદ્ગુણોના સાગર, એવા સુકુમાર પુત્રનો ત્રિશલાદેવીએ જન્મ આપ્યો.

જ્યોતિષશાસ્ત્રમાં ઉચ્ચસ્થાનવાળા ગ્રહોનું ફળ આ પ્રમાણે બતાવ્યું છે—

"तिहिं उच्चेहि नरिंदो, पंचहिं तह होइ अद्धचक्की य।
छहिं होइ चक्कवट्टी, सत्तहिं तित्थंकरो होइ ॥१॥ इति।

જે બાળકના જન્મ સમયે ત્રણ ગ્રહ ઉચ્ચ સ્થાને હોય, તે બાળક રાજા થાય છે. પાંચ ગ્રહ ઉચ્ચ સ્થાને હોય તો તે અર્ધચક્રવર્તી વાસુદેવ થાય છે. છ ગ્રહ ઉચ્ચ સ્થાને હોય તો ચક્રવર્તી થાય છે અને સાત ગ્રહ ઉચ્ચ સ્થાન પર હોય તો તે તીર્થંકર થાય છે. (સૂ૦ ૫૪)

ઈતિ ચતુર્થ વાચના